# પ્રકરણ – 1

## • 1.1 નવલકથામાં પરિવેશ :

નવલકથા સ્વરૂપમાં જુદાં જુદાં પરિવેશ જેવાં કે સામાજિક પરિવેશ, પ્રાકૃતિક પરિવેશ, ભૌગોલિક પરિવેશ, રાજકીય પરિવેશ, ઐતિહાસિક પરિવેશ, દલિત પરિવેશ, જાનપદી પરિવેશ વગેરેનું આલેખન થયું છે. એ જ રીતે શૈક્ષણિક પરિવેશને નિરૂપતી નવલકથા પણ જોવા મળે છે જેને સમજવા પ્રથમ 'પરિવેશ' સંજ્ઞા સમજવી પડે.

સાહિત્યના ગદ્ય સ્વરૂપ - નવલકથા, ટૂંકી વાર્તામાં પાત્ર, સંવાદ, ભાષા, ઘટના, જીવનદર્શન, વસ્તુસંકલના, રચનારીતિ વગેરે - ની જેમ પરિવેશ પણ અગત્યનું ઘટક છે.

વ્યવહાર જીવનમાં 'પરિવેશ' સંજ્ઞાના અનેક અર્થઘટનો છે, અર્થસંકેતો છે. મોટાભાગે એ આકાશ, સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, હવા, વૃક્ષો, ઘર, બજાર વગેરે તત્વો અને તેના પરિવર્તનોના અને વાતાવરણના અર્થમાં પ્રયોજાતી રહી છે. સાહિત્ય વિવેચનમાં પ્રયોજાતી 'વર્ણન' સંજ્ઞા નિરૂપણરીતિ, સ્થળ, સમય ખપમાં લીધેલી સામગ્રી વગેરેના અર્થમાં પ્રયોજાય છે. પાણિનીના વ્યાકરણ અનુસાર 'પરિ' એટલે 'ચારે બાજુનું' એવો અર્થ થાય છે અને 'વેશ' આવરણોના અર્થમાં વપરાતી સંજ્ઞા છે. 'બૃહદ ગુજરાતી કોશ' – ૩માં પરિવેશ સંજ્ઞાના જુદાં જુદાં સાત અર્થ આપ્યા છે : (1) ઘેરાવો, (2) ઘેરો, (3) પરિઘ, (4) વર્તુળ, (5) ગોઠવણ (સેટિંગ), (6) સૂર્ય-ચંદ્રની આસપાસનું તેજનું કૂંડાળું અને (7) મૂર્તિનું પ્રભામંડળ – 'હેલો'.[1]

'આધુનિક સાહિત્ય સંજ્ઞા કોશ'[2]માં પરિવેશ માટે 'Milieu' અને 'Setting' જેવી સંજ્ઞાઓ વપરાય છે. જેનો અર્થ 'ઘેરાવો', 'ગોઠવણ' થાય છે. શરીફા વીજળીવાળા 'પરિવેશ' માટે 'વાતાવરણ' શબ્દપ્રયોગ કરે છે. જ્યારે જયેશ ભોગાયતાના મતે વાતાવરણ એક મોટું વર્તુળ છે જેમાં રહેલું નાનું વર્તુળ પરિવેશ છે.

પશ્ચિમના સાહિત્ય વિવેચનમાં 'પરિવેશ' સંજ્ઞા જેવો અર્થ ધરાવતી 'Setting', 'Background', 'Place', 'Location', 'Landscape', 'Circumstance' અને 'Description' વગેરે સંજ્ઞાઓ વપરાશમાં છે. પાશ્ચાત્ય સાહિત્ય ચિંતક હેન્રી જેમ્સ 'સ્થળ' વિશે નોંધ કરતા લખે છે કે, 'The place in which an event occurred was in his view of equal moment with the event itself, it was part of action, it (place) had a part to pay.'[3] (જે સ્થાનમાં ઘટના બને છે તે ઘટના અને સ્થાન બન્નેની સરખી અગત્યતા હોય છે તે (સ્થાન) ક્રિયાનો એકભાગ છે તેણે પણ એક ભૂમિકા ભજવવાની છે.) પાશ્ચાત્ય સાહિત્ય ચિંતક યુડોરા વેલ્ટીએ 'સ્થળ' વિશે નોંધ કરી છે કે, "Place makes an aesthetic experience concrete lends it a local habitation and a name and thus enables the reader to keep his feet firmly planted on the ground. It is by the nature of itself, that fiction is all bound up in the local the internal reason for that is surely that feeling are bound up in the place. The human mind is a mass of associations more poetic even than actual."[4] (સ્થળ સુંદર સાહિત્યિક અનુભવને મજબૂત કરે છે તેને મર્યાદિત ક્ષેત્રનું નિવાસસ્થાન અને નામ આપે છે અને આમ તે વાચકના પગ જમીનમાં મજબૂત રીતે રોપાયેલા રાખવામાં શક્તિમાન કરે છે... દંતકથાઓ સ્વાભાવિક રીતે મર્યાદિત વિસ્તાર સાથે સંકળાયેલી છે અને તેનું આંતરિક કારણ એ છે કે લાગણીઓ ચોક્કસપણે પરિવેશ સાથે જોડાયેલી છે. માનવનું મન એ સંબંધોનો જથ્થો છે. સંબંધ, જોડાણ વાસ્તવિકતાથી પણ વધારે કાવ્યમય હોય છે. સંસ્કૃત

મીમાંસામાં[5] 'પરિવેશ' સંજ્ઞા માટે વિવિધ અર્થસંકેતો મળે છે. જેમાં મમ્મટ, રાજશેખર અને આનંદવર્ધનની ચર્ચાઓ અગત્યની છે. ભરતના રસસૂત્રમાંની 'વિભાવ' સંજ્ઞાને મમ્મટ બે વિભાગમાં વહેંચે છે. આલંબન વિભાવ અને ઉદ્દીપનવિભાવ, મમ્મટના મતાનુસાર 'આલંબન' પાત્ર છે અને 'ઉદ્દીપન' સ્થળ છે. અહીં તે 'ઉદ્દીપન વિભાવ'ને પરિવેશના અર્થમાં પ્રયોજે છે. રાજશેખર 'વર્ણન' સંજ્ઞા વડે પરિવેશના અતિરેકભર્યા નિરૂપણ વિશે ચર્ચા કરે છે જ્યારે આનંદવર્ધન 'ધ્વન્યાલોક'માં 'વર્ણન' સંજ્ઞા પ્રયોજીને રસક્ષતિ કરતા તત્વોની ચર્ચા કરે છે. પરંતુ 'ઉદ્દીપન વિભાવ', 'વર્ણન' જેવી સંજ્ઞાઓ વડે પરિવેશ નિરૂપણની જ મીમાંસા સંસ્કૃત મીમાંસકો પણ કરે છે.

'પરિવેશ' વિભાવના અંગે આધુનિક સાહિત્યકોશમાં નોંધ્યું છે કે વાર્તા, નવલકથા કે નાટકમાં વિગતવાર રજૂ થતો સમય અને સ્થળનો સંદર્ભ એટલે 'પરિવેશ'. સામાન્ય રીતે વસ્તુ સંકલનના (plot)ના પ્રારંભિક તબક્કામાં લેખક પરિવેશ નિરૂપે છે. રંગભૂમિના સંદર્ભમાં દૃશ્યરચના તથા સાધનસામગ્રીનો નિર્દેશ કરી પરિવેશની વિભાવના સ્પષ્ટ થાય છે. આમ, 'પરિવેશ''માં સમય, સ્થળ અને બૃહદ ગુજરાતી કોશમાં પરિવેશના અર્થમાં ગોઠવણનો જે ઉલ્લેખ છે તેનો પણ સમાવેશ જોવા મળે છે. જયેશ ભોગાયતા 'પરિવેશ' માટે 'Setting' સંજ્ઞાની નોંધ આપતા જણાવે છે કે, "Setting – The patio temporal circumstance in which the events of a narrative occur setting may be textually prominent or negligible consistent (when its features are not contradictory) or in consistent, vague or precise presented objectively or subjectively. Presented in an orderly fashion the facade of a house is described in an orderly fashion, from left to right, a door is depicted from top to bottom, castle is shown from the inside to the outside or vice versa or in a disorderly one and so on further more it can be utilitarian every part of it has a function in the action, symbolic of a conflict to come of a characters feelings."[6] [સાંસારિક પરિસ્થિતિઓ કે જેમા વાર્તાની ઘટનાઓ બને છે. 'પરિવેશ' કદાચ વખાણમાં આગળ પડતું કે ધ્યાન ખેંચનારું બને અથવા નકારવા

સુસંગત હોય (જ્યારે એના ચિત્રો વિસંગત ના હોય) અથવા અસંગત હોય, અસ્પષ્ટ હોય, અર્થવાળું દોષ કે ક્ષતિ વિનાનું, તે વસ્તુલક્ષી હોય કે આત્મલક્ષી હોય, ધારેલા રૂપમાં પ્રગટ થાય, ઘરનો બાહ્ય દેખાવ, ડાબેથી જમણી બાજુ સુધી વર્ણવાયેલો હોય, બારણું ઉપરથી નીચે સુધી વર્ણવાયેલું હોય, કિલ્લો અંદરની બાજુથી બહારની બાજુ સુધી વર્ણવાયેલો હોય એનાથી કથામાં જે કાર્ય કરવાનું છે તે એટલે સંઘર્ષની પ્રતીકાત્મકતા અને પાત્રની લાગણી અથવા સંવેદનશીલતા આવે છે.] આમ, પરિવેશની વિભાવના અહીં સ્પષ્ટ થાય છે. Settingનો પર્યાય 'Background' છે, જેને ગુજરાતીમાં 'ભૂમિકા', 'પાર્શ્વભૂ' કહીશું. આધુનિક સાહિત્ય સંજ્ઞાકોશમાં તેની માટે જે નોંધ લીધી છે તે જોઈએ. મૂળે ચિત્રકલાના સંદર્ભમાં પ્રયોજાતી આ સંજ્ઞા તેના વિશેષ અર્થમાં સાહિત્ય કૃતિના વિવેચન માટે પ્રયોજવામાં આવે છે. ચિત્રને અર્થ આપવા માટે ચિત્રકાર સૌ પ્રથમ તેની ભૂમિકા તૈયાર કરે છે જેમાં પણ ઘણા બધા અર્થસંકેતો રહેલા હોય છે. જેમાં પન ઘણા બધા અર્થસંકેતો રહેલા હોય છે. કથાસાહિત્યમાં પણ સ્થળવિશેષના વર્ણનોમાં આ પ્રવિધિ ચિત્રકળાની માફક જ ઉપયોગમાં લેવાય છે. વાર્તા કે નવલકથાની શરૂઆતમાં તેની અસરકારક માંડણી કરવા માટે નવલકથાકાર કે વાર્તાકાર સ્થળ, કાળ, પાત્રાલેખન આદિ વિગતો દ્વારા કથાના મૂળ વસ્તુને ઉપસાવાના હેતુથી ભૂમિકા બાંધે છે. તે અર્થમાં પણ આ વિભાવના સ્પષ્ટ થાય છે.

નવલરામે[7] 'કરણઘેલો'ની સમીક્ષામાં પરિવેશની નોંધ લીધી છે. "મિ. નંદશંકરની રીતભાત વર્ણવવાની શક્તિ ખરેખરી ઘણી જ અદ્દભૂત છે." એમ કહીને વિવિધ વિગતોથી પરિવેશની નોંધ લીધી છે. જેમાં 'વર્ણન', છટાથી વર્ણન કરવું. 'ચિત્ર આપવાનો યત્ન', 'ચિત્રની સગાઈ' વગેરે શબ્દોનો વિનિયોગ કરી પરિવેશ સંજ્ઞાની નોંધ લીધી છે. રામચંદ્ર શુક્લ[8] ધૂમકેતુના સમયની વાર્તાની ચર્ચામાં પરિવેશને 'વાતાવરણ' વડે પ્રયોજી કથાના વિકાસના અસરકારક તત્વ તરીકે

નિરૂપે છે. સમગ્ર કથા કે વાર્તાનો પોષક તત્વ ‘પરિવેશ’ છે તેમ કહી પરિવેશની વિભાવના સ્પષ્ટ કરે છે. નરેશ વેદ ‘પરિવેશ’ વિશે કહે છે, “તે કથાના વિવિધ અંશોને સુગ્રથિત કરે છે, ઉપરાંત કથાના સ્થાપત્યને દૃઢ અને સમૃદ્ધ બનાવે છે. તેમના મતે સાહિત્યકાર ચરિત્રને એના કાર્ય માટે યોગ્ય એવો પરિવેશ રચી આપતો હોય છે. જે ચરિત્રોને કે પાત્રોને વાસ્તવિકતા અર્પે છે અને આ વાસ્તવિકતા એટલે માનવીય સંદર્ભોની જટીલ ભાત.”[9] આમ, પરિવેશને કથા સાહિત્યમાં જીવંતતા અર્પતું ઘટક તરીકે દર્શાવે છે જે કથાને અસરકારક રીતે નિરૂપણ કરવામાં મદદ કરે છે.

આમ પરિવેશની સંજ્ઞા અને વિભાવનાથી સ્પષ્ટ થાય છે કે પરિવેશ કથાસાહિત્યના અગત્યના અંગ તરીકેનું ઘટક છે. જે વાર્તા કે નવલકથામાં વાચકને રચનાની કૃતિની નજીક લાવીને મૂકી દે છે અને સર્જકત્વ સુધી પહોંચાડી દે છે.

પરિવેશનું પ્રયોજન આરંભકાળથી વાર્તાના નવલકથાના અભાનપણે થતું જ આવ્યું છે. જયંત કોઠારીના મતે “પાત્રને પ્રગટ કરવાની પ્રક્રિયાના ભાગરૂપે પરિવેશનું પ્રયોજન કરવામાં આવે છે.”[10] સ્થળ, કાળ, પરિવેશનો સંબંધ પાત્રની માનસિક ગતિવિધિ સાથે છે. આમ પાત્રોની જીવંતતામાં ‘પરિવેશ’ પ્રાણવાયુ તરીકે કાર્ય કરે છે. પરિવેશનું પ્રયોજન કયા હેતુથી કૃતિમાં થાય છે તેના વિશે વિજય શાસ્ત્રીના મત પ્રમાણે “કૃતિની પ્રત્યેક વિગત જ્યાં છે ત્યાં કોઈ એક કલાહેતુને વશવર્તીને છે એટલે કે પ્રત્યેક વિગતનું અમુક ચોક્કસ સ્થાન પર ચોક્કસપણે હોવું તે લેખકની ટેકનિકનો જ એક ભાગ છે.”[11]

આમ વાર્તા કે નવલકથાનું ઉદ્‌ભવસ્થાન જ આ વાતાવરણ – પરિવેશ છે. લેખક વાર્તા કે નવલકથામાં કોઈ પાત્રની દુ:ખની લાગણી અભિવ્યક્ત કરવા

અંધારી રાત, સૂકા પાંદડા, જર્જરિત દેહનું વર્ણન કરે અથવા સુખી માણસને અભિવ્યક્ત કરવા વરસતા વરસાદ, બગીચા, ખુશનુમા મિજાજને અભિવ્યક્ત કરે તેની પાછળનું પ્રયોજન જ પાત્રની નજીક લઈ જવાનું છે. કથાને ભાવક સમક્ષ ખુલ્લી કરવાનું છે. ભાવકને પરિચિત કરવાનું છે. પરિવેશ કૃતિની આંતરિક ઓળખ છે. વાસ્તવને જોવા માટેનું કેન્દ્ર છે. આજે 'પરિવેશ'નું સાહિત્યિક સંજ્ઞા તરીકે આગવું અગત્યતા આલેખવામાં આવ્યું છે. જેની કથા સાહિત્યમાં વિશિષ્ટ ભૂમિકા છે. કથાસાહિત્યમાં 'પરિવેશ' તાત્વિક ભૂમિકા ભજવીને કથાના કે વિષયવસ્તુના હાર્દને કલાત્મક રીતે અભિવ્યક્ત કરે છે. પરિવેશયુક્ત કૃતિમાં 'પરિવેશ' સમજ્યા વગર કૃતિનો મર્મ કે અર્થ, પામી શકાતો નથી. શરીફા વીજળીવાળા 'ટૂંકી વાર્તામાં કથનકેન્દ્ર'માં નોંધે છે કે "પરિવેશ વાર્તામાં કથનકેન્દ્રને પણ અસર કરે છે. વાર્તાના અગત્યના ઘટક તત્વ તરીકે પરિવેશને આધારે કથનરીતિ બદલાય છે."[12] આમ સ્થળ, કાળ, શ્રોતા, પરિવેશ, કળાનું માધ્યમ વગેરે અનેક પરિબળો સાથે કથનરીતિ બદલાય છે. તેમણે ગણાવેલા સ્થળ, કાળ, પરિવેશ એક જ અર્થમાં સમાવિષ્ટ થતી સંજ્ઞાઓ છે અને તેની અસર કથનરીતિ પર પડે છે તેમનો આ મત ડૉ. વિજય શાસ્ત્રીના ટેકનિકને લગતા મત સાથે મળતો આવે છે. શરીફા વીજળીવાળાના મત સાથે મળતો અજય રાવલનો પણ મત આવે છે. તેમના શોધનિબંધમાં આ રીતે નોંધ લીધી છે. આ સ્થાન અને સમય વડે એક વાતાવરણ રચાય છે. એક પરિવેશ ઊભો થાય છે. આમ, તેમના મતે પરિવેશનું પ્રયોજન સ્થળ અને સમય એકત્વ સાધી વાતાવરણનું નિર્માણ કરવાનું છે. કથાવસ્તુને સાધી વાતાવરણનું નિર્માણ કરવાનું છે. કથાવસ્તુને ભાવકની વચ્ચે લાવવાનું કાર્ય છે.

પ્રસાદ બ્રહ્મભટ્ટ[13] 'બાર સાહિત્ય સ્વરૂપ'માં નોંધે છે તેમ કોઈ પણ વાર્તામાં કોઈને કોઈ પરિવેશ હોવાનો જ. તેમના મતે કોઈપણ વાર્તામાં સ્થળકાળની

પશ્ચાદભૂ આપોઆપ ઉપસતી હોય છે. સમકાલીન જીવનની વાર્તામાં સાંપ્રતકાળનું વાતાવરણ આલેખાય છે. તો ઐતિહાસિક નવલકથામાં જે તે સમયનું ભૂતકાલીન વાતાવરણ સર્જાય છે. પરિવેશનું સાચા અર્થમાં વાર્તા કે નવલકથામાં પ્રયોજન કયા હેતુથી થાય છે તે સમજવા ડી. એસ. બ્લેન્ડના વિચારને પણ જયેશ ભોગાયતા આ સંદર્ભે નોંધ્યા છે તે જોઈએ. "The technique of background description, particularly description of landscape description in most novels aside from localizing of colour and detail the mood of a character in fact landscape as a part of the general background description often acquires a symbolical significance which brings the reader closer the central meaning of a story."[14] (પરિવેશને વર્ણવવાના કૌશલ્યને ખાસ કરીને ભૂમિસૌંદર્યના વર્ણનને વિવેચકોએ નકાર્યું છે. મોટેભાગની નવલકથામાં ભૂમિસૌંદર્યમાં રંગો, માહિતી અમુક સ્થાન પૂરતા મર્યાદિત હોય જે પાત્રોની મનઃસ્થિતિની માહિતી આપે. ખરા અર્થમાં ભૂમિ સૌંદર્યનું વર્ણન કે જે સામાન્ય રીતે પરિવેશ વર્ણનનો એક ભાગ છે તેને વારંવાર પ્રતીકાત્મક અર્થની જરૂર પડે છે કે જો વાચકને વાર્તાના મધ્યવર્તી અર્થની નજીક લાવે છે.)

આમ, પરિવેશ વિશે વાત કરતા લેખક કહે છે વાર્તામાં ક્યારેક વર્ણનોના લોભમાં ખેંચાઈ જવાથી કૃતિને નુકસાન પણ પહોંચે છે. આમ વાતાવરણને તાદૃશ રીતે રજૂ કરવા વર્ણન પણ ખરા અર્થમાં થવું જોઈએ. વાર્તામાં વાતાવરણ રચવા માટે લેખક વર્ણનનો આશ્રય લેતો હોય ત્યારે એ વર્ણન એ એવી વિગતો પસંદ કરે છે જે વાચકને બનવાના બનાવોનો અણસાર આપે વાતાવરણ એ વાર્તામાં માત્ર બહારની ગોઠવણી કે પરિસ્થિતિનો આલેખ નથી એનો સંબંધ તત્વતઃ ચિત્ત ઉપર થતી અસર સાથે છે. વર્ણન દ્વારા લેખક જે વાતાવરણ ઊભું કરે છે. તે વાર્તાના રહસ્ય પરત્વે આપણને ઉન્મુખ કરનારું હોય છે.

આમ, કથાસાહિત્યમાં પરિવેશનું પ્રયોજન અનિવાર્યપણે ઓછા કે મદદઅંશે પણ થતું જ રહે છે. જેનું આંતરિક કારણ એ પણ હોય શકે કે પાત્ર કે લેખકની લાગણીઓ પરિવેશ સાથે જોડાયેલી હોય છે. લેખકને જે કંઈ કહેવું હોય છે, લેખકે જે કંઈ અનુભવ્યું હોય છે તે પરિવેશના પ્રયોજનથી આલેખવું સરળ બને છે. વળી પરિવેશમાં રહેલી સર્જકની વૈચારિક ભૂમિકા અને અંગત ભૂમિકા પણ કૃતિમાં આગવું અગત્યતા ધરાવે છે.

સુરેશ જોષી[15] 'સાહિત્ય વિવેચન'ના એક લેખમાં કૃતિમાંના પરિવેશનું અગત્યતા અને એની કાર્યસાધકતા સમજાવતા તેઓ લખે છે કે, પાત્રની ચૈતસિક અવસ્થા અને પરિવેશ આ બે વચ્ચેનો સંબંધ નવલકથામાંના વાતાવરણથી સ્ફૂટ થતો હોવો જોઈએ. તેમણે સમગ્ર કૃતિની આબોહવામાં આ બન્ને તત્વોના સંમિલનની, રસાયણની અનિવાર્યતા દર્શાવી છે. તેઓ માને છે કે પરિવેશના આલેખન વડે માનસિક સંચલનો, સ્ફૂરણોને વ્યંજિત કરવાના હોય છે સાથે સાથે તેમણે વાતાવરણનું આલેખન પૂરી સૂક્ષ્મતાથી થશે તો જ આવી સૃષ્ટિ એક પ્રતીકાત્મક સૃષ્ટિ સર્જવાની શક્યતાઓ જોઈ છે. જે પાત્ર ચિન્હો અને વિલક્ષણતાઓના વર્ણનથી નથી સર્જાતી. આમ પરિવેશનું આગવું અગત્યતા સમજી તેઓના મતે દરેક કાર્ય, દરેક શબ્દ, પ્રગટ કે અપ્રગટ બધી જ ઘટનાઓનું ઉદ્ભવસ્થાન વાતાવરણ હોય છે તેમ માનવું છે. જેમ બ્રહ્મના ઉચ્છવાસિત રૂપે સૃષ્ટિ સર્જાઈ છે તેમ સર્જકના ઉચ્છવાસિત રૂપે પણ એક સૃષ્ટિ સર્જાઈ છે.

આમ પરિવેશની કાર્યસાધકતા પાત્રને યોગ્ય રીતે ઉપસાવવામાં સિદ્ધ થાય છે. ઘટના અને પાત્રના સંવેદનોને વાર્તાકથક પરિવેશના નાના નાના વાક્યોથી પણ સુંદર રીતે અભિવ્યક્તિ કરે છે. મોના પાત્રાવાલાની વાર્તામાંના કેટલાક વાક્યોની નોંધ આ રીતે લેવાઈ છે : "બરફના ગોળા જેવો ચાંદો, પીળાપટ્ટા ડાઘાવાળા ઘડિયાળના ડાયલ, ઘોર સન્નાટામાં વરસાદનો છમ છમ અવાજ."[16]

આમ, અહીં ક્યાંક ઉપમા આપીને તો ક્યાંક વિરુદ્ધાભાસ દર્શાવી વાર્તાકાર પરિવેશને આવી નાની નાની રીતે પણ અભિવ્યક્ત કરે છે. જેનાથી નવલકથા કે વાર્તાના પાત્રોની ભાવાનુભૂતિ અનુભવાય છે. આમ, પરિવેશમાં લાંબાલચક વર્ણનોની જરૂર નથી હોતી. આગળ ચર્ચા કરી એમ અયોગ્ય વર્ણનો કૃતિના સૌંદર્યને ઝાંખા પણ પાડે છે. પરંતુ કૃતિમાંના ભાવને પ્રગટ કરવા ક્યારેક નાના નાના ચિત્રો વડે પણ નવલકથાકાર, વાર્તાકાર પનારો પાડી પરિવેશની કાર્યસાધકતા સિદ્ધ કરે છે. વાત જે સર્જકને કરવી છે તેને નિરૂપતા વર્ણનો ક્યાંક ક્યાંક ઉત્તમ ગદ્ય બનીને વિકસતા ગદ્યસ્વરૂપમાં વાર્તાદેહ કે નવલકથાદેહ ધારણ કરવા મથે છે અને એ રીતે પરિવેશ નવલકથા કે વાર્તામાં કથાસાહિત્યનું અંગ બની રહે છે. ‘સૂકી ધરતી સૂકા હોઠ’નું પાત્ર જયંત ઠાકર છે. તેમાં પાત્રની સઘળી ક્રિયા-પ્રતિક્રિયાના વર્ણનોનું આલેખન છે. વળી આ વર્ણન પાત્રના મનોભાવોને પ્રગટ કરી વાચકને પાત્રની નજીક લાવીને મૂકી દે છે. જુઓ : “વિચારોનું ચક્કર ખૂબ જોરથી ફરવા લાગ્યું. ફાનસની ઝીણી વાટ ધીમે ધીમે સાવ ઝીણી થઈને બુઝાઈ ગઈ હતી.” આમ દિલીપ રાણપુરા અહીં પાત્રચિત્તની અનુભૂતિ તો કરાવે જ છે સાથે સાથે પાત્રની ભવિષ્યમાં થનારી સ્થિતીનો પણ અહીં ચિતાર આપી દે છે. આમ, પરિવેશ પાત્રના પ્રતિભાવને વર્ણવીને વાર્તા કે નવલકથામાં શું થવાનું છે ? શું થઈ શકે છે ? કૃતિમાં રહેલો રસ કયો હશે ? વગેરેનો અણસાર આપે છે અને એ રીતે કૃતિના હાર્દ સુધી પહોંચાડવાનો સજાગ પ્રયત્ન કરે છે. નાઝિર મન્સુરીની કૃતિ ‘ઢાલકાચબો’ વાર્તાસંગ્રહમાં પરિવેશની ચર્ચા કરતા ભરત મહેતા નોંધે છે કે, “સાગર ખેડુની સમસંસ્કૃતિનું પ્રગાઢ, પ્રચુર, નિબિડ રસાયણ ‘ઢાલકાચબો’ની વાર્તાઓમાં ભળેલું છે. એક અરૂઢ પરિવેશમાં મૂકાઈ જતો ભાવક પ્રારંભે ફફડે છે પણ પરિવેશને એવી ઉત્કટતાથી નિરૂપ્યો છે કે સમગ્ર સંગ્રહમાંથી

પસાર થતા ભાવક પરિવેશનો પરિચિત સુદ્ધાં બની જાય છે." આમ કૃતિમાં રહેલો જે તે પરિવેશ વાચકને ભાવકને કથાના હાર્દ સુધી લઈ જાય છે.

આમ, ઉપરોક્ત ચર્ચાનું તારણ કાઢતા કહી શકાય કે પરિવેશ કૃતિમાં અભાન કે સભાનપણે હોવાનો જ. ઉપરની શરૂઆતની ચર્ચા પ્રમાણે સેટિંગ, લોકેશન, બેકગ્રાઉન્ડ, સ્થળ-સંદર્ભો બદલાતા સામાજિક-સાંસ્કૃતિક સમય-સંદર્ભો, વર્ણનો, પૃષ્ઠભૂ, ઉદ્દીપન વિભાવો વગેરેને આપણે પરિવેશના પર્યાય જ ગણી શકીએ. આ દરેક પર્યાયને લઈને કૃતિ જ્યારે આવે છે તેને તાદૃશ્ય આપણી સમક્ષ કરે છે ત્યારે પરિવેશનું નિરૂપણ થયું છે એમ કહી શકાય. આ તમામ પર્યાયને ફળીભૂત કરતી વિગતો કૃતિમાં આલેખન પામે છે, તો તેને સ્પષ્ટ રીત પરિવેશનો એક કે અન્ય વિભાગ કે પ્રકાર છે તેમ આપણે કહી શકીએ. કૃતિને જીવંતતા બક્ષે છે. આ પરિવેશ આપી આ રીતનો પરિવેશ દરેક કૃતિમાં હોય એ જરૂરી છે. વળી કૃતિના અન્ય તત્વોની જેમ (જેનાથી કૃતિનું સર્જન થાય છે તેવા પાત્ર સંવાદ, ભાષા, ઘટના, જીવનદર્શન, વસ્તુસંકલના, રચનારીતિ વગેરેની જેમ) પરિવેશ પણ કૃતિમાં આગવું અગત્યતા ધરાવે છે અથવા એમ પણ કહી શકાય અનિવાર્ય અંગ બની રહે છે. કૃતિનું આમ અન્ય સર્જનમાં અગત્યતાનો ફાળો ધરાવે છે.

આમ કોઈ પણ કૃતિનું મૂલ્યાંકન તેના ઘટકતત્વોની ચર્ચા વગર અધૂરું બને છે. વળી તેને વાચક સમક્ષ જીવંત કરવા આ જુદાં જુદાં ઘટકતત્વ એકબીજા સાથે સંબંધ જોડે છે, ત્યારેજ કોઈ પણ કળાકૃતિ સર્જન પામે છે. આમ પરિવેશનું ઘટકતત્વ રચનામાં એનું ચોક્કસ, નિયત કાર્ય સિદ્ધ કરે છે અને એ રીતે વાર્તા કે નવલકથામાં વાતાવરણ એટલે કે પરિવેશને એક સામાન્ય ઘટક ગણીને તેની અવગણના ન કરતાં 'પરિવેશ' એ ગદ્ય સ્વરૂપનું અત્યંત અગત્યનું ઘટકતત્વ છે તેમ કહી શકાય.

## • 1.2 નવલકથામાં શૈક્ષણિક પરિવેશ :

'શિક્ષણ' શબ્દ પરથી 'શૈક્ષણિક' શબ્દ આવ્યો છે. શિક્ષણ અર્થનો સામાન્ય અર્થ કરીએ તો સમાન વયગ્રુપ ધરાવતા વિદ્યાર્થીઓ ચોક્કસ સમયે અને સ્થળે શૈક્ષણિક હેતુઓ સિદ્ધ કરવા જે (શૈક્ષણિક) પ્રવૃત્તિઓ કરે છે તે. આમ શિક્ષણ એ મનુષ્યના ઘડતરનો પાયો છે. મનુષ્ય આદિકાળથી જાણ્યે અજાણ્યે કંઈક શીખતો જ આવ્યો છે. શિક્ષણ પામતો જ રહ્યો છે. શીખવાની પ્રક્રિયા મનુષ્યની જન્મથી મરણ સુધીની હોય છે. આજે શિક્ષણ મોટા પરિમાણ પર અસ્તિત્વ પામ્યું છે. સાહિત્યમાં સમાજનું પ્રતિબિંબ ઝિલાય છે. એ જ રીતે સમાજે ઊભી કરેલી વ્યવસ્થા 'શિક્ષણ' પણ સાહિત્યમાં સમાવિષ્ટ છે. સાહિત્યનાં જુદા જુદા સ્વરૂપોની જેમ નવલકથા સ્વરૂપમાં પણ શિક્ષણનું આલેખન થયું છે. જેની નોંધ લેવી અગત્યની બની રહે છે. નવલકથામાં જુદાં જુદાં પરિવેશ જેવાં કે સામાજિક પરિવેશ, દલિત પરિવેશ, જાનપદી પરિવેશ વગેરેનું નિરૂપણ થયું છે એ જ રીતે શૈક્ષણિક પરિવેશ પણ નવલકથાનું અગત્યનું ઘટક બની રહે છે. તો સૌ પ્રથમ શૈક્ષણિક પરિવેશની પરિભાષા સમજીને નવલકથામાં શૈક્ષણિક પરિવેશની અભિવ્યક્તિ તપાસીએ.

જ્યારે આપણે પ્રાકૃતિક પરિવેશ એમ શબ્દ પ્રયોજન કરીએ ત્યારે ઝાડ, પાંદડા, સમુદ્ર, પવન, ફૂલ વગેરે પરિવેશના ઘટક બને છે પરંતુ 'શૈક્ષણિક પરિવેશ' એમ શબ્દ પ્રયોગ કરીએ ત્યારે તેના ઘટક અન્ય પરિવેશથી અલગ છે. અહીં શિક્ષણના બંધારણની વાત નથી આવતી. પરંતુ 'શિક્ષણ' વ્યવસ્થા સાથે જોડાયેલી તમામ વ્યક્તિઓ, ઘટના, પરિસ્થિતિ, બાબતો અગત્યની બને છે અથવા કેન્દ્રમાં હોય છે એમ કહી શકાય. શિક્ષણ સાથે જોડાયેલ વિદ્યાર્થી, શિક્ષક, સંચાલક, આચાર્ય, વાલીગણ, પટાવાળા, સરકાર, ટ્રસ્ટી, સમાજના હોદ્દેદાર,

રાજકારણી, કારકૂન, વિદ્યાર્થીનેતા, કુલપતિ, ઉપકુલપતિ, કુલસચિવ, ડીન, સંશોધક, પ્રોજેક્ટ વર્કર, સ્લીપર, ડાયટ, ઓફિસર, એકેડેમીકલ સ્ટાફ, ઈન્સ્પેક્શન ટીમ વગેરેની ભૂમિકા શૈક્ષણિક પરિવેશમાં અગત્યનું સ્થાન ધરાવે છે. વિવિધ યોગ્યતા અને ક્ષમતા ધરાવતા આ મહાનુભાવોની કામગીરી, જવાબદારી, ફરજો શૈક્ષણિક પરિવેશમાં અગત્યનાં ઘટક બની રહે છે. તેમના હક, અધિકાર, પ્રશ્નો, સમસ્યાઓ, પ્રતિભાવ, મૂલ્યાંકન, નિયમો, કાર્યપ્રણાલી અહીં કેન્દ્ર સ્થાને છે. હડતાલ, આંદોલન, કેમ્પસ પોલિટિક્સ, અનામત, બેઠક વ્યવસ્થા, ફી, લાંચ-રુશ્વત, ભ્રષ્ટાચાર, સંસ્થાઓનું ખાનગીકરણ, પ્રવેશ પ્રક્રિયા, મૂલ્યાંકન પદ્ધતિ, પરીક્ષામાં થતી ગેરરીતિઓ વગેરે જેવી બાબતો – ઘટનાથી શૈક્ષણિક પરિવેશ ઘડાય છે. નવલકથાકાર આ પાત્રો અને બનાવો દ્વારા કલ્પના જગતનું જ નહિ પરંતુ વાસ્તવિક જગતનું પણ દર્શન કરાવે છે. આ પાત્રો વચ્ચે બનતી ઘટના દ્વારા શિક્ષણ વ્યવસ્થાનું ક્યાંક સારુ તો ક્યાંક વરવું સ્વરૂપ સ્પષ્ટ કરે છે. શૈક્ષણિક સંસ્થાઓમાં ચાલતી આંટીઘૂંટીઓનું નિરૂપણ શિક્ષણ વ્યવસ્થાની પોલ ખોલી આપે છે. આમ, શિક્ષણ વ્યવસ્થાને પ્રકાશમાં લાવવી જરૂરી છે અને આ રીતે સ્થળ વિશેષના શૈક્ષણિક પરિવેશને નવલકથામાં નિરૂપણ પામેલો જોઈ શકાય છે.

English Novel પર થયેલા સંશોધનના મુદ્દાઓ Campus Novel પર આ રીતે પૂર્વ અને પશ્ચિમના મુદ્દા પ્રગટ થયા છે.

“In recent times Indian English Novel has acquired a position at the top rung among all the forms of literature. It stands at par with its counter parts written in the English Speaking countries. The international literacy awards like The Booker, The Pulizer, The Sinclair won by Indian novelists exemplify that they have been appreciated even by the western critics. Indian English fiction has grown rich with the proliferation of various sub genres. Campus novel is also one such subgenre which has enriched Indian English fiction in recent times consideration progress has been attained in Indian in the field of campus novels but as they have not been sufficiently explored an endeavor has been

made in the present paper to carry out a survey of the campus novel in India. The paper attempts to throw light on the various fool points in Indian novels and provides example for each type."[17]

વળી, પાત્રોના વિચાર-અનુભવ જ શિક્ષણ વ્યવસ્થાની ગુણવત્તાને પ્રદર્શિત કરે છે. શૈક્ષણિક પરિવેશને આલેખતી નવલકથાને અંગ્રેજીમાં Campus Novel કહેવાય છે. આ Campus Novel વિશે Oxford Dictionary માં આપેલ વ્યાખ્યા નીચે મુજબ છે:

"Campus novel is a novel, usually comic or satirical in which the action is set within enclosed world of university (or similar set of learning) and highlight the follies of academic life. Many novels had presented nostalgic evocations of college days, but the novel in the usual modern sense dated from the 1950[19]: Mary Mccarthy's 'The Groves of Academe. (1952)

A survey of Campus Novels in India reveals that they can be grouped into various categories. The main categories can be taken as:

1) Campus Novels focused on Students.

2) Campus Novels focused on faculty.

3) Campus Novels focused on Vice-Chancellor.

4) Campus Novels focused on all the main functioning of the Campus."[18]

આમ, અહીં ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી શૈક્ષણિક પરિવેશ વિશે થયેલ ચર્ચા-વિચારણા ધ્યાનપાત્ર છે.

ટૂંકમાં શૈક્ષણિક નવલકથાઓના સ્વરૂપમાં જોવા મળતું રાજકારણ જેને આપણે Campus Politics કહીએ છીએ તે ચોતરફ આજે પણ જોવા મળે છે, એને અવગણી શકાય તેમ નથી. આ પ્રકારના શૈક્ષણિક પરિસરના રાજકારણની માઠી અસર શિક્ષણ પર પડે છે અને વિદ્યાર્થીઓનો રાજકારણમાં પ્રવેશ પણ આ જ ક્ષણે

થાય છે અને અહીંથી જ તેઓનો માર્ગ બદલાતાં એમાંથી કોઈક ગેરમાર્ગે પણ દોરાય છે. આ પ્રકારના આંદોલન ભારતમાં નહીં પણ હાર્વડ યુનિવર્સિટીમાં જોવા મળે છે. અર્ધસામંતશાહી સમાજમાં આધુનિક લોકશાહી, બિનસાંપ્રદાયિક શિક્ષણસંસ્થા રોપવામાં આવે તો સમાજ અને શિક્ષણના સંબંધો એકબીજાને પરસ્પર પૂરક બની રહેવાની શક્યતા વધુ છે. આમ, નવલકથામાં શૈક્ષણિક પરિવેશ અર્થાત શિક્ષણ અને સમાજ વચ્ચેનો જે સંબંધ છે તેને સાહિત્યના માધ્યમથી વધુ સારી રીતે આત્મસાત કરી શકીએ છીએ. આ મહાશોધનિબંધમાં પસંદ કરેલી ગુજરાતી તેમજ અન્ય ભારતીય શૈક્ષણિક પરિવેશને નિરૂપતી નવલકથાઓનો સાહિત્યિક તેમજ તુલનાત્મક અભ્યાસ કરવાનો ઉપક્રમ છે.

પાદટીપ:

1) શાસ્ત્રી કે.કા., બૃહદ ગુજરાતી કોશ, ખંડ બીજો (1981); સં. પૃ. 1379
2) ટોપીવાળા ચંદ્રકાન્ત અને અન્ય, 'આધુનિક સાહિત્ય સંજ્ઞાકોશ', ગુજરાતી સાહિત્ય પરિષદ, પ્રથમ આવૃત્તિ, 1986, પૃ. 15
3) ભોગાયતા જયેશ, અર્થવ્યક્તિ, પ્રકાશક પોતે, પ્ર.આ. 2008, પૃ. 30
4) એજન. પૃ. 31
5) પટેલ ગોપાલદાસ, સંસ્કૃત-ગુજરાતી વિનીત કોશ, સં., ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્ર.આ. 1962
6) એજન. પૃ. 32
7) નવલગ્રંથાવલિ, ઈ.સ. 1937, પૃ. 182
8) શુક્લ રામચંદ્ર, નવલિકાસંગ્રહ, પુસ્તક પહેલું, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, દ્વિ.આ. 2011, પૃ. 22
9) વેદ નરેશ, કથાવિમર્શ, ફર્જર એજન્સી, અમદાવાદ, પ્ર.આ. 1983 પૃ. 44
10) માહ્યાવંશી મનોજ, મોના પાત્રાવાલાની વાર્તાઓમાં પરિવેશ, દામિની પ્રકાશન, પ્ર.આ. 2011, પૃ. 13
11) એજન. પૃ. 14
12) એજન. પૃ. 15
13) બ્રહ્મભટ્ટ પ્રસાદ, 'બાર સાહિત્ય સ્વરૂપો', પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ. 1993, પૃ. 90
14) માહ્યાવંશી મનોજ, મોના પાત્રાવાલાની વાર્તાઓમાં પરિવેશ, દામિની પ્રકાશન, પ્ર.આ.

2011, પૃ. 10

15) એજન. પૃ. 61

16) ભોગાયતા જયેશ, અર્થવ્યક્તિ, પ્રકાશક પોતે, પ્ર.આ. 2008, પૃ. 40

17) https://en.wikipedia.org/wiki/Campus_novel

18) The Oxford Dictionary, P. 102

19) એજન. પૃ. 104

•

# પ્રકરણ – 2

## • 2.1 શૈક્ષણિક પરિવેશ : અતીતથી સાંપ્રત

શૈક્ષણિક પરિવેશનો વિગતે અભ્યાસ કરતા પહેલા શિક્ષણનું સ્વરૂપ જાણવું જરૂરી છે. અતીતથી માંડી સાંપ્રત પરિસ્થિતીમાં શિક્ષણનું સ્વરૂપ બદલાતું રહ્યું છે. જેમ કે, શિક્ષણનું સ્થાન, શિક્ષણને લગતા નિયમો, વિવિધ વિષયો વગેરેમાં સમયાંતરે પરિવર્તન આવ્યું છે. અહીં વૈદિકકાળથી માંડી સાંપ્રત સમયમાં શિક્ષણ સંદર્ભે આવેલા નોંધપાત્ર પરિવર્તનને વિવિધ કમીશનના માધ્યમ દ્વારા સ્પષ્ટ કરવાનો ઉપક્રમ છે.

વૈદિકકાળ[1]થી શિક્ષણની શરૂઆત જોવા મળે છે. જેના સમયગાળાના કોઈ ચોક્કસ પુરાવા મળતા નથી. મોનિટોરિયલ સિસ્ટમ પ્રમાણે શિક્ષક જ વિદ્યાર્થીઓની પસંદગી કરી શિક્ષણ આપે છે. ગુરુકૂળમાં વેદનું જ્ઞાન, સમૂહમાં શિક્ષણ પર ભાર મૂકવામાં આવતો હતો. ગુરુ-શિષ્યના સંબંધો આ સમયગાળામાં વધુ અગત્યતા ધરાવતા હતા. ગુરુ પાસે રહીને જ શિક્ષણ મેળવવાનું હોવાથી ગુરુ-શિષ્ય વચ્ચે વાર્તાલાપ થતો હતો. ચર્ચા પદ્ધતિથી શિક્ષણ આપવામાં આવતું હતું. મૌલિક કથન અને ઘરકામ પર ભાર આપવામાં આવતો હતો. ઉત્તર વૈદિકકાળમાં ધર્મ, સર્જનાત્મકતા વગેરે વિષયો પર ભાર મૂકવામાં આવતો હતો. વિદ્યાર્થીના ચારિત્ર્ય ઘડતર તરફ ગુરુઓનું વિશેષ ધ્યાન રહેતું હતું અને દરેક વિચાર પાછળ રહેલો તર્ક કેન્દ્રસ્થાને હતો. બૌદ્ધ સમયગાળામાં કોગનેટિવ ડેવલપમેન્ટ પર ભાર મૂકવામાં આવતો હતો. ધ્યાન, યોગ વગેરેની આ સમયગાળામાં આગવી મહત્તા હતી. કથન પદ્ધતિ, ચર્ચા પદ્ધતિ, પ્રશ્નોત્તરી વગેરે માધ્યમથી શિક્ષણનું આદાન-પ્રદાન થતું હતું. તક્ષશીલા વિદ્યાપીઠ શિક્ષણનું મુખ્ય

કેન્દ્ર સ્થાન હતું. દેશ-વિદેશમાંથી વિદ્યાર્થીઓ ભણવા આવતા હતા. ચિકિત્સક, અર્થશાસ્ત્રનું જ્ઞાન અહીં મુખ્ય વિષય હતો. નાલંદા વિદ્યાપીઠ આદર્શ સમાન હતી. મૂલ્યશિક્ષણ અગત્યનું સ્થાન ધરાવતું હતું. વેદ, તત્વજ્ઞાન, વ્યાકરણ, ચિકિત્સાવિદ્યા વગેરે જેવા વિષયોનું જ્ઞાન પીરસવામાં આવતું હતું. ઈ.સ. 1854મા મોડર્ન પીરિયડમાં મક્તાબ એલિમેન્ટરી એજ્યુકેશન અને મર્દ્રાસા – ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ હતી. મૌલિક પદ્ધતિથી શિક્ષણ અપાતું હતું. પર્સિયન અને ઉર્દૂ ભાષાના શિક્ષણની આગવી મહત્તા હતી. અભ્યાસક્રમમાં વ્યાકરણ, સાહિત્ય, વિજ્ઞાન વગેરે જેવાં વિષયોનો સમાવેશ થતો હતો.

'વુર્ડસ ડિસ્પેજ કમીશન' ઈ.સ. 1854[2]માં અને ઈ.સ. 1882[3]માં 'ઈન્ડિયન એજ્યુકેશન કમીશન' આવ્યું. સર ચાર્લ્સ વુડના નામ પરથી વુર્ડસ ડિસ્પેજ કમીશન નામ પડ્યું. તેમણે ત્રણ અંગ્રેજી થિંકર (વિચારક) તૈયાર કર્યા. જેમના નામ મર્સમેન, પેરી અને વિલ્સન હતા. તેમનો અભ્યાસ શિક્ષણની સમસ્યાઓ પર હતો અને આ શૈક્ષણિક સમસ્યાઓને ધ્યાનમાં રાખી તેઓએ શિક્ષણની યોજના તૈયાર કરી શિક્ષણ સંદર્ભે પોલીસી બહાર પાડી. જેના કેટલાક હેતુઓ હતા. વર્નાક્યુલર અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન હોવું જરૂરી હોવું, અંગ્રેજી સાહિત્યનું વિવિધ ભાષામાં ભાષાંતર કરવું, શિક્ષકોને તાલીમ આપવી, સ્ત્રીઓને શિક્ષણ આપવું, યુનિવર્સિટીઓની સ્થાપના કરવી. માસ એજ્યુકેશન આપવું વગેરે જેવા હેતુઓને ધ્યાનમાં રાખી વુડ ડિસ્પેજ કમીશન શિક્ષણક્ષેત્રે કાર્યરત હતું. ત્યારબાદ ઈ.સ. 1882[4]માં ઈન્ડિયન એજ્યુકેશન કમીશન આવ્યું. વુર્ડસ ડિસ્પેજ કમીશનના પરિણામ સ્વરૂપ ઈ.સ. 1857માં કલકત્તા, મુંબઈ અને મદ્રાસમાં યુનિવર્સિટીની શરૂઆત થઈ ગઈ હતી. આમ, ઈન્ડિયન એજ્યુકેશન પોલીસી બહાર પાડીને આર્થિક મદદ કરે કરે છે. ગરીબો માટેનું શિક્ષણ, સ્ત્રીઓ માટે શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંદર્ભે આ કમીશન

આગળ આવ્યું. ઈ.સ. 1902માં ઈન્ડિયન યુનિવર્સિટી કમીશન આવ્યું. યુનિવર્સિટીઓમાં યોગ્ય સ્ટાફની ભરતી, શિક્ષકો માટેની સવલતો, કૉલેજ માટેના કેટલાક કડક કાયદા, કોલેજોનું સતત મૂલ્યાંકન અને સુપરવિઝન, અભ્યાસક્રમ નક્કી કરવો, વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની વ્યવસ્થા, ત્રણ વર્ષનો ડિગ્રી કોર્સ, સ્કોલરશીપ વગેરે જેવી ભલામણ આ કમિશને કરી હતી. ઈ.સ. 1904[5]માં ગવર્ન્મેન્ટ ઓફ ઈન્ડિયાએ શિક્ષણ સંદર્ભે રિઝોલ્યુશન પાસ કર્યું, જેના અનુસાર રાજ્યનું મુખ્ય કર્તવ્ય પ્રાથમિક શિક્ષણ આપવાનું છે. શિક્ષકોની તાલીમ વગર શિક્ષકોની ભરતી શક્ય નથી. ટીચર ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ અને શાળાઓ વચ્ચે એક પ્રકારનું જોડાણ હોવું જોઈએ. આ ભલામણોના પરિણામ સ્વરૂપ ભારતના 20% ગામડાઓમાં હાજરી નોંધપાત્ર બની. ઈ.સ. 1917[6]માં સેડલર કમીશન આવ્યું. તેમણે શિક્ષકોની તાલીમ પર ફોકસ કર્યું. ઢાકા, કલકત્તા જેવા શહેરોમાં શિક્ષણક્ષેત્રે વિકાસના પગરવ માંડ્યા. ગોપાલકૃષ્ણ ગોખલેએ ફરજીયાત શિક્ષણ માટે હિમાયત કરી હતી. કલકત્તા યુનિવર્સિટી અને તેની સમસ્યાઓ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું, યુનિવર્સિટીના એડમિનિસ્ટ્રેશન સંદર્ભે, મુસ્લીમ શિક્ષણ સંદર્ભે, શિક્ષકોની તાલીમ સંદર્ભે, ટેકનોલોજી સંદર્ભે, પ્રોફેશનલ અને વોકેશનલ તાલીમ સંદર્ભે, મોડર્ન ઈન્ડિયન લેન્ગવેજ, માધ્યમિક શિક્ષણ વગેરે સંદર્ભે આ કમીશનનું અગત્યનું યોગદાન છે. ઈ.સ. 1944[7]માં સાર્જન્ટ રિપોર્ટ અનુસાર નર્સરી એજ્યુકેશન, બેઝીક એજ્યુકેશન, ઉચ્ચતરશિક્ષણ, યુનિવર્સિટી એજ્યુકેશન, ટેક્નિકલ એજ્યુકેશન, એડલ્ટ એજ્યુકેશન સંદર્ભે સૂચનો કર્યા. ઈ.સ. 1949[8]માં યુનિવર્સિટી એજ્યુકેશન કમીશન (રાધાકૃષ્ણ કમીશન) આવ્યું. જેણે શિક્ષણના પ્રેક્ટીકલ પોઈન્ટ ઓફ વ્યૂ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. શાળાઓ અને તેના આંતરિક બંધારણ સંદર્ભે સૂચન કર્યા. વિદ્યાર્થી અને સમાજની જરૂરિયાતને આધાર બનાવી કેટલાક નિયમો બહાર પાડ્યા. અનુભવના આધારે શિક્ષકોની નિમણૂક નક્કી કરવામાં આવી. સ્થાનિક

પરિસ્થિતિને ધ્યાનમાં રાખી અભ્યાસક્રમમાં ફેરફારનું સૂચન કર્યું. ઈ.સ. 1964[9]માં કોઠારી કમીશન આવ્યું. જેણે શિક્ષણક્ષેત્રે ગ્રાંટ(Grant) આપી. વળી, અભ્યાસક્રમ પણ સમયાંતરે બદલવાનો નિયમ બનાવ્યો. રિસર્ચ અને શૈક્ષણિક સંસ્થાના વિકાસ સંદર્ભે પણ કોઠારી કમીશનનો અગત્યનો ફાળો છે. કોઠારી કમીશન[10]નો હેતુ રિસર્ચ, લાઈબ્રેરી, લેબ, વર્કશોપ, રિસર્ચ પ્રોગ્રામ વગેરેને અપડેટ રાખવાનો હતો.

આમ, વૈદિકકાળથી શરૂ કરી કોઠારી કમીશન સુધી જે કેટલાક કમીશનની ચર્ચા કરી છે તે સંદર્ભે કહી શકાય કે અતીતથી લઈ સાંપ્રત સુધી શિક્ષણનું સ્વરૂપ સમાજની પરિસ્થિતિ અને જરૂરિયાત પ્રમાણે બદલાતું રહ્યું છે. આ વિવિધ કમીશને શિક્ષણના એવા કાયદા ઘડ્યા છે, એવા હેતુઓ નક્કી કર્યા છે જેનાથી સમાજનો વિકાસ શક્ય બની શકે છે. હવે આવા કાયદા અને હેતુઓને ધ્યાનમાં રાખીને શિક્ષણક્ષેત્રે કેટલાક પરિવર્તનો આવ્યા છે. આ પરિવર્તન અંતર્ગત પ્રાંતીયથી વૈશ્વિક સ્તરે શિક્ષણમાં આવેલા પરિવર્તનનો અભ્યાસ કરીએ.

## 2.2 શૈક્ષણિક પરિવેશ : પ્રાંતીયથી વૈશ્વિક

શિક્ષણનું સ્વરૂપ ગુજરાતમાં અવનવા કાર્યક્રમ થકી વિકસતું રહ્યું છે. જેનો આપણે અહીં વિગતે અભ્યાસ કરીશું.

Gujarat Council of Educational Research and Training[11] (GCERT) – એક એવી પાયા સમાન સંસ્થા છે જે રાજ્ય સ્તરે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની ગુણવત્તામાં સક્રિયપણે કાર્ય કરી રહી છે. GCERT અંતર્ગત 26 DIET (District Institute of Education and Training) 25 જેટલા જિલ્લામાં કાર્યરત છે. જેની 7 જેટલી શાખાઓ છે. (1) Pre-Service Teacher Education (PSTE), (2) Work Experience (WE), (3) District Resource Unit (DRU), (4) Curriculum Material Development and Evaluation (CMDE), (5) Educational Technology (ET), (6) In Service Field Interaction Innovation & Co-Ordination (IFIC, (7) Planning and management (PM) આ બધી જ શાખાઓનું સંચાલન DIETના સભ્યો કરે છે, જેનો સ્ટાફ યોગ્યતા અને અનુભવ ધરાવતો હોય છે.

GSHSEB[12] – Gujarat Secondary and Higher Secondary Education Boardનું બંધારણ ઈ.સ. 1972માં થયું. જેનું સંચાલન રાજ્ય સરકાર કરે છે. આ સંસ્થાના કાર્યો નીચે મુજબ છે:

(1) Preparing the Curricula & Syllabi

(2) Registering New Secondary School and Monitoring their Performa on a Continual Basis

(3) Providing Developmental Guidance

(4) Organizing Training for Teachers and Principals up

measures, (for instance, to integrate Gujarat's Student with the information Technology – enabled Global Village, the Board has introduced Computer Studies among regular Curricula)

આ જ રીતે School Education સંદર્ભે GSHSEB (Gujarat Secondary and Higher Secondary Education Board) ગુજરાત રાજ્યમાં ચાલતી શાળાઓનું સંચાલન કરે છે.

સર્વ શિક્ષા અભિયાન[13] પ્રોજેક્ટ Gujarat Council of Elementary Education દ્વારા ગુજરાતમાં ચાલે છે. સર્વ શિક્ષા અભિયાન હેઠળ જુદા જુદા પ્રોજેક્ટ ચલાવવામાં આવે છે. હાલમાં ચાર પ્રોજેક્ટ ચાલે છે. (1) BALA – Building as Learning Aid – આ પ્રોજેક્ટનો Concept યુનિસેફ દ્વારા મળ્યો છે. શાળાને જ આધાર સામગ્રી બનાવી મૈત્રીભર્યો વ્યવહાર રાખીને જ વિદ્યાર્થીને શીખવવામાં આવે છે.

There are two levels of this intervention.

(1) Development the Spaces to Create Varied Teaching Learning Aid

(2) Develop the Build Elements in these Spaces as Teaching Learning Aid

- Space can be

(1) Classroom, (2) Corridor, (3) Slaps & Staircase, (4) Outdoor Space

- The Built Elements can be

(1) Floor, (2) Wall, (3) Door, (4) Ceiling, (5) Platform, (6) Furniture

આમ, વિદ્યાર્થીઓને શિખવવાનો ખૂબ જ ઈનોવેટીવ માર્ગ છે. જેનાથી વિદ્યાર્થી આકર્ષાય છે અને રસ દાખવે છે.

'પ્રજ્ઞા' નામનો અન્ય પ્રોજેક્ટ પણ સર્વ શિક્ષા અભિયાન ચલાવે છે. Pragna – An Activity based learning Approach.

આમ, વિદ્યાર્થીઓને ક્રિયાત્મક રીતે શીખવવું. અહીં ક્લાસરૂમ, વિષય, બેઠક વ્યવસ્થા દરેકમાં એક પ્રકારની નવીનતા છે. અહીંના ક્લાસરૂમનું બંધારણ વિશેષ પ્રકારનું હોવાથી વિદ્યાર્થીઓને અભ્યાસમાં વધુ અનુકૂળ બની રહે છે. દરેક વિષયના અલગથી ક્લાસરૂમ હોય છે જેના ચિત્રો પરથી વિદ્યાર્થી તે જ વિષયના રૂમમાં જાય છે. વિદ્યાર્થીઓને ફ્લોર પર જ્યાં બેસવું હોય ત્યાં બેસી શકે એવું મુક્ત વાતાવરણ હોય છે. ટૂંકમાં, સર્વ શિક્ષા અભિયાનમાં દર્શાવ્યા પ્રમાણે -

Pragna means Intellect, understanding, wisdom. Pragna Approach means (1) Observing Ladder, (2) Picking Cards, (3) Selecting Groups, (4) Doing activity, (5) Recording Pry.

આમ, ઉપરોક્ત દરેક પ્રોજેક્ટમાં સમયાંતરે નવીનતા આવે છે અને આ રીતે સર્વ શિક્ષા અભિયાનના મુખ્ય ફંક્શન અંતર્ગત કાર્ય થાય છે, જે આ રીતે છે. (1) ટીચર ટ્રેનીંગ, (2) પ્લાનીંગ અને મેનેજમેન્ટ, (3) ટ્રાયલ એજ્યુકેશન, (4) જેન્ડર એજ્યુકેશન, (5) સિવીલ વર્ક્સ, (6) ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટ, (7) મીડીયા એન્ડ ડોક્યુમેન્ટેશન, (8) મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ, (9) ઈન્ટીગ્રેટેડ એજ્યુકેશન ફોર ડિસેબલ.

ગુજરાત સરકાર દ્વારા 'પ્રથમ' સંસ્થા પણ શિક્ષણક્ષેત્રે કાર્યરત છે. જેમાં શહેર અને ગામડાના એમ બન્ને વિસ્તારમાં શિક્ષણ આપવામાં આવે. ખાસ કરીને સ્લમ એરીયામાં વસતા લોકો જે શિક્ષણ પાસે આવી નથી શકતા. શિક્ષણ સામેથી તેમના (સ્લમ એરિયાના લોકો)ના સમયાનુસાર જઈ જ્ઞાન પીરસવામાં આવે છે. વળી પ્રથમ સંસ્થાનું જોડાણ ઈ.સ. 2010 થી 2012 દરમ્યાન સર્વ શિક્ષા અભિયાન સાથે પણ રહ્યું છે. 'ગુણોત્સવ'ની પ્રક્રિયાનો કાર્યભાર પણ 'પ્રથમ' સંસ્થા સંભાળે છે. જેમાં ગુજરાતના પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાનું મૂલ્યાંકન થાય છે. 'પ્રજ્ઞા'

પ્રોજેક્ટ સાથે મળીને 'પ્રથમ' સંસ્થા ટીચીંગ-લર્નિંગ પ્રોસેસને (શીખવાની પ્રક્રિયાને) શિક્ષક અને વિદ્યાર્થી માટે આનંદદાયક બનાવી રહી છે. નવેમ્બર 2015માં આ પ્રોગ્રામ સાબરકાંઠા અને બનાસકાંઠામાં આવેલા 14000 બાળકો જે 300 શાળાઓમાં ભણતા હતા તેમને ધ્યાનમાં રાખી પૂર્ણ કરવામાં આવ્યો છે. આવા બીજા કેટલાંક પ્રોગ્રામ જેવા કે Digital Classroom, Early year Programme, English Programme, Pratham Books, Pratham Information Technology Foundation, Pratham Supported School, Pratham Virtual Open School, Read India, Science Programme, Second Chana, Urban Programme, Vocation Programme વગેરે આ સંસ્થા થકી વિકાસનો માર્ગ ચીંધે એવા ક્રિયાશીલ કાર્યક્રમ છે.

આમ, ગુજરાત રાજ્ય સ્તરે ઉપરોક્ત સંસ્થા અને પ્રોજેક્ટ દ્વારા શિક્ષણના સ્વરૂપને વિકસતું જોઈ શકાય છે. ગુજરાતમાં KCG સંસ્થા કૉલેજ શિક્ષણની ગુણવત્તા માટે કાર્યરત છે. હવે આપણે નેશનલ લેવલ પર એટલે ભારત દેશમાં શિક્ષણનું સ્વરૂપ કેટલાક કાર્યક્રમ થકી ઘડાયું છે તેની નોંધ લઈશું.

ભારતીય બંધારણ – કલમ – 21(A)[14] પ્રમાણે Free and Compulsory Education ભારતમાં 6 થી 14 વર્ષના બાળકોને આપવામાં આવે છે. પ્રાથમિક શિક્ષણ 6 થી 14 વર્ષના બાળકોને ફરજીયાત છે, સાથે સાથે ભારત સરકારે 14 વર્ષથી નીચેના બાળકોને જે બાળમજૂરી કરે છે તેના પર પ્રતિબંધ મૂક્યો છે. સરકાર પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં વધારો કરવા કેટલાક પ્રોગ્રામ કરે છે. જેવા કે The District Education Revitalization Programme[15] (DERP) જેને આર્થિક મદદ 85% Central Government કરે છે અને બાકીના 15% State Government તરફથી આર્થિક મદદ મળે છે. વળી 35 લાખ વિદ્યાર્થીઓને યુનિસેફ (UNICEF) અને અન્ય International Programme દ્વારા પણ આર્થિક મદદ પૂરી પાડવામાં આવે છે. વળી ઈ.સ. 2016માં કેરલામાં 100% પ્રાથમિક

શિક્ષણની ટકાવારી નોંધવામાં આવી છે. સર્વ શિક્ષા અભિયાન રાષ્ટ્રીય સ્તરે પણ પ્રોગ્રામ કરે છે. જેમ કે, 'National Programme for Education of Girls at Elementary Level[16] (NPEGEL) આ એવી વિદ્યાર્થિનીઓ માટે છે જેમના રહેવાના સ્થળ પાસે આવેલ શૈક્ષણિક સંસ્થાની સગવડો વ્યવસ્થિત નથી. જે – તે સ્થળો પર શિક્ષણ આપવામાં આવે છે. ટેક્સ્ટ બુકનું મફત વિતરણ થાય છે.

Secondary Education (માધ્યમિક શિક્ષણ)નું સંચાલન Central Board અને HRD Minister સાથે Affiliation થયેલું હોય છે. Secondary School System વિદ્યાર્થીઓના Vocational Education પર ભાર આપે છે. જેવા કે 'Rashtriya Madhyamik Shiksha Abhiyan' એ SSA (સર્વ શિક્ષા અભિયાન)નું નવું સ્વરૂપ છે. જેમાં વિદ્યાર્થીઓમાં રહેલી આવડત અનુસાર તેઓને Vocational Training આપવામાં આવે છે. હાલમાં NPE[17] (National Policy on Education), Environment Awareness, Science અને Technology Education તેમજ એક નવો Element (મૂળતત્વ) ઉમેરે છે. 'યોગા' જે ભારતીય માધ્યમિક શિક્ષણની વ્યવસ્થામાં ઉમેરવામાં આવ્યો છે.

Higher Education (ઉચ્ચ શિક્ષણ)ની વાત કરીએ તો ઈ.સ. 2012માં ભારતમાં 152 Central University, 316 State University, 191 Privet University છે.

Technical Education – AICTE – All India Council for Technical Education[18] – દ્વારા આપવામાં આવે છે. UGC (University Grants Commission) દ્વારા રિસર્ચને પ્રોત્સાહન આપવામાં આવે છે. UGC ભારતની સરકાર માન્ય યુનિવર્સિટીઓ અને કૉલેજોને શૈક્ષણિક કાર્યો માટે આર્થિક મદદ પૂરી પાડે છે. હાલમાં RUSA કાર્યરત થયું છે. જેનો હેતુ પણ ભારતની સરકાર માન્ય

યુનિવર્સિટીઓ અને કૉલેજોને આર્થિક મદદ પૂરી પાડવાનો છે. જેમ કે, The Nuclear Science Centre જે જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટી, New Delhiમાં છે.

આમ, ભારતમાં Vocational અને Women Educationને પણ નવું સ્વરૂપ મળ્યું છે. હાલમાં જ ભારત સરકારે અભિયાન શરૂ કર્યું છે જેનું નામ છે ‘Saakshar Bharat Mission for Female Literacy’ આ Missionનો મુખ્ય હેતુ Female Literacyનો આંક હાલમાં છે તેનાથી વધારે કરવાનો છે.

ભારતમાં શિક્ષણના દરેક સ્તર જેવાં કે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણક્ષેત્રે દેખીતી રીતે પ્રોજેક્ટ ચાલે છે. તેનું અમલીકરણ પણ થાય છે. હવે શિક્ષણની ગુણવત્તા પર રહી અસર વર્તાય છે તે જોવાનું રહ્યું અથવા કેટલાક પરિણામો સાથે શિક્ષણ વ્યવસ્થાના સારા-નરસાં પાસા આપણી સમક્ષ છે, જ્યારે વૈશ્વિક સ્તરે શિક્ષણનું તદ્દન અલગ સ્વરૂપ છે જેનો અભ્યાસ આપણે હવે કરીએ.

વૈશ્વિક સ્તરના શિક્ષણના સ્વરૂપને સમજવા સૌ પ્રથમ આપણે એવી સંસ્થાની અહીં નોંધ લઈશું. જે પોતાના દેશમાં તો શિક્ષણના સ્તરને ઊચું લાવવા મથામણ કરે છે, સાથે સાથે તેનું જોડાણ ઈન્ટરનેશનલ સ્તરે પણ છે. ‘જયપુર રગ્સ ફાઉન્ડેશન’ ઈ.સ. 2010થી શિક્ષણ ક્ષેત્રે પોતાનું આગવું યોગદાન આપે છે. હાલમાં આ ફાઉન્ડેશનના શિક્ષણક્ષેત્રે જે કેટલાક પ્રોગ્રામ ચાલે છે તે જોઈએ:

(1) Alternative Education Programme – ગામડામાં આવેલી મહીલાઓને શિક્ષિત કરવા કાર્યરત છે. જેનાથી તે સ્વાવલંબી બની શકે છે. હાલમાં રાજસ્થાનની 150 મહિલાઓ APE ના માધ્યમથી શિક્ષિત થઈને પોતાના પર આધારિત બની.

(2) Young Women Social Entrepreneurship Development Programme – આ કાર્યક્રમ અંતર્ગત 18થી 35 વર્ષની મહિલાઓને તેમની આવડત અનુસાર, કૌશલ્ય અનુસાર Training આપીને ભવિષ્ય ઉજ્જવળ બનાવવામાં આવે છે.

(3) Katwan Sakhi Training - આ કાર્યક્રમ અંતર્ગત સ્થાનિક મહિલાઓને એ કામ શીખવવામાં આવે છે. જેમા તેઓ કુશળ હોય અને સરળતાથી રોજગારી પણ મેળવી શકે.

(4) Hand Tufted Wearing Training Programme – હાલમાં બે જગ્યા પર આ પ્રોગ્રામ થયો. ઈ.સ. 2014માં ઝારખંડમાં મધુપુર જિલ્લામાં અને ઉત્તરપ્રદેશના મિર્ઝાપુર જિલ્લામાં, જ્યાં બે મહિના સુધી Training આપી સિલાઈ કામમાં મહિલાઓને નિપુણ બનાવવામાં આવી. 300 જેટલી મહિલાઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો અને તેમના મોઢા પર એક હાસ્ય લાવવામાં Foundation કારણરૂપ પણ બન્યું.

આમ, JRF (જયપુર રગ્સ ફાઉન્ડેશન)નું પ્રયોજન(Vision) સોસાયટીમાં આર્થિક-સામાજિક વિકાસ દ્વારા શાંતિ, એકતા અને ન્યાય આપવાનો છે.

વિશ્વ સ્તર પર અન્ય એક સંસ્થા શિક્ષણ ક્ષેત્રે કાર્યરત છે, જેનું નામ ‘Development Perspectives Latest News’ છે. આ સંસ્થાના Directorનું નામ ‘Bobby McRomac છે. અહીં Sports અને Global Education સંબંધિત કાર્ય થાય છે. SAGE (Sport and Global Education) એક અઠવાડિયાનો Training Course છે જે નવયુવાન, Activist, Coach અને Trainer ના માધ્યમથી શારીરિક કસરત, સામાજિક કાર્યોનો સમાવેશ, સમાનતા અને માનવીય અધિકાર બાબતને સ્પર્શે છે. આ રીતે Global Issue ને દરેક સુધી પહોંચાડે છે, ફેલાવે છે અને જ્ઞાનનો વિસ્તાર કરે છે.

www.developmentperspectives.ie/get-involved/[19] ડેવલોપમેન્ટ પર્સ્પેક્ટીવની 6 અન્ય શાખાઓ છે જે loath, Meth and Monaghan (લૉથ, મૅથ અને મોન્ગન)માં જેને આર્થિક મદદ World Wise Global School પાસેથી મળે છે. આ શાળાઓમાંથી શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ અન્ય વિદ્યાર્થીઓ સાથે મળી જે કાર્ય કરે છે તેને દર્શાવવાનું છે. અહીં એક એવી શાળા પણ કાર્યરત છે, જેનું નામ છે St. Louis School's Development Education Network Day. આ શાળામાં ભણવા All Over Country ના 20 વિદ્યાર્થીઓ આવે છે. શિક્ષકો સાથે અને જુદી જુદી Activitiesમાં ભાગ લઈ દિવસને અર્થપૂર્ણ બનાવે છે.

વિશ્વ સ્તર પર કાર્યરત એક અન્ય સંસ્થા છે જેનું નામ છે 'Buck Institute of Education'[20] (બક ઈન્સ્ટીટ્યુટ ઑફ એજ્યુકેશન) જેનું મુખ્ય કાર્ય શિક્ષકોને મદદ કરી એવા વિદ્યાર્થી તૈયાર કરવા જે સફળતાથી જીવી શકે. શિક્ષકોને તાલીમ આપવામાં આવે છે. Project Based Learning પર ભાર આપવામાં આવે છે. પ્રોજેક્ટને કેવી રીતે તૈયાર કરવા, Practice માં કેવી રીતે Implement કરવું અને કેવી રીતે Manage કરવા વગેરે તેમજ આ શિક્ષણ પદ્ધતિથી વિદ્યાર્થીઓને Motivation (પ્રેરણા) આપવાનું પણ શીખવવામાં આવે છે. BIE (Buck Institute of Education)ની ક્ષમતા છે કે Educator ને મદદ કરી સારું Education, ચઢિયાતું શિક્ષણ બધા જ વિદ્યાર્થીઓને આપે. (Our highest priority is to help teachers prepare students for successful lives.)

એક અનોખી શૈક્ષણિક પદ્ધતિને અનુસરીને 'બક ઈન્સ્ટીટ્યુટ ઑફ એજ્યુકેશન' શિક્ષણના સ્તરને ઊંચુ લાવવા પ્રયત્ન કરે છે તે શૈક્ષણિક પદ્ધતિનું નામ છે (PBL – Project Based Learning) પ્રોજેક્ટ બેઝ્ડ લર્નિંગ. આજના યુગમાં આવડતને વિકસાવી શકે. જેમ કે, : (Student build Success skills Valuable for today's world.)

(1) વિદ્યાર્થીને લગતા કેટલાક મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જેમ કે, Critical Thinking, Problem and Solving, Collaboration અને Self Management.

(2) Challenging Problem અથવા પ્રશ્નોને લઈ પ્રોજેક્ટને ફ્રેમ કરવામાં આવે છે.

(3) Sustain Enquiry - માહિતીનું એકત્રિકરણ કરવામાં આવે છે અને તેને લગતી પૂછતાછ કરી ચર્ચા થાય છે.

(4) પ્રમાણ – વિદ્યાર્થીઓને એવો Content આપવામાં આવે છે, એવા tool - સાધનસામગ્રી અભ્યાસક્રમની આપવામાં આવે છે, એવો Task આપવામાં આવે છે જેનાથી વિદ્યાર્થીઓ પોતાને લગતા રસરૂચિ અનુસાર issue - બનાવને લઈ ચર્ચા કરે છે.

(5) વિદ્યાર્થીઓનો અવાજ અને રુચિ–પસંદગી – આ મુદ્દામાં વિદ્યાર્થીઓ Projectના અંતે લેવાતા નિર્ણયની વાત કરે છે અને પોતે અંતે શું Create (સર્જન) કર્યું તેની માંડણી કરે છે.

આમ, Projectના અંતે પુનરાવર્તન, પ્રતિભાવ અને જાહેર જનતાના પણ વિચાર ધ્યાનમાં લેવાય છે. આમ, Learning અહીં Learning મટીને સમસ્યાઓનું સમાધાનનું કેન્દ્ર બની જાય છે.

આમ, રાજ્ય, દેશ અને વિશ્વ સ્તરે શિક્ષણ આગળ ધપી રહ્યું છે. શિક્ષિત પ્રજાનો આંક પણ વધી રહ્યો છે. છતાં શૈક્ષણિક જાગૃતિની ચર્ચા કરીએ તો હજુ સીમિત છે. શિક્ષણને સાચા અર્થમાં લોકો સુધી પહોંચાડવાનું બાકી છે. શિક્ષણ એટલે મોટી અને અંગ્રેજી શાળાઓમાં બાળકોને ભણાવી ડિગ્રી લઈને નોકરી મેળવી લેવાનો અર્થ નથી. પરંતુ શિક્ષણ એટલે મનુષ્ય સૌપ્રથમ પોતાને સમજે

ત્યાર બાદ આસપાસના વાતાવરણ, ચીજ-વસ્તુ, ઘટના, મનુષ્યોની સમજ લે અને જે – તે વ્યવહાર કરે તેનું નામ શિક્ષણ છે. આ પ્રકારની શૈક્ષણિક જાગૃતિ દરેક (રાજ્ય, દેશ, વિશ્વ) સ્તરે ફેલાય તો શિક્ષણનું કાર્ય થયું ગણાય.

હાલમાં રાજ્ય, દેશ અને વિશ્વ સ્તરે નવી નવી શૈક્ષણિક સંસ્થા ખૂલી રહી છે. પરંતુ શિક્ષણનો ફેલાવો આ સંસ્થાઓનું પ્રમાણ વધશે તેનાથી નથી થતો. આ સંસ્થાઓની શૈક્ષણિક ગુણવત્તા પર શિક્ષણનું સ્તર નક્કી થાય છે. આજે પણ અમુક દેશમાં શૈક્ષણિક ગુણવત્તાનો આંક વધ્યો અને અમુક રાજ્યમાં શૈક્ષણિક ગુણવત્તાનો આંક ઘટ્યો એવું માત્ર આંકડાઓના આધારે નક્કી કરવામાં આવે છે, પરંતુ સાચા અર્થમાં શિક્ષણનું કાર્યક્ષેત્ર આંકડાઓ સુધી સીમિત નથી, પણ બહોળું છે. આજે પણ આપણા પ્રશ્નો યથાવત જ રહ્યાં છે. જે વર્ષો પહેલા હતા. આમ શિક્ષણની ગુણવત્તા ચકાસવી જરૂરી છે અને તે શૈક્ષણિક સત્તાધીશો પર નિર્ભર કરે છે, જેઓ સંસ્થાઓને પરવાનગી આપે છે. શૈક્ષણિક આર્થિક કટોકટી, સામાજિક માનસિકતા, બેરોજગારી વગેરે જેવા પ્રશ્નો કે સમસ્યાઓ જે વર્ષો પહેલા હતી એ આજે પણ તેના તે જ સ્વરૂપમાં જોવા મળે છે. વળી, તેમાં વધારો થયો છે. તો શિક્ષણ વ્યવસ્થાએ અર્થ વ્યવસ્થાની મદદ લઈને આ પ્રશ્નોનું સમાધાન કરવું અનિવાર્ય છે, જેથી એક સ્વસ્થ સમાજનું ઘડતર થશે અને શિક્ષણને આપણે સૌએ સાચા અર્થમાં ગ્રહણ કર્યું ગણાશે, આગળનું પગથિયું છે સર્જનાત્મકતા. શૈક્ષણિક જાગૃતિ આ દૃષ્ટિકોણથી ફેલાય તો સર્જનાત્મકતાનો પણ અવકાશ છે. જેથી માનવસમાજનો સર્વાંગી વિકાસ પણ શક્ય બને એમ કહી શકાય.

## પાદટીપ:


1) Teacher Education, Sheela Mangala, Radha Publication, First Ed. 2010
2) https://en.wikipedia.org/wiki/Sayajirao_Gaekwad_III
3) Teacher Education, Sheela Mangala, Radha Publication, First Ed., P. 101
4) એજન. પૃ. 107
5) એજન. પૃ. 125
6) એજન. પૃ. 128
7) એજન. પૃ. 135
8) એજન. પૃ. 147
9) એજન. પૃ. 168
10) એજન. પૃ. 175
11) http://ncert.nic.in/
12) https://en.wikipedia.org/wiki/Education_in_Gujarat
13) http://www.ssagujarat.org/
14) https://en.wikipedia.org/wiki/Constitutional_law
15) https://en.wikipedia.org/wiki/Education_in_India
16) http://www.teachersbadi.in/2013/11/npegel-programme-npegel-scheme-national.html
17) https://en.wikipedia.org/wiki/National_Policy_on_Education
18) https://en.wikipedia.org/wiki/All_India_Council_for_Technical_Education
19) http://www.developmentperspectives.ie/get-involved/
20) https://www.bie.org/
21) http://www.unesco.org/new/en/education/themes/leading-the-international-agenda/education-for-all/


•

# પ્રકરણ – 3

## • 3.1 શૈક્ષણિક પરિવેશને નિરૂપતિ ગુજરાતી નવલકથાઓનો સમીક્ષાત્મક અભ્યાસ

### ♦ **‘સ્વપ્નદ્રષ્ટા’**

કનૈયાલાલ મુનશીની ‘સ્વપ્નદ્રષ્ટા’(1924)માં આઝાદી પહેલાના સમયના યુવનોના સ્વપ્નનું ચિત્રણ છે. વર્ષો પહેલા રાજકીય આદર્શોનો જનજીવન પર પ્રભાવ પડ્યો હતો, તેના પરિણામ સ્વરૂપ અનેક ઊર્મિ, આશાઓ અને ભવ્ય સ્વપ્નનું સર્જન થયું, જેની ક્થા આ નવલકથામાં નિરૂપાઈ છે. યુવાવર્ગ હોવાથી શૈક્ષણિક પરિવેશના કેટલાક મુદ્દા મળી આવે છે. બાકી નવલકથાનો મોટો ભાગ સમકાલીન રાજકીય સ્થિતિ દર્શાવવાનો રહ્યો છે. જેમાં શૈક્ષણિક સંકુલમાં ચાલતી પ્રવૃત્તિ, અધ્યાપકોનું વ્યક્તિત્વ, અધ્યાપકની વિચારસરણી, રાજકીય આંદોલન (કેમ્પસ પોલીટીક્સ), યુવાનોનો દેશપ્રેમ વગેરે મુદ્દા શૈક્ષણિક પરિવેશનું ચિત્ર રજૂ કરે છે.

વડોદરા કૉલેજમાં ભણતો સુદર્શન દેશપ્રેમી છે. કથાના પ્રારંભમાં જ શૈક્ષણિક સંકુલ અને તેની પ્રવૃત્તિઓ દર્શાવવામાં આવી છે. પિતા પ્રમોદરાય પોતાના પુત્રને પરણાવી વિદેશ મોકલવા માંગે છે. જ્યારે આ (સુદર્શન) યુવાનના સ્વપ્ન કંઈક અલગ છે. દેશ માટે તે કંઈક કરી છૂટવા માંગે છે, તેને સ્વપ્નમાં પણ ભારતમાતા સાક્ષાત દેખાય છે. કૉલેજમાં તે કેરશ્પા, પાઠક, મગન પંડ્યા વગેરે સાથે મળીને સાથે મળીને મંડળી રચે છે. દેશને આઝાદ કરાવવા યોજનાઓ ઘડે છે. તત્કાલીન કૉલેજ કેમ્પસનો પરિચય લેખક આ રીતે કરાવે છે :

"તે વખતે વડોદરા કૉલેજમાં છોકરાઓ ભણવાને બદલે ક્યાં તો મોજ કરતા કે સ્વપ્નાં રચતા. અધ્યક્ષ – સદ્ગત ક્લાર્ક – ને કામ કરવાના શોખ કરતાં છોકરાઓમાં લોકપ્રિય થવાનું ગમતું, વયોવૃદ્ધ પ્રોફેસર તાપીદાસકાકા ઘણીવાર તંબૂરાના ગલેફ જેવા લેંઘા પર દક્ષિણી જોડા ચડાવી ગણિત શીખવવાનું કામ કરતા, આ છોકરાઓ સમજ્યા છે કે કેમ, તેના કરતાં સફેદાની કચ્ચર ક્લાસમાં રહી તે નથી ગઈને, તેની ફિકર કરતા."[1]

આમ, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો બન્ને પોતાની અલગ દુનિયામાં વ્યસ્ત છે. બન્ને વચ્ચેનું કંઈ જ જોડાણ દેખાતું નથી. અધ્યાપકને વિદ્યાર્થી કેમ્પસમાં કઈ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત છે ? કેમ વ્યસ્ત છે ? તેને કેવી રીતે સાચી દિશાની ઓળખ કરાવવી વગેરે સમસ્યાઓ, પ્રશ્નમાં રસ નથી. અહીં પોતાની ઈમ્પ્રેશન પાડવામાં સહુને રસ છે. અધ્યાપકો પોતાના પરિધાન/પરિવેશ પર ધ્યાન આપે છે. તો વિદ્યાર્થીઓ પણ પોતાની ઉંમરને ધ્યાનમાં રાખી આ સમયે આવી જ મસ્તી થાય, મજાક થાય એમ વિચારી કૉલેજનો કાર્યકાળ સમાપ્ત કરે છે. પરંતુ સુદર્શન જેવા કેટલાક વિદ્યાર્થીઓ યુવાવયે કંઈક કરી છૂટવાનો વિચાર પણ કરે છે અને તેને અમલમાં મૂકવા પૂરતા પ્રયત્ન પણ આદરે છે. તે પાત્રને ઉજાગર કરતા તેના મિત્રોનો પરિચય પહેલા જોઈએ. જે સુદર્શન કરતા તદ્દન જુદા વિચારો ધરાવે છે. આથી સુદર્શન પાત્ર ખીલે છે. પાઠકનો પરિચય લેખક કંઈક આ રીતે કરાવે છે, જુઓ :

"તે ગણતરીબાજ હતો, અને પોતાના મિત્રોમાં પોતાની મહત્તા સ્વીકારવા માટે જ તેમની રાજકીય ને સામાજિક ઉદ્ધારની યોજનામાં સામેલ થતો. તે વાદવિવાદમાં એક્કો હતો અને વારાફરતી દરેકને મહાત કરવા પૂરતો રસ વાતચીતમાં લેતો. સરકાર, કોંગ્રેસ, ધર્મ, સમાજ, નીતિ એ બધાં ખરાબ છે તેમજ ખોટા છે એ તેણે બીજા મિત્રો પાસે સ્વીકારાવ્યું હતું."[2]

આમ, વિદ્યાર્થીઓના ટોળામાં અલગ-અલગ પ્રકૃતિના ધરાવતા વિદ્યાર્થીઓ હોય છે. ભીમનાથને તળાવે છોકરાઓ ભેગા થતા અને કૉલેજમાં બંધનું કાંડ કે તરવાનું શીખવા જાય છે. યુવાઓને અરવિંદ બાબુના ભાષણમાં રસ હતો. તેમનાથી પ્રેરણા મેળવીને જ દેશભક્તિમાં રચ્યાપચ્યા રહેતા. ધીરુ શાસ્ત્રી રમતમાં નિપૂણ પણ ધાર્મિક આડંબર તરફ તિરસ્કાર હતો. સનત્કુમારને પોતાના લોખંડી શરીર પર ગર્વ હોય છે. ગિરિજાશંકર નારણ, મોહન વગેરેના મનમાં અથાગ દેશપ્રેમ હતો અને રાષ્ટ્રને સ્વતંત્ર કરવું એ જ એમનું પ્રથમ કર્તવ્ય હતું. દરેક યુવા પોતાની યોજના જણાવે છે. કોઈ ગાયકવાડ રીતને અપનાવવાનું કહે છે, કોઈ લશ્કરમાં જોડાવાનું તો કોઈ પરદેશમાં જઈ સમજ કેળવવાનું વિચારે છે. આમ, શૈક્ષણિક સંકુલમાં ગોષ્ઠિની આ પ્રવૃત્તિ યુવાનોની વિચારસરણી દર્શાવે છે. પોતાની વય અને અનુભવના આધારે કેટલાક મિત્રોના વિચાર જુઓ :

“હું તો એમ માનું છું કે જ્યાં સુધી વિલાયત કે અમેરિકા જઈ પાશ્ચાત્યનું રહસ્ય હાથ નહિ કરીએ ત્યાં સુધી કંઈ વળવાનું નથી. મને તો કોઈ પૈસા આપે તો પહેલા ત્યાં જઈ શીખી આવું. જાપાન એમ જ તરી ગયું ને ?”[3]

એ રીતે દેસાઈ અન્ય મિત્રોને આમ કહે છે :

”હું ને એક મિત્ર બૉંબ બનાવવાની રીતે શોધીએ છીએ. વિનાશનાં સાધનો વિના કંઈ વળવાનું નથી. શુક્લના લશ્કરની ને નારણભાઈના છૂપા મંડળનો સઘળો આધાર તેના પર છે. એક સોપારી વડે મોટા મહેલો ઊડી જાય. પછી શું ?”[4]

આમ, કૉલેજના વિદ્યાર્થીઓમાં સ્વતંત્રતાનો જુવાળ ફેલાય છે. છૂપા મંડળ બનાવવા, કોઈ બોમ્બ ફોડવા, કોઈ લશ્કરમાં જોડાવા, કોઈ પૈસા કમાવવા, કોઈ વિદેશ જવાની તૈયારી બતાવે છે. જ્યારે સુદર્શન પોતાના લોકોમાં રહેલી માનવતા

પર પ્રશ્ન ઉઠાવે છે. તેના મતે અંગ્રેજોને કાઢવા સૌપ્રથમ આપણી અંદર પરિવર્તન આવવું જરૂરી છે. જુઓ :

"આપણી માનવતા કોહવાઈ ગઈ છે."[5]

સુદર્શનના આ વાક્યો તેના મિત્રો પર ઊંડી અસર કરે છે. વિદ્યાર્થીઓના કુમળા મન પર પણ આસપાસની ઘટનાઓ અસર કરે છે તે અહીં જોવા મળે છે. પોતાના વિચારો તેઓ સમાન વયગ્રુપ ધરાવતા સાથે જ વહેંચવાનું પસંદ કરે છે કારણ અન્ય અધ્યાપક કે કૉલેજના સભ્યથી ભેદરેખાનો અનુભવ કરે છે. જેને કારણે કેટલાક ભયસ્થાનથી તેઓ વંચિત રહી જાય છે. નવલકથામાં પણ કંઈક આવું જ બને છે. મુંબઈ પરીક્ષામાં સૌ બીજી એક યોજના ઘડી કાઢે છે અને એ યોજનાનો પ્રારંભ થાય છે, જેનો તેમના ગ્રુપમાં એવી ઘટના બનવાનો કોઈને વિચાર સુદ્ધાં પણ આવ્યો નથી.

સુદર્શનનો દેશપ્રેમ આજના યુવાનોને પણ કંઈક નવીનતા અર્પે છે. જીવન અને શિક્ષણને એક સાથે જોડી આપે છે. બી.એ. પછી વકીલાત માટે આગળ ભણે છે. જેમાં તે અનુભવે છે કે ઘણી બધી સમસ્યાઓનું નિવારણ શિક્ષણથી શક્ય બને છે અને મોટાભાગનો સમય તે ભણતર અને ચર્ચામાં ગાળવા લાગે છે, જુઓ :

"સુદર્શન કૉલેજમાં જવા લાગ્યો, અને આખો વખત પીટીટ લાઈબ્રેરીમાં તેણે ગાળવા માંડ્યો. એને લાગ્યું કે ઇતિહાસોને જીવન-ચરિત્રોમાં રહેલું રહસ્ય ઉકેલ્યા વિના 'મા' ના 'પ્રાણ' પાછા લાવવાનો કોયડો ઉકેલાવાનો નથી."[6]

"જ્ઞાનના સંચય સાથે તેણે વિચાર પણ ઘણો કરવા માંડ્યો અને વખત મળ્યે અંબેલાલ, શિવલાલ કે મિસ વકીલ જોડે વાતચીત કરતો. તે બધાંનો વિષય એક જ હતો – માતૃભૂમિ. તે બધાંનું લક્ષ્ય એક જ હતું – માતાનો ઉદ્ધાર."[7]

શિક્ષણ દ્વારા સમસ્યાઓનો ઉકેલ મળે એમ નવલકથાનો નાયક સુદર્શન વિચારે છે અને પોતાને પ્રવૃત્ત કરે છે. શિક્ષણ લેવામાં શિક્ષણથી મનુષ્ય જીવનના બાહ્ય અને આંતરિક કોયડા ઉકેલાય છે. મનુષ્યને વિચાર કરવાની એક નવી દિશા મળે છે. કોઈ પણ પરિસ્થિતિનો કે ઘટના, બનાવને કોઈ પણ પ્રકારના અંતરાય વગર જોતા શીખે છે. સુદર્શન કથાનું પાત્ર પણ એવા વ્યક્તિઓ વચ્ચે રહેવા લાગ્યો જે જ્ઞાનના સ્ત્રોતથી કે જીવન મૂલ્યોથી સમૃદ્ધ છે. પરંતુ સુદર્શનના જીવનની કસોટી એટલી સરળ નથી. દેશપ્રેમને લઈ જે મિત્રો સાથ આપતા હતા, મંડળ રચતા, પ્રવૃત્તિ – યોજના ઘડતા તે ધીરે ધીરે ભાંગી પડે છે. સુદર્શન ધનીને પોતાના એકલપણાની વાત કરે છે :

“કેરશાસ્પ દેવાદાર થઈ ગયો. શિવલાલ શ્રીનાથજી ગયો. પાઠકે નોકરી લીધી. અંબેલાલ મિસ ‘વકીલ’ને પરણવાનું નક્કી કરી કાલથી નોકરી ઢૂંઢવા માંડશે. તેણે આક્રંદ કરતા કહ્યું.”[8]

આમ સુદર્શન એકલો પડી જાય છે. પોતાના સ્વપ્નને તે મૂર્ખા ઠેરવે છે, પરંતુ ઝઝૂમે છે, સંઘર્ષ કરે છે. મિત્ર ગિરિજાશંકર શુક્લને દેશપ્રેમ માટે ગાંડો થતો બતાવ્યો છે. જ્યારે સુદર્શન સ્થિર છે. અહીં ક્યાંક અન્ય મિત્રનું પાત્ર વધારે ઉઠાવ આપતું જણાય છે. જયંત ગાડીત ‘સ્વપ્નદ્રષ્ટા’ની શિથિલતા પર આત્મકથનાત્મક અંશનો પ્રભાવ લેખમાં બુદ્ધિપ્રકાશ માર્ચ-77માં આ સંદર્ભે કહે છે, જુઓ :

“આ પ્રકારના નિરુપણથી એક બીજો સૂક્ષ્મ હાથ પણ આવી ગયો છે અત્યાર સુધી કેન્દ્રસ્થાને અને અનન્ય રહેલો સુદર્શન ગિરજા શુક્લ કરતાં ઓછો દેશભક્તિની દાઝવાળો લાગે.”[9]

આમ કેમ્પસમાં પણ કેટલીક રાજકીય પ્રવૃત્તિ થતી હોય છે. પરંતુ તેને સાચી દિશા ન મળવાથી ક્યારેક તે પરવારી પણ જાય છે. તણખાની જેમ થોડાંક સમય પૂરતી તેનામાં આગ રહેલી હોય છે. સ્વપ્નદ્રષ્ટાના સુદર્શન અને અન્ય

યુવાઓ સમાજ કે દેશ માટે આજે પણ ઘણુ બધુ કરવા મથે છે. પરંતુ યોગ્ય માર્ગદર્શન ન મળવાથી કાર્યના પરિણામથી વંચિત રહી જાય છે. વળી પાછુ જીવન અને શિક્ષણથી તેઓ કેટલોક સમય દૂર પણ થઈ જાય છે. ક્યારેક ગંભીર પરિણામનો પણ સામનો કરવો પડે છે. જે ગિરિજાશંકર શુક્લ કરે છે. સુદર્શન જીવે છે પણ હતાશ થઈ ગયો છે. જીવન કે શિક્ષણમાં તેને રુચિ નથી રહેતી. માત્ર જીવવા ખાતર જ જીવે છે તેમ કહી શકાય. નવલકથામાં ઓછી ઘટનાઓ કેમ્પસમાં બને છે. મોટેભાગે અન્ય સ્થળ પર થતી દર્શાવવામાં આવી છે. પરંતુ કેટલીક કેમ્પસમાં તો કેટલીક કેમ્પસના વિદ્યાર્થીઓ દ્વારા દેશને આઝાદ કરવાની પ્રવૃત્તિઓ દર્શાવવામાં આવી છે.

આમ અધ્યાપકોનું વ્યક્તિત્વ, યુવાઓનો દેશપ્રેમ, રાજકીય પ્રવૃત્તિ વગેરે શૈક્ષણિક મુદ્દા ધ્યાન ખેંચે છે. પરંતુ નવલકથાનું શીર્ષક છે. એ જ રીતે કેમ્પસમાં કેટલાય વિદ્યાર્થીઓના સ્વપ્ન માત્ર સ્વપ્ન જ બની રહે છે જેની માટે આપણે એમ ન વિચારી શકીએ કે તેમનામાં ક્ષમતા નથી કે સ્વપ્ન પૂરા કરવાની યોગ્યતા નથી. પરંતુ એ સિવાયના અન્ય કેટલાય કારણ કહી શકાય જે શિક્ષણ સાથે જોડાયેલા દરેક વ્યક્તિઓ માટે અનુભવનો વિષય બની રહે છે. જેને સુરેશ જોષીના 'વિદ્યા વિનાશને માર્ગે' પુસ્તકમાં આ સંદર્ભ આ રીતે અભિવ્યક્ત કરવામાં આવ્યો છે, જુઓ :

"વિદ્યાર્થીઓ આપમેળે તો બીજી સંસ્કૃતિનું નિર્માણ કરી શકવાના નથી કે વિદ્રોહ પણ કરી શકવાના નથી. એ લોકો આવી પડેલી કટોકટી તરફ આંગળી ચીંધી શકે, ભ્રાન્તિને ઢાંકનારા પડદાને ચીરી શકે, શ્રમવિભાજનની ગેરવ્યવસ્થા અને કહેવાતી 'શ્રેષ્ઠની પસંદગી' પાછળના દંભને ખુલ્લો પાડી શકે. આ જ વસ્તુ એ લોકો કંઈક અણઘડપણે અને અણઆવડતથી કરી રહ્યા છે અને એ તરફ આંગળી ચીંધીને સત્તાવાળાઓ એમની ટીકા કરી રહ્યા છે."[10]

આજે પણ વિદ્યાર્થીઓની કેટલીક પ્રવૃત્તિઓથી આપણે પરિચિત છીએ. એ સ્વપ્ન કોઈ પ્રવૃત્તિને લઈને હોય છે. જેવી કે પ્રવેશ માટે લડત, ઈલેક્શનમાં યોજનાબદ્ધ લડત, પરિણામ જલ્દી આપવા લડત, ફીને લઈને થતી હડતાળ, વિદ્યાર્થી – અધ્યાપક વચ્ચે થતા અણબનાવ વગેરે પ્રશ્નોને લઈ વિદ્યાર્થીઓ અવાજ ઉઠાવે છે. જેમાંથી કેટલાક પ્રશ્નો વજનદાર હોય છે. શિક્ષણમાં અવરોધરૂપ પણ હોય છે પરંતુ તે પ્રશ્નોનું યોજનાબદ્ધ મૂકાવવું પણ એટલું જ જરૂરી છે. જેમ ઉપરના સંદર્ભમાં સુરેશ જોષી કહે છે તેમ વિદ્યાર્થીઓને વૈચારિક ભૂમિકા વગરની પ્રવૃત્તિઓ ગેરમાર્ગે દોરે છે અને નવલકથાના પાત્ર સુદર્શનની જેમ તેમના સ્વપ્ન પણ નિરાશામાં પરિણમે છે. આથી વિદ્યાર્થી પ્રશ્નો ઉઠાવે, સમસ્યાને દર્શાવે, સ્વપ્ન જુએ તેવું એક વાતાવરણ તૈયાર કરવું અને યોગ્ય પ્રશ્ન, સમસ્યા, સ્વપ્નને યોગ્ય સમાધાન કરાવવું એ જ ફરજ શિક્ષણથી જોડાયેલા સર્વ સત્તાધીશોની છે એમ કહેવું જ રહ્યું. આમ તો સમાજનો દરેક સભ્ય પોતપોતાની રીતે ફરજ નિભાવી શકે છે. પછી તે સભ્ય વાલી હોય, વિદ્યાર્થી હોય, સામાજિક કાર્યકર હોય કે અધ્યાપક કે જાગૃત નાગરિક, અહીં માણસાઈ દાખવીને પણ નિર્ણય લેવામાં આવે તો સમસ્યાઓને નિવારી શકાય છે. જેમાં નવસર્જનની શક્યતાઓ પણ રહેલી છે.

કનૈયાલાલ મુનશીની આ નવલકથા વાંચતા અનુભવાય છે કે જાણે તેઓ તેમના અનુભવો વાગોળતા હોય. સુદર્શન અને તેના મિત્રોની પોતાના રાષ્ટ્રને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરવાના વ્યર્થ સ્વપ્નોની આ કરુણ કથા છે. વળી અન્ય મિત્રોની તુલનામાં સુદર્શનનું પાત્ર વધુ રાષ્ટ્રપ્રેમી અને બુદ્ધિશાળી તરીકે તરી આવે છે. સર્જકે સુદર્શનના સંસ્કાર ઘડતરનું નિરૂપણ કરવા માટે નવલકથાનો વધુ ભાગ ખપમાં લીધો છે. શૈક્ષણિક સંસ્થામાં યુવાનોની કંઈક કરી છૂટવાની ભાવના નવલકથામાં દર્શાવવામાં આવી છે.

## ♦ 'સૂકી ધરતી સૂકા હોઠ'

દિલીપ રાણપુરાની નવલકથા 'સૂકી ધરતી સૂકા હોઠ'(1967)માં શિક્ષણ વ્યવસ્થામાં ચાલતી ગેરરીતિઓને દર્શાવવાનો પ્રયત્ન છે. મૂલ્ય વગરની થીજી ગયેલી શિક્ષણ વ્યવસ્થાને કારણે ઉદ્દભવતી મનુષ્યની મનોવેદનાનું સૂક્ષ્મ નિરૂપણ નવલકથાને આસ્વાદ્ય બનાવે છે.

સ્વતંત્રતાના વીસ વર્ષો પછીના આજના છેવાડાની ગામડાની ભૂમિ પર, આવતા યુગના પ્રકાશનો જૂના આધાર સામેનો સંઘર્ષ, એમાં જૂના આધાર સામે પ્રકાશનો પરાજય નવલકથામાં પ્રાથમિક શાળાના યુવાન શિક્ષક જયંતી ઠાકર દ્વારા કરાયો છે. જયંતી ઠાકર સણોસરાની તાલીમ લઈ, વિધવા મા અને પરિણીત બહેનનાં હેતને હૈયે સાચવી શિક્ષક થવા શેખડોદ આવે છે. ત્યાંથી કથાનો પ્રારંભ થાય છે. આ ગામમાં અગાઉના શિક્ષકે બદલી માટે અરજી કરેલી હતી અને જયંતી ઠાકરના આગમનથી તેની ઇચ્છા પુરી થાય છે. કારણ કે આ ગામમાં ભણાવવાનું શિક્ષકોને પસંદ નથી ! કેટલાંક શિક્ષકોને ભણાવવામાં રસરુચિ નથી હોતી, જ્યારે જયંતી ઠાકર ખંતીલો, બહાદુર યુવાન શિક્ષક છે, તેની સામે અગાઉના શિક્ષક મનસુખદાસની માનસિકતા જુઓ :

"છોકરા આવે છે જ ક્યાં ? કોઈને ભણવાની લેશા જ નથી. તમતમારે લહેર કરો. છોકરાં આવે ને ન ભણાવો તો ય વાંધો નહિ. કાઢી મૂકો તોય કોઈ પૂછવાવાળું નહીં. એકલું એકલું લાગે તો છોકરાને બોલાવી લેવા."[11]

જયંતી ઠાકરને મળતો આ પ્રતિભાવ ગામડામાં શિક્ષણની જે અવદશા છે તેને સ્પષ્ટ કરે છે. શૈક્ષણિક સાધનો માટે અદ્યતન પૈસો સરકાર વાપરે છે, જ્યારે અહીં જયંતી ઠાકરને ચાર્જમાં માત્ર એક ખુરશી, એક ટેબલ, પેટી, કાળું પાટિયું

માત્ર મળે છે. વળી રહેવા માટે પણ એક ઓરડી જ મળે છે. જયંતી ઠાકર જ્યારે મોહનદાસને સામાન વિશે પૂછે છે, ત્યારે તે કહે છે :

"હા. એકલાપંડને ઝાઝી જળોજથ્થો શું ? અહીં તો ક-મને બદલી થઈ હતી. કુટુંબ તો વતનમાં છે. ત્રણ છોકરાને એક પત્ની... શિક્ષણ સમિતિના કેટલાંય સભ્યોની ખુશામત કરી, સાહેબોને અને કારકુનોને રાજી કર્યા ત્યારે આઠ મહિને વારો આવ્યો... આમ તો લહેર હતી. અહીં, પણ કુટુંબ... તમે પરણ્યા છો ?"[12]

અહીંથી જયંતીની એકલતાની વાત લેખકે માંડી છે. તે અપરણીત છે. તેના અનુભવો માત્ર પોતાના પુરતા જ સીમિત હોય છે. કોઈની સાથે વહેંચણી તો દૂર વાત-ચીત પણ થતી નથી. ગામના લોકોને જયંતીના અસ્તિત્વની પડી નથી હોતી પોતાના ગામને શિક્ષકો વગોવાતા જાય છે. તે સંદર્ભે થતી વાતચીતનો જયંતી ઠાકર સાક્ષી બને છે. જે રીતે જયંતી ઠાકર પછીના શિક્ષકોને ભણાવવામાં કે શૈક્ષણિક પ્રવૃત્તિમાં લગીરે રસરુચિ નથી તેમ આ ગામના લોકોને પણ ભણાવવામાં લગીરે રસ નથી. ગામ લોકોની માનસિકતા જુઓ :

"ભણેલા બધાય એવા નઈ તો આ ભાદરના કાંઠાને કુંણ કાળુ પાણી કેં ? હેં આપા ભૈં... ?"[13]

એક જ શિક્ષક જ્યારે આખી શાળાનું કાર્ય સંભાળે તો તેની જવાબદારી બેવડી નહિ પણ ત્રેવડી કે તેનાથી પણ વધુ બની જાય છે. જયંતી પણ ગામના છોકરાઓને ભેગા કરી વાત-ચીત કરવા મથે છે. પરંતુ ગામના છોકરા કોઈ પણ પ્રશ્નનો જવાબ આપવામાં કે પ્રાર્થનામાં ઉત્સાહ દાખવતા નથી. પરંતુ આ શિક્ષક હાર નથી માનતો, માત્ર જયંતીને સાંભળવા આવતા છોકરાઓને પણ ફોસલાવે, સમજાવે અને ભણવા પ્રત્યે રસ દાખવવા કહેતા. એ શિક્ષકે જે ફરજ નિભાવવાની હોય, તે દરેક નિભાવે છે.

ગામની પ્રજા ભણવા પ્રત્યે જાગૃત નથી. ગામની અન્ય પ્રવૃત્તિ જેમ કે ગામના ઘરડા સાથેની વાત-ચીત, પાણી ભરવા આવતી સમું સાથેની ગામ સંબંધીત વાતો, વિદ્યાર્થીઓને ભેગા કરી વાર્તાઓ કહેવી વગેરેમાં જયંત વ્યસ્ત રહે છે, તો ક્યારેક એકાંતમાં માની યાદ કોરી ખાય છે, છતાં શિક્ષક તરીકે જવાબદારીને નિભાવવા પ્રતિબદ્ધ છે. જુઓ :

"પોતે શિક્ષક છે, પોતાને શિરે મહાન જવાબદારી છે આ અભણ, અજ્ઞાન પ્રજાને શિક્ષણ આપવું, એમને સંસ્કારી બનાવવા, બરછટ માનવતામાં સુંવાળપનો પાસ લગાડવો એ બધું એને જ કરવાનું છે અને એના બદલામાં મળવાનો છે પગાર એકસો વીસ રૂપિયા. એકસો વીસનો આંકડો તેની નજર સામે તરી ગયો. અહીં બહુ બહુ તો પચાસનો ખર્ચ... ઘેર રૂપિયા સિત્તેર મોકલી શકાશે અને ઘરની કલ્પનામાં તેને ઊંઘ આવી ગઈ."[14]

જયંત તેની અંગત મુશ્કેલીઓ જેવી કે માતાની યાદ, પગાર લેવા દૂરના ગામે જવાનું વગેરે છે, છતાં તેઓ શિક્ષક તરીકેની જવાબદારીથી પૂરા સભાન છે :

"શિક્ષણ એટલે ક ખ ગ શીખવવું એ જ નહિ આપણી પાસે આવતું બાળક એના અંતરને ખુલ્લું મૂકી દે, એની બધી જ લાગણીઓને નિર્ભિક રીતે વ્યક્ત કરતા તે જરાય સંકોચ કે ડર ન અનુભવે એવું વાતાવરણ તૈયાર કરવું એ પણ છે. જ્યાં સુધી શિક્ષણ બાળક સાથે એટલા ઓતપ્રોત ન થઈ શકે ત્યાં સુધી ક ખ ગની શરૂઆત કરવી નહિ, આમા કદાચ મહિના જેટલા સમય સુધી કશું શીખવાય નહિ એને વાંધો નહિ, પણ પછી જે શીખવાશે એ સચોટ હશે..."[15]

બાળકને શિક્ષણ આપવા અંગેની વિશિષ્ટ શૈલી છે. આમ, જયંતી ગ્રામ્યજીવન અને પોતાની, નૈતિક જવાબદારી વચ્ચે વિરોધ, બલ્કે સંઘર્ષ અનુભવે છે. તે નવલકથામાં આગળ જતા વિસ્તાર પામ્યો છે. છોકરાઓની સાથે રમી

જયંતી આગવી શૈલીથી ભણાવાની કોશીષ કરે છે, પરંતુ જુઓ પ્રતિભાવ "ભણ્યો... ભણીને તો એમને ખેડ જ કરવાની એને... અમારે કોળી કાઠીને ભણતરનું કામ પણ શું ?" આખો મારમ બોલ્યો. અહીં શૈક્ષણિક જાગૃતતાનો પ્રશ્ન આવીને ઊભો રહે છે. શૈક્ષણિક પરિવેશને આવરી લેતા દરેક મુદ્દા અહીં જોવા મળે છે, જે તે સમયે હતા તે આજે પણ એવા જ છે. શેખડોદ ગામમાં પણ સાહેબો આવે છે, પરીક્ષા લે છે, છોકરા પાસ થાય છે પણ વાસ્તવિકતા અલગ છે, જુઓ :

"બે-ચાર વરહે એક વાર મોટા સા'બ આવે. પરીક્ષા લે ને સોકરા પાસ... પણ સોકરા કાય લખતા ય ન શીખ્યા... માળું ડીડવાણું તે કંઈ હાલે સે આ રાજ્યમાં..."[16]

આમ સત્તાધારીઓ માત્ર કાગળ પર પોતાની કામગીરી દર્શાવી રહ્યાં છે. કાગળ પરનાં આંકડાંઓમાં વિદ્યાર્થીઓ પાસ હોય પણ હકીકતે તો આ વિદ્યાર્થીઓને તો વાંચતા-લખતા જ આવડતું નથી !! રાજકારણે શિક્ષણના ક્ષેત્રને પણ છોડ્યું નથી. ઈન્ટરવ્યૂમાં જયંતી પોતે કામ કરવા માંગે છે. પસંદગીના સ્થળની કોઈ ઇચ્છા ધરાવતો નથી એ પ્રસંગનો જવાબ આપે છે. તે સમયને ફ્લેશબેકમાં લેખક દર્શાવે છે.

આ બધા જ અનુભવ દરમ્યાન સમુ નામની સ્ત્રી જે પાંત્રીસેક વર્ષની છે. તેના પરિચયમાં જયંતી આવે છે. ઘરકામ કરી આપતી આ સ્ત્રી સિવાય જયંતી સાથે નિત્ય વાતો કરનાર કોઈ હોતું નથી ! આમ બે ઓરડાનું બિસ્માર શાળાનું મકાન, તોછડી જીભ, કરડી રીતભાત છતાં નિખાલસ જિંદગી જીવતા શેખડોદમાં ખંધા આપા મેરામથી માંડી પાણીની અછતને લીધે વાઢા રહી જતા જુવાનોમાં સજાતીય અને પશુમૈથુનની બદીનો ગંદવાડ, ઘરકામ માટે આવી જતી પ્રેમાળ સમુની લીલીછમ છાંયડી બધું જ તેને હચમચાવી નાખે છે. બટુકભાઈ નામના

વ્યક્તિ જે શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. તેમના અનુભવો અને જયંતીભાઈને થતા અનુભવ શૈક્ષણિક પરિવેશનો પરિચય કરાવે છે, જુઓ :

"મેં તમને કહેલું ને કે આ ખાતામાં માણસની સ્વતંત્રતાનો ધ્વંસ થાય છે."[17]

"અહીંના સ્થાનિક કાર્યકર, જે તાલુકા કક્ષાએ પક્ષીય રીતે સારો હોદ્દો ધરાવે છે. એ કાર્યકરે એ શિક્ષિકાની છોડતી કરી ને મેં પડકાર ફેંક્યો... થઈ રહ્યું... બદલી થઈ ગઈ..."[18]

આમ શિક્ષણખાતામાં પણ રાજકારણીઓનું વર્ચસ્વ અહીં જોવા મળે છે. જયંતીને પણ આવી પાણી વગરની ભૂમિ પર રહીને એકલતાનો અનુભવ ઘા બને છે. ગામડાઓમાં કામ કરતા શિક્ષકોએ અપરણિત રહેવું ? સરકાર એમને કુટુંબ જીવનથી વંચિત રાખશે ?"[19] આમ, એકલતા હવે જયંતીને ઘેરી વળી છે. શિક્ષકોના આ પ્રશ્નોનું નિરાકરણ લાવવું જરૂરી છે.

શિક્ષક જયંતીને હવે એકલતા અસહ્ય બને છે. બસો રૂપિયા આપવાથી થતી બદલી[19], મેઘ-ધરતીના વિરહ વેદના[20], બદલી માટેની મથામણ[21], નદીમાં નહાતી નગ્ન સ્ત્રીઓનું વર્ણન[22], બકરી સાથેનું પુરુષનું મૈથુન[23] વગેરે જેવી સામગ્રીનું સંકલન થયું છે. પરંતુ એની સાથે લેખકને જે કહેવું છે તે કંઈક આમ કહી શકાય. એક શિક્ષકને થતા એકલતાના અનુભવના પરિણામ સ્વરૂપ તેનું ચિત્ત ભમવા લાગે છે. શિક્ષણખાતાના અનુભવ લાંચના, રાજકારણ, ખટપટ વગેરે ભળે છે. આથી જયંતીની જાતીય ભૂખ ઉગ્ર બને છે. અંતે તેની બદલી થાય છે પણ ત્યારે બહુ મોડું થઈ ગયું હોય છે, કારણ હવે એ જ સૂકી ધરતી સૂકા હોઠ તેને કોઠે પડી ગયા છે. આમ શિક્ષકોને થતી હેરાનગતીમાં આ એક એવી માનસિક હેરાનગતિ છે, જેનો વિચાર શિક્ષણશાસ્ત્રીઓએ કરવો જ રહ્યો. સરલ ભાષા ધરાવતી આ કૃતિ કશુંક નવું જ નહીં પણ જે વધુ સારૂં, વાસ્તવિક છે, તેને સૂક્ષ્મ અવલોકનથી વાચક

સમક્ષ મૂકી આપે છે અને અનેક સમસ્યાઓ છતાં શિક્ષક કેવી રીતે ગામલોકો તેમજ વિદ્યાર્થીઓને શિક્ષણમાં અને રચનાત્મક કાર્યમાં જોડે છે તેનું રસપ્રદ વર્ણન છે.

દિલીપ રાણપુરા 'સૂકી ધરતી સૂકા હોઠ' નવલકથામાં શૈક્ષણિક સંસ્થા સાથેનો સંઘર્ષ પ્રાથમિક શાળાના જુવાન શિક્ષક જયંતી ઠાકર દ્વારા મૂર્ત કરે છે. આ નવલકથાની વિશેષતા એ છે કે તેમાં દર્શાવેલો સંઘર્ષ આજે પણ શિક્ષકો કરી રહ્યાં છે. વળી સંઘર્ષમાં વધારો થયો છે, પરંતુ સંઘર્ષ ક્યાંય ઘટ્યો નથી. વસ્તુતઃ એમ કહી શકાય કે આ નવલકથાનો નાયક દેશ-કાળના તત્વને પ્રસ્તુત કરે છે. પાત્રનો સંઘર્ષ આબેહૂબ છે. શાળાનું કાર્ય આપમેળે કરવું, એના સંસ્કાર, એની ભાવના, એકલતા, ઉજ્જડતા, કુત્સિતતા, વિકૃતિ સાથે ઝૂઝી ઝૂઝીને ડગમગે છે અને અંતે ઝૂકી પડે છે. શૈક્ષણિક કાર્ય થતું ન હોવાથી જયંતી બદલી માગે છે, પરંતુ વર્ષો સુધી તેને બદલી મળતી નથી અને પછી જ્યારે બદલી માટે ઓર્ડર આવે છે, ત્યારે તે નકારે છે. કારણ કે સૂકી ધરતી અને સૂકા હોઠ હવે તેને કોઠે પડી ગયા છે. આમ, પાત્રનું વાસ્તવિક ચિત્રણ હૃદયસ્પર્શી બની રહે છે.

- **'એકલવ્ય'**

રઘુવીર ચૌધરીની 'એકલવ્ય'(1967) નવલકથા શીર્ષકથી જ તેની ઓળખ આપે છે. આપણે આ પૌરાણિક પાત્રને ગુરુ પ્રત્યેના અથાગ પ્રેમભાવથી અરિક્ત સાંભળતા આવ્યા છે. જ્યારે નવલકથામાં લેખક એક એવા શિષ્યની વાત કરે છે જેનો ગુરુ એક રીતે જોતા તે પોતે જ છે. જુદાં જુદાં શેડ્સ ધરાવતું એકલવ્યનું પાત્ર શિક્ષણને મોટા પરિમાણ પર લાવીને મૂકી દે છે. ચાર દીવાલોમાંથી બહાર કાઢી શિક્ષણની આગવી અને અનોખી પદ્ધતિનું નિરૂપણ આ પાત્ર કરે છે. અધ્યાપન શૈલી, શિક્ષણનો વ્યાપક અર્થ, અધ્યાપકોનું વ્યક્તિત્વ, શિક્ષણ

વ્યવસ્થામાં પ્રવેશેલી ગેરરીતિ, આગવો શૈક્ષણિક અભિગમ વગેરે શૈક્ષણિક મુદ્દાઓ દ્વારા નવલકથામાં શૈક્ષણિક પરિવેશ સઘન રીતે આલેખન પામ્યો છે, જેને વિગતે સમજવાનો અહીં એક પ્રયાસ છે.

નવલકથાનો પ્રારંભ વર્ગખંડમાં એકલવ્યના પરિચયથી થાય છે. આધુનિક એકલવ્ય અન્ય વિદ્યાર્થીઓથી અલગ છે. પોતાના વિચારો અન્ય સામે મૂકતા તે જરા પણ ખચકાતો નથી. વળી તેના વ્યક્તિત્વની આગવી ઓળખ 'પરિસ્થિતિ'ને આભારી છે. વિદ્યાર્થી વર્ગખંડમાં પ્રવેશ કરે તે પહેલા તો ઘણું બધું સાથે લઈને આવતો હોય છે. જેમકે, વાતાવરણ, ફેમિલી એન્વાયરમેન્ટ, સોશ્યલ એન્વાયરમેન્ટ વગેરે જેમાંથી થોડું ઘણું પાયાના વિચાર તરીકે તેના મનમાં પહેલેથી જ પ્રસ્થાપિત થયેલું હોય છે. હવે વર્ગખંડના અનુભવ અને તેના મનમાં પહેલી પડેલી સમજ બન્ને વચ્ચે તાલમેલ સધાય છે અને અંતે વિદ્યાર્થીનું માનસ ઘડાય છે. આ એક આખી શૈક્ષણિક પ્રક્રિયા છે. એકલવ્યનું માનસ પણ આ જ રીતે ઘડાયું છે. એકલવ્યમાં ફિલસૂફીના વિચારો સ્પષ્ટ વર્તાય છે. તે એક અધ્યાપકને પોતાના વિચારોમાં દર્શાવે છે તેમાં સમજાય છે, જુઓ :

"બીજા લોકો બબ્બે – ત્રણત્રણનાં જૂથમાં ઊભાં હોય છે અને હું એકલો હોઉં છુ."[24]

"હમણા સ્કોલરશીપના પૈસાનું માખણ લાવીને ખાઉં છું. મને સમજ નથી પડતી કે માખણ જેવા પથ્ય પદાર્થનો લોકો ખાવા સિવાયનો ઉપયોગ શા માટે કરતા હશે ?"[25]

એકલવ્ય હંમેશા અલગ જ રહે છે. ધર્મદાસ શેઠ જંગલમાં પત્ની સાથે ગયા હતા અને ત્યાં એકલવ્યની મુલાકાત થાય છે અને નોકરીની લાલચ આપી તેને શહેરમાં લઈ આવે છે. નિ:સંતાન શેઠ-શેઠાણી એકલવ્ય સાથે પોતાનું ભવિષ્ય જુએ

છે. પરંતુ શેઠની અંદર એકલવ્ય માટે કડવાશ છે. એકલવ્ય નાનપણથી જંગલમાં એકલો રહેવાથી ઘણી બધી મુશ્કેલીઓથી પરિચિત હોય છે. તે ધર્મદાસને પારખી ગયો હોવા છતાં જોખમ ખેડી શહેરમાં આવે છે અને તેની સમજથી અન્યોને (વિદ્યાર્થી, અધ્યાપક વગેરેને) મંત્રમુગ્ધ કરી દે છે. તે પોતાના એકલાપણાને માણે છે કારણ જે જૂથમાં હોય છે તેમની વચ્ચે રહેલી અનૈતિકતા તેને ડંખે છે. તે પોતાના જીવનમાં ચાપલૂસી કરીને આગળ આવવા પણ માંગતો નથી. પોતાના પર તેને અતૂટ વિશ્વાસ છે, જેના આધારે અન્ય જોખમોનો તે સામનો કરે છે.

નવલકથામાં મુખ્ય મુદ્દો અધ્યાપન શૈલીનો છે એ એકલવ્યના સંવાદમાં સ્પષ્ટ થાય છે. ભણાવવાની પદ્ધતિ – રીત એવી હોવી જોઈએ જેમાંથી વિદ્યાર્થીની ખિલવણી થાય. તેનામાં રહેલી સુષુપ્ત શક્તિઓ જાગૃત થાય. ફોરમલ એજ્યુકેશનથી આ વિચારો તદ્દન અલગ છે. આમ તો શિખવાની પ્રવૃત્તિ આદિકાળથી ચાલતી આવી છે. આદિમાનવ પાસે કશું નહોતું. બે પથ્થરને ઘસીને તેણે આગ પ્રગટાવી જંગલમાં પ્રાણીઓથી પોતાનું રક્ષણ કર્યું. આ તો પ્રારંભની વાત છે. આજે માણસની જિજ્ઞાસાવૃત્તિએ જ પ્રયોગશીલતા ધારણ કરી નવું સર્જન કર્યું છે. તેને મતે વિદ્યાર્થી જાતે જ ભણે છે, સગવડ પૂરી પાડવાની જરૂર નથી, પરંતુ તે જ વિદ્યાર્થીને જાગૃત કરવાની જરૂર છે. અહીં સ્વામી વિવેકાનંદની ફિલસૂફીનું પણ સ્મરણ થાય. જુઓ :

"Education is Manifestation of Perfection which is already in man."[26] (વ્યક્તિના ચિત્તમાં રહેલા પૂર્વજ્ઞાનનું પ્રગટીકરણ એટલે શિક્ષણ.)

કથાનાયક એકલવ્યના શિક્ષણ વિશેનો વિશિષ્ટ ખ્યાલ છે, જુઓ :

"અહીં જંગલમાં જાતે ભણવાની સગવડ છે. શહેરમાં તો ભણાવનાર જોઈએ. શહેર કરતા જંગલ આગળ વધેલા કહેવાય."

"જ્યાં માણસને ભણવું પડે તે પ્રદેશ આગળ કહેવાય ? મારે મન તો જ્યાં ભણ્યા વિના જ માણસની શક્તિ ખીલે એ પ્રદેશ આગળ કહેવાય."[27]

ધર્મદાસ અને એકલવ્યના આ સંવાદ ફિલોસોફરના વિચાર સાથે મળતા આવે છે. રવિન્દ્રનાથ ટાગોરની ફિલસૂફી નામના પુસ્તકમાં તેમણે કહ્યું છે તેમ "Nature is the best teacher of Child." (પ્રકૃતિ વિદ્યાર્થીનો શ્રેષ્ઠ શિક્ષક છે.) (પૃ. 40) એકલવ્ય પણ પ્રકૃતિમાંથી ઘણું બધું શીખ્યો છે. પ્રકૃતિના જુદાં જુદાં સ્વરૂપોથી અવગત થયેલો એકલવ્ય શહેરના વાતાવરણમાં કેવી રીતે એડજસ્ટ થવું તે સારી રીતે જાણે છે. ધર્મદાસને પોતાનું સંતાન થાય છે અને એકલવ્યને કાઢી મૂકે છે. એકલવ્ય સરકસમાં નોકરી કરી શહેરના વૈવિધ્યને પામે છે. જંગલમાં દિગંબર બાવાએ કહેલા વાક્ય પણ એકલવ્ય જીવવા માટે યાદ કરે છે, જુઓ :

"ન સમજાય એવું વાંચવું અને અઘરું લાગે એ કામ કરવું, ન ગમે એવી જગાએ ટકવું અને આકર્ષાઈ જતાં અટકવું."[28]

મેટ્રિકની પરીક્ષામાં એકલવ્ય સારા ગુણ મેળવી પાસ થાય છે. પત્રકારો માધ્યમિક સ્તર વિશે અભિપ્રાય પૂછે છે તો એકલવ્યનો ઉત્તર જુઓ :

"મારા જેવો જાતે ભણેલો પહેલે નંબરે પાસ થાય છે, એ પરથી જ તમને શિક્ષણના સ્તરનો ખ્યાલ આવી જવો જોઈએ."[29]

એકલવ્ય જેવા હોંશિયાર વિદ્યાર્થીને પોતાની કૉલેજમાં લેવા બે-ત્રણ પ્રિન્સિપાલ પોતાના મદદનીશોને એકલવ્ય પાસે મોકલે છે, પણ એકલવ્યનો જવાબ જુઓ :

"મારે ભણવું તો છે જ, પણ ન ભણવું હોત તો પણ ભણાવનારાઓનો આવો ઉત્સાહ જોયા પછી મારાથી બેકદર થઈ શકાય નહિ. અલબત્ત, અત્યાર સુધી મને

કોઈએ ભણાવ્યો નથી. હું જે કંઈ છું, પોતાને આભારી છું. વળી, આપની સંસ્થાની શિસ્ત મને અનુકૂળ આવશે કે કેમ તે હું જાણતો નથી. સાંભળ્યું છે કે કૉલેજમાં દંડ પણ થાય છે. મારી સામે એવું કંઈ થાય તો ખબર નહીં એ સ્થિતિમાં હું શું કરું ? ખેર, જવા દો એ વાત. વિચાર કરીને કહીશ."[30]

શિક્ષણનો એક અલગ અર્થ એકલવ્ય દર્શાવે છે અને તે છે Self – Learning. જાતે શિખવું તે. એકલવ્યના શિક્ષણ વિશેના વિચારો સામાન્ય રીતે કોઈને અહમ કે અહંકારભર્યા લાગે પરંતુ હકીકતે તો એકલવ્યના શિક્ષણ વિશેના વિચારો અલગ અને અસામાન્ય વ્યક્તિના વિચારો છે તે જાતે ભણેલો છે અને તે કહેતા તે અચકાતો નથી. શેઠ એને શહેરમાં લાવ્યા તેનું ભાન છે. તેથી તેમના પર ક્યારેય આરોપ નથી લગાવતો પરંતુ પોતાની પ્રગતિને માટે તે પોતાને જ આભારી માને છે, તેમાં કશું જ ખોટું નથી. તે સ્પષ્ટવક્તા છે. તે કહે છે હું મા-બાપમાં નથી માનતો. મને ભણાવ્યો પરિસ્થિતિએ, એવા જ કેટલાક વિચારોની આપ-લે એકલવ્ય અધ્યાપક સાથે કરે છે, જુઓ :

"જરૂર કરો પણ એટલું સમજી લો કે અહીં સારો શિક્ષક કોને કહે છે. જે વિદ્યાર્થીને ભણાવે એ નહીં, જે વિદ્યાર્થીઓને એંગેજ રાખે એ સારો શિક્ષક. નવા કેળવણીકારો પણ કહે છે કે શિક્ષક વિદ્યાર્થીને ભણાવતો એ તો જૂની પદ્ધતિ થઈ ગઈ. હવે તો વિદ્યાર્થી જાતે ભણતો થાય એ જોવાનું છે. આમ, થોડીક નિષ્ક્રિયતા તો તેમને સૈદ્ધાંતિક રીતે પણ મળે છે."[31]

અહીં શિક્ષણના વિચાર સાથે અધ્યાપનશૈલીની પણ ચર્ચા સંવાદમાં જોવા મળે છે. એકલવ્યના મતે અધ્યાપક ભણાવે અને વિદ્યાર્થી તેને ભણે, સત્ય માની લે તે યોગ્ય નથી. અધ્યાપકનું કાર્ય દિશા દેખાડવાનું છે. વિદ્યાર્થીને સક્રિય રાખવાનું છે. પ્રવૃત્ત રાખવાનું છે અને આ પ્રક્રિયામાંથી પસાર થયા પછી વિદ્યાર્થી

જાતે નક્કી કરશે શું યોગ્ય છે અને શું યોગ્ય નથી. આમ, અધ્યાપક સંકુચિત મનોવૃત્તિ ધરાવતો ન હોવો જોઈએ અને બધા વિદ્યાર્થીઓને એક જ લાકડીએ હાંકનાર પણ ન કરવો જોઈએ, પરંતુ અધ્યાપક વિદ્યાર્થીઓને એવી તકો પૂરી પાડે કે વિદ્યાર્થીઓ પોતાના દૃષ્ટિકોણથી વસ્તુ કે પરિસ્થિતિને જોઈને નિર્ણય લે અને પાર પડે, કારણ કે વિદ્યાર્થીના જીવનના દરેક તબક્કે શિક્ષક નથી હોવાનો વિદ્યાર્થીની દરેક પરિસ્થિતિમાંથી પણ શિક્ષક પસાર થયો ન હોય આથી એ વિદ્યાર્થીનો દૃષ્ટિકોણ ચોક્કસ રીતે અલગ જ હોવાનો. તેનો પોતાનો નિર્ણય તેના પોતાના કરતા કોઈ જ યોગ્ય રીતે ન લઈ શકે.

નવલકથાનું કેન્દ્રબિંદુ અધ્યાપકમિલનકેન્દ્ર છે. જે કેન્દ્ર એકલવ્ય દ્વારા ખોલવામાં આવ્યું છે. અહીં શિક્ષણ વ્યવસ્થામાં જોવા મળતી રીતિઓનો શૈક્ષણિક મુદ્દો ધ્યાન ખેંચે છે અને નાનકડી લાઈબ્રેરીની સેવા પણ પૂરી પાડવામાં આવે છે. એક સારા હેતુથી આ કેન્દ્ર ખોલવામાં આવ્યું છે, પરંતુ સત્તાધારી તેનો દુરુપયોગ કરે છે. એકલવ્ય કેન્દ્રની કામગીરી સાથે એમ.એ.નો અભ્યાસ પૂર્ણ કરે છે. અધ્યાપકો એકલવ્યની નોટ્સથી ઘણા લોકપ્રિય થયા, એકલવ્ય અધ્યાપકોની ઓળખ ગુપ્ત રાખતો હતો, નંબર 1, 2, 3 એવા નામથી સૌ અધ્યાપકોનું રજીસ્ટ્રેશન થયું હતું.

કહેવાતા અધ્યાપકોની વિચારસરણી પણ નવલકથામાં રજૂ કરવામાં આવી છે. એકલવ્ય પોતાના કેન્દ્રને આગળ વધારવા માટે શિક્ષણ વ્યવસ્થામાં ચાલતી અનેક પ્રવૃત્તિઓથી અવગત રહેતો. તેને જાણવા મળે છે કેટલાક કવિ સાથે બે-અઢી અધ્યાપક કેન્દ્રમાં આવેલા. આ સમાચાર એકલવ્યને તેના કેન્દ્રમાં કામ કરતા જરાસંધ અને દુ:શાસન આપે છે, જુઓ :

"એ કહેતા હતા કે અમારા સિવાય કોઈ કવિ નથી. ફક્ત અમે જ માણસને એના મૂળ રૂપમાં ઓળખીએ છીએ. માટે નાગા થઈને ફરવાના છીએ."[32]

આમ, શિક્ષણ એક સેવા મટીને વ્યવસાયનું રૂપ ધારણ કરે છે. આજે પણ આપણે જોઈએ છે કે કૉલેજ, ક્લાસ, શિક્ષક જાહેરાતના માધ્યમથી આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે. જેમાં ગુણવત્તાની કલ્પના જ કરવી રહી બાકી છે. કોઈ પણ મુદ્દાને લઈને પછી તે મુદ્દો પોતાની રચનાને લઈને હોય, માતૃભાષાને લઈને હોય કે હક – અધિકારને લઈને હોય તેનો પ્રચાર કરવા બહાર ફરવું, રેલી કાઢવી આજે સામાન્ય બની ગયું છે, પરંતુ તે મુદ્દાને લઈને કોઈ ખાસ પ્રવૃત્તિની યોજના કરવી અને તેને અમલમાં મૂકવી તે મહ**ત્ત્વ**નું છે. મીડિયામાં પ્રચલિત અભિનેતા આમીર ખાનનો શો 'સત્યમેવ જયતે' પણ કંઈક આવું જ કાર્ય કરે છે. સેન્સીટીવ મુદ્દાને પુરાવા સાથે રજૂ કરી સરકાર સમક્ષ તેને લગતી કાર્યવાહી કરવા અરજી કરે છે. આમ, કોઈ પણ કાર્યને તેના પરિણામ સુધીના અંતિમ તબક્કા સુધી લઈ જવાનું સાહસ શિક્ષણશાસ્ત્રીઓમાં હોવું જોઈએ માત્ર તેની ઔપચારિક ચર્ચા નિર્હેતુક બની રહે છે.

એકલવ્ય અધ્યાપકોને મદદ માટે અને પોતાનું ગુજરાન ચલાવવા અધ્યાપકમિલનકેન્દ્ર ખોલે છે. તે રસનું કેન્દ્ર સાબિત થયું છે. અધ્યાપકોની મૂંઝવણ, અધ્યાપકના વ્યક્તિત્વને આપણી સમક્ષ છતું કરે છે. અહીં રજૂ થતા અધ્યાપકોના પ્રશ્નો શૈક્ષણિક પરિસ્થિતિનો ચિતાર આપે છે, જુઓ :

"મોટા ભાગના અધ્યાપકોનો મુખ્ય વ્યવસાય બીજો હતો. કૉલેજની નોકરી તો એમને માટે ગૌણ પ્રવૃત્તિ હતી. કેટલાક અધ્યાપકો મુખ્યત્વે પ્રૂફરીડિંગનો ધંધો કરતા, એમાંના મોટાભાગના તો શેઠ ધર્મદાસની પેઢીમાં છપાતી ટેક્સબુકના કાયમી પ્રૂફરીડરો હતા."[33]

દરેક અધ્યાપકોના પ્રશ્નો એક આશ્ચર્યને જન્મ આપે છે. ઓળખ છૂપાવવા માટે એકલવ્ય અધ્યાપકને નંબરથી બોલાવે છે. એકસો આઠ નંબરથી જેણે રજીસ્ટ્રેશન કરાવ્યું હોય છે, તેનો પ્રશ્ન છે કે તેના વર્ગમાં એક છોકરાએ છોકરી સાથે ગેરવર્તન કર્યું. ગુના પેટે મેળવેલ રૂપિયાની વધુ કિંમત હજુ એકસો આઠના ગજવામાં છે. અધ્યાપક એકસો ચોવિસ વિદ્યાર્થીઓ વર્ગમાં બે-ત્રણવાર તાળી ના પાડે તો બેચેન રહે છે. જ્યારે એક જ અધ્યાપક અલગ છે જે એકલવ્યને અને તેની પ્રવૃત્તિ જેવી કે અધ્યાપકોને જરૂરી અભ્યાસક્રમ સંબંધિત સામગ્રી પૂરી પાડવી, પ્રશ્નો હલ કરવા વગેરેથી ચીડ અનુભવે છે અને એકલવ્યને ગધેડો કહે છે. એકલવ્યનો પ્રતિભાવ જુઓ :

"એકલવ્યના હૃદયમાં એ અજાણ્યા અધ્યાપક માટે ઊંડે ઊંડે આદરભાવ જાગ્યો. એ તો છે ખરો ! એ પણ છે એની પહેલાંથી ખબર હોત તો આ કેન્દ્ર શરૂ ન કરત."[34]

આમ, અનન્વય સિવાયના અન્ય કેટલાક અધ્યાપકોના પ્રશ્નો રમૂજ જન્માવે છે. એક અધ્યાપક કહે છે મને નોટિસ મળી છે, જેમાં લખ્યું છે – તમારી સેવાઓ સંસ્થા લઈ શકતી નથી, કારણ કે તમે કેબિનમાં ઊંઘી જાઓ છો અને પિરિયડ લેવા જવાનું ભૂલી જાઓ છો." નવા ચાર અધ્યાપકો સમસ્યા લઈને એકલવ્ય પાસે આવે છે, અમને અડધો પગાર આપી પૂરા પગાર પર સહી કરાવી લે છે ! શૈક્ષણિક જગતની આ પ્રવૃત્તિઓ કોઈ વ્યવસાયમાં થતી, વેપારમાં થતી પ્રવૃત્તિઓથી ઓછી આંકી શકાય નહીં. શિક્ષણના વેપારીકરણ પર નવલકથાકારે પ્રકાશ પાડ્યો છે.

અનન્વય સાથેનો અનુભવ શિક્ષણમાં પ્રવેશેલા દૂષણમાંનો એક છે. અનન્વયને નોકરી પરથી છૂટો કરવામાં આવે છે. સારો અને સાચો શિક્ષક

વિદ્યાર્થી, અન્ય શિક્ષકોથી અલગ તરી આવતા આવી પરિસ્થિતિમાં સપડાય છે. ધર્મદાસ પ્રકાશક પાસે મૌખિક કરાર કરી પુસ્તક લખે છે. એકલવ્યની જાણમાં આ ઘટના આવે છે અને તે બાજી સંભાળી લે છે. શેઠ ધર્મદાસ અનન્વયના પુસ્તકને અન્ય ત્રણ પ્રિન્સિપાલના નામે બહાર પાડે છે. વળી, રોયલ્ટીનો કરાર મૌખિક છે પરંતુ એકલવ્ય બુકને રજીસ્ટર દ્વારા મોકલે છે અને પાવતી પર સહી શેઠ ધર્મદાસની છે. આથી અનર્થ થતું અટકી જાય છે. આજની પરિસ્થિતિ તો ખૂબ જ ખરાબ છે. આજે પુસ્તકની ગુણવત્તા રોયલ્ટી જેવા શબ્દો ડિક્શનરીમાં જ નથી. અનન્વયને નોકરી છોડવી પડી. વિદ્યાર્થીઓથી સારા પ્રતિભાવમાં અણગમો મળ્યો. એક પુસ્તક લખ્યું, તેમાં પોતાને થયેલા કડવા અનુભવ, અન્ય નોકરીમાં સકલા નામની અધ્યાપિકા સાથે પ્રેમ અને તેમાં નિષ્ફળતા, ફરી વિદ્યાર્થીઓ દ્વારા થતી પરેશાની વગેરે બાબતો અનન્વયને અસ્વસ્થ બનાવી દે છે. એકલવ્યનો અનન્વય માટેનો પ્રતિભાવ જુઓ :

"સ્પષ્ટ જોતા શીખી જઈએ એટલે સમસ્યાની સંકુલતા ન દેખાય. અનન્વયની દુર્દશા માટે આપનું આખું શૈક્ષણિક બંધારણ જવાબદાર છે જેમાં એમનો પોતાનો પણ સમાવેશ થાય."[35]

"કોઈ અણઘડના સાહસને માફ કરવા હું તૈયાર છું, બુદ્ધિશાળીની અસ્વસ્થતાને કદાપિ માફ નહીં કરું."[36]

શિક્ષણમાં વ્યાપ્ત ગેરરીતિઓથી એકલવ્ય ચીડ અનુભવે છે. સેનેટની ચૂંટણીમાં ઊભા રહેવા અને જીતવા માટે એકલવ્ય પાસે કેટલાક અધ્યાપક મદદ માંગવા આવે છે. ચિત્રના એક પુસ્તકમાં આધુનિક શૈલીના એક ચિત્રને જોતા જોતા બોલવા લાગ્યો :

"વળી, તમે તો તમારા એક શિષ્યની કીર્તિ સામેનો એકમાત્ર અવરોધ દૂર કરવા માટે મારું બગાડવા તૈયાર થયા હતા. પરંતુ ગુરુદેવ ! ગુરુદક્ષિણાને બહાને મને છેતરવાની તમારી યુક્તિ તો આ લોકોની તુલનામાં સાવ સાધારણ લાગે. તમને ત્યારે તો મેં માફ પણ કરેલા કારણ કે પોતાના એક શક્તિશાળી શિષ્ય તરફ તમને પક્ષપાત હતો. આ લોકોને કોઈ શિષ્ય તો શું, પોતાના સ્વમાન માટે પણ પક્ષપાત નથી. સ્વાર્થની આસપાસનું જ દેખાય છે. તમને ખબર હતી કે તમારી મર્યાદાઓનો આ લોકો દ્વારા માત્ર ત્રણચાર પંચવાર્ષિક યોજનાઓના ગાળામાં મારે તમારે જહેમત ઊઠાવવી પડશે. મારો વિરોધ કરનાર, મને ઊતારી પાડનાર કોઈક તો હશે. સત્યાગ્રહ, અભય જેવા શબ્દો મેં સાંભળ્યા હતા. તેથી માનતો કે હું સાહસ કરી રહ્યો છું. પરંતુ આ પ્રદેશમાં તો ભય ઊભો ન થાય એની જ તજવીજ કરી રાખવામાં આવે છે અને સત્યનો આગ્રહ રાખવાને બદલે અમે જેનો આગ્રહ રાખીએ એ સત્ય કહેવાય એવો આગ્રહ રાખવામાં આવે છે."[37]

આમ, શહેરના શૈક્ષણિક જગતના અનુભવથી વ્યથિત એકલવ્ય જંગલમાં જઈ નવો શૈક્ષણિક અભિગમ અપનાવે છે. જ્યાં તે બાલમંદિર શરૂ કરે છે, જ્યાં વાંદરાના બચ્ચાને પ્રવેશ માત્ર જે આગળ જઈ મનુષ્ય થાય તો માણસ તરીકે વર્તવા માટે એકલવ્યે આપેલું શિક્ષણ એમને ખપ લાગે. એકલવ્ય જંગલમાં આવે છે જ્યાં તેનું બાળપણ વિત્યું છે. છતાં તે શહેરમાંથી કશુંક લઈને આવ્યો હોય છે તેમ અનુભવે છે. શૈક્ષણિક જગતના અધ્યાપકની વિચારસરણી, શિક્ષણ વ્યવસ્થામાં પ્રવેશેલી ગેરરીતિ, જડતા તેને ડંખે છે અને વળી અનન્વય જેવા આદર્શ અધ્યાપકની અસ્વસ્થતા એકલવ્ય માટે અસહ્ય બને છે. આથી તે અનન્વયની સમાધિ પર એક વાક્ય લખે છે :

"સત્યનો જય થાય છે, સત્ય બોલનારનો નહીં."[38]

અનન્વય જેવા અધ્યાપક જ્યારે નિષ્ઠાથી પોતાનું કાર્ય કરતા હોય છે ત્યારે અન્ય અધ્યાપક, વિદ્યાર્થી, આચાર્ય દરેકને ખૂંચે છે ને તેની સામે વગર કારણે પ્રશ્નો ઊભા કરે છે. તેમનો વાંક તેટલો જ કે તે પોતાના વિચારો સાથે ચાલનાર વ્યક્તિ છે. પરંતુ વાતાવરણ ગાડરીયા પ્રવાહનું છે, જો કોઈ અલગ ગયું તો તેનું સર્વસ્વ જોખમમાં મૂકાય છે. એકલવ્યને બધા કરતાં અનન્વયમાં રસ પડે છે. એના માટે અનેક મથામણ કરવા છતાં પણ અનન્વય મૃત્યુ પામે છે. આથી એકલવ્ય કહે છે, સત્ય બોલનારનો જય થતો નથી. વળી જો સત્ય બોલનાર નથી રહ્યો તો સત્યનો જય થયો કે નહિ એ જોનાર નહિ સમજી શકે કારણ કે તેઓ પોતે જે આગ્રહ રાખે છે તેને જ સત્ય માને છે. શિક્ષણ, મૂલ્ય, ગુણવત્તા સાથે તેમને કોઈ પણ પ્રકારની લેવા-દેવા નથી. શેઠ ધર્મદાસ તેની આ પ્રવૃત્તિઓથી કૉલેજ ચલાવી રહ્યા છે જે આજની ઘણી બધી શૈક્ષણિક સંસ્થાનું પ્રતિનિધિત્વ કરે છે. વિદ્યાર્થી, અધ્યાપક, આચાર્ય સૌ કોઈ પોતાનું કામ કરાવવામાં માને છે. નવલકથામાં પણ મિજાજી વિદ્યાર્થીઓ કહેવાતા અધ્યાપક અને કઠપૂતળી જેવા આચાર્ય જે શૈક્ષણિક પ્રવાહને આગળ ધપાવે છે. તેમને કોઈ સમસ્યા આવતી નથી. તેમની માટે શિક્ષણ થકી જીવન ખૂબ સરળ બની રહે છે અને સમાજમાં એક મોભો પણ મળે છે પરંતુ આ મોભો, આબરૂ કેટલા ખોખલા અને બનાવટી છે તેનાથી સૌ કોઈ અને તેઓ પોતે પણ અવગત હોય જ છે.

અંતે 'એકલવ્ય' શીર્ષક ચરિતાર્થ કરતા નવલકથાકાર ગુરૂ કરતા એક શિષ્યને પ્રકાશમાં લાવ્યા છે. શૈક્ષણિક જગતના કાવાદાવાથી તે પીડાય છે તેને શહેરમાં લાવનાર ગુરુસમાન ધર્મદાસનો ક્યારેય દુશ્મન બનતો નથી. અનન્વયના મૃત્યુ પછી તે અધ્યાપકોને મદદ પણ નથી કરી શકતો કારણ કે તેની અંદર રહેલું એક આશાનું કિરણ પણ મરી પરવાર્યું છે. શહેરના શૈક્ષણિક અનુભવો તેને જંગલમાં લઈ આવે છે ! તે શહેરના શિક્ષણના અનુભવો સક્ષમ રીતે ઝીલે છે.

પરંતુ તેમાં જ રહેવા, તે વાતાવરણમાં શ્વાસ લેવાનું હવે એકલવ્યના અસ્તિત્વને રૂંધે છે. આમ, કેટલાક અધ્યાપકો પોતાની કાર્યશૈલી છોડીને જાય છે ત્યારે આશ્ચર્ય થાય કે આવા અધ્યાપક જે શિક્ષણને ઊગારી શકે તે શિક્ષણથી દૂર થાય છે, કારણ તેમના જે કડવા અનુભવ હોય છે તેને ઝીલવા તેઓ સક્ષમ છે, પરંતુ અમુક સ્તર પર જઈને લડવા માટે તેમનું અસ્તિત્વ તેમને અટકાવે છે. જેને આપણે એક નવો શૈક્ષણિક અભિગમ કહી શકીએ, જે રઘુવીર ચૌધરીની આ નવલકથા દ્વારા આકાર પામ્યો છે. 'એકલવ્ય' નવલકથા દ્વારા શિક્ષણધામોમાં ચાલતા ભ્રષ્ટાચાર, શિક્ષકો-ટ્રસ્ટીઓની હિન માનસિકતા, શિક્ષણપદ્ધતિ કેવી હોવી જોઈએ, શિક્ષક-વિદ્યાર્થીઓ વચ્ચે કેવો સંબંધ હોવો જોઈએ જેવા મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો છે.

રઘુવીર ચૌધરી ગુરુ-શિષ્યના સંબંધને નવા સ્વરૂપમાં આ નવલકથામાં દર્શાવે છે. લેખકે વધારે વર્ણન એકલવ્યના નાનપણમાં વિતાવેલા સમય પર ભાર આપીને કર્યું છે. વળી, ગદ્ય સાથે પદ્યના વર્ણન પણ લેખકની ઊંડી કલાસૂઝના દર્શન કરાવે છે. લેખકે એકલવ્યના પાત્રનું વર્ણન વાસ્તવિક સ્વરૂપે રજૂ કર્યું છે. ક્યાંય લાગણીશીલ કે આદર્શોનું પૂતળું બનાવ્યું નથી. પરંતુ એકલવ્ય જંગલમાં એકલો રહ્યો છે. શહેરી વાતાવરણના અનુભવ તેને યોગ્ય નથી લાગતા અને પ્રકૃતિ તરફ જ વળતો દર્શાવ્યો છે. આમ, અસામાન્ય વ્યક્તિની જીવનશૈલી અને તેના નિર્ણયોને તટસ્થ રીતે લેખક નવલકથામાં દર્શાવી શક્યા છે. કોઈપણ વ્યક્તિની વ્યક્તિગત ઓળખ પોતે લીધેલા યોગ્ય વિચાર અને નિર્ણયના પરિણામથી પ્રાપ્ત થાય છે એ દર્શાવવામાં સર્જક સફળ રહ્યાં છે. એકલવ્ય પાત્રની બુદ્ધિમત્તાના લીધે પાત્રના પ્રતિઉત્તર ભાષાના સ્તરને ઊંચુ લાવે છે એમ કહી શકાય.

♦ **'આવૃત્ત'**

'આવૃત્ત'(1969) જયંત ગાડીતની પહેલી નવલકથા છે. આ નવલકથામાં એક કૉલેજના પ્રામાણિક શિક્ષકની સંઘર્ષગાથા મળે છે. જયંત ગાડીત શિક્ષણ જગતના દૂષિત વાતાવરણને અહીં દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. સ્થૂળ રીતે આવા વાતાવરણને પ્રામાણિક શિક્ષક કેવી રીતે જીરવે છે અને તેમાંથી મુક્ત થવાની મથામણ કરે છે. તેની કથા અહીં નિરૂપાઈ છે. ટૂંકમાં નવલકથાકારે આપણા ઉચ્ચ શિક્ષણ જગતની અનૈતિક, મૂલ્યહીન અને વિપથગામી પરિસ્થિતિઓને ત્રીજા પુરુષની કથનશૈલી દ્વારા આલેખી છે. નવલકથાકાર ખુદ અધ્યાપક હોવાને નાતે નવલકથા સ્વાનુભાવોમાંથી ઉતરી આવી હોય એવી પ્રતીતિ અચૂક થાય છે. વાસ્તવિક ચિત્રને કળાત્મક રીતે આલેખ્યું છે.

શહેરમાં દુષ્કાળનું વાતાવરણ છે અને કૉલેજમાં જમણવાર અને ફોટોગ્રાફી ચાલી રહી છે. નવલકથામાં પ્રારંભમાં દર્શાવેલું આ ચિત્ર શૈક્ષણિક પરિવેશ સંદર્ભે આંખે વળગી સામે લાવે છે. આવૃત્ત નવો અધ્યાપક છે. ફોટાના કાર્યક્રમમાં ક્લેરિકલ સ્ટાફ સાથે ઊભા રહેવાનું કેટલાક અધ્યાપકોને પસંદ નથી. તેમનું કચવાતું મન ચહેરા પર જોઈ શકાય છે, જ્યારે આવૃત્ત આ બધાથી તદ્દન અલગ છે. તેને દુષ્કાળ સમયની આવી મીજબાની પસંદ નથી. ખોરાકનો બગાડ તેને માટે અસહ્ય છે. જુઓ :

"આસપાસ પ્રસરેલું આનંદનું વાતાવરણ પૂરેપૂરું ઘટ્ટ બની ગયું. એક નજર ચારે બાજુ આવૃત્તે ફેરવી, ભાગ્યે જ કોઈ વિદ્યાર્થી કે અધ્યાપક ગેરહાજર હશે. બે દિવસ પહેલા ગયેલી છવ્વીસમી જાન્યુઆરી તેને યાદ આવી હોસ્ટેલના પચાસેક

વિદ્યાર્થીઓ સિવાય આખું પટાંગણ ખાલી હતું. ત્રણ-ચાર અધ્યાપકો 'અગત્યનું કામ છે. ડીનર વખતે તો હાજર રહેવું જ પડશે. અત્યારે કંઈ જરૂર નથી' એમ કહી બહારગામ ચાલ્યા ગયેલા આવૃત્તના મોઢાની તંગ બનેલી રેખાઓ ધૂંધળી આંખે આસપાસ ઊભરાતા સમાજને દેશનિકાલ કરી રહી."[39]

"પ્રિન્સિપાલ, પ્રોફેસરો, વિદ્યાર્થીઓ બધાને તેના શરીરનો અણુએ અણુ દેશનિકાલ કરી રહ્યો."[40]

આમ, આવૃત્તને કહેવાતા અધ્યાપકોથી અણગમો છે. અન્ય અધ્યાપકોની છબી – સ્મગલ્ડ વોચ, સૂટ-ટાઈ જેવા પહેરવેશથી આવૃત્ત દૂર રહે છે. તેનું મન આ બધા ઝાકઝમાળથી આકર્ષાતું નથી. વળી નોટ્સ આપવાની પદ્ધતિને પણ આવૃત્ત વખોડે છે. આમ અન્ય અધ્યાપકોથી તદ્દન જુદું વ્યક્તિત્વ આવૃત્તનું હોવાથી ડગલેને પગલે તેનું સ્વમાન હણાય છે. તે યુનિટીમાં નથી માનતો, અતડો રહે છે. ભણાવવાની સાચી રીત તેને નથી આવડતી, જેવા આરોપ તેના પર લગાવવામાં આવે છે ! આવૃત્તને અન્ય અધ્યાપક જુદો પાડે છે. એકબીજાને ગુડમોર્નિંગ કહે છે. જ્યાં આવૃત્તની અવગણના થતી હોય છે. આમ જ્યારે કોઈ પણ વિદ્યાર્થી કે શિક્ષક પોતાના વિચારો સાથે કાર્ય કરે છે અને તેના વિચાર અન્યોને હાનિકારક હોતા નથી, છતાં બધાની આંખમાં તે કણાની જેમ ખૂંચે છે. મોટેભાગે આવૃત્ત જેવા શિક્ષકોની ભરતી જ અટકાવી દેવામાં આવે છે, પરંતુ ભૂલથી અધ્યાપકોમાં આવા વ્યક્તિત્વ ધરાવતા શિક્ષકો આવી જાય તો તેને સહન કરવું જ પડે છે ! આવૃત્ત વિદ્યાર્થીકાળથી જ અન્ય વિદ્યાર્થીઓ કરતા જુદો હતો. નવલકથાકારે જણાવ્યું છે કે, "આવૃત્તને પોતે બી.એ.માં હતો ત્યારે વિવેચનની નોટ લખાવતો અધ્યાપક યાદ આવ્યો. તેના પર તે મનમાં ગુસ્સે થઈ ગયેલો. 'અમારે નોટ નથી જોઈતી, સમજવું છે.' એને કહી દેવાનું મન થયેલું, પણ પછી નહોતું

કહ્યું કારણ કે તેને ખબર પડી કે નોટ ન ઇચ્છતા વિદ્યાર્થીઓમાં પોતે એકલો જ છે."[41]

આવૃત્ત વર્ગખંડમાં વ્યાખ્યાન તથા ચર્ચા કરવામાં માને છે, નોટ્સ લખાવી દેવામાં કે વધારે ગુણ આપી દેવામાં માનતો નથી ! પોતાનું સ્થાન ટકાવી રાખવા આચાર્ય, સંચાલક કે સત્તાધારીઓના ખુશામત કરવામાં કે સમાધાનમાં માનતો નથી. તે તો ટોળાથી દૂર અને નૈતિક રહીને કામ કરવા મથામણ કરે છે. ભણાવવાની પદ્ધતિને લેખકે અહીં દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. અહીં શિક્ષકના પાત્રના માધ્યમથી શૈક્ષણિક પદ્ધતિને પણ રજૂ કરવામાં આવી છે. આવૃત્તના અંગત જીવનને લેખક દર્શાવે છે. એક જવાબદાર શિક્ષકને જ્યારે શૈક્ષણિક પદ્ધતિને લઈને, મૂલ્યોને લઈને કેટલાક પ્રશ્નોનો સામનો કરવો પડે છે ત્યારે તે પ્રશ્નો, સમસ્યા તે શિક્ષકના અંગત જીવનને પણ અસર કરે છે. આવૃત્તનું અંગત જીવન પણ આવૃત્તના બાળપણ, પત્ની અને કામવાળી સાથેના કેટલાક પ્રસંગ દ્વારા અભિવ્યક્ત થયું છે. એક શિક્ષકમાં હોવા જોઈએ એવા તમામ ગુણ – મૂલ્યો આવૃત્તમાં છે. મહેનત, ધીરજ, ખંત, નિષ્ઠા, સહાનુભૂતિ, સહનશીલતા વગેરે. પરંતુ તેમ છતાં આ શિક્ષકનું સમગ્ર જીવન સંઘર્ષમય બની રહે છે. જેમાં જુદાં જુદાં શૈક્ષણિક મુદ્દાઓ ધ્યાનમાં આવે છે.

સૌપ્રથમ મુદ્દો છે વિચાર. સામાન્ય માણસ પણ પોતાના વિચાર પ્રમાણે કર્મ કરે છે. આ તો એક શિક્ષક છે, તો તેની વિચારસરણી તો આખા સમાજ માટે અંગુલીદર્શનનું કાર્ય કરે છે. દરેક માટે તે આદર્શ હોય છે. હવે પ્રશ્ન એવો છે કે આવૃત્તનું વ્યક્તિત્વ મજબૂત હોવા છતાં તેના પડકાર તેને અને તેના પરિવારને હચમચાવી દે છે. જેનો પાયો આવૃત્તની કાર્યપદ્ધતિથી નખાય છે. લેખક આવૃત્ત અને કહેવાતા અધ્યાપકોને કંઈક આ રીતે દર્શાવે છે, જુઓ :

"અધ્યાપક થયો એટલે વાંચવું તો અમારે કુદરતી હાજત જેવું – ન વાંચે અધ્યાપક નહિ."[42]

હવે કહેવાતા અન્ય અધ્યાપકોની વિચારસરણી જુઓ :

"કોઈ કોઈ પ્રોફેસર વર્ગમાં જઈ વિદ્યાર્થીઓને ન જોતા સ્ટાફરૂમમાં પાછા આવી ડસ્ટર પછાડતા, ખાનામાં પુસ્તકોને ચોક ફેંકતા. મરશે ભણવું હોય તો ભણશે. આપણે શું કરવાના ? રૂમાલથી ખુરશી લૂછી પગ લંબાવી બેસતા, આજુબાજુ ચાલતી લાગવગની વિદ્યાર્થીઓની અશિસ્તની વાતોમાં ભળી જતા, કેરમ, ટેબલટેનિસ કે ચેસ રમતા."[43]

આવા અધ્યાપકોની પોતાની કોઈ ઓળખ નથી. લેખક નવલકથામાંના પાત્રો ક, ખ, ગ વગેરે નામથી દર્શાવે છે. આચાર્યની ભૂમિકા પણ કહેવાતા અધ્યાપકોની હરોળમાં આવે છે, જે આચાર્ય શાળાની કામગીરીનું મૂલ્યાંકન કરે અને જરૂર પડે કાર્યપ્રણાલીમાં પરિવર્તન લાવે તેવા સત્તાના ઉપયોગથી શિક્ષણની ગુણવત્તા સુધારી શકે છે, પરંતુ અહીં દર્શાવેલા આચાર્યને વિદ્યાર્થીઓની સંખ્યા વધારવામાં અને પરિવર્તન વગર દરરોજ જે કહેવાતી મિટીંગ બોલાવાય છે તેમાં જ રસ છે. તેમના મતે ખ, ગ, ઘ બધા ગામોની કોલેજોમાં તેમની કૉલેજ નવી છે, છતાં ચાર વર્ષમાં સંખ્યા બધાથી વધું છે, એ ઘટવી ન જોઈએ. આવૃત્ત મિટીંગની આવી ચર્ચાથી વ્યથીત છે, જુઓ :

"અસહ્ય ગંદકીને બદબોથી મન વ્યથિત થઈ ઊઠે એવી કોઈ ગામની બંધિયાર ગલીમાં જઈ પહોંચ્યાનો ભાવ અનુભવ્યો."[44]

આવૃત્ત કાર્યસ્થળને શા માટે ગંદકી કહે છે ? કારણ કે શિક્ષણ સંસ્થામાં કાર્ય કરતા વ્યક્તિઓની કાર્યપદ્ધતિ ખોટી છે. આજે ભારત દેશના મધ્યપ્રદેશ નામના

રાજ્યમાં 'વ્યાપમ' મુદ્દો વકરેલો જોવા મળે છે. શૈક્ષણિક પદ્ધતિમાં ચેડા થતા જોવા મળે છે. પરીક્ષા પદ્ધતિમાં વ્યાપેલી ગેરરીતિઓ શિક્ષણ જગતનો મોટો સડો છે.

હાલમાં 'વ્યાપમ' જેવો શિક્ષણ જગતનો મુદ્દો નવલકથામાં પણ દર્શાવવામાં આવ્યો છે. આવૃત્તને પેપર તપાસવાનું ગમતું નથી. કારણ કે એમાં વિદ્યાર્થીની પોતાની વિચારધારા નથી. પરંતુ ગાઈડનું મેટર જ ભરેલું દેખાય છે. વળી માર્કસ પણ ખોબો ભરીભરીને અન્ય અધ્યાપકો આપે છે. આમ, શિક્ષણનું સ્તર નીચે જતું આપણે જોઈ શકીએ છે. વળી આ પરિસ્થિતિમાં પણ નવલકથાનો નાયક અન્ય અધ્યાપકોના જુદાં જુદાં પ્રતિભાવનો સામનો કરે છે, જે તેને માટે અસહ્ય છે, જુઓ

:

"જલદી, મિ. જોશી, જલદી હજી ઘણું બાકી છે. અરે, એક એક લીટી ન વંચાય. આજે પીએચ.ડી.નો થીસીસ પણ લીટીએ લીટી કોઈ નથી વાંચતું, તો આવું તો શું ? આટલી વાર તે હોય !"[45]

શૈક્ષણિક પરિવેશનો અહીં અગત્યતાનો મુદ્દો ધ્યાન ખેંચે છે તે છે મૂલ્યાંકન, વિદ્યાર્થીનાં મૂલ્યાંકનની જો આ રીત હોય તે તેનું વ્યક્તિત્વ ઘડતરની તો વાત જ ન કરી શકાય. વ્યક્તિત્વ વિકાસ અને મૂલ્યોનું સિંચન બહુ જ દૂર રહી જાય, કારણ કે આ ત્યારે જ શક્ય બને જ્યારે મૂલ્યોનું ભાન શિક્ષકને હોય. શિક્ષકનું વ્યક્તિત્વ આદર્શ હોય. શિક્ષકનો આંતરિક અને બાહ્ય વિકાસ, ઘડતર થયું હોય પરંતુ જે ગુણ શિક્ષકમાં નથી તે વિદ્યાર્થીમાં આવે તે અશક્ય છે, ખરેખર તો મૂલ્યાંકનના આધારે વિદ્યાર્થીનું ભવિષ્ય નક્કી થાય છે. વિદ્યાર્થીના રસ-રુચિ પારખી શકાય છે, પણ જો તે મૂલ્યાંકન જ ઉચિત રીતે ન થતું હોય તો યોગ્ય સ્થાને યોગ્ય વ્યક્તિ સત્તા પર હોય એ આશા રાખવી ખોટી છે.

શૈક્ષણિક જગતનો સળગતો પ્રશ્ન શિક્ષકની આર્થિક પરિસ્થિતિ છે. આવૃત્ત પણ આસપાસના વાતાવરણથી તંગ થઈ ગયો છે, તેને તેની બહાર નીકળવું છે, પરંતુ તે મહામહેનતે ભણીગણીને આ સ્થાને પહોંચ્યો છે. વળી પરિવારનું નિર્વહન પણ પૈસા વગર અશક્ય છે. આથી આવૃત્ત આ પ્રકારની શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરે છે જેમ, બિલકુલ શૈક્ષણિક વાતાવરણ નથી. સાંપ્રત સમયની શૈક્ષણિક સંસ્થાઓ જેવું વાતાવરણ છે. નવલકથામાં આવૃત્તને 'પૂર્વરાગ' વાંચતો દર્શાવ્યો છે. ચંદ્રદાસ પ્રિન્સિપાલને રાજીનામું આપી રોકડું પરખાવી જતો રહે છે. એ રીતે જો તેના પિતા પાસે પણ પૈસા હોત તો આમ નવી કૉલેજ ખોલી દેવાનો વિચાર સુદ્ધાં તેને આવે છે. પરંતુ તેની આર્થિક સ્થિતિને લેખક કંઈક આ શબ્દોમાં રજૂ કરે છે, જુઓ :

"પોતે પુસ્તકો લાવે છે તે પ્રીતિને ઘણીવાર નથી ગમતું એ તેના ચહેરા પરથી કળી જાય છે, છતાં એ કંઈ ગુસ્સે થતી નથી. ક્યારેક હસતા હસતા કહી દે છે કે બે પુસ્તકમાંથી તો એક સ્ટીલની થાળી આવી જાય પ્રીતિને થાળી લેવાનો હક નથી ?"[46]

સત્તાનું વરવું સ્વરૂપ આ નવલકથાનો અન્ય એક શૈક્ષણિક મુદ્દો છે. આવૃત્ત દરેક વિકટ પરિસ્થિતિમાં રહીને આગળ વધે છે. પછી તે શૈક્ષણિક વાતાવરણનું કડવું સત્ય હોય કે અંગત જીવનની આર્થિક પરિસ્થિતિ હોય પરંતુ તે ડગ માંડે છે. પોતાના મૂલ્યો સાથે રાખીને જ આગળ વધે છે ત્યારે સામે આવે છે સત્તાનું સ્વરૂપ. પ્રવાહમાં જ વહેવું નિયમ છે, જ્યારે આવૃત્ત પોતાના વિચારને બદલતો નથી. વ્યક્તિત્વ ખોતો નથી, આથી અન્ય અધ્યાપકોથી અલગ પડે છે અને તેથી તેને આચાર્ય રાજીનામાનો પત્ર આપી દે છે ! ઘડીવારમાં તો તેને આખો ભૂતકાળ તાદૃશ થાય છે. આવૃત્ત વિચાર્યા કરે છે, પોતે વિદ્યાર્થીઓને નોટ્સ નથી આપી એટલે આમ થયું કે માર્કસ ઓછા આપ્યા એટલે પછી કે સેક્રેટરીને પોતાનો માણસ

લાવવો હશે ? આવૃત્ત પોતાને સંભાળીને અન્ય નોકરીની શોધમાં પરોવાય છે. ક્યારેક પ્રેસિડન્ટ પાસે જઈ માફી માંગવાનો વિચાર પણ આપી જાય છે, પરંતુ તેમ કરતો નથી. આમ શિક્ષણ જગતનું આ કડવું સત્ય છે કે સત્તાના જોરે આવૃત્ત જેવાં અધ્યાપકોને પરેશાન કરવામાં આવે છે. વળી આવૃત્તનો સંઘર્ષ હજી ચાલે જ છે. આવૃત્તના ગયા પછી પણ તેની વાતો અન્ય અધ્યાપકો કંઈક આ રીતે કરે છે, જુઓ :

" 'અરે શેના સિદ્ધાંતો ! બધી વાતો !' કહી 'ક' ત્રણે સ્મિત કર્યું. 'ખરેખર આવ માણસો અધ્યાપનના ક્ષેત્રમાં આવી અધ્યાપકોની આબરૂ બગાડે છે. એ પાછા એક જગ્યાએથી નીકળી બીજી જગ્યાએ ન પ્રવેશે એની યુનિવર્સિટીએ કાળજી લેવી જોઈએ.' "[47]

શિક્ષકની મથામણને અહીં સ્પષ્ટ રીતે દર્શાવી છે. આવૃત્ત હજી હાર નથી માનતો અને પોતાની સાથે થયેલા અન્યાયની સામે લડવા તત્પર બને છે. તે આ ઘટનાને અધ્યાપકમંડળમાં રજૂ કરવાનું વિચારે છે, કારણ કે અન્ય શિક્ષક સાથે ફરી આમ ન થાય પરંતુ જ્યાં સડો બધે જ ફેલાયેલો હોય ત્યાં કેવી કાર્યવાહી અને કેવી સુનાવણી, આમ આવૃત્ત અંતે પાછો વળે છે અને પોતે જે વિષય લીધો છે તેને પણ ક્યારેક તે દોષ આપે છે, જુઓ :

"ગુજરાતી લેવામાં મૂર્ખતા લાગી. અંગ્રેજી, ઈકોનોમિક્સ, કોઈ બીજો વિષય જેમાં ખૂબ ડિમાન્ડ હોય તે લીધે હોત તો સારું"[48]

ડિમાન્ડ એન્ડ સપ્લાઈ, બેરોજગારી વગેરે મુદ્દા શિક્ષણ જગતના જ નહિ સમાજ માટે પણ સળગતા પ્રશ્નો સાબિત થઈ રહ્યા છે. વિદ્યાર્થીઓ ક્યારેક રસ-રૂચિને ધ્યાનમાં રાખીને વિષય પસંદ કરે છે, તો ક્યારેક માતા-પિતાના આગ્રહને વશ થઈ તો ક્યારેક ગાડરિયા પ્રવાહમાં આવી જઈને વિષય પસંદ કરે છે, પરંતુ

તે વિષયનું ભવિષ્ય કે તે વિષય પ્રમાણેની જગ્યા નોકરી માટે છે કે નહિ તે પણ જોવું જોઈએ. વળી સિસ્ટમ પણ કેટલાક નોમ્સ અને કાયદા વગરની છે. આથી એડમિશનના Criteria બદલાય તો આ પ્રશ્ન હલ થઈ શકે.

અંતે લેખક આવૃત્તને નંબર 16 બનતો દર્શાવે છે જે શૈક્ષણિક જગતના કડવા પ્રતિભાવનું પરિણામ છે એમ કહી શકાય. આ રીતે આવૃત્ત જોશી વ્યક્તિ મટીને 'નંબર' બનવાની દિશામાં ડગલું માંડે છે એ કરુણ દૃશ્ય સાથે કથા પૂર્ણ થાય છે.

ભરત મહેતા એ 'જયંત ગાડીતનું કથા સાહિત્ય'માં જયંત ગાડીતની ભાષાશૈલી વિશે જણાવ્યું છે કે,

"જયંત ગાડીતની ભાષા સરળ છે આ સરળતાને તેઓ ધારદાર બનાવી શક્યા છે."[49]

આમ, નવલકથાકારે સરળ ભાષામાં શૈક્ષણિક જગતને આલેખ્યું આવ્યું છે. જેમાં શિક્ષકની વિચારસરણી, મૂલ્યાંકન પદ્ધતિ, આર્થિક પરિસ્થિતિ, સત્તાનું સ્વરૂપ વગેરે મુદ્દાઓ ઉજાગર કર્યા છે. આ મુદ્દાઓને લગતા પ્રશ્નો 'વ્યાપમ' સ્વરૂપે આજે પણ આપણી સમક્ષ ઊભા છે. જેનો ઉકેલ લાવવો ખૂબ જરૂરી છે. આ નવલથા વિશે મણિલાલ હ. પટેલે ઉચિત નોંધ્યું છે કે, "આજે શિક્ષણક્ષેત્રમાં ચારે બાજુ મૂલ્યહીનતા તથા અનૈતિકતા વકરેલી છે. 'આવૃત્ત' એટલા માટે પ્રસ્તુત છે કે એ આ પ્રદૂષિત અને વિકરાળ બનેલી પરિસ્થિતિઓ પૂર્વેની ગંદી ગંગોત્રી ચીંધે છે. એના સર્જકની ચેતના ઘણી વહેલી આહત થઈ હતી. આજે તો ઉચ્ચ શિક્ષણ મૂલ્યહીનતાનો મહાસાગર બની ગયું છે. 'આવૃત્ત' તો એનું પ્રારંભિક બિન્દુમાત્ર છે !" (શબ્દસૃષ્ટિ, ઑગષ્ટ 2017, પૃ. 75) શિક્ષણ વ્યવસ્થા સત્તા આગળ જડ બની છે, પરંતુ એ જ શિક્ષણ વ્યવસ્થામાં આવૃત્ત જેવા અધ્યાપક સંઘર્ષ કરી જીવતા

રહેવાનો પ્રયાસ કરે છે. પરંતુ વ્યવસ્થામાં સુધારો લાવવો એટલો સરળ નથી. છતાં પ્રયત્નશીલ રહેવું એ મનુષ્યની ચેતનાને જાગૃત કરતી પ્રતિક્રિયા છે. આમ આ પ્રયત્ન જો દરેક શિક્ષણ સાથે જોડાયેલા વ્યક્તિ કરશે તો ચોક્કસ સકારાત્મક પરિણામ આવી શકે એવી આશા આ નવલકથામાંથી પસાર થતાં રાખી શકાય. 'આવૃત્ત' નવલકથા વિષયવસ્તુની પ્રસ્તુતતા ઉપરાંત પ્રસંગની ગૂંથણી, સંઘર્ષ કરતા પાત્રોનું સહજ ને જીવંત આલેખનને કારણે પણ આસ્વાદ્ય બની છે.

જયંત ગાડીતની 'આવૃત્ત' નવલકથા અનેક રીતે આગવી અગત્યતા ધરાવે છે. એક જ વ્યક્તિના જીવનમાં ઉદ્‌ભવતી જુદી-જુદી પરિસ્થિતિને સર્જકે અલગ-અલગ એમ સત્તર પ્રકરણમાં વહેંચેલી છે. પરિસ્થિતિના સૂક્ષ્મ અવલોકનને લીધે પ્રાપ્ત થતા તારણો કથાવસ્તુને મજબૂત બનાવે છે. શૈક્ષણિક જગતમાં આંખે ચઢીને આવતો ભ્રષ્ટાચાર ઉપર વેધક પ્રકાશ પાડતું વસ્તુ કલાત્મક રીતે સર્જન પામ્યું છે. નવલકથાનું મુખ્ય પાત્ર 'આવૃત્ત' છે, જેને લેખક શૈક્ષણિક જગતમાં ચાલતા રાજકારણ સામે સંઘર્ષ કરતો દર્શાવે છે અને અંતે સત્તા સામે નમતું જોખે છે. હાલમાં પણ સત્તાની વિરુદ્ધ જઈને પડકાર ઝીલીને કોઈ પણ ક્ષેત્રમાં બદલાવ શક્ય બન્યો હોય એવું ઉદાહરણ શોધતા પણ મળતું નથી. આમ, વાસ્તવિક લાગે તેવું કથાનક 'આવૃત્ત' નવલકથાની ઓળખ બની રહે છે. આવૃત્તની પત્ની પ્રીતિ આવૃત્તને નોકરી બાબતે વિચારે છે કે તો ક્યારેક ભાઈએ ટ્યુશનક્લાસ આપવાની સલાહ આપેલી તે યાદ કરે છે. આમ, પીઠ ઝબકારની રચનારીતિ પણ જોવા મળે છે.

- **'વલય'**

ધીરેન્દ્ર મહેતાની 'વલય'(1971) નવલકથામાં હોસ્ટેલજીવનની સમસ્યા, અધ્યાપકનું વ્યક્તિત્વ, વર્ગખંડનું વાતાવરણ, વિદ્યાર્થી-અધ્યાપક વચ્ચેના સંબંધો

જેવાં શૈક્ષણિક મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી છે. લેખકે નવલકથામાં યુવા હૈયામાં પ્રગટતી કૂણી લાગણીઓ અને તેમાંથી પ્રગટતા વલયો પર ધ્યાન દોર્યું છે. પરંતુ ખપમાં લીધેલા શૈક્ષણિક સંસ્થાના મુદ્દા અને ઘટનાઓ પણ અગત્યના છે. આમ, શૈક્ષણિક પરિવેશ સંદર્ભે જે કંઈ નવલકથામાં બને છે તેને વિગતે સમજવાનો પ્રયાસ અહીં કર્યો છે.

અધ્યાપકનું વ્યક્તિત્વ – શૈક્ષણિક પરિવેશનો અગત્યતાનો મુદ્દો છે. ત્રિલોક, સત્યા અને કાજલ યુવા પાત્રો છે. ત્રિલોક અને કાજલના કૉલેજના એક અધ્યાપક જગમોહન છે. જેમનું વ્યક્તિત્વ તેમના અનુભવથી ઘડાયેલું હોય છે. અધ્યાપક હોય કે વિદ્યાર્થી જ્યારે વર્ગમાં પ્રવેશ કરે છે ત્યારે તેમનું વ્યક્તિત્વ કે માનસ કેટલાક પૂર્વગ્રહોયુક્ત હોય છે. પ્રોફેસર જગમોહન અનેક આર્થિક મુશ્કેલીઓનો સામનો કરીને આગળ આવ્યા હોય છે. વળી, તેમનો આ સંઘર્ષ તેમના મગજમાં તરવરતો જ હોય છે. પછી તે વર્ગખંડમાં હોય તો પણ તેમના વર્તન અને વ્યવહારમાં એક પ્રકારનો તરવરાટ દેખાતો. લેક્ચર દરમ્યાન કોઈ પણ દખલગીરીથી તે 'ડિસ્ટર્બ' થઈ જતાં. આ સંદર્ભે નવલકથાકારે જણાવ્યું છે કે,

"કોઈ વિદ્યાર્થી એનું અનુસરણ કરે તો તેમનો 'મૂડ' બગડી જતો અને તરત હાથમાંની નોટ્સ હવામાં ફરફરાવીને કહેતા 'કેટલી બધી તૈયારી કરીને આવું છું, ખબર છે ?' અને પછી એમ ને એમ અર્ધો – પોણો પિરિયડ જતો રહેતો. ઘણા વિદ્યાર્થીઓનું એવું માનવું હતું કે સમય પસાર કરવાની એ એમની એક યુક્તિ હતી."[50]

આમ, અધ્યાપકના અનુભવ કહો કે ભૂતકાળ ક્યારેક તેનો પીછો છોડતો નથી. અનુભવમાંથી શીખીને આગળ વધવું અને ભૂતકાળના સંઘર્ષને વાગોળવો જોઈએ નહીં એમ સમજવું એક વાત છે અને જીવનમાં ઉતારવું અલગ વાત છે.

પ્રતિભાશાળી વ્યક્તિઓ આવા સંઘર્ષને ભૂલી આગળ વધે છે, કેટલાક તેમાં જ અટવાયેલ હોય છે. કારણ કે ભણેલા હોવા છતાં તેમનામાં અભણપણું હોય છે. યુનિવર્સિટીઓની પરિસ્થિતિનો ચિતાર આપતા સુરેશ જોષી 'વિદ્યા વિનાશને માર્ગે'માં અભણપણાના પ્રકાર સમજાવે છે. જુઓ :

"સેમ્યુઅલ બેકેટે બે પ્રકારના અભણપણાની વાત કરી છે તે અહીં સંભારવા જેવી છે. એક અભણપણું આપણે કશું શીખવાનું શરૂ કર્યું તે પહેલાંની આપણી સ્થિતિ છે, પણ બીજું અભણપણું તો આપણે ભણી રહીએ પછી શરૂ થાય છે. આપણા દેશમાં આ બીજા અભણપણાને દૂર કરવા માટે યુનિવર્સિટીએ પ્રયત્નો કરવાના છે. આપણા જાણીતા કલાવિદ આનન્દ કુમારસ્વામીએ આ વાત ઘણા વર્ષો પહેલા, બીજી રીતે કરી હતી. એમણે કહ્યું હતું કે આપણા દેશની સમસ્યા તે અભણ લોકોનું અભણપણું નથી, પણ ભણેલાઓનું અભણપણું છે. આ અભણપણું એમને એક પરિમાણી બનાવી દે છે. સમગ્ર વ્યક્તિત્વનો વિકાસ એમના લક્ષ બહાર રહી જાય છે."[51]

આમ અધ્યાપકનું વ્યક્તિત્વ-માનસ ભૂતકાળથી જોડાયેલું હોય છે. ભણેલા પણ ક્યારેક એવું વર્તન કરતા હોય છે. જ્યાં તેમને સુધરવાની જરૂર છે, તો ક્યારેક ઇતિહાસને વાગોળતા કેટલાક વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ પણ ચઢીયાતા સાબિત થાય છે. નવલકથામાં ત્રિલોકને પણ પ્રશ્ન થાય છે કે પ્રોફેસર જગમોહનનું વર્તન સહાનુભૂતિ મેળવવા માટે છે કે એમનો આદર્શ છે ? પરંતુ આ પ્રશ્નને તે મનમાં રાખીને માનની લાગણી સાથે જગમોહન સાથે વ્યવહાર કરે છે. વળી કાજલ સાથેનો પરિચય પણ પ્રોફેસર જગમોહનની જ દેન હોય છે.

નવલકથામાં અધ્યાપક અને વિદ્યાર્થી વચ્ચેનો સંબંધનો મુદ્દો પણ શૈક્ષણિક પરિવેશની ઝાંખી કરાવે છે. ત્રિલોક અને જગમોહન વચ્ચે જે આત્મીયતાના સંબંધ

હોય છે એવો જ સ્નેહ જગમોહન અને કાજલ વચ્ચે હોય છે. જગમોહન કાજલનો પરિચય ત્રિલોકને આપતા કહે છે :

"એનું નામ કાજલ. મારી વિદ્યાર્થીની છે. આશ્ચર્યની વાત એ છે કે બંગાળી ભાષા પોતે જાણતી નથી છતાં રવિબાબુના ગીતો સરસ અને સ્વાભાવિક રીતે ગાય છે. ઘણા ગીતો એને કંઠસ્થ પણ છે."[52]

ઉચ્ચ સંસ્થાઓમાં અધ્યાપક અને વિદ્યાર્થીઓનો સંબંધ મૈત્રીપૂર્ણ હોય છે. વિદ્યાર્થીઓ પોતાના વિચારોને સહજ રીતે અધ્યાપક સમક્ષ રજૂ કરી શકે છે. વિદ્યાર્થીઓના માનસપટ પર આવા સંબંધો જીવનભર એક આગવી છાપ છોડી જાય છે. લેખક પ્રોફેસર અને વિદ્યાર્થીની વચ્ચેના સંબંધને પણ સહજ રીતે દર્શાવ્યો છે. પાત્રની નાની-નાની ક્રિયા-પ્રતિક્રિયાની નોંધ લીધી છે. જેમ કે, કાજલ જગમોહનની હાજરીમાં વાતચીતનો અંત લાવી જાય છે. ત્યાં પ્રોફેસરને કાજલની ગેરહાજરી ખટકે છે તે આંખો સામેથી અદૃશ્ય થાય છે, ત્યાં સુધી તેઓ તેને જુએ છે. કહેવાનો મર્મ એટલો જ છે કે લેખક અધ્યાપકની નાની – નાની વર્તણૂકને પણ નોંધમાં લે છે.

નવલકથાકારે 'હોસ્ટેલ જીવન'નું રસપ્રદ વર્ણન કર્યું છે. હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓની એક અલગ દુનિયા હોય છે. અલગ પ્રશ્ન હોય છે. અલગ સમસ્યાઓ પણ હોય છે. ત્રિલોકના રૂમમાં જાળાંને જોઈને મિત્ર સમીત કંઈક આમ સલાહ આપે છે, જુઓ :

"આ જાળાં સાફ ન કરાવજે, સરસ લાગે છે. વાદળ જેવા અને છતના ધૂમિલ રંગમાં જાણે કે આ પીળા રંગની દીવાલોનું પ્રતિબિંબ પડતું હોય એવું લાગે છે."[53]

વિદ્યાર્થીને અન્ય વિદ્યાર્થી પાસેથી કંઈક એવું જાણવા મળે છે જે ક્યારેય તેને માતા-પિતા કે વડીલો પાસેથી જાણવા ન મળ્યું હોય. વળી સમવયસ્ક હોવાથી વિદ્યાર્થી એ સમજ અને વિચારને સરળતાથી ગ્રહણ કરી શકે છે.

હોસ્ટેલના દરેક વિદ્યાર્થીની એક આગવી ઓળખ છે અને દરેક વિદ્યાર્થીની પોતીકી લાક્ષણિકતા છે, નીજી જીવનશૈલી છે. લેખક તે ઓળખને તાદૃશ્ય કરી છે. ત્રિલોક માત્ર પોતાના કેટલાક મિત્રો અને પરિવારથી જોડાયેલો છે તો રમણ ઉલ ઊતારતા ઊતારતા જોર જોરથી ઉબકા કરે છે, કારણ કે મોંમાં દેડકો પેસી ગયો હતો ! સચિન આ હકીકતને સાઈકીક ગણાવે છે. તો રૂમનંબર ૩૩માં રહેતો પ્રભુદાસ પોતાની ફિયાન્સીનો ફોટો ટેબલ પર મૂકીને અગરબત્તી કરતો અને પછી વીખરાઈ જતા ધુમાડાને હાથ આડા ધરીને પ્રિયતમાને સંબોધતો હોય છે, સુગંધ આવે છે ને ? રૂમનંબર 10માં રહેતો માધુ મેસમાંથી ભાખરી ચોરતો અને પિપરમીટ સાથે ખાતો. તો રૂમનંબર 5માં રહેતા કવિરાજ કોઈને રૂમમાં આવવા દેતો નહિ ! છોકરાને પણ નહિ ! મારું ચિત્તતંત્ર અત્યંત સંવેદનશીલ છે આમ કહી એકલા પડ્યા રહેતા, આમ અલગ અલગ વ્યક્તિત્વ ધરાવતા વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં હોય છે. વિદ્યાર્થીઓ પર સંગતનો પ્રભાવ પડતો હોય છે. આ પ્રભાવ હકારાત્મક હોય છે તો કેટલીકવાર નકારાત્મક હોય છે, જુઓ :

“પરંતુ આ ધર્માત્માઓ માટે સોમરસની શી વ્યવસ્થા છે.”[54]

“જુઓ ભાઈ ! પ્રભુદાસ જરા ગંભીર થયો, રસની વ્યવસ્થા મેં કરી છે પણ આ રવિવારનો પ્રસંગ બન્યા પછી.”[55]

હાલના વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારનો ભય હોતો નથી. વિદ્યાર્થીઓ ભયમુક્ત થાય પરંતુ અમુક બાબતોને લઈને તેમનામાં ગુંડાગીરીનું તત્વ આવી ગયું હોય છે. જ્યારે પાઠક સાહેબ મહેફિલ માણતા વિદ્યાર્થીઓને પકડે છે, ત્યારે બોમી નામનો વિદ્યાર્થી ઉદ્ધતાઈથી જવાબ આપતા કહે છે :

“એણે પાઠકસાહેબને કહ્યું સાહેબ, પોલીસને બોલાવશો તો તમે જ ફસાઈ જશો. બોટલ અને ગ્લાસ પર તમારી પણ ફિંગર પ્રિન્ટ છે. અમે એમ કહીશું કે તમે પણ અમારી સાથે સામેલ હતા.”[56]

શૈક્ષણિક સંસ્થાઓનું દૂષણ એ પણ શૈક્ષણિક પરિવેશનો અગત્યતાનો મુદ્દો છે વિદ્યાર્થીઓનું ઉદ્ધતાઈભર્યું વર્તન. હોસ્ટેલમાં થતી દારૂની મિજબાની વગેરે શૈક્ષણિક સંસ્થાની પરિસ્થિતિને દિવસે ને દિવસે બગાડી રહ્યું છે. નવલકથામાં ઘટીત ઘટનાઓ-બનાવો જીવાતા જીવનથી બીલકુલ વિપરીત નથી. પાઠકસાહેબને સામે ઉદ્ધતાઈથી જવાબ આપતો બોમી ડિસમીસ થાય છે, પરંતુ નકલી પિતા બનાવીને કૉલેજમાં પાછો પ્રવેશ મેળવે છે ! વળી વિદ્યાર્થીઓને આવા કાર્યમાં સાથ આપતા શૈક્ષણિક સંસ્થાના કર્મચારી પણ હોય છે ! અહીં લાલચમાં આવી પૈસા પડાવી, કર્મચારી વિદ્યાર્થીઓને ખોટે માર્ગે દોરતા જોવા મળે છે.

હોસ્ટેલ જીવનની સમસ્યા શૈક્ષણિક સંસ્થાઓનો સળગતો પ્રશ્ન છે. વિદ્યાર્થીઓ સમસ્યાઓને લઈને એટલા હેરાન થતા હોય છે કે એમાં શિક્ષણ તો બાજુ પર જ રહી જાય છે. મેસના જમણના પ્રશ્ન હોય કે હોસ્ટેલ રૂમમાંથી ચોરી થવાનો પ્રશ્ન હોય, જેની વિદ્યાર્થીની શિક્ષણ પર અસર થતી જ હોય છે. ઉપરોક્ત પ્રશ્નોના ક્રમશઃ ઉદાહરણ જોઈએ.

“રોટલી જલદી ન આવતી તો છોકરાઓ ગરમ થઈ જતા. કોન્ટ્રેક્ટર એમને સમજાવતો, ક્યારેક ચિડાઈ પણ જતો. સચીન જમવા માટે મોડો આવતો અને મરચાં વિનાનું મોળું શાક ખલાસ થઈ જતું તો એ ઉશ્કેરાઈ જતો પછી એનાથી જમી શકાતું નહિ. મોળું શાક ન હોવાને લીધે નહિ પરંતુ ઉશ્કેરાઈ જવાને લીધે.”[57]

“એ સ્કૂલમાંથી છોકરાઓની ચોપડીઓ ચોરીને અર્ધી કીંમતે વેચતો હતો. એક વાર એક છોકરાની ચોપડી તો વેચી આવ્યો હશે, તે બીજા છોકરાઓ દુકાન

પરથી અર્ધી કીંમતે ખરીદી. પેલા છોકરાએ જોયું તો, એ પોતાની ચોરાયેલી ચોપડી હતી."[58]

આમ જમવાને લઈને થતા સચીનના અનુભવ, ચોરીની ઘટના વિદ્યાર્થીઓને કનડગત કરે છે. વળી ચોરીને લઈને થતી બે વિદ્યાર્થી વચ્ચેની ઝપાઝપીમાં એક વિદ્યાર્થી મૃત્યુ પામે છે. આમ નાની નાની સમસ્યાઓનો અંત ગંભીર પરિણામમાં આવેલો જોવા મળે છે. બોમી અને તેના મિત્રો એક છોકરી પર દુષ્કર્મ આચરતા જોવા મળે છે. આ પ્રકારના ઝઘડા અને સંઘર્ષના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ પર આડ અસર પડે છે.

નવલકથાનો પરિવેશ શૈક્ષણિક છે. આથી સ્લૅન્ગ લૅન્ગવેજનો ઉપયોગ થયેલો જોવા મળે છે. ઉ.દા. :

કૃપા પ્રસાદ[59]; ભૂખડી બારસ[60]; મધિયા[61]; કોલકરાર[62]; સોમરસ[63]; મનોજિયો[64] વગેરે શબ્દો કૉલેજના વાતાવરણનો અનુભવ કરાવે છે.

રમણલાલ જોશી સંસ્કૃતિ સામયિકના જૂન '72ના અંકમાં 'સ્વાધ્યાય અને સમીક્ષા' નામના લેખમાં કહે છે કે,

"લેખકના કથાવસ્તુમાં કશી નવીનતા નથી. ઉપલક દૃષ્ટિએ પરંપરાગત જણાય, પણ આ રચનાની વિશેષતા તો એ કથાવસ્તુની માવજતમાં છે. લેખકે પસંદ કરેલા સ્થળકાળને કારણે કૉલેજ જીવનની ખાસ કરીને હોસ્ટેલ જીવનની બાબત એમાં આવે છે. એની ઝલક ચિત્રાત્મક છે. ચિત્ર થોડુંક ઘેરી રંગપૂરણીવાળું છતાં વાસ્તવિકતાના તથ્યાંશવાળું છે. વાતાવરણની જમાવટ સારી થયેલી છે."[65]

ટૂંકમાં, 'વલય' નવલકથા દ્વારા કૉલેજ કેમ્પસનું અને હોસ્ટેલ કેમ્પસનું વાતાવરણ તાદૃશ થતું અનુભવાય છે.

‘વલય’ શીર્ષક પ્રમાણે નવલકથાકાર નવલકથામાં પરિસ્થિતિના વર્તુળો રચે છે. સંબંધોના વલય રચે છે અને સમયાનુસાર તેમાં પરિવર્તન પણ દર્શાવે છે, એતલે વલય – શમી પણ જાય છે. સામાન્ય રીતે ત્રિલોકની આજુબાજુ ઘટનાઓ ફરતી જોવા મળે છે. ગ્રામજીવન અને શહેરીજીવનનો પણ અનુભવ કથા વાંચતા થાય છે. આ બન્ને તાદૃશ ચિત્રો નવલકથાને પૂર્ણ કરે છે. જેમાં ગ્રામસંસ્કૃતિના બે પાત્રો ત્રિલોકના માતા-પિતા જીજી-ઉવાના આલેખનમાં વિશેષ લંબાણ જોવા મળે છે. પદ્યમિશ્રિત ગદ્ય કૃતિને રસમય બનાવે છે. અંતઃ ભીડ ભરેલી વસ્તીમાં પણ મનુષ્ય જ્યારે એકલતા અને નિઃસહાયતા અનુભવે છે, સંબંધોના વિકાસમાં જે મુશ્કેલી અનુભવે છે, તેની કથા ‘વલય’ બની રહે છે, જેમાં શૈક્ષણિક જગતની કેટલીક ઘટનાઓ પણ નોંધપાત્ર છે.

- **‘કર્ણ’**

જયંત ગાડીતની ‘કર્ણ’ નવલકથા વિદ્યાર્થીની આંતરિક મનોદશાને પ્રગટ કરે છે. ઈ.સ.1979માં પ્રકાશિત થયેલી આ નવલકથામાં રાજકારણ અને અંગત જીવન વચ્ચે ઝઝૂમતો વિદ્યાર્થી છે. કોઈ વિદ્યાર્થી તેના અંગત જીવનના સંઘર્ષનો સામનો કરતો હોય અને તેની સાથે શૈક્ષણિક સંસ્થામાં પણ રાજકારણ રમાતું હોય ત્યારે કેવી વિકટ પરિસ્થિતિ સર્જાય છે, તેનું વર્ણન ‘કર્ણ’ નવલકથામાં જોવા મળે છે.

નવલકથાકારે પૌરાણિક કથાનકને ભિન્ન રીતે ‘કર્ણ’ નવલકથામાં આલેખ્યું છે. વિદ્યાર્થી જ્યારે ઉચ્ચ શિક્ષણના અભ્યાસ અર્થે શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ લે છે ત્યારથી કાં તો તેના જીવનને તેની ક્ષમતા અને કૌશલ્ય મુજબ નવો આકાર મળે છે, કાં તો કેટલાક અનુભવ જીવનને રફેદફે કરી નાંખે છે. ‘કર્ણ’ નવલકથામાં એક

એવો વિદ્યાર્થી છે જેની પ્રતિક્રિયા પરથી તે વિદ્યાર્થીના આંતરમનમાં ચાલતા સંઘર્ષ સમજી શકવા શક્ય નથી.

વિદ્યાર્થીનું ભિન્ન વ્યક્તિત્વ, શૈક્ષણિક પરિવેશનો મુદ્દો નવલકથાના પ્રારંભમાં જોવા મળે છે. 'હર્ષદ બારોટ' એક એવા વિદ્યાર્થીની ભૂમિકામાં નિરૂપવામાં આવ્યો છે જેને આપણે એક હાજરજવાબી રાજકીય વિદ્યાર્થીનેતા કહી શકીએ. લેખકે પ્રારંભમાં હર્ષદનું પાત્ર એ રીતે આલેખ્યું છે કે આપણે એમ માની બેસીએ કે આ ઊડાઊ, અમીર, બિન્દાસ્ત, લાપરવાહ પ્રકારનો રાજકારણમાં પડેલો વિદ્યાર્થી છે. જુઓ :

"નો, નો, નો. આઈ એમ વેરી વેરી બીઝી કહી, હર્ષદ બધાને રૂમમાંથી બહાર ધકેલ્યા."[66]

વિદ્યાર્થીઓનો સમૂહ જ્યારે 'હોસ્ટેલની છત ટપકે છે' તેવા પ્રકારના પ્રશ્નો લઈને જાય છે ત્યારે હર્ષદ તરફથી મળેલો આ પ્રતિભાવ હર્ષદના વ્યક્તિત્વના એક પાસાને જ રજૂ કરે છે. વળી, હર્ષદનું અંગત જીવન કોઈ કલ્પના પણ ન કરી તેવું અસહ્ય છે. રાજકીય પ્રવૃત્તિઓમાં વ્યસ્ત આ વિદ્યાર્થી ખૂબ જ સંવેદનશીલ સંબંધને લઈને મૂંઝવણમાં છે તેમ કોઈ વાચકને પ્રારંભથી ખબર જ ન પડે. મનસુખ મહેતાના સંપર્કમાં પણ તે તેના મિત્રને લીધે આવે છે. રાજકારણના દાવપેચ જાણતા મનસુખ મહેતાને મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં જીતવું હોય છે, તેથી તે હર્ષદનો ઉપયોગ કરે છે. વધારે મત મેળવવાની લાલચે હર્ષદના મનમાં 'નવા ગામ'નો વિચાર નાખે છે. આ તરફ હર્ષદ પોતાની વ્યક્તિગત વેદનાને લીધે દુ:ખી છે, તો બીજી તરફ મનસુખ મહેતાનું સ્વાર્થી રાજકારણ પણ તેને દુ:ખી કરે છે. હર્ષદ સાચી માની શોધમાં ઝૂરે છે. આ જ વિચાર તેને કાયમ ડંખે છે.

હર્ષદ પોતાના મિત્ર શરદના સંપર્કમાં આવવાથી પોતે રાજકારણમાં ઝંપલાવે છે. કારણ કે શરદના પિતા મનસુખ મહેતા જાણીતા નેતા હતા. આમ કૉલેજ એક એવી જગ્યા છે જ્યાં કુમળા છોડ સમાન નવા વિદ્યાર્થીઓને રાજકારણની તાલિમ આપવામાં આવે છે. હર્ષદ વિદ્યાર્થી નેતા તરીકે એક મહોરું માત્ર હોય છે, એની પાછળનો મૂળ ચહેરો મનસુખ મહેતાનો હોય છે. વિદ્યાર્થીઓ અવારનવાર હર્ષદ પાસે અનેક પ્રશ્નો લઈને આવે છે. મેસનું જમવાનું બરાબર નથી વગેરે જેવી ફરિયાદોને હર્ષદ સમક્ષ રજૂ કરવામાં આવે છે. હડતાલ વિશે પણ વિદ્યાર્થીઓમાં બે વર્ગ પડે છે. એક જે સ્કોલરશીપને લઈને હડતાલમાં જોડાવા માગતા નથી અને બીજા જે હડતાલમાં જોડાઈને અભ્યાસથી વેગળા રહેવામાં માને છે. આ પરિસ્થિતિમાં અભ્યાસ અને અભ્યાસીના પ્રશ્નો બેમાંથી કોને અગ્રિમતા આપવી તેનો આધાર આપણા શિક્ષણસંસ્થાના સત્તાધીશોનો હોય છે. હર્ષદ સમક્ષ એવા બે પક્ષો પોતાના અંગત પ્રશ્નો કે સ્વાર્થ લઈને આવે છે જે બન્નેથી હર્ષદ વિપરીત છે. એક તરફ કૉલેજના વિદ્યાર્થી અને બીજી તરફ રાજકારણી મનસુખ મહેતાની અપેક્ષા જુઓ :

"માથાભારે થઈ ગયેલો પ્રિન્સિપાલ હર્ષદ આગેવાની લે તો જ કંઈક સાંભળશે, તેથી વારંવાર હોસ્ટેલની મુશ્કેલીઓ હલ કરવા માટે હર્ષદની મદદ લેવાતી."[67]

"આપણા ફાયદામાં સરઘસ કાઢો આજે. મકાનો પડે છે નવું ગામ વસાવો."[68]

આમ, એક તરફ વિદ્યાર્થીઓની આશા છે અને બીજી તરફ મનસુખ મહેતા હર્ષદને સરઘસ કાઢવા માટે કહે છે. જેમાં હર્ષદ અવઢવમાં મૂકાઈ જાય છે.

રાજકારણ કેવળ શૈક્ષણિક સંસ્થાઓમાંથી જ નહીં પણ દરેક જગ્યાઓથી દૂર થવું જોઈએ. નવલકથામાં રાજકારણી મનસુખ મહેતા પણ કંઈક નવા જ

કાવાદાવા ઘડે છે. ગામમાં કોઈક કારણસર બે મકાન પડે છે. હવે તે પટેલોના છે આથી મનસુખ મહેતાના મતે નવું ગામ વસાવવું અનિવાર્ય છે, કારણ પટેલોને ઘર મળે કે નહિ પરંતુ પોતાને મત જરૂર મળશે. આમ હર્ષદ સરઘસ કાઢે છે, ત્યારે મનસુખ મહેતાનો પ્રતિભાવ જુઓ :

"હર્ષદ કેટલીક વખત 'પાકાં ઘર' મળશે એમ બોલ્યો. એનાથી તે અકળાયો. આમ બંધાઈ જવાય ? 'નવાં ઘર નવાં ઘર' બસ એમ જ બોલવાનું એવું બોલવું જોઈએ કે બંધાઈ ન જવાય અનુકૂળ અર્થ કાઢી શકાય એવા વાક્ય બોલવા જોઈએ. સરઘસ પૂરું થયા પછી પોતાની સામે પ્રફુલ્લિત ચહેરે જોઈ રહેલા હર્ષદને તેણે સસ્મિત વદને વિદાય આપી 'વાહ રંગ રાખ્યો, બારોટ સાચે સાચ બારોટ અટક ઊમળી, અટક."[69]

એન્જિનિયર મિત્ર તરફથી મળતી સલાહમાં પણ રાજકારણની વ્યાખ્યા લેખક આપે છે, જુઓ :

"માથી ખેંચાય તે પોમલા માવડિયા, આજનો આદર્શ માનવી પોલિટિશ્યન, દરેક પોલિટિશ્યન મા વગરનો હોય, તું પોલિટિશ્યન બન."[70]

કૉલેજમાં હડતાલ થતી હોય છે, ત્યારે આચાર્યની પ્રતિક્રિયા જુઓ :

"નો પોલિટિક્સ ઑફ ધ ટાઉન ઈન માય કૉલેજ, અંડરસ્ટેન્ડ ?"[71]

જે શિક્ષણનો સૂત્રધાર હોવો જોઈએ એ આચાર્યના આ સંવાદ પ્રોફેસનલ લાગે છે, પરંતુ અંદરની વાત કંઈક અલગ જ હોય છે. આચાર્ય જેણે શિક્ષણ વ્યવસ્થાની તમામ ગતિવિધિઓનું નિરક્ષણ કરીને મૂલ્યાંકન કરી એક આદર્શ આપવાનું હોય છે. પરંતુ આ આચાર્ય પ્રશ્નોને જ દાબી દેતા જોવા મળે છે. વિદ્યાર્થીઓના પ્રશ્નોને ક્યારેક પોલિટિક્સનું નામ આપીને તેમના વર્તનને

ગેરવ્યાજબી ગણાવવામાં આવે છે. હર્ષદ પણ આવા પ્રશ્નોને લઈને કૉલેજના આચાર્ય સાથે ચર્ચા કરે છે. પરંતુ પ્રતિભાવ જોઈએ એવો મળતો નથી. આમ વાત કે પ્રશ્ન જ્યાં ઉકેલવાનો હોય ત્યાં મુદ્દો વધારે પડતો વણસી જાય છે.

રાજકારણ અને અંગત જીવનના માઠા પરિણામ નવલકથામાં શૈક્ષણિક પરિવેશનો અંતિમ મુદ્દો છે. પ્રશ્નો જે હડતાલને લઈને હોય છે, વળી મનસુખ મહેતાની અપેક્ષાઓએ પણ હર્ષદ બારોટ ખરો ઉતરતો નથી. નાયકે જેની પાસે સહકારની અપેક્ષા રાખી હતી તે એન્જિનિયર પણ તેને તરછોડે છે, કારણ કે તેને માના પ્રેમમાં આંધળા યુવાનો પસંદ નથી. હર્ષદ બારોટ ભલે બહારથી સખત દેખાય છે, પરંતુ અંદરથી તે પણ માના પ્રેમમાં ઝૂરે છે. તેનું બહારનું સખત વલણ વિશે ડૉ. મનોજ માહ્યાવંશી ‘કલાબા’ તેમના પુસ્તક સર્જક-વિવેચક : જયંત ગાડીતમાં આ રીતે દર્શાવે છે, જુઓઃ

કોલેજિયન તરીકે હર્ષદ ધમાલીયા વિદ્યાર્થી તરીકે જાણીતો છે. વળી રાજકીય પીઠબળ હોવાને લીધે તે કોઈથી ડરતો નથી અને પ્રોફેસરોની પણ ઠેકડી ઉડાવે છે. કૉલેજમાં ભણતી રેખાને તે ગંદી નજરથી જોતો રહે છે. વળી શંકરદા ડોસાએ સ્ત્રીના સંદર્ભમાં હર્ષદને નાનપણથી જ ઘણુંબધું કહી દીધેલું તેથી ઔરતને આદરપૂર્વક જોતા હર્ષદ શીખ્યો જ નથી. છીછરાપણું હર્ષદની ઓળખ છે. એક પટેલ છોકરી પર બળાત્કાર પણ તે કરી ચૂકેલો છે અને આ નવલકથાના અંતમાં રેખાના બળાત્કાર માટે પણ પ્રયત્ન કરે છે. જુઓ એના વિચાર :

“બાળપણથી હર્ષદને માની ગેરહાજરી સાલી નથી, સ્ત્રી એટલે રોટલા ટીપી આપનારી, મોટા થયા પછી સ્ત્રીને જોઈ એના મનમાં ખુન્નસ ઊભરાતું સ્ત્રીને ચૂંથવી જોઈએ, રેપ કરવી જોઈએ, કોઈ સ્ત્રીને રેપ કરતાં કે કોઈ સ્ત્રી પર રેપ થયો છે એ જાણી એ મનમાં થોડું સુખ અનુભવતો.”[72]

રાજકારણના કાવાદાવા અને વિદ્યાર્થીને ભોગવવા પડતા કડવા પરિણામ શૈક્ષણિક પરિવેશનો છેલ્લો મુદ્દો નવલકથામાં છે. હર્ષદનો મિત્ર શરદ જે મનસુખ મહેતાનો પુત્ર હોય છે, તેના ઘરમાં ચોરી કરીને ભાગી જાય છે. ફરિયાદ હર્ષદ પર થાય છે અને એન્જિનિયર પણ માવડિયા હર્ષદથી દૂર રહેવાનું નક્કી કરે છે. આમ અંતે વિદ્યાર્થી નેતા તરીકે હર્ષદને ઝઝૂમતો દર્શાવવામાં આવ્યો છે. હર્ષદની રાજકારણી બનવાની ઇચ્છા પણ નિષ્ફળ નિવડે છે. રાજકારણીઓ, વિદ્યાર્થીઓનો કેવી રીતે ઉપયોગ કરીને તેમના જીવનને રફેદફે કરી દે છે તેનું રસપ્રદ રીતે વર્ણન અહીં કર્યું છે.

આમ નવલકથામાં વિદ્યાર્થીનેતા, રાજકારણ, વિદ્યાર્થીનું અંગત જીવન વગેરે મુદ્દાઓથી શૈક્ષણિક પરિવેશના સંદર્ભે જોવા મળે છે. તેમજ શિક્ષણ જગતના સળગતા પ્રશ્નો – જેવા કે હડતાલ, વિદ્યાર્થીની સમસ્યાઓ, હોસ્ટેલજીવનની સમસ્યા વગેરે જીવંત બની રહે છે. આજે પણ આ પ્રશ્નો એવા જ ઊભા છે. જેનો ઉકેલ લાવવો જરૂરી છે.

સ્લેન્ગ લેન્ગવેજનો ઉપયોગ પણ નવલકથામાં થયો છે. ઉદા. મેસ્મરાઈઝ[73]; વીપીપી[74] (વેરી પોલિટિકલ પર્સન)[75] વગેરે. તો ક્યાંક અપશબ્દો પણ જોવા મળે છે, જેવા કે ચૂતિયો[76]; રાંડ[77] વગેરે. આમ કથાવસ્તુ અને પરિવેશને અનુરૂપ નવલકથામાં ભાષા પ્રયોજાઈ છે.

જયંત ગાડીત 'મહાભારત'ના 'કર્ણ'ના પાત્રને ધ્યાનમાં રાખીને આ નવલકથામાં દર્શાવાતા 'કર્ણ'નું આધુનિક શેડવાળું પાત્ર નિરૂપે છે. નવલકથામાં પાત્ર કેન્દ્રસ્થાને છે. હર્ષદ બારોટની આસપાસ જ કથા ફરે છે. કૉલેજકાળના અનુભવો અને અંગત જીવનની પીડા વચ્ચે ઝોલાં ખાતુ હર્ષદ બારોટનું પાત્ર રાજકારણનો ભોગ બને છે. દૂર્યોધનની શક્તિઓ જેમ કૌરવોના પક્ષમાં રહીને

વેડફાઈ હતી, તેમ હર્ષદ બારોટની શક્તિ રાજકારણી મનસુખ મહેતાની સેવામાં વેડફાતી દર્શાવાઈ છે. અન્ય પાત્ર અજવાળી, રૂપસિંહ, કુલો, શંકરદા, હર્ષદ, રેખા વગેરે પાત્રોના અવૈદ્ય જાતીય સંબંધોની આખી કથાને આલેખીને લેખકે કથારસ જાળવ્યો છે. પોતાની મા કોણ હશે ? એવી સમસ્યાથી સતત પીડાતા રહેતા હર્ષદ બારોટનો આવેગ અને આક્રોશ પણ જોવા મળે છે, જેમાં લેખકના સૂક્ષ્મ વર્ણનો કારગત નીવડ્યા છે. નાયક ક્યારેક એન્જલિના સાથે લડે છે, તો ક્યારેક સાથે ભણતી રેખાને હેરાન કરે છે.

## ♦ ‘સરસતી સરસતી તું મોરી મા’

સમાજ અને શિક્ષણ વચ્ચેના સંબંધને સાહિત્યના માધ્યમથી રજૂ કરતી વિદ્યુત જોષીની ‘સરસતી સરસતી તું મોરી મા’(1988) નવલકથા વાસ્તવને તાકે છે. વિદ્યુત જોષી પહેલાના નવલકથાકારોએ ઉચ્ચ શિક્ષણની પાર્શ્વભૂમિમાં કે તેના અનુષાંગિક વિષય પર નવલકથા લખી જ છે તો કૉલેજ વિષે વધુ એક આ નવલકથા સાહિત્યના વિષય વ્યાપને તો વધારે જ છે. તેમજ સર્જકનું અલગ માનસ દર્શન અહીં થાય છે. આથી જ લેખક નવલકથાનાં નિવેદનમાં કહે છે : “મારી પ્રતિબદ્ધતા મધ્યમવર્ગીય લલિતકથાઓ કે નિમ્નવર્ગીય દલિતકથાઓ પ્રત્યે છે નહીં. આ બન્ને વર્ગથી દૂર રહીને હું વાસ્તવને જોવાનો પ્રયત્ન કરું છું.” (પૃ. 9) નવલકથામાં ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થા ખોલવા પાછળના હેતુ, પ્રવેશ પ્રક્રિયા, શિક્ષણકાર્ય, પરીક્ષા દરેક તબક્કે પડદા પાછળનું ચિત્ર રજૂ કર્યું છે.

આજે આપણે અનેક ગામડા, કસબાથી પરીચિત છીએ જ્યાં ઉચ્ચ શિક્ષણ માટે પ્રાઈવેટ કૉલેજ ખૂલે છે. અહીં તેનું પ્રતિનિધિત્વ કરતી ‘શૈક્ષણિક સંસ્થા’ જિતપુર નામના કસબામાં જોવા મળે છે. સતુભા અને અનિલ બરછાઈના નેતૃત્વ હેઠળ જિતપુરના સમસ્ત લોકજન ગામડાની ભોળી પ્રજાના પ્રતીક સમાન બની રહે

છે. સતુભા પોતાના દૌહિત્ર કનુભા માટે અને અનિલ બરછાઈ વિકાસના હેતુથી કૉલેજ ખોલે છે. અહીંના પાત્રો સારા-નરસાંના વાઘા ન પહેરતા વાસ્તવિકતાની ધરતી પરના લાગે છે. એમ કહી શકાય કે કૉલેજના આચાર્ય, ટ્રસ્ટી, વિદ્યાર્થીથી માંડી દરેક પાત્ર મુખ્ય – ગૌણ મટીને વાસ્તવિક બની રહે છે. વળી, લેખકે પ્રવેશકમાં કહ્યું છે તેમ માત્ર પાત્રના નામ બદલી દીધા છે. ઘટનાઓ સત્ય છે એથી વધીને કહીએ તો વાસ્તવિક છે.

નવી કૉલેજ શા માટે શરૂ કરવી જોઈએ એ અંગે પ્રસ્તુત નવલકથામાં નવલકથાકારે ચર્ચા કરી છે. પ્રાઈવેટ કૉલેજ મોટાભાગે પોતાનો કોઈક ને કોઈક હેતુ સિદ્ધ કરવા ખોલવામાં આવે છે. ગુજરાતમાં સૌથી વધુ કૉલેજ સિત્તેરના દાયકામાં ખુલી છે. કૉલેજ ખોલવા પાછળનો હેતુ કયો છે ? તે જોવું અગત્યનું છે. કેટલાક કૉલેજ પોતાનું વર્ચસ્ વધારવા ખોલે છે, તો કેટલાક મોભો મેળવવા તો કેટલાક આર્થિક લાભ માટે વગેરે. પરંતુ ગુણવત્તાસભર શિક્ષણનું અહીં ક્યાંય લક્ષ્ય સાધવામાં આવતું નથી ! કૉલેજ ખોલી છે, આથી ઉચ્ચ શિક્ષણ મળી જ જશે કોઈ પણ રીતે એમ માની લેવામાં આવે છે. અનિલ બરછાઈ અને સતુભા દરબાર પણ અંગત કારણોસર કૉલેજ ખોલે છે. નગરપંચાયતના સભાપતિ અનિલ બરછાઈ મુજબ જિતપુરનો વિકાસ એમણે જ કર્યો છે. વિકાસની બીજી સીડી કે પગથીયું કેવી રીતે ન લલચાવે ? સામે છેડે દરબાર સતુભા જેમની દોહિત્ર કનુભાને અન્ય કૉલેજમાં ચૂંટણીમાં એક ઉમેદવારને માર મારવા બદલ આચાર્યે તેને રસ્ટીકેટ કર્યા આથી સતુભાને લાગી ગયું હતું કે, આપણી જ કૉલેજ હોય તો આવું નીચાજોણું તો ન થાય. આમ, જુદાં જુદાં સ્વાર્થ સિદ્ધ કરવા માટે કૉલેજ ખોલવાનો વિચાર અમલમાં મૂકાય છે. આમ જે ઇમારતના પાયા જ આટલા સક્ષમ છે, મજબૂત છે એનું ચણતર અને શિખર કેટલું મજબૂત હોઈ શકે એ આપણે સમજી શકીએ છીએ.

શૈક્ષણિક પરિવેશમાં પસંદગી પ્રક્રિયા પણ ધ્યાન ખેંચે તેવો મુદ્દો છે. ગુરુકુળ પદ્ધતિમાં પસંદગી પ્રક્રિયા સમયે બૌદ્ધિક કસોટીને અગત્યતા આપવામાં આવતી હોય છે. જેના સ્થાને હવે અન્ય કારણસર વ્યક્તિ પસંદગી પામે છે. ટ્રસ્ટી મોહનભાઈ પટેલ જાણી ગયા છે કે ગામ બે જૂથમાં વહેંચાઈ ગયું છે, એક જૂથ સતુભા તરફી અને બીજું જૂથ અનિલ બરછાઈ તરફી છે. આથી પરિસ્થિતિને અનુકૂળ રહીને તેઓ આચાર્યનું નામ કંઈક અલગ અંદાજમાં આ રીતે સૂચવે છે, જુઓ :

"આપણા માણસોમાંથી એક માત્ર આ માણસના નામનો જ દરબાર કબૂલ કરશે. જો આ વાત તમે કબૂલ રાખશો તો દરબારને પોતાનું ધાર્યું થતું લાગશે અને ભવિષ્યમાં તમને સહકાર આપશે, પછીની નાની નાની વિગતોમાં તેમને રસ પણ પડવાનો નથી"[78]

અનિલ બરછાઈનો પ્રતિભાવ વાતની પૂર્તિ કરે છે, જુઓ :

"આપે કહ્યું તેમ દરબારને ખુશ રાખવા તમે કહેશો તેને પ્રિન્સિપાલ તરીકે લઈ લઈશું."[79]

આમ, અંદર અને બહારનું ચિત્ર અલગ છે. અંદર ગમે તેટલી જૂથબંધી હોવા છતાં બહાર પ્રામાણિકતાનું મ્હોરું પહેરે છે. સભામાં સતુભા ભાષણ આપે છે તેમાં સર્વનું હિત ઇચ્છે છે : "ખાસ તો મારે આપણા મહેમાનને કહેવાનું છે કે સહકારી મંડળીમાં થયું છે તેવું કૉલેજમાં ન કરશો, આમાં સમાજના બધા વર્ગોને સ્થાન આપજો, નહીં તો ભવિષ્યમાં મુશ્કેલી પડશે."

શિક્ષણ વ્યવસ્થાના સૂત્રધાર સમાન હવે શિક્ષકોની પસંદગીની વાત આવે છે, જેમાં પ્રિન્સિપાલ સાહેબે આવેલી અરજીઓમાંથી ચિઠ્ઠીવાળી અરજીઓને અલગ તારવી કામ સરળ બનાવી દીધું છે. કૉલેજમાં શિક્ષકની ભરતી કરવા માટેના

માપદંડ પણ આશ્ચર્ય પમાડે છે. ગુજરાતી વિષયના વ્યાખ્યાતા તરીકે ગજાનન ત્રિપાઠીને લેવામાં આવે છે, કારણ તેઓ ગ્રંથપાલ અને લેક્ચર બન્ને લઈ શકશે. તો હિન્દી વિષય માટે રઘુવીર પરમારની પસંદગી થઈ, કારણ કે તે સ્પોર્ટસમેનની જવાબદારી પણ સંભાળી લેશે. વળી, હિન્દીના અન્ય અધ્યાપક ડૉક્ટરની પદવી મેળવી ચૂક્યા હતા. જેનું ભણતર આચાર્યને નડે એમ સતુભાએ સૂચવ્યું. વળી ભલે પરમાર સાહેબને હિન્દી બોલતા નથી આવડતું. આપણો હેતુ પાર પડે છે એમ ટ્રસ્ટીઓ ચર્ચા કરે છે. વિદ્યાર્થિઓના પ્રશ્નો સાંભળી શકે તે માટે એક સ્ત્રી વ્યાખ્યાતા અંગ્રેજી વિષયમાં તથા ગ્રાન્ટ ન અટકે તે માટે અત્યંત કચવાતા મને એક ભીલ ઉમેદવાર શ્રી પ્રમોદભાઈ પરમારની વાણિજ્ય વિષયમાં નિમણૂક કરવામાં આવી ! વળી કારકૂન તરીકે બ્રાહ્મણના દિકરાને લેતા સતુભા ખચવાટ અનુભવે છે, પણ અનિલ બરછાઈના કહેવાથી માની જાય છે. આમ સંસ્થામાં શિક્ષકની પસંદગી માટે ઉમેદવાર વિષયમાં કેટલો નિપુણ છે તેને ધ્યાનમાં રાખીને નહીં પણ પોતાની આવી કેટલીક અંગત બાબતોને ધ્યાનમાં રાખીને જુદાં જુદાં કારણોસર પસંદ કરવામાં આવે છે. આર્થિક સ્થિતિને જોઈને કોઈને પસંદ થાય છે તો ક્યારેક નાત-જાતના આધારે ભેદભાવ ધ્યાનમાં લેવાય છે, વધારે ભણેલાની નિમણૂક કરવામાં ખચકાય છે. સતુભા ટ્રસ્ટીઓ સમક્ષ કહે છે :

"તો આટલું ભણેલો માણસ પ્રિન્સિપાલને ભવિષ્યમાં મુશ્કેલી કરે."[80]

વળી, ભીમજી સોનપરા જેવા હોંશિયાર અધ્યાપક પણ લેવાય છે. અર્થશાસ્ત્ર વિષયના ઈન્ટરવ્યૂ લેવા માટે આ બધા ટ્રસ્ટીઓ ઉપરાંત એક બહારનો માણસ પણ બેઠો હોય છે, કારણ કે કોઈને શંકા ન થાય. આમ, સત્તાના જોરે કામ પાર પડે છે. આવી સંસ્થા અને તેના કાર્ય વિશે વિદ્યા વિનાશને માર્ગેમાં સુરેશ જોષી જે નોંધ લે છે તેમાં સમાજ તરફ પણ અંગુલીનિર્દેશ છે, જુઓ :

"પોળે પોળે જેમ દૂધની કેબિનો હોય છે તેમ શહેરે શહેરે વિદ્યાપીઠો ખૂલતી જાય તો તેથી આપણો શૈક્ષણિક કે સાંસ્કૃતિક વિકાસ થઈ રહ્યો છે એવી ભ્રાન્તિને વશ થનારા બાલિશ જ લેખાય. હવે એ તપાસવું જરૂરી છે કે અનેક પ્રકારના બોજાથી કચડાતો આપણો સમાજ અને આપણો આ દરિદ્ર દેશ કેટલી નકામી અ-કાર્યકર સંસ્થાઓ નાહક નભાવી રહ્યો છે."[81]

આમ નવી ખૂલતી શૈક્ષણિક સંસ્થા અને તે સંસ્થામાં થતી અધ્યાપક પસંદગી પર શિક્ષણની ગુણવત્તા નિર્ભર કરે છે જે તે સંસ્થાના હેતુ અને પસંદગી માટેના મૂલ્યો, આદર્શ, નિયમો, વ્યક્તિત્વના વિકાસનું પાસુ નક્કી કરે છે. તેમાં કચાસ રહી જાય અથવા અયોગ્ય પગલું લેવાય તો તેનો ભોગ સમાજનો એક આખો વિદ્યાર્થી વર્ગ બને છે, જેના માટે આપણે કોને દોષ દેવો એ પ્રશ્ન પણ સહજ રીતે થાય છે. સરકાર જેમને પરવાનગી આપી છે, ટ્રસ્ટી કે જેમણે નિયમ ઘડ્યા છે, એ વિદ્યાર્થી જે નિર્દોષ છે, એ સમાજ જે રૂઢિચુસ્ત રીતે પ્રવાહમાં વહેતો આવ્યો છે કે એ સર્વે નાના – મોટા હોદ્દા પરના શૈક્ષણિક સંસ્થાના સભ્યો જે સંસ્થામાં ચાલતી આ સર્વ સત્ય ઘટનાના સાક્ષી હોય છે, ભાગીદાર હોય છે, પરંતુ વ્યક્તિગત મૂલ્યોનો વિકાસ આ પરિસ્થિતિમાંથી કંઈક અંશે ઉગારી શકે.

રાજકારણ એક એવી રમત છે જે સર્વ ક્ષેત્રમાં ખેલવામાં આવે છે. હવે તેની નવાઈ નથી કે માત્ર શિક્ષણના ક્ષેત્રમાં જ આ રમત જોવા મળે છે. હા એવું બની શકે કે દરેકની દૃષ્ટિ પર નિર્ભર કરે છે કે કોઈ એને રાજકારણ કહે, હસ્તગત કળા કહે કે અન્ય કોઈ પણ આવડત, પરંતુ તેને જો ઓળખી શકો તો જે મજા ચિત્રપટ જોવામાં પણ નથી આવતી તે પડદા પાછળના ચિત્રમાં છે. પણ કંઈક આમ જ બને છે. કૉલેજનું મકાન બાંધવાનું છે. 'સરસતી સરસતી તું મોરી મા' નવલકથામાં સિમેન્ટવાળા અધિકારી વધુ પૈસા માંગે છે. મોહનભાઈ (ટ્રસ્ટી) રસ્તો કાઢતાં કહે છે કે સિમેન્ટ વધુ જોઈએ છે એવી એક અરજી કરો, ઓછી રકમના

અઢી ટકા કરતાં વધારે રકમના બે ટકા એ સજ્જન પુરુષ અવશ્ય સ્વીકારશે. વળી જરૂર કરતા વધારાના સિમેન્ટને ખુલ્લા બજારમાં વેચી અધિકારીને આપવાની રકમ કરતા પણ વધારે રકમ મળશે. આમ દરેક વ્યક્તિ પોતાનો નફો જોવા માગે છે. બિઝનેસ (વ્યવસાય) કહી શકાય. કોન્ટ્રાક્ટર લાભુ દલવાડીના નફા માટે વધારાનું તળાવ બંધાવી તેને નફો અપાવે છે અને મચ્છર અને ગંદકીના બહાને તે તળાવ પૂરી દેવાયું તેમ બહાર પાડવાનું એમ ચર્ચા ટ્રસ્ટીઓ વચ્ચે થાય છે. તળાવ પૂરવાના પૈસા પણ લાભુ દલવાડીને કહે છે તને અપાવીશું. આમ રાજા (ટ્રસ્ટી, આચાર્ય) પણ ખુશ અને પ્રજા (કોન્ટ્રાક્ટર, સિમેન્ટ અધિકારી) પણ ખુશ.

નવલકથામાં વાસ્તવિકતાના દર્શન કરાવતા હકારાત્મક સૂર પણ જોવા મળે છે. શિક્ષણ દ્વારા પરિવર્તન આ મુદ્દો પણ શૈક્ષણિક પરિવેશ સંદર્ભે નોંધનીય છે. ગામમાં કૉલેજ શરૂ થવાથી ગામમાં લોકોનાં વર્તનમાં પરિવર્તન આવે છે. વળી, શિક્ષણ એટલે વર્તનમાં આવતું પરિવર્તન. આમ, ક્યાંક તેનો સાચો અર્થ પણ પરિપૂર્ણ થતો અનુભવાય છે. વસ્ત્ર પરિધાનમાં બદલાવ જોવા મળે છે. ગામનો જનસમૂહ છાપા વાંચતો થાય છે. અંગ્રેજી શબ્દોની સમજ અને વાતચીતમાં ઉપયોગમાં લેવાય છે. દુકાનના નામ ‘એ.કે. માસ્ટર લેડીઝ એન્ડ જેન્ટ્સ સ્પેશ્યાલિસ્ટ’, ‘જે.એલ. હેર આર્ટ’ જેવા રાખવામાં આવે છે. ખાટલાના સ્થાને ટેબલ અને બાંકડા આવ્યા. આમ, ગામના અર્થકારણ પર કૉલેજના (શિક્ષણ)ના પ્રભાવની આ તો હજી શરૂઆત હતી. આમ, શિક્ષણને કારણે ગામમાં બૌદ્ધિક પરિસંવાદની પરંપરા ઊભી થાય તેવી શક્યતા સર્જાતી હતી.

શૈક્ષણિક પદ્ધતિનો મુદ્દો શિક્ષણમાં ખૂબ જ અસરકારક હોય છે. તેથી તેનો સમાવેશ પણ શૈક્ષણિક પરિવેશમાં થાય છે. શિક્ષણની પ્રક્રિયામાં જ્ઞાનપ્રાપ્તિ જ બધું નથી. આ પ્રક્રિયા ત્યારે જ પુરી થાય જ્યારે એક વ્યક્તિ (શિક્ષક) પોતાનામાં રહેલા જ્ઞાનનું અન્યમાં (વિદ્યાર્થીમાં) સંવર્ધન કરે, પ્રદાન કરે. શિક્ષકની આ

જવાબદારી (જ્ઞાનની આપ-લે)માં કેવી અડચણો આવી શકે અને ક્યારે અને કેવી રીતે આ જવાબદારી નિભાવી શકાય તેની ચર્ચા લેખક ગામની કૉલેજના અધ્યાપક અને વિદ્યાર્થીઓ દ્વારા કરે છે. કૉલેજમાં નોટ આપવી કે નહીં તે અંગે પણ અધ્યાપકોના બે જૂથ પડ્યા છે. જુઓ :

"નોટ આપવાનો નિયમ કર્યો હોવા છતાં ગજાનંદ ત્રિપાઠીએ ભણાવવાનું પણ ચાલુ રાખ્યું હતું. તેમની આ ભણાવવાની પ્રવૃત્તિ પર ચાંપતી નજર રાખવામાં આવતી હતી. તેમનો પિરિયડ ચાલતો હોય ત્યારે અનુભાની હોટલ તથા રેસ્ટહાઉસ તરફથી નિયુક્ત થયેલા ઈન્સ્પેક્ટરો ચક્કર લગાવી જતા હતા. કોઈ વર્ગમાં બેસીને શ્રવણાનંદ પણ પ્રાપ્ત કરતા. આ ઈન્સ્પેક્શનના અહેવાલો ધીમે ધીમે પ્રિન્સિપાલ સાહેબ પાસે પહોંચ્યા તેથી પ્રિન્સિપાલ સાહેબે પણ રોજનો એકાદ ચક્કર મારવાનો કાર્યક્રમ રાખ્યો હતો."[82]

ગામનું રાજકારણ વિદ્યાલયમાં પણ પ્રવેશે છે. ગામના બે જૂથ શિક્ષણ વ્યવસ્થામાં પણ પાંગરે છે. હવે શિક્ષણ કેવી રીતે આપવું તે પણ અર્થવ્યવસ્થા નક્કી કરશે. નવલકથાકાર ગજાનન ત્રિપાઠી સાથેનું વર્તન રાજકારણની વરવી વાસ્તવિકતા દર્શાવે છે. ત્રિપાઠી દાખલા રૂપે સમજાવે છે : 'કાળો કામળો હજો દાગ ન લાગે કોઈ' મીરાંના પદ દ્વારા – અહીં કૃષ્ણ સિવાય મીરાંને કોઈનો રંગ ન ચડે તેમ કહ્યું છે. પરંતુ વિદ્યાર્થીઓ કહે છે કાળા બેનર પર 'વોટ ફોર કનુભા' એમ સફેદ અક્ષર પર લખી કહે છે, આ રંગ ચડ્યો તો ખરો, આમ વાદ-વિવાદ થઈ જાય છે. જેમાં છેલ્લે ત્રિપાઠી અધ્યાપકના માથે કલર નાખી વિદ્યાર્થીઓ જતા રહે છે. આ અપમાન એક અધ્યાપક માટે અસહ્ય હોય છે. તે કૉલેજ છોડીને ચાલ્યા જાય છે. દરબાર સામેનું દિનેશ પટેલનું જૂથ આ બાબતને મોટી બનાવે છે. ચૂંટણીમાં પોતાનો ઉમેદવાર જીતે એવા કાવતરા ઘડે છે. મામલો મોટું સ્વરૂપ ધારણ કરે છે અને કૉલેજમાં ભણવા સિવાયની અખાડાની પ્રવૃત્તિઓ પણ જોવા

મળે છે. અનિલ બરછાઈ અને સતુભા દરબાર સુધી વાત ગઈ, બન્ને પોતાની વાત પર અણનમ હોય છે. આચાર્યને બોલાવવામાં આવે છે. હવે અહીં આચાર્ય પોતાની ભૂમિકા કુશળ રીતે નિભાવે છે. તેને યાદ હોય છે કે ત્રિપાઠી વખતે માફી માગવાનો અસ્વીકાર સતુભાએ કરેલો. ઝઘડાનું નિવારણ એવી રીતે આવે છે કે દિનેશ અને કનુભા બન્ને જી.એસ. પરંતુ બન્ને આર્ટસ્ ફેકલ્ટીના છે, આથી કનુભા કોમર્સ ફેકલ્ટીમાં જશે.

આમ રાજકારણ, ચૂંટણી વગેરે જેવી પ્રવૃત્તિઓ કેમ્પસના વિદ્યાર્થીઓનું ભાવિ નક્કી કરે છે. તેમનો (વિદ્યાર્થીઓનો) પ્રતિભાવ, તેમનું કેરિયર નક્કી કરે છે. કારણ આ બનાવમાં દુર્ઘટના પણ ઘટી શકે છે અને કરુણ પરિણામ પણ લક્ષ્યથી દૂર કરી શકે છે.

અધ્યાપકના પ્રશ્નો શિક્ષણ વ્યવસ્થામાં કેન્દ્ર સ્થાને જોવા મળે છે. શૈક્ષણિક પરિવેશને પરિપૂર્ણ કરતો આ મુદ્દો શિક્ષણની ગુણવત્તા પર પણ અસર કરે એમ કહી શકાય. નવલકથાકારે આ પ્રશ્ન સજાગ અને પ્રવૃત્ત અધ્યાપક મહેશ નામના અધ્યાપકના પાત્રથી રજૂ કર્યો છે. ગજાનન ત્રિપાઠીના સ્થાને આવેલા ગુજરાતી વિષયના અધ્યાપક મહેશ શુક્લ પગાર ન મળવાનું કારણ પૂછે છે. બધા અધ્યાપક મૌન છે અને માત્ર એટલું જ જણાવે છે તમારું બીલ, છોકરાઓની ફી, મકાનનું ભાડું બધું ચૂકવી દેવામાં આવશે. ચિંતા કરવાની જરૂર નથી. પરંતુ મહેશ શુક્લ આ પદ્ધતિને યોગ્ય ઠેરવતા નથી. સંસ્કૃત વિષયના કૃષ્ણપ્રસાદ અને ઇતિહાસ વિષયના નીતિનભાઈ શાહ પણ આ વલણથી નાખુશ છે. નીતિન શાહનો પ્રતિભાવ જુઓ :

“મને જ્યારે મોહનભાઈએ જિતપુરની કૉલેજમાં જોડાવાનું કહ્યું ત્યારે મારા મનમાં થયેલું કે ચાલો, શહેરના દુ:ખિત વાતાવરણની દૂર ગામડાંની સ્વચ્છ

હવામાં રહીશું અને કૉલેજમાં એવું વાતાવરણ ઊભું કરીશું કે જેથી ગાંધીવાદી રાહે ગ્રામવિકાસનું કામ થઈ શકશે. પરંતુ જે આઠ મહિના અહીં પસાર કર્યા તેમાં મારા સ્વપ્નના તો જાણે ચૂરેચૂરા થઈ ગયા છે. ગામડાંની અભણ અને ગરીબ પ્રજાને આગળ લાવવાનું કામ થવાને બદલે આપણે જાણે કૉલેજ થકી ગ્રામીણ ગુંડાગીરીનો વિકાસ કરતા હોઈએ તેવું લાગે છે. મને તો એમ થાય છે કે પહેલાં આપણે આપણી જાતને અને સંસ્થાને સુધારીએ. આ માટે આપણે જે અભ્યાસ વર્તુળ રચશું. તેમાં હું સદ્‌ગત શિક્ષણકાર, નાનાભાઈ ભટ્ટનાં પુસ્તક 'સંસ્થાનું ચારિત્ર્ય' વાંચન કરીશ."[83]

એક વિદ્યાર્થીની જેમ એક અધ્યાપક પણ ઘણા બધા સ્વપ્ન લઈને સંસ્થામાં પ્રવેશ કરતો હોય છે. પરંતુ અધ્યાપકનું ઘડતર સંસ્થાનું વાતાવરણ કરે છે જે આપણે ઉપરોક્ત કથન દ્વારા સમજી શકીએ છીએ, તેમ છતાં આશાનું કિરણ પ્રજ્જવલિત છે. અભ્યાસવર્તુળ બનાવી ભાષાશિક્ષણની વાત કરતા કૃષ્ણપ્રસાદ દવે ભાષા શિખવવાની પદ્ધતિ વિશે અન્ય અધ્યાપક સમક્ષ પોતાના વિચાર કંઈક આ રીતે મૂકે છે :

"'ભાષાના અધ્યાપકે પોતે જે ભાષા ભણાવતા હોય તેમાં જ બોલવું જોઈએ.' ત્યારે વિરોધ કરતાં રઘુભાએ કહ્યું, 'આપણે આપણી વિદ્વત્તાનું પ્રદર્શન નથી કરવાનું. વિદ્યાર્થીઓને ભાષા સમજાય તે રીતે ભણાવીને પરીક્ષામાં સફળ કરાવવાના છે'...પરંતુ જે તે ભાષાની પરીક્ષા પસાર કર્યા પછી પણ તે ભાષા બોલતા ન આવડે તો તે શોકાંતિક કહેવાય."[84]

અધ્યાપકની આ મૂંઝવણ વ્યાજબી છે. આજે અનેક વિષયો લઈને પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ મુખ્ય, ગૌણ વિષયને ધ્યાનમાં રાખી પરીક્ષા પાસ કરવાનું જ વિચારે છે. પરંતુ વિષય ગૌણ તરીકે લીધો હોય પરંતુ ગૌણ વિષયની પરીક્ષાના

પણ કૌશલ્ય હોય છે. ઉ.ત. ગુજરાતી વિષય ગૌણ તરીકે લીધો છે. વિદ્યાર્થી માત્ર સામગ્રી લઈ પાસ થાય છે, પરંતુ ગુજરાતી વિષયના ચાર કૌશલ્યનું શું ? શ્રવણ, કથન, વાંચન અને લેખન એ ભાષાના ચાર મુખ્ય કૌશલ્ય હોય છે અને ભાષાનો વિદ્યાર્થી શ્રવણ, કથન, વાંચન અને લેખન કરી શકે એ સામાન્ય હેતુ છે. આ હેતુની પૂર્તિ વગર પરીક્ષામાં પાસ થવું અશક્ય છે પણ નવલકથામાં દર્શાવ્યું છે તેમ વિદ્યાર્થી અને અધ્યાપક પરીક્ષામાં પાસ થવાના અથવા કહી શકાય કે પાર પાડવાના ઉપાય શોધે છે અને ડિગ્રી મેળવે છે.

દરેક સંસ્થામાં આચાર્યની એક અલગ ભૂમિકા હોય છે. નવલકથાકાર આવરદા ગઢવીના પાત્રમાં એક પરિપક્વ આચાર્યની છબી અંકિત કરે છે. પગારના પ્રશ્નને લઈ બધા અધ્યાપક આચાર્ય પાસે જાય છે ત્યારે તે સંસ્થાની હાલત નબળી છે કહી બધાની પાસે સંસ્થાને મદદ કરવા જણાવે છે. આર્થિક મદદ કરવી અને પછાત વર્ગના વિદ્યાર્થીઓને શોધી લાવવાથી તેમની ફી સરકાર ભરે, આથી આર્થિક લાભ સંસ્થાને થાય. આમ જે અધ્યાપક પોતે પગારની વાત કરવા ગયા છે તેમના માથે અન્ય કામગીરીની જવાબદારી આવે છે અને તે પગાર મળશેની આશાએ આ જવાબદારી સંભાળી પણ લે છે. આચાર્ય આ રીતે પોતાના સ્થાન પર ટકી રહે છે. એક કાંકરે બે શિકાર કરી પોતાની આવડત તેનામાં પહેલેથી જ હોય છે. આથી જ તો તેની પસંદગી આ સંસ્થામાં કરવામાં આવી હોય છે. આચાર્યમાં એવી ક્ષમતા છે જે પ્રશ્નોનું નિવારણ જાતે કરે છે. હવે આ પગારના પ્રશ્નને જો ટ્રસ્ટી સમક્ષ લઈ જાય તો ટ્રસ્ટીઓ છે સતુભા દરબાર અને અનિલ બરછાઈ. જે વાતને સમજ્યા વગર સીધા અધ્યાપક બદલવાની વાત કરે. હવે જો ટ્રસ્ટીઓ વિશે અધ્યાપકને જણાવે તો અધ્યાપક આંદોલન કરે, નોકરી છોડે અથવા ગુપ્ત માહિતી બહાર જણાવી સંસ્થાની બદનામી કરે. આમ, જો સંસ્થાની આર્થિક સ્થિતિને બહાર દર્શાવી અધ્યાપક પાસેથી મદદ મેળવવામાં આવે, જેમ કે વિદ્યાર્થી

એકઠા કરવાની, દાન માંગવાની તો ટ્રસ્ટી પણ ખુશ, અધ્યાપક પણ શાંત અને પોતાનું સ્થાન તો રહેવાનું જ, લેખકે આખી ઘટનાનો નિચોડ એક વાક્યમાં લખ્યો છે:

"નિયમિત પગારની ઉઘરાણી કરવા જતા કામ મળ્યું. અધ્યાપકોનો રોષ તત્કાલ પૂરતો શમી ગયો."[85]

શિસ્તભંગ એ પણ શિક્ષણ પદ્ધતિમાં અડચણ સમાન મુદ્દો છે. આજના વિદ્યાર્થીઓને શિસ્તના પાઠ ભણાવવા એટલે લોઢાના ચણા ચાવવા બરાબર છે. આચાર્ય શિસ્તભંગના બનાવમાં વચ્ચેનો રસ્તો કાઢે છે. નીતિનભાઈના વર્ગમાં શિસ્તભંગ થાય છે ત્યારે તે વિદ્યાર્થીને રસ્ટીકેટ કરવાની સલાહ આચાર્યને આપે છે, પરંતુ આચાર્યના મતે વિદ્યાર્થીઓ અવાજ કરે તો પટાવાળો ફટકારશે બાકી વિદ્યાર્થી રસ્ટીકેટ ન થાય. આમ પટાવાળો મારતો અને અધ્યાપક નીતિનભાઈને કહેતો તમે ભણાવો અને શિસ્તપાલનની આ રીતમાં લોકશાહીનો ભંગ થતો જોઈને નીતિનભાઈ અવાચક થઈ ગયા. વળી આવા કામચલાઉ કામ માટે સામંત નામના હસ્તકલા નિષ્ણાતની પટાવાળા તરીકે નિમણૂક કરવામાં આવે છે. આમ, આચાર્ય પાસે દરેક પ્રશ્નોના જવાબ છે. સમસ્યાનું નિરાકરણ તેના હોદ્દાની રૂએ જ થઈ જાય છે. આગળ (ટ્રસ્ટી, મેનેજમેન્ટ) સુધી વાત જતી જ નથી. શિસ્તભંગ કરતા વિદ્યાર્થીઓના મનમાં જે તાર્કિક ભૂમિકા હોય છે, તેને પણ લેખક દર્શાવવાનું ચૂક્યા નથી, કોઈ વિદ્યાર્થી તોફાન કે શિસ્તભંગ કરે તો તેની પાછળ પણ કારણ હોઈ શકે છે. નવલકથામાં આ વિચારને લેખકે ઉદાહરણ સાથે દર્શાવ્યો છે. શિક્ષક નીતિનભાઈના વર્ગમાં શિસ્તભંગ કરતો સેવંતિલાલ શાહ નામનો વિદ્યાર્થી કંઈક આમ વિચારે છે, જુઓ :

"તેણે એમ વિચાર્યું કે કનુભાને કંડકટરની નોકરી લેવી હશે તો આજે તેમાંયે ગ્રેજ્યુએટ માગે છે. દિનેશ પટેલે સરકારી અર્થકારણમાં આગળ વધીને કો-ઓપરેટીવ બેંક કરવી હોય તો યે અર્થશાસ્ત્ર ભણવું પડશે. પછાત વર્ગના ગણ્યાગાંઠ્યા વિદ્યાર્થીઓને તો ભણ્યા વિના છૂટકો જ નથી એટલે આ બધા ગંભીર થઈને ભણવા માંડે તે સમજી શકાય તેવી વાત છે, પણ વેપારીના ને કારીગરના દીકરાને કૉલેજમાં ભણવાથી શું ફાયદો ? કૉલેજમાં આવવું તો પડે. કૉલેજ આવીએ એટલો વખત દુકાને બેસવાના કામમાંથી મુક્તિ મળે પણ અહીંયા આવીને કોઈકની દાદાગીરીને વશ થઈને ભણવું પડે તેવી સ્થિતિ સર્જાતી હોય તો તો કૉલેજની મઝા શું ?"[86]

શૈક્ષણિક જાગૃતિ (Educational Awareness) અને અર્થતંત્ર (Economy) બન્ને મુદ્દા ઉપરોક્ત કથનમાં ઉજાગર થાય છે. શિક્ષણ પર સર્વનો સમાન અધિકાર છે અને કૌશલ્યના મૂલ્યાંકનના આધાર પર નોકરી મળે છે એવી શૈક્ષણિક જાગૃતિ આજે પણ સમાજમાં વિકસીત થઈ નથી. બીજો મુદ્દો અર્થતંત્ર. આપણે ત્યાં વેપારીનો છોકરો વેપારી, સોનીનો છોકરો સોની બને અને ડૉક્ટરનો છોકરો ડૉક્ટર બને આ વિચાર પાછળ ઘણા બધા કારણ હોઈ શકે. આપણું અર્થતંત્ર જ એવું છે જ્યાં જે તે હોદ્દાની જગ્યા જ ઓછી છે અથવા એક કારણ એ હોય કે નોકરી આવડત કે પ્રતિભાના આધાર કરતા લાગવગ અને લાંચના આધારે વધુ લેવાય છે. નવલકથાકાર આ સંદર્ભે જે કહે છે તે આપણા વિચારને તદ્દન અલગ દિશામાં ખેંચે છે. શિક્ષણ અને રોજગારી સંદર્ભે આપણો જે ખ્યાલ છે તેને નવલકથાકાર ખોટો ઠેરવે છે. આ સંદર્ભે નવલકથાકારે જણાવ્યું છે કે,

"ઉચ્ચ શિક્ષણ અને નોકરી વચ્ચેના સંબંધની વાત કરીએ તો ઘણા સામાજિક ચિંતકો અને શિક્ષણકારો આધુનિક ઉચ્ચ શિક્ષણ ભણેલા બેકારો સર્જે છે. આ અર્ધસત્ય છે. શિક્ષણ વ્યવસ્થાનું કામ માત્ર ભણાવવાનું છે. તેમને બેકાર

રાખવા માટે અર્થવ્યવસ્થા જ જવાબદાર છે. એટલે વધુ સારું શિક્ષણ આપવાથી નહીં, પરંતુ દરેકને કામ મળે તેવું આયોજન કરવાથી બેકારીનો પ્રશ્ન હલ થાય. અર્થકારણની આ નિષ્ફળતાનો ભાર શિક્ષણના સૂત્રધારોએ શા માટે વેંઢારવો ?"[87]

આમ, શિક્ષણના સત્તાધીશો પર એક જવાબદારી છે. શિક્ષણના માધ્યમ અને પ્રચાર દ્વારા વિકાસ શક્ય બની શકે છે, પરંતુ લેખકના મતે આપણી જે વિચારસરણી છે કે 'વ્યવસ્થામાં જોવા મળતા દૂષણ માટે શિક્ષણ જ જવાબદાર છે.' તો તે ખોટું ગણાય. વળી નોકરી, બેકારી, સંસ્થામાં પ્રવેશેલું રાજકારણ વગેરે શિક્ષણ સાથે જોડાયેલા પ્રશ્નો હોવા છતાં તેમાં હાથ અન્ય વ્યવસ્થાના અધિકારીઓનો છે. અન્ય ક્ષેત્ર જેમ કે પ્રવર્તમાન અર્થકારણ અને રાજકારણ શિક્ષણ પર વધુ અસર કરે છે. આ રીતે શિક્ષણની બદલવાની કે સુધારવાની શક્તિ મર્યાદિત છે. આથી તે (શિક્ષણ) અમુક અંશ કે હદ સુધી જ સમાજ પર અસર કરી શકે છે. સમાજના કે શિક્ષણના પ્રશ્નનું ઉત્તરદાયિત્વ સમાજના જ રાજકારણી, વાલીગણ, ઉચ્ચ અધિકારીઓ પર પણ હોઈ શકે. તેમણે જ કેટલાક પ્રશ્ન ઊભા કર્યા છે તો તેના જવાબ અને જવાબદાર બન્ને માટે શિક્ષણ ન હોઈ શકે. દરેક પોતાના કાર્યમાં નિષ્ઠા અને ધૈર્ય સાથે પરિણામની અપેક્ષા રાખે તે યોગ્ય છે. વળી ઘણા બધા પ્રશ્નોના જવાબ માણસને પોતાના મનમાં ડોકિયું કરવાથી પણ મળી રહે છે.

શૈક્ષણિક સંસ્થા અને અર્થતંત્ર (ઉદ્યોગો)એ એક થઈને કામ કરવું પડશે. કાર્યના ઉત્તમ પરિણામ માટે ઉદ્યોગો અને શૈક્ષણિક સંસ્થા વચ્ચેનું અંતર ઘટવું આવશ્યક છે. હાલનું ઉદાહરણ જોઈએ તો ઔદ્યોગિક એકમોમાંથી મળેલા પ્રતિસાદ મુજબ ટેક્નોલોજિકલ સંસ્થાઓમાંથી બહાર આવતા સ્નાતકોની ગુણવત્તા સુધારવા માટે એવી શૈક્ષણિક સંસ્થાઓની તાતી જરૂર છે. જે ઉદ્યોગોની નજીક આવીને કામ કરે એ બન્ને વચ્ચે કોઈ અંતર કે ગાળો ન રહે, તે માટે સીઆઈઆઈ(સેન્ટ્રલ

ગુજરાત ઝોનલ કાઉન્સિલ) શૈક્ષણિક સંસ્થાઓની વધારે નજીક આવીને કામ કરશે. તેમ સીઆઈઆઈ (સેન્ટ્રલ ગુજરાત ઝોનલ કાઉન્સિલ)ના ચેરમેન અશ્વિન ગાંધીએ કાઉન્સિલ સભાને સંબોધતા કહ્યું હતું. આમ શિક્ષણ અને ઉદ્યોગ વધુ નિકટ આવશે તો તેમાં સમાજનો વિકાસ રહેલો છે.

સત્તાનું વરવું સ્વરૂપ શૈક્ષણિક પરિવેશમાં સમાવિષ્ટ અગત્યનો મુદ્દો છે. પરીક્ષા પદ્ધતિમાં જોવા મળતી ગેરરીતિ માટે સત્તાધીશને નવલકથાકાર જવાબદાર ઠેરવે છે. પરીક્ષાની જે પ્રક્રિયા છે તેમાં નિયમોનો થતો ભંગ શૈક્ષણિક સંસ્થાનું કડવું સત્ય છે. ટ્રસ્ટી સતુભાનો દૌહિત્ર (વંશજ) કનુભાને સ્થાને અન્ય ઉમેદવાર પરીક્ષાનું પેપર લખી રહ્યો છે. અધ્યાપક નીતિનભાઈ તેને ઉઠાડી રૂમમાં પૂરી દે છે અને ફરિયાદ નોંધાવે છે, ત્યારે આચાર્ય માત્ર એટલું જ કહે છે કે પાણીમાં રહી મગર સાથે વેર ન બંધાય. વળી પબ્લિક એડ્રેસ સિસ્ટમ દ્વારા પરીક્ષામાં વિદ્યાર્થીઓને ઉત્તર લખાવવાના અને એ રીતે આપણી કૉલેજના વિદ્યાર્થીઓ અન્ય કૉલેજના વિદ્યાર્થીઓથી ઉત્તમ પરિણામ લાવશે એમ ભીમજી સોનપરા જેવા ટ્રસ્ટી સાથે મળેલા પ્રાધ્યાપક વિચારે છે, જુઓ :

“પોતાના પ્રિય શિષ્યને જીતાડવા માટે અન્યને જાણીબૂઝીને પાછો પાડવો તે તો આર્યોની ભવ્ય પરંપરા છે અને ગુરુ દ્રૌણ જેવા પણ તેને અનુસર્યા છે. તો તે પરંપરા સ્વીકારવામાં આપણે ગૌરવ અનુભવવું જોઈએ.”[88]

આચાર્ય, આવરદા ગઢવીને પણ શિક્ષણ વ્યવસ્થાના આ વિચાર માટે આશ્ચર્ય થાય છે. છડેચોક નિયમોનો ભંગ થવાથી સંસ્થાનું જોડાણ રદ થશે એમ સૂચન કરે છે. ટ્રસ્ટીના મતે અમદાવાદમાં આવી ઘણી કૉલેજ છે તે સમયે આવરદા ગઢવી મનોમંથન કરતા કહે છે કે,

"શિક્ષણનો અને ખાસ કરીને ઉચ્ચ શિક્ષણનો ઇતિહાસ લખાશે ત્યારે અમદાવાદના આવા અનેક પ્રદાનોની નોંધ લેવી પડશે તેમ આવરદા ગઢવી વિચારવા લાગ્યા. શિક્ષણનો વ્યાપક સમાજ સાથે કેટલો ગાઢ સંબંધ છે ! પ્રકાશનના ધંધામાં પડેલા ધંધાદારીઓ પોતાની કૉલેજના અધ્યાપકો પાસેથી મફતમાં ગાઈડ લખાવવા માટે અને આવી અનેક ગાઈડો સરકારી અનુદાનના ખર્ચે પોતાની કૉલેજનાં ગ્રંથાલયોમાં ભરવા માટે કૉલેજ ખોલે છે. સુવર્ણતુલા પામેલા ધર્મધુરંધરો પોતાના 'મિશન' અર્થે કૉલેજ ખોલે છે અને કમિશનના ધંધામાં પડેલા આચાર્ય સંચાલકો પોતાના 'કમિશન' માટે કૉલેજ ખોલે છે. દરેક પ્રધાને અથવા પ્રધાન થવા માંગતા રાજકારણીઓએ ઓછામાં ઓછી એકેક કૉલેજ ખોલી રાખી છે. આવા દરેક 'શિક્ષણકાર'ના બિનશૈક્ષણિક હિતો પણ કૉલેજ દ્વારા પરિપૂર્ણ થાય છે. અલબત્ત, આ બધી કોલેજો સમાજને જરૂર પૂરતું શિક્ષણનું કાર્ય તો કરે જ છે, તે ઉપરાંત વધારાના બિનશૈક્ષણિક હિતો પણ સંતોષે છે."[89]

શિક્ષણ અને સમાજ વચ્ચેનો સંબંધ ઉપરોક્ત લેખકનું કથન સ્પષ્ટ કરે છે. નવલકથાનો અર્ક ઉપરોક્ત ઉદાહરણમાં વ્યક્ત થયો છે. જેમ કે આપ-લે, એક હાથ લેવું અને બીજા હાથે દેવુંનો વ્યવસાયિક વ્યવહાર હોય છે તેવો સંબંધ સમાજ અને શિક્ષણ વચ્ચેનો છે. લેખકના મતે સમાજના મોભેદાર, સ્વાર્થી રાજકારણીઓ પોતાના હિત પૂરા કરવા શૈક્ષણિક સંસ્થા ખોલે છે. અહીં લેખક સારા શબ્દનો ઉપયોગ કર્યો છે. 'હિત' ખરેખર હિત શબ્દ ખૂબ હકારાત્મક અને ન્યાયની બાબતમાં વપરાય છે. પરંતુ અહીં વ્યક્તિનો સ્વાર્થ છે. જેની માટે સત્તાધીશ કોઈ પણ હદ વટાવવા તૈયાર થઈ જાય છે. નવલકથામાં પણ આવી હદ વટાવતા અધ્યાપક, ટ્રસ્ટી દર્શાવ્યા છે. નૈતિકતાથી કાર્ય કરતા નીતિનભાઈ અધ્યાપક જ્યારે પબ્લિક એડ્રેસ સિસ્ટમથી જવાબ લખાવવાની ના પાડે છે. કૃષ્ણપ્રસાદ અને બીજા એકાદ અધ્યાપક સિવાયના બધા જ સામે છેડે જઈ વિરોધ કરે છે અને છેવટે

નીતિનભાઈ ઉપવાસ પર ઉતરે છે. આ સમયે ટ્રસ્ટી અનિલ બરછાઈ ચાર માસથી બાકી રહેલો પગાર અધ્યાપકોને આપી પબ્લિક એડ્રેસ સિસ્ટમથી જ કાર્ય પૂરું કરે છે. આ છે સત્તાનું વરવું સ્વરૂપ અને સત્તાધીશોનું રાજકારણ, પરંતુ છેવટે નવલકથામાં સત્ય સપાટી પર કેવી રીતે આવે છે તે રસપ્રદ રીતે દર્શાવવામાં આવ્યું છે.

અધ્યાપકનું આગવું વ્યક્તિત્વ શિક્ષણના વાતાવરણને અસરકારક બનાવે છે. શૈક્ષણિક પરિવેશનો આ મુદ્દો નવલકથામાં લેખકના હકારાત્મક અભિગમને દર્શાવે છે. નવલકથામાં જિતપુર આર્ટસ ઍન્ડ કોમર્સ કૉલેજના બધા જ અધ્યાપકના વ્યક્તિત્વ અલગ નથી પરંતુ મહેશ શુક્લ, કૃષ્ણપ્રસાદ દવે અને નલિનભાઈ જેવા અધ્યાપક જૂજ હોવા છતાં પરિસ્થિતિને કુશળતાપૂર્વક સામનો કરે છે અને શિક્ષણને દૂષણમાંથી ઉગારવા પ્રયત્ન કરે છે. જ્યાં ટ્રસ્ટી આચાર્ય એક બાજુ પરદેશ જઈ કૉલેજ માટે દાન લાવવાના પ્રયત્ન કરે છે. પછાત વિદ્યાર્થીને ભેગા કરી તેમની ફી સરકાર પાસેથી લેવામાં વ્યસ્ત બને છે, ત્યાં નૈતિકતાથી ફરજ નિભાવતા નીતિનભાઈ અને મહેશ શુક્લ જેવા અધ્યાપક વિદ્યાર્થીઓના અને સંસ્થાના પ્રશ્નોના નિવારણ માટે નવરચના સમીતિ રચે છે. વિદ્યાર્થી અને અધ્યાપક બન્ને દ્વારા ચાલતી જિતપુર નવરચના સમીતિમાં પ્રથમ પ્રશ્ન હોસ્ટેલમાં ફૂડબીલમાં વધારો કેમ થયો છે ? તે ઊઠે છે. વિદ્યાર્થીઓ ઉગ્ર આંદોલન, હડતાલની વાત કરી કૉલેજ બંધ કરે છે. પરંતુ મહેશ શુક્લ અને નીતિનભાઈ જે પણ બનાવ બને છે તેની પાછળના કારણ જણાવે છે. જો ખોરાકના પૈસા વધ્યા છે કેન્ટીનમાં તો તેની માટે વેપારી જવાબદાર છે. જે વેપારી, રાજકારણી આપણી જ કૉલેજના ટ્રસ્ટી છે. પ્રધાન પદેથી મોહનભાઈ પટેલને હટાવવા વિદ્યાર્થીઓ આવેદનપત્ર આપવાની ચર્ચા કરે છે. નીતિનભાઈ પોતાની ફરજ નિભાવે છે. યુવાન અધ્યાપકો અને વિદ્યાર્થીઓને સમજાવે છે કે સત્તાવાળા આ હોદ્દાવાળા

વ્યક્તિ મોહનભાઈ સાથે મળેલા છે. પ્રજાને જાગૃત કરીને મોહનભાઈને કાઢી શકાય. શેરીનાટક કરી મોહનભાઈનો પર્દાફાશ કરે છે અને અંતે અનિલ બરછાઈ, કૃષ્ણપ્રસાદ દવેને નવા આચાર્ય તરીકે લાવી આવરદા ગઢવીને પણ ચાલતી પકડાવે છે.

આમ, નવલકથામાં શિક્ષણ વ્યવસ્થા કેવી રીતે ઊભી થાય છે, તેમાં કેવા પ્રશ્નો, સમસ્યા અને પરિવર્તન આવે છે અને અંતે જાગૃત અધ્યાપક – આદર્શ અધ્યાપકની છબી અંકિત કરી શિક્ષણને ઊગારવાના પ્રયાસ જોવા મળે છે. વ્યવસાય ક્ષેત્ર કોઈ પણ હોય શિક્ષણ વકીલાત, વ્યાપારીઓ, બેંકરો – બધા જ સભ્યો પ્રવાહમાં વહેતા નથી. ટોળામાંના એક નથી હોતા. સત્તા આગળ નમતું જોખતા નથી અને સત્તાની વિરુદ્ધ જઈને પણ કાર્ય કરતા નથી પરંતુ કુશળતાથી માર્ગ કાઢી પોતાની નૈતિક ફરજ અદા કરે છે. આ નવલકથાના માધ્યમથી એ દરેક અધ્યાપક, વિદ્યાર્થી કે શિક્ષણસંસ્થામાં કાર્ય કરતા કોઈ પણ હોદ્દાના સભ્યને, સંતોષની લાગણી થશે જેમને પોતાનું કાર્ય સ્વાર્થના હેતુ માટે નહિ પરંતુ ન્યાયની દૃષ્ટિએ જે સાચું હોય તેને સાથ આપીને કર્યું હશે.

વિદ્યુત જોષી સમાજ અને શિક્ષણ વચ્ચેના સંબંધને સાહિત્યના માધ્યમથી આ નવલકથામાં રજૂ કરે છે. નવલકથાનું કથાવસ્તુ બાળકનો જન્મ થવાનો હોય એ પહેલાની પરિસ્થિતિથી લઈને બાળક મોટો માણસ બને છે, ત્યાં સુધીની પ્રક્રિયા છે. અહીં શૈક્ષણિક સંસ્થાનો ઉદ્ભવ કોઈ કારણસર થાય છે અને રાજકારણ પણ રમાય છે. આમ, સમગ્ર ચિત્ર લેખક આદિથી અંત સુધીનું પ્રગટ કરે છે, જેમાં હકારાત્મક અંત ભાવકોનું ધ્યાન ખેંચે છે. અંતે સત્યનો વિજય થાય છે. વળી, પાત્રોનો ભાવનાત્મક સંઘર્ષ દર્શાવવામાં લેખકને રસ નથી. આમ, પાત્ર નહિ પરંતુ શૈક્ષણિક પરિવેશને નવલકથા ઉજાગર કરે છે. શૈક્ષણિક સંસ્થામાં ચાલતા રાજકારણને દર્શાવવામાં સર્જક કારગત નીવડ્યા છે.

- **‘આરપાર’**

કૂણી ઊર્મિઓ, મધુર સ્પંદનો, નાનાવિધ આવેશોથી પરિપૂર્ણ નવલકથા યોગેશ જોષીની ‘આરપાર’(1992) છે. વિનોદ અને તન્વીની આસપાસ ગૂંથાતી આ કથામાં યુવાહૈયાના વલોપાત છે. અહીં કૉલેજકાળ દરમ્યાન યુવક-યુવતીઓ વચ્ચે પ્રગટતી લાગણીઓને કોઈપણ પ્રકારના છોછ વિના પ્રગટ કરવામાં આવી છે. ક્યારેક બન્ને પાત્રોના માતા-પિતાની ભૂમિકાની ચર્ચામાં, ઈલેક્શનની ચર્ચામાં રસ પડે પરંતુ ફરી પાછા લેખક લાગણીવેડામાં સરી જતા લાગે છે. આમ છતાં કૅમ્પસમાં યુવક-યુવતીઓની થતી ભૂલ, તેના પરિણામ, નિર્ણાયક પળ તેમજ માતા-પિતાની આગવી ભૂમિકાની ચર્ચા શૈક્ષણિક પરિવેશ સંદર્ભે કરી શકાય.

વાર્તાની શરૂઆત તન્વીના વ્યક્તિત્વના પરિચય દ્વારા થાય છે. તન્વી આજના જમાનાની યુવતીઓ માફક સ્વતંત્ર મોડર્ન વિચારો ધરાવે છે. બા અને માતા દ્વારા તેને પહેરવેશને લઈ ટોકવામાં આવે છે, પરંતુ તન્વી તેની ધૂનમાં જ રહેનારી છે તો બીજી તરફ વિનોદ નટખટ પ્રકૃતિનો છે. ઝડપી જમાનામાં વિચારો પણ તેના કંઈક અલગ જ દિશામાં ચાલતા હોય છે.

કિશોરાવસ્થામાં યુવકના વિચાર તરંગી હોય એ સ્વાભાવિક છે. પરંતુ કૉલેજમાં આવતા જ યુવક-યુવતીઓની માનસિકતા બદલાય છે. પહેરવેશ પ્રત્યે તેઓ સભાન થઈ જાય છે. કેટલીક આદતોને સ્વતંત્રતા માટેના લક્ષણો ગણાવે છે. નવલકથાનો નાયક વિનોદ તરંગી છે. સિગારેટ ફૂંકે છે. જેના કેટલાક ઉદાહરણ આપણે જોઈએ :

“વિનિયા, તારી તાજી ફૂટેલી જુવાનીને છાજે એટલી સ્પીડ તો જોઈએ જ ને!...આગળ એક પાનના ગલ્લે સ્કૂટર રોક્યું. સિગારેટ ખરીદી, સળગાવી એક પગ

પર વજન ટેકવી, ડાબો હાથ કમરે રાખી, 'એટીસ'થી એય કશ મારવા માંડ્યો – આવડે એવો ! ને હોઠ ગોળાકાર કરીને ધુમાડાની રિંગો કાઢવાનો પ્રયત્ન કરવા લાગ્યો. રિંગો તો ન નીકળી, પણ થોડું ખોં-ખોં થયું." [90]

વિદ્યાર્થીઓ ક્યારેક પ્રોફેસરની ઠેકડી-મશ્કરી કરતા હતા, આ બાબતને પણ નવલકથાકારે સહજતાથી વર્ણવી છે. જેમકે, ટેબલ પર ડસ્ટર પછાડવા જેવી નજીવી બાબતમાં તો ક્લાસ આખામાં છીંકાછીંક થઈ ગઈ. ગુસ્સે થયેલા પ્રોફેસર પારેખે ગેટ આઉટ ! આઈ સે ગેટ આઉટ ! રાડ પાડી. પરંતુ કોઈ ઊભું ન થયું અને પ્રોફેસર પોતે જ ક્લાસની બહાર જતા રહે છે. આમ, યુવક-યુવતીઓની કૅમ્પસમાં અનુભવાતી સ્વતંત્રતા તેમને સ્વચ્છંદી બનાવે છે.

પાંચ પ્રકરણો સુધી વિનોદના પાત્રને સ્વપ્નમાં રાચતો દર્શાવવામાં આવ્યો છે. કૅમ્પસમાં ચાલતી હળવી મજાક મસ્તી જોવા મળે છે. વિનોદ તન્વીનો ઔપચારિક પરિચય એકબીજા સાથે જોવા મળે છે.

ઈલેક્શનની કાર્યપદ્ધતિ આજે એટલી હદે આકર્ષણ પામી છે કે વિદ્યાર્થીએ દરેક તેના પ્રત્યે જાગૃત રહે છે. નવલકથામાં પણ ઈલેક્શનની કામગીરીમાં વ્યસ્ત તન્વી, સોનાલી, કિરણ, વિનોદ વગેરે પાત્રોને દર્શાવ્યા છે.

'તન્વીએ સોનાલીને કહ્યું, "એય સોનાલી ! L.R.માં તારે ઊભા રહેવાનું છે, ને ઈલેક્શનમાં ખર્ચા આપણે કિરણ પાસેથી કરાવીએ એની મારુતિ ય કામ લાગશે. અને વિનોદ તથા અમોલનેય... જરી લહેકા કરી કરીને, નામ દઈ દઈને બોલાવશું એટલે દોડતા દોડતા કામ કરશે બધુંય."[91]

વિદ્યાર્થીઓને ભણવાને બદલે ઈલેક્શનમાં વિશેષ રસ-રુચિ છે. અહીં એમ પણ કહી શકાય કે વર્ગખંડમાં વિદ્યાર્થીઓને જ્ઞાન સાથે જોડી રાખનાર **તત્ત્વ**, શિક્ષણ સાથેના વાર્તાલાપમાં જકડી રાખનાર **તત્ત્વ**ની તુલનાએ ઈલેક્શનમાં

તેમના વ્યક્તિત્વને ખીલવનાર **તત્ત્વ** વધુ પ્રેરણારૂપ બનતું હોવું જોઈએ ત્યારે જ જે વિદ્યાર્થીઓ ભણી-ગણીને કોઈ સ્થાન પર પહોંચવાને બદલે વિરોધ પ્રદર્શનમાં, હડતાલમાં અને જર્નાલિઝમ જેવી પ્રવૃત્તિ અને વિષયોમાં રસ દાખવે છે. ઈલેક્શનમાં વળી નકારાત્મક પ્રતિભાવ પણ જોવા મળે છે. જુઓ :

"G.S.ના ઈલેક્શનમાં તો ખાસ્સી ધમાલ થાય. ક્યારેક હોકીઓ વડે સામસામી પાર્ટી વચ્ચે મારામારી પણ થાય. લોકલ પોલિટિકલ લીડર્સ પણ કૉલેજના ઈલેક્શનમાં રસ લે – કામ લાગે એવા યંગ બ્લડ શોધવા માટે વોટ આપવાના સ્મય દરમિયાન સામી પાર્ટીને જ વોટ આપે એવા વિદ્યાર્થીઓને રસ્તામાંથી પકડી પકડીને જીપમાં બેસાડીને ગૂમ કરી દેવાય. જીપો ભરીભરીને જ્યાં એમને ઠાલવ્યા હોય ત્યાં ચા-નાસ્તો, કોલ્ડડ્રિંક્સ બધું જ એમને આપવામાં આવે, પણ વોટ આપવા માટે એમને કૉલેજમાં જવા ન દેવાય."[92]

નવલકથામાં ઈલેક્શનને કારણે વિદ્યાર્થીઓ વચ્ચે થતાં સંઘર્ષનું નિરૂપણ રસપ્રદ શૈલીમાં થયું છે.ફ્ જેમકે, વિદ્યાર્થીઓના બે ગ્રુપ વચ્ચે થતી મારામારી, વિદ્યાર્થીઓ કૅમ્પસ પોલિટિક્સની ચર્ચામાં જ લીન રહે, કર્ફ્યુ જેવી પરિસ્થિતિનો સામનો કરે છે. બધી મથામણો કરીને ઈલેક્શન હારે છે ત્યારે હૈયાફાટ રુદન, વિદ્યાર્થીઓને પોતાના પરિણામ કરતા પણ પોતાના ગ્રુપના મેમ્બરને ઈલેક્શનમાં જીત મળી કે નહિ તેના પરિણામમાં વિશેષ રસ હોય છે ! વળી જો હાર મળે તો આખું ગ્રુપ જ ગમગીન બની બેસે છે ! નવલકથામાં પણ આમ જ કંઈક બને છે. સોનાલી ઈલેક્શન હારે છે ને એના ગ્રુપના બધા જ ઉદાસ બની બેસે છે. આમ ઈલેક્શનની માત્ર વિદ્યાર્થીઓના પરિણામ પર જ નહીં પરંતુ માનસિક અસર પણ જોઈ શકાય છે.

કૅમ્પસમાં ક્ષણભંગુર સંબંધ રચાય છે તેની ચર્ચા પણ લેખક કરવાનું ચૂક્યા નથી. કેટલાય સંબંધના યોગ્ય પરિણામ પણ જોઈ શકાય છે. જેમકે, અભિનવ-સોનાલી લગ્ન કરે છે. તન્વી-વિનોદ માનસિક દ્વંદ્વમાંથી નીકળી છેવટે એક થવાનું વિચારે છે એ નિર્ણય વિશે તન્વી આ રીતે જણાવે છે, જુઓ :

"એવું નથી કે અમે એકમેકને ખૂબ પ્રેમ કરીએ છીએ અને એકમેક વિના જીવી જ ન શકીએ એવી સ્થિતિમાં છીએ માટે લગ્ન કરીએ છીએ."[93]

"કે અજાણ્યા કૂવામાં પડીએ તો વધારે વાગે......ને કૂવો જો થોડો જાણીતો હોય તો જરા ઓછું વાગે..."[94]

જ્યારે કિરણ અન્ય યુવક સાથેના સંબંધમાં નિષ્ફળ નિવડે છે અને તેનું માઠું પરિણામ પણ ભોગવે છે, જુઓ :

"આ તો તમને જ કહું છું બીજા કોઈનેય ખબર નથી આ વાતની કિરણ પ્રેગનન્ટ પણ થયેલી. Abortion માટે હું જ ગયેલી એની સાથે. છેવટે એ છોકરાએ એને છોડી દીધી. બીજી સાથે ગયા અઠવાડિયે જ પરણી ગયો."[95]

યુવક-યુવતીઓ વચ્ચેના સંબંધોના આ પરિણામ પણ કૅમ્પસની જ દેન છે. જ્યારે તન્વી અને વિનોદના દ્વંદ્વ અલગ છે. તન્વીને વિનોદ નાના છોકરા સમાન લાગે છે, જેને દાઢી પણ હજી નથી ઉગી, જ્યારે તેને અભિનવ જેવા હાઈટ-બોડી ધરાવતા યુવકો પસંદ છે, તો બીજી તરફ વિનોદને તન્વી ચણિયાચોળીમાં સારી લાગતી તેટલી જ કિરણ અને સોનાલી પણ ચણિયાચોળીમાં સારા લાગતા પરંતુ તન્વીના દેખતા અન્ય છોકરીના વખાણ કેવી રીતે થાય તે અવઢવમાં તેનું મન હોય છે. આમ શરૂઆતથી જ આ પાત્રો આડંબર દેખાવો કરતા હોય તેવા નથી લાગતા. પરંતુ આપણી આસપાસના વાસ્તવિક પાત્રો જેવા જ પ્રતિત થાય છે.

આમ, 'આરપાર' નવલકથામાં શૈક્ષણિક પરિવેશ સંદર્ભે ગંભીર મુદ્દા નથી પરંતુ ઈલેક્શનની અસર, યુવક-યુવતી વચ્ચેના સંબંધોના માઠા પરિણામ વગેરે. લેખક એ ઘટના પાછળના રહસ્ય સુધી પહોંચી શક્યા હોત તો સંબંધોની સંકુલતાને પામી શકાત. આથી નવલકથા યુવાહૈયાની કૂણી લાગણીઓની અભિવ્યક્તિ માત્ર બની રહે છે.

'આરપાર' નવલકથા દ્વારા કૉલેજની ચૂંટણીની વિદ્યાર્થીઓ પર થતી અસર, ચૂંટણીને કારણે વિદ્યાર્થીઓ વચ્ચે થતાં સંઘર્ષ, અભ્યાસને બદલે ઈતર પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની વિશેષ રસરૂચિ, વિદ્યાર્થીઓ દ્વારા પ્રોફેસરની થતી મશ્કરી, કૉલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ વચ્ચેના સંબંધોને કારણે ઊભા થતાં પ્રશ્નો વગેરે દ્વારા આછોપાતળો શૈક્ષણિક પરિવેશ પ્રગટ થતો અનુભવાય છે.

યોગેશ જોષી 'આરપાર' નવલકથામાં યુવાનોના વિચારો રજૂ કરે છે. શૈક્ષણિક વાતાવરણ નવલકથામાં અગત્યનો ભાગ ભજવે છે. વ્યક્તિગત જીવનમાં લેખકે વધારે રસ દાખવ્યો નથી. કથાવસ્તુ પણ વિનોદ અને તન્વીની આસપાસ વિંટળાયેલું જોવા મળે છે. આ બન્ને પાત્રોનું વ્યક્તિત્વ, વિચારો, વર્તન, અદાઓ, વ્યવહાર, ભાષા વગેરે દર્શાવવામાં નવલકથા પૂર્ણ થાય છે. કોઈ ચોક્કસ મુદ્દો, ભાવ, વિચાર કે પરિસ્થિતિને લઈને નવલકથા ભાવક સમક્ષ આવતી નથી, પરંતુ યુવાહૈયાની કૂણી લાગણીઓ, સ્પંદનો અને નાનાવિધ આવેશો નવલકથામાં જોવા મળે છે. પરંતુ શૈક્ષણિક સંસ્થાઓનું બાહ્ય વાતાવરણ વિદ્યાર્થીઓનું કાર્યપ્રણાલી, રસરુચિ, ઈત્તર પ્રવૃત્તિઓ પણ ઉલ્લેખનીય છે.

- **'કાપલી પગો'**

ખોડાભાઈ પટેલની 'કાપલી પગો'(1996) નવલકથા આપણી કેળવણીની કરુણતા પ્રગટ કરે છે. શિક્ષણ વ્યવસ્થામાં જોવા મળતા ફેરફારથી આપણે

પરીચિત છીએ જ. શેરબજારની જેમ શિક્ષણક્ષેત્રમાં પણ લીધાં-દીધાંના બૂમબરાડા સાંભળવા મળે છે. જેમાં સામાન્ય સ્તરના માનવીઓથી માંડી સર્વોચ્ચ સત્તાધીશો જોડાયેલા છે. પરીક્ષામાં કોપી કરવી-કરાવવી આજે સાવ સામાન્ય બની ગયું છે. માત્ર પરીક્ષાર્થી જ નહિ પરંતુ વાલીઓ, આચાર્ય, ટ્રસ્ટી, શિક્ષકો બધા જ પોતાના પુત્ર કે સંબંધીને ડૉક્ટર, એન્જીનિયર બનાવવો છે અને એ માટે તેઓ શામ, દામ, દંડ, ભેદ બધી નીતિ સ્વીકારવા તૈયાર છે, પરંતુ આ નીતિ ક્યારેક કરુણ પરિણામ પણ લાવી શકે છે. શૈક્ષણિક સંસ્થામાં જોવા મળતી કાપલીની ખોટી પદ્ધતિ, વાલીઓની સમજ, સત્તાધીશોની રાજનીતિ, સમાજ પર કટાક્ષ, ભ્રષ્ટાચાર, પરીક્ષામાં પ્રવેશેલી ખરાબીઓ પર આકરા પ્રહાર વ્યંગ્યાત્મક રીતે નવલકથામાં કરવામાં આવ્યા છે.

શિક્ષણક્ષેત્ર સાથે વાલીઓનો સંબંધ ખૂબ જ સાહજિક રીતે જોડાયેલો હોય છે. ડાયાભાઈ જે નવલકથાનું મહત્ત્વનું પાત્ર છે, તે પોતાનો પુત્ર ઉલાળના સારા ગુણ આવે તે માટે કંઈક કરી છૂટવા મથે છે. વાલીઓની પોતાના સંતાનો પ્રત્યેની સજાગતા પણ એક સકારાત્મક પાસુ જ કહી શકાય. નવલકથાની શરૂઆત ડાયાભાઈ પોતાના પુત્ર કે જે બોર્ડની પરીક્ષા આપી રહ્યો છે, તેની બેઠક વ્યવસ્થા જોવા માટે શાળામાં જાય છે ત્યાંથી થાય છે. જવાબદાર પિતાની ભૂમિકા ડાયાલાલ ભજવે છે. વાલીઓની સજાગતા બિરદાવવાને યોગ્ય છે, પરંતુ જ્યારે તે વધુ પડતા સજાગ બને છે ત્યારે વિદ્યાર્થી પાંગળો બની જતો હોય છે. માતા-પિતા વગર કાર્ય કરવાની વાત તો દૂર છે, તે પોતાના માટે યોગ્ય-સારો વિચાર પણ કરી શકતો નથી ! ઉલાળ પણ પિતા ડાયાલાલની દખલગીરીથી કંટાળી ગયો છે. ડાયાલાલને નંબર જોતા નથી આવડતો, આથી ઉલાળ તેમના પર ગુસ્સે થાય છે. જેથી ડાયાલાલ દોષનો ટોપલો શિક્ષકો પર ઢોળે છે. જુઓ :

"આવી આ પનોતી પરીક્ષાના દિવસોમાંય આવા આ પૂજ્યશ્રીઓ ઉતાવળ કરી-કરીને આમ આડું-ઊભું લખે જ રાખશે તો આ ભવિષ્યની કુમળી પેઢીનું શું થશે ? બાળક તો બિચારો કુમળો (ટ્યુશનિયો) છોડ છે. વાળીએ તેમ વળે."[96]

શિક્ષણવ્યવસ્થાનું અન્ય એક દૂષણ ટ્યુશન પ્રથા છે. છોકરું પ્લે-સેન્ટરમાં હોય ત્યારથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધી ટ્યુશન – ક્લાસીસ કરે છે અને ટ્યુશન ક્લાસીસમાંથી મળતાં મટિરીયલ વિદ્યાર્થી વાંચે છે. તેનાથી જ વિદ્યાર્થી આગળ વધતો જાય છે. આથી વિદ્યાર્થીની માનસિકતા જડ બને છે. જે ટ્યુશન કે ક્લાસીસમાં ભણાવવામાં આવે તેને જ 'ગીતા' માનવામાં આવે છે. વળી હાલમાં શાળા – કોલેજની જેમ ક્લાસીસવાળા માસ્તર પ્રવાસ, મનોરંજન કાર્યક્રમો, રમત-ગમત વગેરેના પ્રલોભન આપતા જોવા મળે છે. આથી આવા આકર્ષણ તરફ વિદ્યાર્થી ખેંચાય જ અને શિક્ષણનું સ્તર નીચું આવતું જાય. 'વિદ્યા વિનાશને માર્ગે'માં સુરેશ જોષી ક્લાસીસની ટીકા કરતા કહે છે, જુઓ :

"શહેરમાં ચાલતા 'કોચિંગ ક્લાસ'માં વિદ્યાર્થીઓનો ધસારો થાય છે. ત્યાં વિદ્યાર્થીઓ શાન્તિથી ભણે છે, તોફાન કરતા નથી. આ કોચિંગ ક્લાસ વિદ્યાપીઠોના પૂરક અંગ છે એમ માનવાની કોઈ રખે ભૂલ કરે. એ ક્લાસ નભે છે વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળ બનાવવાની એની વહેવારુ ઉપયોગિતાના પર. જ્ઞાનના વિકાસ કે સંવર્ધન સાથે એને કશી નિસબત નથી. વિદ્યાપીઠના વર્ગોમાં આથી જ વિદ્યાર્થીઓને તોફાન કરવાનું પરવડે છે. આવા કોચિંગ ક્લાસ સાથે વિદ્યાપીઠના અધ્યાપકો પણ છૂપો કે પ્રગટ સંબંધ ધરાવતા હોય છે. પરીક્ષામાં ઉપયોગી થઈ પડે એવાં સાહિત્યનો ઢગલો વળે છે. આ સાહિત્ય વિદ્યાર્થીઓને જ્ઞાનના મૂળ સ્રોત સુધી જવા દેતું નથી."[97]

ટ્યુશનની આ પ્રથા માટે વાલીઓને જવાબદાર ઠેરવી શકાય, કારણ કે શાળા કે કોલેજના શિક્ષક અને વાલી વચ્ચે ભેદરેખા મોટી છે. શાળાના શિક્ષકો પર તેમને એટલો વિશ્વાસ નથી બેસતો જેટલો ટ્યુશનના શિક્ષકો પર બેસે છે ! વળી, સુરેશ જોષી કહે છે તેમ ટ્યુશન ક્લાસના શિક્ષકનો ધ્યેય (Goal) પરીક્ષાલક્ષી હોય છે. આથી શિક્ષણની ગુણવત્તા સાથે કોઈ લેવાદેવા નથી. એક વ્યવસાયની જેમ અહીં કામ થતું હોય છે. વળી, કેટલાક વાલીઓ પોતાના સંતાનોને ખૂબ જ સગવડતાભર્યું વાતાવરણ ઊભું કરવા મથતા હોય છે. જેમકે, ક્લાસીસમાં એ.સી. હોવું, સર કે મેડમનો વ્યવહાર વિદ્યાર્થી સાથે સારો હોવો, I.M.P. પ્રશ્નોની જ ચર્ચા કરવી, અન્ય પ્રલોભનો વગેરે. જેથી વિદ્યાર્થી માટે એક Comfort વાતાવરણ ઊભું થાય છે અને આ પ્રથાને આગળ વધવા માટે મોકળો માર્ગ મળે છે. આમ, વાલીઓની વિદ્યાર્થી-સંતાન પ્રત્યેની વધારે પડતી કાળજી પણ નુકસાન કરી શકે છે.

આજે પણ એક મુદ્દો વિદ્યાર્થીના મનમાં ઘર કરી ગયો છે તે છે પરીક્ષાનો ભય. પરીક્ષા હોય એટલે વિદ્યાર્થીને એ રીતે સમજાવવામાં આવે છે, તૈયાર કરવામાં આવે છે, જાણે તે કોઈ યુદ્ધ માટે જતો હોય. નવલકથાકારે આ શૈક્ષણિક મુદ્દાને ખૂબ જ સહજ રીતે હાસ્ય પ્રેરક શૈલીમાં રજૂ કર્યો છે. જુઓ :

“આ વખતે ઉલાળે સાચે-સાચ એના પપ્પા સામે જોયું. એને લાગ્યું કે પોતે કોઈ રણભૂમિમાં કોઈક રીઢા અરિદળ સામે એકલો અટૂલો લડવા માટે જઈ રહ્યો છે. એકલો અટૂલો અને કોઈપણ સાધન-સામગ્રી વિનાનો, દારૂગોળા અને બંદૂક, તમંચા, તોપ કે તીર-કામઠાં વિનાનો તે દુશ્મનના સાધનસજ્જ, એટમીક, બોમ્બસ્ટીક, બેલેસ્ટીક મિસાઈલ્સથી સજ્જ લશ્કર સામે ઝઝૂમવા જતો હતો અને એના પિતા શ્રીમાન ડાયાલાલ ગાંડાલાલ સગવડીયા ઉર્ફે ચેતવણીયા એને વિદાયવચનો કહી રહ્યા હતા. પેપર શાંત ચિત્તે પૂરેપૂરું, આખે આખું, વાંચી જવું.”[98]

પરીક્ષા પદ્ધતિથી મોટેભાગે વિદ્યાર્થીઓ ડરે છે. હોંશિયાર વિદ્યાર્થીમાં પણ પરીક્ષાના સમયે થોડીક ગભરામણ જોવા મળે છે. એટલે આ પદ્ધતિનો ભય વિદ્યાર્થીને સતાવતો હોય છે. કેટલા ગુણ આવશે ? માતા-પિતા શું કહેશે ? મિત્રો વચ્ચે કેવી ગણના થશે ? ભવિષ્યમાં શું થશે ? શિક્ષકનો પ્રતિભાવ કેવો હશે ? વગેરે પ્રશ્નોનો પ્રારંભ પરીક્ષાના સમયથી જ વિદ્યાર્થીના મનમાં થાય છે. જેની અસર વિદ્યાર્થીની લેખન અભિવ્યક્તિ પર પડે છે અને મૌખિક પરીક્ષા હોય તો તેની મૌખિક અભિવ્યક્તિ પર પણ આ ભય જોવા મળે છે. આથી વાલીઓ અને શિક્ષકો દ્વારા આ પદ્ધતિની પૂરી સમજ વિદ્યાર્થીને આપવી જોઈએ. વડીલ દ્વારા ગુણ કરતા તેને, રસ પડતા કયા મુદ્દા વાંચવા, લખવા તેની ચર્ચા થવી જોઈએ. વિદ્યાર્થીને એક એવા પ્રકારનું વાતાવરણ પૂરું પાડવું જેમાં તેનું કૌશલ્ય ખીલી શકે.

'રસ' એ ધ્યાનની જનની છે અને એકાગ્રતા તેની સિદ્ધિ છે. વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિને પોષી અને તેમનાં રસકેન્દ્રોનો અભ્યાસ કરી શિક્ષકે તેવી પ્રવિધિ અને પ્રયુક્તિઓ અપનાવવી જોઈએ. આમ, કરવાથી વિદ્યાર્થીના કૌશલ્યનો વિકાસ થાય છે અને તેની અંદર રહેલો શિક્ષણ કે પરીક્ષા પદ્ધતિનો ભય પણ દૂર થાય છે.

અન્ય એક શૈક્ષણૈક મુદ્દો ધ્યાન ખેંચે છે, તે છે કાપલી. પરીક્ષા પદ્ધતિમાં જુદાં જુદાં દૂષણોનો પણ સમાવેશ થાય છે, તેમાંની એક છે કાપલી-કોપી કરવી વગેરે. આજે પણ આપણને વર્તમાનપત્રમાં મોટાં-મોટાં મથાળામાં પરીક્ષાના કેન્દ્રોમાંથી મોટી સંખ્યામાં કાપલી પકડવાના સમાચાર વાંચીને દુ:ખનો અનુભવ થાય છે. વળી, નવલકથાકાર અહીં શિક્ષણક્ષેત્રની વાત કરે છે. પરંતુ તેઓ કાપલી વિશેની વાલીની માનસિકતા છતી કરીને સમાજ તરફ પણ અંગૂલી નિર્દેશ કરે છે, સર્વત્ર આ પરિસ્થિતિ છે. સંવેદનશીલ લેખક પરીક્ષાના આ અનિષ્ટની ભૂમિકા બાંધી એક આખો વિચાર સમજ સાથે છતો કરે છે. ડાયાલાલના પાત્ર દ્વારા

કાપલીને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. ડાયાલાલ પુત્ર ઉલાળને પરીક્ષાના સમયે કાપલીનો ઉપયોગ કેવી રીતે કરવો તે વિશેનું જ્ઞાન પૂરું પાડે છે. જુઓ :

"જો વર્ગમાં બધા કરતા હોય તેમ કરજે. કાપલી, ચબરકી એકબીજાને આપવી અને લેવી એ તો વહેવાર કહેવાય, પણ આપણી કાપલી લખ્યા વિના બીજાને આપવાની ઉદારતા બતાવવી તે મૂર્ખતા છે. તું એવી ભૂલ ના કરતો. સાહેબ ઉઘરાવી લે તો પણ થોડી આપવી, થોડી રાખવી. થોડી ધમકાવે તો આપવી, થોડીક ખીસ્સાં ફંફોસે તો આપવી. થોડીક આકસ્મિક સ્કવૉર્ડ આવી પડે તો આપવી પણ કેટલીક તો ઈમરજન્સીમાં આપણા કામ માટે રાખવી રાખવી અને રાખવી !"[99]

કાપલી કરવાની શીખામણ જ્યારે વાલી જ પુત્રને આપે ત્યારે અન્યને દોષ કેવી રીતે આપવો તે પ્રશ્ન છે. માતા-પિતા પુત્રને આગળ વધારવા માટે કંઈક વિચારે અને તેને કાર્યમાં પણ જોડે એટલે અમલમાં પણ મૂકે છે. પરંતુ તેના ગંભીર પરિણામથી તેઓ અજાણ હોય છે. અહીં ડાયાલાલ પુત્રને અડગ રહેવાની સલાહ આપે છે – કાપલી પકડાય તોય થોડીક છૂપાયેલી કાપલી તો ઈમરજન્સીમાં રાખવી જ જોઈએ. પરંતુ આવા વિદ્યાર્થીના કેરિયર સાથે તેઓ રમત રમી રહ્યા છે. જો પુત્ર કે પુત્રીને હિમ્મતવાળા બનાવવા જ છે તો તેમને યોગ્ય માર્ગ બતાવો. પોતાની મહેનત પર વિશ્વાસ રાખતા શિખવાડો. તેમણે (વાલીઓએ) મહેનતના માર્ગને પ્રોત્સાહન આપવું જોઈએ અને જો પુત્ર અભ્યાસમાં નબળો હોય તો તેના પરિણામને સહર્ષ સ્વીકારી, પુત્રને જેમાં નિપૂણ હોય તેવા ક્ષેત્રમાં આગળ વધવામાં તેને મદદ કરવી જોઈએ. માતા-પિતાના એક ખોટા પગલાથી માતા-પિતાને પોતાને પણ સહન કરવું પડે છે. તેમજ શાળા, વિદ્યાર્થી, સમાજ, દેશ વગેરેનું ભાવી પણ જોખમમાં મૂકાય છે. કારણ કે ચોર કે ગુનેગાર નાની-નાની ભૂલ કરી, ચોરી કરીને જ મોટા ગુના કે મોટી ચોરી કરતા

શીખે છે. આથી વાલીઓએ વિદ્યાર્થીને સાચી સમજ યોગ્ય સમયે આપવી ખૂબ જરૂરી છે એમ કહી શકાય. ડાયાલાલના આંતરસંચલનોને પણ હાસ્યની શૈલી દ્વારા લેખકે પ્રગટ કર્યા છે. જુઓ :

"વળી પાછો ડાયાલાલને ગીતા-મહાભારતનો અર્જુન સાંભરી આવ્યો, ભીમ સાંભરી આવ્યો, દૂર્યોધન અને સુયોધન જેવા બધાં જ સાંભરી આવ્યા. તે સાથે જ એમણે યુદ્ધ જીતવા જે – જે ચિઠ્ઠી-ચબરખીઓ, ગાઈડ, શોર્ટકટ, કટશોર્ટ, લોન્ગશોટ અને ક્લોઝશોટ અપનાવેલા તે જોતાં પરીક્ષામાં ચોરી કરવી, કરાવવી એ ધાર્મિક કૃત્ય જ કહેવાય એવો તાળો મેળવતાં એમને વાર ન લાગી."[100]

ડાયાલાલ તો વિદ્યાર્થીઓને કાપલી કરવાની પરવાનગી આ સરકાર દ્વારા મળવી જોઈએ એટલી હદ સુધી વિચારે છે, આગળ આ પ્રક્રિયાને યોગ્ય ન્યાય મળે તો તે ધાર્મિક અને સામાજિક ઉત્સવ સમાન ગણાય એમ એક પિતાનું માનવું છે. પિતા દ્વારા જ પુત્રને કાપલી પહોંચાડવાની બીના આઘાત અને અચરજ પમાડે છે. ડાયાલાલ કાપલીને સુપરવાઈઝર મેડમના હાથમાં આપે છે. જુઓ :

"આખરે એનું હસતું મોં જોઈને ડાયાલાલના હસવામાં ફસવું આવ્યું. ફરીથી "આભાર બહેન, જરા બાવીસ નંબર બ્લોકમાં આપણા ચિ. ઉલાળ છે તેની ભાળ રાખજો ને." કહેતાંક ઝબ્બાના ખીસ્સામાં તૈયાર રાખેલી એક ચબરકી એના હાથમાં પકડાવતાં એ મનોમન બબડ્યાં, "આપણો ઉલાળ !"[101]

આખી સિસ્ટમમાં જ આ સડો ફેલાયેલો છે. ચોરી કરાવવાની અનેક પ્રયુક્તિઓ ધ્યાન ખેંચે છે. પહેલા સુપરવાઈઝર, વિદ્યાર્થી પોતે અને પટાવાળા પણ અનીતિ આચરે છે. લેખકના મતે જેમ તેમ કાર્ય પાર નથી પડતું. ચોરી કરાવવી, કાપલી આપવા અવનવા અખતરા, જુદાં જુદાં વ્યક્તિઓ અપનાવતા હોય છે. કોઈ પૈસાને લીધે કરે છે તો ક્યારેક કોઈ શિક્ષક કે સુપરવાઈઝર

દયાભાવથી આંખ આડા કાન કરે છે. શાળાનો પટાવાળો ડાયાલાલને લીલી ઝંડી આ રીતે બતાવે છે. જુઓ :

"પૂછો ફરમાવો સાહેબ, આપણે સેવામાં હાજર જ છીએ." પટાવાળાએ પણ હવે ધીમે – ધીમે પોતાનું પોત પ્રકાશવા માંડ્યું." આપણા ભાવ સાહેબ હમણાં – હમણાં પોલીસવાળાથી વધારે છે હોં ! પછી કહેતા નહીં કે મોંઘું પડ્યું. ચોખવટ સારી. લાવો બીડી."[102]

આમ ભ્રષ્ટાચાર આખી શિક્ષણ વ્યવસ્થામાં ફેલાયેલો છે. ડાયાલાલ કાપલીને જુદાં જુદાં પેપરમાં જુદાં જુદાં વ્યક્તિઓ સાથે મોકલે છે. પછી તે પટાવાળો હોય, શિક્ષક હોય, મિત્રનો પુત્ર સુપરવાઈઝર હોય, પોલીસવાળો હોય. આવી નાની નાની લાંચ-રુશ્વત શિક્ષણમાં સડો ફેલાવવાનું કામ કરે છે. હાલમાં આ લાંચ – રુશ્વત, ભ્રષ્ટાચારનું સ્વરૂપ શિક્ષણ વ્યવસ્થામાં ઘણું મોટું જોવા મળે છે. વિદ્યાર્થીના શાળા કે કોલેજમાં પ્રવેશથી માંડીને તેના પરિણામ અને તેનાથી પણ આગળ વધીને તે જ સંસ્થામાંથી તેને (વિદ્યાર્થી)ના કેરિયર સુધી, નોકરી મળે ત્યાં સુધી ભ્રષ્ટાચાર જોવા મળે છે ! વિદ્યાર્થીનો બોર્ડમાં કઈ શાળામાં નંબર આવ્યો છે તેની જાણ માટે પણ લાગવગ અને ઓળખાણનો ઉપયોગ કરાય છે. વિદ્યાર્થીને ચોરી કરવાની મદદ માટે લાગવગ. તેનું પરિણામ જાણવા માટે લાંચ. તેને નોકરી મળે તે માટેય લાંચ. આમ quality of work (કામની ગુણવત્તા)માં કોઈને રસ નથી. અહીં આગળ વધવામાં જ રસ છે. પરંતુ તેનાથી અન્ય વિદ્યાર્થી જે મહેનત કરે છે તેમને નુકસાન થાય છે. જેમની પાસે પૈસા નથી, આર્થિક રીતે નબળા છે, જેમને આગળ વધવા એક માત્ર શિક્ષણ જ રસ્તો છે તેમને નુકસાન જાય છે. જે વિદ્યાર્થીની બુદ્ધિ, આવડત, કૌશલ્ય શિક્ષણ પરત્વે મજબૂત હોય પરંતુ અન્ય અનીતિ આચરવામાં જ વિદ્યાર્થી કે વાલીમાં આવડત ન હોય તેમને નુકસાન થાય છે. વળી જે ન્યાયને, સત્યને  સાથે રાખી ગુણવત્તા પર ભાર આપનાર શૈક્ષણિક

સભ્ય (વાલી, વિદ્યાર્થી, શિક્ષક કે અન્ય) તેમનું પણ સીધી નહિ તો આડકતરી રીતે નુકસાન જ થાય છે અને શૈક્ષણિક સંસ્થાની બહાર એક એવું Product, Output આવે છે જે અન્ય સમસ્યાને આમંત્રણ આપે છે. ઉદાહરણ તરીકે પાંચ એવા છોકરાઓ બોર્ડમાં પ્રથમ વર્ગ મેળવે છે, જેઓએ છેતરપિંડી કરીને પ્રથમ વર્ગ મેળવ્યો છે. તે છતાં ઉચ્ચ સંસ્થા કે પ્રાઈવેટ શાળા કે સ્કૂલ તેમને એડમિશન આપશે જ અને પરિણામે અન્ય પ્રામાણિક અને લાયક ઉમેદવાર-વિદ્યાર્થીને એડમિશન ન મળતાં એ શિક્ષણથી વંચિત રહેશે. વળી ગેરલાયક ઉમેદવાર પોતાની જેમ અન્યને પણ એ રીતે આગળ વધવા સલાહ આપે છે અને આમ ને આમ આ ચક્ર ચાલ્યા કરે છે.

પરીક્ષામાં પ્રવેશેલી બદીઓ તરફ લેખકનો કટાક્ષ ધ્યાન ખેંચે છે. પરીક્ષામાં અનેક પ્રકારની ગેરરીતિઓ ચાલે છે અને તેની સામે શિક્ષણ વ્યવસ્થા આંખ આડા કાન કરે છે ! વાલીઓની મંડળીમાં જોડાઈને ડાયાલાલ શિક્ષણના હિતચિંતક અને પરીક્ષા શુદ્ધિકરણના હિમાયતી છે એવી છાપ ઊભી કરે છે પરંતુ એક વાલીના શબ્દો ડાયાલાલને અત્ર-તત્રના વિચાર વંટોળ માત્ર લાગે છે. જુઓ :

" "આ યુગમાં એવી મંથર ગતિએ ચાલીએ તો ચાલે જ નહીં. દેશ આખો પડે ખાડામાં માત્ર ક્વોલીટીને નામે સમય બરબાદ કરીએ તો શું થાય ? એ તો સ્પીડ, ક્વોલીટી અને કંટ્રોલની સાથે ક્વોન્ટીટી પણ જોઈએ." એક બીજાએ એનો અભિપ્રાય મૂક્યો. "એ ગમે તે હોય, પણ આજનું શિક્ષણ એ શિક્ષણ નથી. પરીક્ષણ અને નિરીક્ષણ પણ યથાસ્થાને નથી. શિક્ષણથી માંડી સહુ કોઈએ સ્વાર્થના પોતપોતાના કુંડાળામાં પોતપોતાની માયા રચી છે." "[103]

શૈક્ષણિક પરિવેશના બે મુદ્દાઓની ચર્ચા અહીંથી સાથે ચાલે છે. પરીક્ષામાં પ્રવેશેલી બદીઓ અને સમાજ તરફ અંગુલીનિર્દેશ. પ્રસ્તુત નવલકથામાં કેવળ

ડાયાલાલ જ કાપલીને પ્રોત્સાહન આપે છે એવું નથી, પછી નવલકથાકારે જણાવ્યું છે કે અન્ય વાલી, શિક્ષક, સત્તાધીશો, દ્વારા પણ આ દૂષણને ફેલાતું દર્શાવ્યું છે. પૈસા આપી કાપલી પહોંચાડવી, અગાઉથી પેપર મેળવી લેવું, અન્ય સભ્યો / વાલીઓને કાપલી, ચોરીના કારણ દર્શાવી ગેરકાયદેસર પગલા લેવા વગેરે દૂષણો પરીક્ષા પદ્ધતિમાં જોવા મળે છે. લેખકે હાસ્યની શૈલી દ્વારા પરીક્ષા પદ્ધતિ પર કટાક્ષ કર્યો છે. ડાયાલાલ પોતાના છોકરાને ડૉક્ટર બનાવવા માંગે છે, પરંતુ જ્યારે ડાયાલાલનો છોકરો પરીક્ષા આપવા જાય છે અને પરીક્ષામાં પ્રવેશ મેળવવાની હોલ-ટીકિટ ઉતાવળમાં ઘેર ભૂલી જાય છે ત્યારે તેઓ કહે છે કે આ છોકરો કંપાઉન્ડર બને તો પણ ઘણું છે.

દરેક ક્ષેત્ર આ રીતે જુઠ્ઠાણું ચલાવવામાં, ખોટું કરવામાં આગળ છે. શિક્ષણ વ્યવસ્થાના માધ્યમથી લેખક એમ કહેવા માંગે છે કે તમે ડાયાલાલના પાત્રને જોઈને વિચારો કે તમે એ પાત્ર પર હસો છો ? કે પોતાના પર કે પોતાની આસપાસના તમામ એ લોકો પર જેમણે પોતના ક્ષેત્રમાં ખોટું કર્યું છે અને આગળ આવ્યા છે. ક્યારેક લેખકનો આ સંદેશ બોલકો પણ બની જાય છે. જુઓ :

“આમાંથી સમ ખાવા એકેય દાખલો પૂછ્યો હોય તો પપ્પા ! પણ મને જાતે જ બધા આવડતા હતા એટલા ગણી નાખ્યા !”[104]

“ડાયાલાલને થયું કે મોરના ઈંડા કંઈ ચીતર્યાં થોડા ચીતરાય છે ! જીપનાં સેલ મારતા, ઉલાળને પોતાની લગોલગ બેસાડતાં, ધીમે ધીમે ગીયર બદલતાં, ક્લચને ઉઠાવતા અને એક્સીલેટરને દાબતાં એમણે ગતિ વધારતાં હોર્ન માર્યું ને મનોમન ગણગણ્યા, “જખ મારે છે ઝાંપાવાળી તું તારે બારમું કરી નાખને એટલે ગંગા, જમના, સરસ્વતી અને શાંતિ નાયા જ છીએ, આપણે તો આ જીરા વરીયાળી ને સેપટમાંથી છૂટે; ને હેઈ સરસ મજાની કોઈ નર્સીંગહોમ બાંધીને

કમાજે ને તું તારે એરકન્ડીશનરમાં ! એકવાર સર્ટી લાવી છે ને; પછી કોણ બાપો પૂછે છે મારો ! તું તારી કેબિનમાં મજેથી પ્રેક્ટીસ કરજે; ને હું તારી મેડિસીનની દુકાને બેસીશ ! જહન્નમમાં જાય આ બે નંબરના કાટલાં ! સેલટેક્સવાળો કહે લાવો, ઈન્કમટેક્સવાળો કહે લાવો, પુરવઠાવાળો કહે લાવો, માર્કેટવાળો કહે લાવો, પોર્ટર કહે લાવો, મહેતો કહે લાવો, રોડે ચડ્યા તો આર.ટી.ઓ.વાળો કે લાવો ! લ્યો સાલાઓ ! હવે તો ઉલાળ ડૉક્ટરને શાંતિ કંપાઉન્ડર ! એ જ હવે નહીં કહે કે લાવો ?!"[105]

"શીંગડાવાળા કે શીંગડા વગરના શુદ્ધ વકીલ, શુદ્ધ એન્જીનીયર, શુદ્ધ શિક્ષક, શુદ્ધ વેપારી અને શુદ્ધ, શુદ્ધ, અતિશુદ્ધમાં અને શુદ્ધોત્તમ બાપ"[106]

ડાયાલાલના મનોમંથન આપણને વિચારતા કરી દે છે કે કોઈ જગ્યાએ શુદ્ધતા રહી નથી. મૂલ્ય, નીતિ શબ્દ માત્ર ચોપડીઓ અને જાહેરાતમાં જ સારા લાગે છે પરંતુ વાસ્તવિક જીવન મૂલ્ય, આદર્શ, નીતિથી ઘણું દૂર થઈ ગયું છે. આ નવલકથામાં તેનું નાનકડું ચિત્ર દર્શાવ્યું છે. નવલકથાના અંતે બોર્ડમાં એક છોકરા સ્કવોર્ડવાળાના પેટમાં ચાકુ મારી દે છે અને બન્ને (પિતા-પુત્ર) કાપલી કે ખોટું કરવાના ગંભીર પરિણામો વિચારે છે અને ઘરે જાય છે. શૈક્ષણિક વ્યવસ્થામાં પણ સારા ભવિષ્યની ઝાંખી કરાવતી આ નવલકથા સકારાત્મક સૂર પ્રગટાવે છે.

ખોડભાઈ પટેલ 'કાપલી પગો' નવલકથામાં એક એવા વિષયને લઈને આવ્યા છે જે સાંભળતા તો આપણને સામાન્ય લાગે, પરંતુ તેનું પરિણામ ગંભીર છે. પરીક્ષામાં થતી ચોરી કથાનો મુખ્ય વિષય છે. પરંતુ લેખક કથાવસ્તુમાં માતા-પિતાની ભૂમિકા, શૈક્ષણિક સંસ્થાના કાર્યકરોની નીતિ, વિદ્યાર્થીની મૂંઝવણોને વણી લે છે. એક જવાબદાર પિતાને પોતાના પુત્રના ભવિષ્યની ચિંતા કેટલી હોય છે અને એ માટે તે કેટકેટલું કરી છૂટે છે, તેનું નખશિખ વર્ણન નવલકથામાં વાચકનું

ધ્યાન ખેંચે છે. પિતા ડાયાભાઈ પુત્ર ઉલાળને કહે છે કે, "કાપલી – ચબરખી એકબીજાને આપવી અને લેવી એ તો વહેવાર કહેવાય." આમ, સમાજના અન્ય ક્ષેત્રોમાં પણ કેવા ખોટા કાર્યો વહેવારરૂપે થાય છે એ તરફ અંગૂલિનિર્દેશ કર્યો છે. આમ, નવલકથામાં ગંભીર બાબતને પણ સર્જકે નર્મમર્મ શૈલીમાં રજૂ કરી છે.

### ♦ 'અંગદનો પગ'

હરેશ ધોળકિયાની નવલકથા 'અંગદનો પગ'(2006)માં એક શિક્ષકની આપવીતી છે. રામાયણમાં યુદ્ધ પહેલા સમાધાનના સંદર્ભે રામ વાલીના પુત્ર અંગદને રાવણ પાસે મોકલે છે. લંકાના રહેવાસી અંગદના પત્રને પણ હટાવી શકતા નથી તો રામને જીતવા અશક્ય છે એમ અહીં સમજાય છે. આ પ્રતિભાશાળી શિક્ષક અંગદના પગ સમાન હોય છે જેને હરાવવા અશક્ય છે. જેનું રસપ્રદ નિરૂપણ નવલકથામાં જોવા મળે છે. શૈક્ષણિક સંસ્થાના જુદાં જુદાં અનુભવ જ લેખકે ખપમાં લીધા છે. જેમાં શૈક્ષણિક પરિવેશના જુદાં જુદાં મુદ્દા ધ્યાન ખેંચે છે.

લેખક નવલકથાની પ્રસ્તાવનામાં લખે છે કે, "નવલકથા લખવાનો ઈરાદો કેવળ આયન રેન્ડના 'ફર્સ્ટ રેટર્સ' (પ્રતિભાશાળી) અને 'સેકન્ડ રેટર્સ' (સામાન્ય) વિચારોને ગુજરાતીમાં મૂકવાનો જ હતો અને છે."[107] આયન રેન્ડના બે પુસ્તક 'Fountainhead' અને 'Atlas Shrugged' થી પ્રભાવિત થઈને લેખક નવલકથા રચે છે. નવલકથાકારે પોતાના શિક્ષક તરીકેના અનુભવ અહીં ખપમાં લીધા છે. જ્યોતીન્દ્ર શાહ અને કિરણ દવે બે શિક્ષકોની આસપાસ નવલકથા ગૂંથાયેલી છે. વિદ્યાર્થી કિશોરનું પાત્ર દ્રષ્ટા તરીકે તટસ્થભાવે નિરૂપાયેલું છે. કિરણ દવે પ્રતિભાશાળી શિક્ષક હોવાનો ડોળ કરે છે. તે સિદ્ધિ સત્તા મેળવવા કાવતરા ઘડે છે. પ્રતિભાશાળી શિક્ષકને નુકસાન પહોંચાડે છે. જ્યારે બીજી તરફ સજ્જન જ્યોતીન્દ્ર શાહ સંઘર્ષનો સામનો કરીને પણ ખોટું કરતા નથી. અંગદના પગ સમાન કપરી

પરિસ્થિતિમાં પણ મક્કમ રહે છે. અંતે કિરણ દવેની ગ્લાનિની અનુભૂતિ પણ વાચકને આકર્ષે છે. શૈક્ષણિક જગતમાં પ્રતિભાશાળી શિક્ષકના સંઘર્ષનું સૂક્ષ્મ વર્ણન શૈક્ષણિક પરિવેશનો મુદ્દો બની રહે છે. જેને વિગતે તપાસીએ.

પ્રતિભાશાળી શિક્ષકનું વ્યક્તિત્વ કેવું હોય તે નવલકથાના કેન્દ્રમાં છે. નવલકથા ડાયરી શૈલીના માધ્યમથી કહેવામાં આવી છે. કિરણ દવે પોતાની સાથે બનેલ ઘટનાને ડાયરીમાં લખે છે, જેને કિશોર નામનો વિદ્યાર્થી વાંચે છે. જ્યોતીન્દ્ર શાહનું વ્યક્તિત્વ અન્ય શિક્ષકોથી અલગ અને વિદ્યાર્થીપ્રિય શિક્ષક તરીકેનું હોય છે. જુઓ:

"શાળાના બીજા શિક્ષકોમાં જાણીતા હતા. જ્યોતીન્દ્ર શાહ તે પણ શાળાના ખૂબ સારા શિક્ષક લેખાતા, તે જ્યારે ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી શીખવવા બેસે ત્યારે તે વર્ગ રસમાં તરબોળ થઈ જતો. વિશ્વના બનાવો વિશે જ્યારે તે પ્રાર્થનાસભામાં સમજ આવે ત્યારે તેમનો ચહેરો તગતગી ઊઠતો. શાહ સાહેબ વિદ્યાર્થીપ્રિય શિક્ષક હતા. કોઈપણ વિદ્યાર્થી તેમની પાસે સરળતાથી જઈ શકતો. કિશોર પણ તેમની પાસે ઘણીવાર જતો, તે તેમની વિશાળ લાઈબ્રેરીમાંથી ખૂબ પુસ્તકો વાંચતો."[108]

પ્રતિભાશાળી શિક્ષકનું પ્રથમ લક્ષણ જ હોય છે – સહજતા અને સરળતા. કેટલાક વિદ્યાર્થીઓ પોતાના મનની વાત માતા-પિતાને નથી કહી શકતા પણ આવા શિક્ષકોને કહી શકે છે. આજના યુગમાં એવા કેટલા શિક્ષકો મળે જેમની સમક્ષ વિદ્યાર્થી ખુલ્લા અને મોકળા મનથી પોતાના વિચારો મૂકી શકે ! બીજું લક્ષણ જ્ઞાન છે. પ્રતિભાશાળી શિક્ષક વિદ્યાર્થીઓને બે ચોપડીના બે પૂંઠા વચ્ચેનું જ નહિ પરંતુ તે સિવાય વિશ્વમાં પણ શું થઈ રહ્યું છે તેને સંબંધિત માહિતી પણ પૂરી પાડે છે. પ્રતિભાશાળી શિક્ષકનું ત્રીજું લક્ષણ અહીં તારવી શકાય કે તે

વિદ્યાર્થીઓમાં પ્રિય હોય છે, કારણ કે તે વિદ્યાર્થીને નીચો કે નાનો સમજતાં નથી. પરંતુ વિદ્યાર્થીઓના લેવલ સુધી પોતે જાય છે અને પોતાની અંદર રહેલા જ્ઞાનને ટ્રાન્સફોર્મ કરે છે, વિદ્યાર્થીના મગજ સુધી. આજના શિક્ષકો આવા લક્ષણો ધરાવતા હોવા જોઈએ. જ્યારે આપણી સમક્ષ આજના શિક્ષકોનું ચિત્ર અલગ જ છે. 'વિદ્યા વિનાશને માર્ગે' પુસ્તકમાં સુરેશ જોષી શિક્ષકો વિશે આમ કહે છે. જુઓ :

"વિદ્યાર્થીપ્રિય થવા ઇચ્છનારા અધ્યાપક અહીંતહીંથી એકઠી કરેલી ઉછીની સામગ્રીને આધારે 'નોટ્સ' લખાવે છે. આ પ્રક્રિયા જો જ્ઞાનની નથી તો એને પરિણામે જ્ઞાન ઉપલબ્ધ થાય જ ક્યાંથી ? અધ્યાપક તૈયાર એવી સામગ્રીની વહેંચણી કરનારો આડતિયો કે દલાલ જ માત્ર બની રહે છે. અધ્યાપકની 'નોટ્સ'માંથી એ વિદ્યાર્થીની 'નોટ્સ'માં એ જાય તે દરમિયાન બન્નેનાં ચિત્તમાં કશું બનતું નથી. આથી જ તો કશે નહીં ચાલી શકનારા, મૌલિક વિચારશક્તિ વિનાના વૈતરું કૂટી જાણનારા કે ઓછી મૂડીએ બહોળો વહેપાર કરવાની વ્યવહારુ કુનેહવાળા શિક્ષણને પણ અનેક વ્યવસાયો પૈકીનો એક વ્યવસાય ગણીને પ્રવેશે છે, આવા અધ્યાપકો માટે પુસ્તકાલયો નિરર્થક છે. વેકેશનો ટોળટપ્પાં કરવાને કે બીજી 'સાઈડ ઈનકમ' ઊભી કરી લેવાનો ગાળો છે અથવા તો અન્યોન્યને ફાયદો કરાવી આપનારા સહકારના બળે પરીક્ષક થવું, દૂરના હવા ખાવાના સ્થળોમાં ભરાતી પરિષદોમાં જવું, અગત્યની સરકારી કમિટીઓમાં સ્થાન મેળવી મોભો જ નહીં, માન સુદ્ધાં વધારવું. આવી બધી જ પ્રવૃત્તિઓ વેકેશનમાં થતી હોય છે. અધ્યાપકો બૌદ્ધિક શ્રમ કરતા નથી, છતાં બૌદ્ધિક તરીકેનો આદર વિદ્યાર્થીઓ તરફથી અને સમાજ તરફથી મેળવવા ઇચ્છે છે."[109]

આમ, પ્રતિભાશાળી અધ્યાપકે અનુભવથી પણ જ્ઞાનની વહેંચણી કરવાની હોય છે, જ્યારે ઉપરોક્ત ઉદાહરણમાં સમજી શકાય છે કે અધ્યાપક પોતાના અનુભવનો ઉપયોગ ઓછો અને દેખાડાને વધુ અગત્યતા આપે છે. નવલકથામાં

પણ એક એવા જ શિક્ષકનું વ્યક્તિત્વ દર્શાવવામાં આવ્યું છે જે દેખાડાને અગત્યતા આપે છે તે પાત્ર છે કિરણ દવેનું. નાનપણથી જ આ કિરણ દવે રમતગમતમાં કે અન્ય વિષયમાં નિપૂણ ન હતા, છતાંપણ તેઓ પોતે રમતગમતમાં નિપૂણ હોય એવો દેખાડો કરતા હતા.

સેકન્ડ રેટર્સ (સામાન્ય)ના લક્ષણો નવલકથામાં કિરણ દવેના પાત્રથી સમજી શકાય છે. શાળામાં એવા શિક્ષકો હોય છે જે પ્રતિભા ન હોવાથી દેખાડામાં માને છે. કિરણ દવે જ્યોતીન્દ્ર શાહની લોકપ્રિયતાથી નાખુશ હતા. નવલકથામાં સેકન્ડ રેટર્સની ભૂમિકામાં તેમને જોઈ શકાય છે. તેઓ નાનપણથી એક એવી આવડત ધરાવતા હતા જેમાં તેમને માત્ર દેખાડો કરવાનો હોય છે. આવડત તેમનામાં ન પણ હોય તો ચાલે. પછી તે રમતગમત હોય કે અન્ય શિક્ષક આગળ પોતાની અંદર રહેલા કૌશલ્યને બહાર લાવવાનું હોય, કિરણ દવે તેમાં પારંગત હતા. વળી માતા-પિતા પણ કિરણ દવે ઉપર એક રીતે દબાણ કરતા હતા. તેમને આગળ લાવવા માટે હંમેશા સલાહ આપતા હતા. આમ, આજના વિદ્યાર્થીઓ પર એક પ્રકારનું દબાણ હોય છે. વધારે ગુણ મેળવવા હંમેશા પ્રથમ નંબરે પાસ થવું, બધા કરતા આગળ રહેવું વગેરે વગેરે. જેને કારણે બાળક કે વિદ્યાર્થી નાનપણથી એક ભયમાં જીવતું થઈ જાય છે. ગુણ ઓછાં આવવાનો ભય, માતા-પિતાના દબાણના ભય હેઠળ વિદ્યાર્થીઓ જીવે છે અને જેને કારણે એક એવા પ્રકારનું વાતાવરણ સર્જાય છે, જેમાં કોઈ પણ પ્રકારનું પગલું વિદ્યાર્થી ભરે છે. આજે પણ આવા ઉદાહરણ જોવા મળે છે. ઘર છોડીને જવું, આત્મહત્યા કરવી, હતાશામાં આવી જવું, એકાકી જીવન જીવવું, માનસિક સંતુલન ગુમાવવું વગેરે જેવા કિસ્સાઓ છાસવારે બને છે. ક્યારેક કિરણ દવે જેવા વિદ્યાર્થીઓ પણ હોય છે જે આગળ મોટા થઈને એક એવું વ્યક્તિત્વ ધારણ કરે છે જેમાં તેઓ બીજાને આગળ વધતા જોઈ શકતા નથી અને પોતે બધાથી હોંશિયાર છે તે દર્શાવવા શામ-દામ-

દંડની નીતિ અપનાવવા તૈયાર હોય છે. કિશોર વિદ્યાર્થીનો પણ તે ઉપયોગ કરે છે. કિશોર જ્યારે જ્યોતીન્દ્ર શાહ પાસે અભ્યાસ અર્થે જાય છે ત્યારે એક શિક્ષક તરીકે કિરણ દવેનો પ્રતિભાવ જુઓ :

"કિશોર તેના જ્ઞાનનો લાભ ખૂબ લે, પણ તેની સંગત ઓછી કરવી. તે તને સાધુ બનાવી દેશે. આ ઉંમરે થનગનવાનું હોય ! વિચાર-બિચારની માથાકૂટમાં ન પડવું. આગે બઢો. એ જ જિંદગીનું ધ્યેય છે."[110]

'વિદ્યાર્થીઓની મૂંઝવણ' પણ ઉપરોક્ત વિધાનમાં જોઈ શકાય છે. સેકન્ડ રેટર્સના લક્ષણો કહો કે કાવતરા કહો એવા પ્રકારના હોય છે જે અન્યને પણ હાની પહોંચાડતા હોય છે. આવા શિક્ષકોને લીધે વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મૂકાય છે. તેમની દિશાભંગ થાય છે એમ કહી શકાય. જ્યારે પણ કોઈ વિદ્યાર્થીને ગેરમાર્ગે દોરવામાં આવે છે એટલે તે વર્તન અને વ્યવહારની અસર શિક્ષણ પર વર્તાય છે, સેકન્ડ રેટસના લક્ષનોની ચર્ચા સાથે વિદ્યાર્થીઓની મૂંઝવણ જોવા મળે છે. કારણ કે શૈક્ષણિક પરિવેશના આ બન્ને મુદ્દા એકબીજા સાથે જોડાયેલા છે. એક શિક્ષકના વ્યક્તિત્વની અસર વિદ્યાર્થીના માનસ પર હંમેશા અંકાય છે અને શિક્ષકની છબીને વિદ્યાર્થીઓ આદર્શ મૂર્તિ સમાન ગણતા હોય છે. કિશોર પર એક તરફ જ્યોતીન્દ્ર શાહનો પ્રભાવ હોય છે, તો બીજી તરફ કિરણ દવેના આગવા વ્યક્તિત્વથી પણ આકર્ષાય છે. નવલકથામાં જ્યોતીન્દ્ર શાહ અને કિરણ દવે વચ્ચે સંઘર્ષ થાય છે. બે શિક્ષકો વચ્ચે થતા સંઘર્ષની માઠી અસર વિદ્યાર્થીઓ ઉપર પણ પડે છે ને શાળાનું વાતાવરણ ડહોળાઈ જાય છે. કિરણ દવેને જ્યોતીન્દ્ર શાહને મળતી પ્રસિદ્ધિથી અકળામણ થાય છે. જુઓ :

"જાણે કે શાળા જ્યોતીન્દ્રની આસપાસ ફરતી."[111]

"તેમની આગળ મારું સામાન્યપણું નગ્ન નૃત્ય કરતું હતું."[112]

જ્યોતીન્દ્રની ગેરહાજરીમાં પણ શાળામાં દરેક જગ્યા પર તેનો આત્મા હાજર હોય છે તેવી પ્રતીતિ દવે સાહેબને થાય છે. આપણે અહીંથી જ્યોતીન્દ્ર દવેનું વ્યક્તિત્વ જોઈશું, જે આગળ જઈને કિરણ દવેને અનૈતિક પગલું ભરવા મક્કમ બનાવે છે. કિરણને જ્યોતીન્દ્રની બધી જ ક્રિયા-પ્રતિક્રિયા ડંખે છે. પ્રાર્થનાસભા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ હોય કે વિશ્વ સાહિત્યની ચર્ચા જ્યોતીન્દ્રની હાજરી અચૂક રહેતી. જ્યોતીન્દ્ર બધા જ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી દિશાસૂચન કરે છે. તેમના મતે જ્ઞાન એટલે ચાર દીવાલોની અંદર અપાતું હોય તે નહિ પરંતુ જીવનની સાથે સંકળાયેલું અનુભૂતિનું રહસ્ય છે. જ્યોતીન્દ્ર સાહેબની સાથે ચર્ચામાં જીવનનો બોધ મળે છે. જ્યારે કિરણ દવે શિક્ષક જીવનમાં આગળ વધવા માટેના ઉપાયો દર્શાવે છે. જેને આપણે એમ કહી શકીએ કે આર્થિક સ્થિતિને જોતા કેટલાક વિદ્યાર્થીઓ એ માર્ગ પણ અપનાવતા હોય છે જેનો ઉદ્દેશ કંઈક બનવું હોય છે, જ્યારે જ્યોતીન્દ્ર શાહ વિદ્યાર્થીઓને કંઈક કરવા માટે સલાહ આપે છે.

એકસમાન દરેક વિદ્યાર્થીઓને જોવા એ જ્યોતીન્દ્ર શાહનું માનવું છે અને તેમના આ વિચાર કિરણ દવેને ખટકે છે. જ્યોતીન્દ્ર શાહ શાળામાં શ્રીમંત અને ગરીબ એમ બન્ને વર્ગના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી નજીકના સ્થળે પ્રવાસ જવાનું નક્કી કરે છે. જ્યારે દવે સાહેબ તેમાં પરિવર્તન લાવે છે. નજીક-દૂર એમ બન્ને સ્થળો પર જવાનું નક્કી કરે છે. બન્ને કક્ષાના (ગરીબ-શ્રીમંત) વિદ્યાર્થીઓને અલગ પાડે છે. આમ નાની હોવા છતાં કેટલીક ગંભીરતા અમુક બાબતો ધરાવતી હોય છે. વિદ્યાર્થીઓના માનસપટ પર ગરીબી-અમીરીનું આવરણ અંકાય છે અને તેઓ અન્ય કરતા પોતાને અલગ સમજે છે. આમ, શિક્ષકો કે સત્તાધીશો દ્વારા લેવાતા નિર્ણયો વિદ્યાર્થીઓ પર અસર કરતા હોય છે. કિરણ દવે પોતાની ઢબે શાળા સંચાલિત કરે છે. શાળામાં જ્યાં અમુક રમતો જ વિદ્યાર્થીઓને શીખવવામાં આવતી તેમાં નવી ફિલ્ડ – ટ્રેક અને કુસ્તીની રમત ઉમેરવાનું સૂચન કરી દવે

ફોકસમાં આવવા મથે છે. જ્યારે જ્યોતીન્દ્ર દેખાવે નાની વાત હોય પણ જે અગત્યની હોય છે તેમાં વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરે છે. જેમ કે, બે વિદ્યાર્થીઓ વચ્ચેના ઝઘડાના સમાધાન અંગે, સલાહ આપવા અંગે તે પારંગત હોય છે. દવેનો પ્રતિભાવ એક વાક્યમાં જુઓ :

"હું સળગી ઊઠ્યો."[113]

કિરણ દવે હવે યેનકેન પ્રકારે વક્તૃત્વસ્પર્ધાની આગેવાની સંભાળે છે, શિક્ષકસંઘનો કન્વીનર બની અન્યોનું ધ્યાન ખેંચે છે. ટ્યુશન માટે વિદ્યાર્થીઓને મનાવે છે. ટ્યુશનમાં જોડાવા વિદ્યાર્થીઓને સલાહ પણ આપે છે. તેમના મતે ધ્યેયલક્ષી ગણિત-વિજ્ઞાન જેવા વિષયો પર જ ધ્યાન આપવું જોઈએ. વિદ્યાર્થીઓને ખાસ નોંધની લાલચ આપીને અન્ય શિક્ષકોને પણ ખાનગી ક્લાસ કરવા માટે સલાહ આપે છે. વિદ્યાર્થીઓ પાસે પોતાનો અંગત હેતુ પાર પાડવા માટે કિરણ દવે વ્યસ્ત રહે છે, જુઓ :

"હું વિદ્યાર્થીઓનો ઉપયોગ તેઓ જ્યોતીન્દ્ર પાસે મારી પ્રશંસા કરે તે માટે કરતો."[114]

શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓનો થતો ઉપયોગ શૈક્ષણિક સંસ્થાઓનું દૂષણ છે. વિદ્યાર્થીઓનો ઉપયોગ ક્યાંક તો શિક્ષક કરતા હોય છે, ક્યાંક તો રાજકારણી કરતા હોય છે, તો ક્યારેક શૈક્ષણિક સંસ્થાની વ્યવસ્થા જ વિદ્યાર્થીઓનો ભોગ લેતી હોય છે. ક્યારેક ફીને લઈને, પ્રશ્નપત્રને લઈને, પ્રતિભાવને લઈને વિદ્યાર્થીઓનો સંઘર્ષ જોવા મળતો હોય છે. નવલકથામાં દર્શાવેલો વિદ્યાર્થી કિશોર પણ હવે સાહેબથી આકર્ષાય છે અને તેમના ખાનગી ક્લાસમાં જોડાય છે. 'વિદ્યા વિનાશના માર્ગે' પુસ્તકમાં સુરેશ જોષી આ સંદર્ભે કંઈક આમ કહે છે, જુઓ :

“શહેરમાં ચાલતા ‘કોચિંગ ક્લાસ’માં વિદ્યાર્થીઓનો ધસારો થાય છે, ત્યાં વિદ્યાર્થીઓ શાન્તિથી ભણે છે, તોફાન કરતા નથી. આ કોચિંગ ક્લાસ વિદ્યાપીઠોના પૂરક અંગ છે એમ માનવાની કોઈ રખે ભૂલ કરે. એ ક્લાસ નભે છે વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળ બનાવવાની એની વ્યવહારુ ઉપયોગીતા પર. જ્ઞાનના વિકાસ કે સંવર્ધન સાથે એને કશી નિસબત નથી. વિદ્યાપીઠના વર્ગોમાં આથી જ વિદ્યાર્થીઓને તોફાન કરવાનું પરવડે  છે. આવા કોચિંગ ક્લાસ સાથે વિદ્યાપીઠના અધ્યાપકો પણ છૂપો કે પ્રગટ સમ્બન્ધ ધરાવતા હોય છે. પરીક્ષામાં ઉપયોગી થઈ પડે એવા સાહિત્યનો ઢગલો વળે છે. આ સાહિત્ય વિદ્યાર્થીઓને જ્ઞાનના મૂળ સ્રોત સુધી જવા દેતું નથી.”[115]

ટ્યુશન પ્રથા પણ શૈક્ષણિક સંસ્થાનું દૂષણ છે, જેમાં પરિવર્તન લાવવાની અનિવાર્યતા છે. આજે શિક્ષકો ખાનગી ટ્યુશન ન કરી શકે એવો કાયદો છે. પરંતુ આ કાયદાનું પાલન કેટલા શિક્ષકો કરે છે તે પ્રશ્ન છે ? વળી કેટલાક સંજોગોમાં શિક્ષકોનો ઓછો પગાર પણ આ પ્રવૃત્તિઓ માટે જવાબદાર નીવડે છે. તો જ્યોતીન્દ્ર જેવા કેટલાક સંતોષી શિક્ષકો હોય છે જે આર્થિક પરિસ્થિતિ વિકટ હોવા છતાં શિક્ષણની ગુણવત્તા સાથે ચેડા કરતાં નથી. વિદ્યાર્થીઓના બાહ્ય અને આંતરિક બન્ને વિકાસની વાત કરે છે. બાહ્ય વિકાસ સમજી શકાય છે. જેમ કે, માનસિક, શારીરિક, સામાજિક વગેરે જ્યારે આંતરિક વિકાસ એટલે મનને જાગૃત રાખવું, ધ્યાન કરવું વગેરેનો આગ્રહ વ્યક્તિએ દિવસમાં પોતાની દરેક ક્રિયા-પ્રતિક્રિયા દરમ્યાન મનને જાગૃત રાખવું જરૂરી છે. દિવસના અંતે ક્રિયા અને તેના પરિણામનો વિચાર કરવો જરૂરી છે. ધ્યાન કરવાથી આ બધું જ શક્ય બને છે. જ્યોતીન્દ્રની આ સમજની સામે કિરણ દવે પોતાના કાવતરા ઘડે છે. વિદ્યાર્થીઓના માધ્યમથી જ્યોતીન્દ્રની દરેક પ્રવૃત્તિઓ પર ધ્યાન રાખે છે અને પરિસ્થિતિનો તાગ મેળવે છે. કિરણના ધ્યાનમાં આવે છે કે વર્ગખંડમાં જ્યોતીન્દ્ર સંતો વિશે

કેટલાક હકારાત્મક તો કેટલાક નકારાત્મક લક્ષણો દર્શાવે છે. કાચી સમજને કારણે કિરણ નનામો પત્ર લખી જ્યોતીન્દ્રની ચર્ચાને અયોગ્ય સાબિત કરે છે. પરંતુ જ્યોતીન્દ્ર આખા કન્સેપ્ટને સમજાવે છે કે બૌદ્ધ ધર્મના પતનના કારણોમાંનું એક સંતોની રહેણી-કરણી પણ છે, જ્યોતીન્દ્ર બધું જ કળી જાય છે છતાં પરિસ્થિતિથી હારતો નથી, જ્યારે કિરણ રાકેશ જેવા નવા ટ્રસ્ટીની ભલામણથી આચાર્ય બને છે. જેને સુંદર શબ્દોમાં લેખક ડાયરી સ્વરૂપે સ્વયં કિરણના શબ્દોમાં લખે છે, જુઓ :

"મારે તો ગમે તેમ કરી જ્યોતીન્દ્રને પછાડ્વો હતો, મને જ શ્રેષ્ઠ સિદ્ધ કરવો હતો."[116]

"મને આચાર્યનો ઓર્ડર મળ્યો. અને ફરતી ખુરશી અટકાવી હું બેસી ગયો."[117]

ફર્સ્ટ રેટર્સનો કાર્યભાર અને સંઘર્ષ હજી જીવંત છે. સત્તાધીશો જ્યારે અયોગ્ય હોય છે, ત્યારે પણ નીચેના સ્તરના શિક્ષકો કે હોદ્દેદાર પોતાનું કાર્ય નિષ્ઠાથી કરતા હોય છે. જ્યોતીન્દ્ર પોતાના વિચારોને રજૂ કરતા ખચકાતો નથી. મોડેલ પાઠ રજૂ કરવા, પ્રાર્થના સભા સમયે દરેક શિક્ષકોએ વિષય સિવાયના સંદર્ભ પર પાંચ મિનિટ બોલવું જેવી બાબતો કિરણની સાથે અન્ય શિક્ષકોને પણ ખટકે છે. કિરણ દવે શાળાની પ્રતિષ્ઠા વધારવામાં વ્યસ્ત છે, જ્યારે શાળાનું તંત્ર ખોરવાય છે. કારણ કે ખાનગી ટ્યુશનને કારણે વિદ્યાર્થીઓ વર્ગમાં શિક્ષકો સાથે ઉદ્ધતાઈથી જવાબ આપે છે. જ્યોતીન્દ્ર પરિસ્થિતિને પોતાના દૃષ્ટિકોણથી તપાસે છે અને રાજીનામું આપી દે છે. દવેનો સંતાપ આ શબ્દોમાં વ્યક્ત થયો છે, જુઓ :

"હું ગૂંગળાવા લાગ્યો, છટપટવા લાગ્યો, મૂંઝવણ વધવા લાગી. થયું કે જ્યોતીન્દ્રની માફી માંગી આવું. તેની સામે પણ હિમ્મત ન હતી."[118]

સેકન્ડ રેટર્સનું પરિવર્તન અને ફર્સ્ટ રેટર્સનો આગવો પ્રતિભાવ નવલકથાનું પોત આખું બદલે છે. પ્રતિભાશાળી શિક્ષકો કોઈ પણ પરિસ્થિતિમાં હાર સ્વીકારતા નથી. જેમ નવલકથામાં જ્યોતીન્દ્ર પર વિવિધ આરોપો લાગે છે છતાં તેને હાર સ્વીકાર નથી અને જ્યારે પરિસ્થિતિ વણસી જાય છે, જ્યોતીન્દ્રના હાથમાં રહેતી નથી ત્યારે તે રાજીનામું આપે છે એટલે કે તે નિરાશ નથી થયો, થાકી નથી ગયો. પરંતુ જ્યોતીન્દ્રને એવી સંસ્થામાં કાર્ય કરવું સ્વીકાર્ય નથી જ્યાં વિદ્યાર્થીઓનો બાહ્ય અને આંતરિક વિકાસ શક્ય નથી. મોટેભાગે આપણી માનસિકતા હોય છે કે જ્યારે કોઈ રાજીનામું આપે ત્યારે તે હારી ગયું છે થાકી ગયું છે. પરિસ્થિતિનો સામનો નથી કરી શકતું પરંતુ તે માન્યતા ખોટી છે. દરેક સમયે માણસના હાથમાં પરિસ્થિતિનો દોર હોતો નથી. વળી તે સમયે પણ કેવી રીતે સ્થિર રહેવું અને એક નિર્ણય લેવો એ આગવા વ્યક્તિત્વની નિશાની છે. નવલકથામાં જ્યોતીન્દ્ર શાહનું પણ એવું જ વ્યક્તિત્વ છે, જેમાં તે ગંભીરમાં ગંભીર પરિસ્થિતિમાં પણ સ્થિર રહીને નિર્ણય લે છે પછી તેમાં તેને પણ શોષાવું પડે છે. આર્થિક પરિસ્થિતિનો ભોગ બનવું પડે છે. પરંતુ પ્રતિભાશાળી શિક્ષકોને તે સ્વીકાર્ય છે. નવલકથામાં સામાન્ય શિક્ષકમાં પણ કંઈક પરિવર્તન આવે છે, તેવું દર્શાવવામાં આવ્યું છે. કિરણ દવે આત્મહત્યા કરે છે, જેનું કારણ જ્યોતીન્દ્ર શાહનો પ્રતિભાવ છે અને કિરણ દવેને થતી આત્મગ્લાની છે. આમ પ્રતિભાશાળી વ્યક્તિઓ પોતાના કાર્ય થકી અન્યોને પણ સાચો માર્ગ ચીંધે છે. જ્યોતીન્દ્ર દ્વેષભાવ વગર જ શાળામાંથી જતો રહે છે. જ્યારે કિરણ દવે ક્રિયાહીન થઈ જાય છે. આમ તેને અનુભવાય છે કે તેણે ખોટું કર્યું છે. સેકન્ડ રેટર્સ (સામાન્ય) વ્યક્તિને થતી આ અનુભૂતિ પણ મૂઠી ઉંચેરો માનવી તરીકે સાબિત કરે છે.

બકુલ દવે ‘શિક્ષણ જગતને તાકતી એક અનોખી નવલકથા’ નામના લેખમાં કહે છે, કે “શિક્ષણ સાથે જેનો થોડો પણ નાતો હોય તે સૌ કોઈને ‘અંગદનો પગ’નું વાંચન સાર્થક નીવડશે.”[119]

ઉપરોક્ત વિધાનથી આગળ વધીને એમ પણ કહી શકાય કે શિક્ષણ સાથે જોડાયેલા જ નહિ પરંતુ દરેક વ્યક્તિએ આ નવલકથા વાંચવી જોઈએ. આ નવલકથા માણસને જીવન જીવવાનું બળ પૂરું પાડે છે. ટૂંકમાં ‘અંગદનો પગ’ નવલકથા શિક્ષણ વ્યવસ્થા જ નહિ પરંતુ કોઈ પણ વ્યવસ્થા માટે આદર્શરૂપ છે, જે વ્યક્તિઓને સંઘર્ષમય પરિસ્થિતિમાં પણ સ્થિર રહેવાનું શીખવે છે.

નવલકથામાં ભાષાકર્મ અને પ્રસંગોની છણાવટમાં સર્જનાત્મકતા જોવા મળે છે. નવલકથાનો સંપૂર્ણ પરિવેશ શૈક્ષણિક છે. બે શિક્ષકોના સંઘર્ષમાંથી જન્મતી કથાનો અંત સેકન્ડ રેટર્સની ગ્લાની સાથે સુસંગત નીવડ્યો છે. સુખદ અને દુ:ખદ મિશ્ર ભાવો વાચકના મનમાં જન્મે છે. કેટલાક પડાવમાં પ્રતિભાશાળીની ચેતના ડગમગે છે. પરંતુ તેનું મનોબળ અડગ રહે છે. તેના પગ અંગદના પગ સમાન અચળ અને સ્થિર હોય છે. તેને સફળતાની કોઈ જરૂર નથી એની ઓળખ તો સામેના વ્યક્તિના હ્રદયમાં પડેલી હોય છે. તેઓ તેમના કાર્ય, ભાવ અને આત્મવિશ્વાસ થકી વિશ્વ સામે ટકી શકે છે. જ્યારે કોઈ તેમને હાની પહોંચાડવા મથે છે ત્યારે પછડાટ પોતે ખાય છે. કારણ કે સંતોષની જે અનુભૂતિ પ્રતિભાશાળીને થાય છે તેનાથી સામાન્ય સેકન્ડ રેટર (Second Rater) કોષો દૂર છે. ભલે તેઓ ઊંચા હોદ્દા પર હોય પરંતુ તેમની ત્રુટીઓ કે ક્ષમતાઓ દેખાય છે અવશ્ય. આ વિચાર જ આ નવલકથાને અન્ય નવલકથા કરતા અલગ પાડે છે.

શૈક્ષણિક પરિવેશના નવા મુદ્દા આ નવલકથામાં જોવા મળે છે. પ્રતિભાશાળી અને સામાન્ય શિક્ષકોના લક્ષણો, બન્ને વચ્ચેનો સંઘર્ષ, વિદ્યાર્થીઓનો

ઉપભોગ, ટ્યુશનપ્રથા, બાહ્ય અને આંતરિક વિકાસની પરિભાષા વગેરે મુદ્દાઓ શિક્ષણના ગુણવત્તાસભર સ્તરને દર્શાવે છે. ‘અંગદનો પગ’ નવલકથામાં શૈક્ષણિક પરિવેશ ઝીણવટતાથી નિરૂપાયો છે એ દૃષ્ટિએ એનું ઘણું મૂલ્ય છે.

શિક્ષણ જગતને તાકતી નવલકથામાંની એક નવલકથા હરેશ ધોળકિયાની ‘અંગદનો પગ’ છે. જેમાં વધારે પાત્રો નથી, પરંતુ બે શિક્ષક કિરણ દવે અને જ્યોતીન્દ્ર શાહની આસપાસ કથાવસ્તુ ગૂંથાયેલું છે. આ નવલકથા ડાયરીની શૈલી દ્વારા નિરૂપાઈ છે. બે શિક્ષકો વચ્ચેનો સંઘર્ષ અને અંતે એક શિક્ષક નોકરી છોડે છે અને બીજો અમુક વર્ષ પછી આત્મગ્લાનીને લીધે આત્મહત્યા કરે છે. સર્જક પાત્રના આંતરસંવેદનો ઉપસાવવામાં સફળ નિવડ્યાં છે. કોઈપણ પાત્રનો પક્ષ લીધા વિના યથાતથ રજૂ કર્યા છે. વળી, પ્રસંગોની ગૂંથણીમાં લેખકે પોતાનું કૌશલ્ય અને સર્જનાત્મકતા બતાવી કથાનું સુપેરે નિર્વહણ કર્યું છે. લેખકનો દાર્શનિક અભિગમ કથાપ્રવાહમાં અંતરાય બનતો નથી, પરંતુ કથાને વધારે મજબૂત બનાવે છે.

- 3.2 શૈક્ષણિક પરિવેશને નિરૂપતિ હિન્દી નવલકથાઓનો સમીક્ષાત્મક અભ્યાસ

- ‘રાગ દરબારી’

ઈ.સ. 1968માં પ્રકાશિત ‘રાગ દરબારી’ નવલકથાના લેખક શ્રીલાલ શુક્લ છે. જેમનો જન્મ ઉત્તરપ્રદેશના લખનૌ જિલ્લામાં ઈ.સ. 1924માં ખેડૂત પરિવારમાં થયો. સાધારણ પરિવારમાંથી આવી શ્રીલાલ શુક્લે અસાધારણ સિધ્ધિ હિન્દી સાહિત્યમાં પ્રાપ્ત કરી. વ્યંગ્ય અને હાસ્યના લેખક તરીકે શ્રીલાલ શુક્લની હિન્દી સાહિત્યમાં ગણના થાય છે. નવલકથામાં ‘સૂનુ ઘાટીકા સૂરજ’ (1947), ‘રાગ દરબારી’ (1968), ‘પહલા પડાવ’ (1987). હાસ્ય – વ્યંગ્ય સંગ્રહમાં ‘અંગદકા પાવ’ (1948), ‘મેરી શ્રેષ્ઠ વ્યંગ્ય રચના’ (1971); કહાની સંગ્રહમાં ‘યહ ઘર મેરા નહીં’ (1971), ‘ઉમરાવનગર મેં કુછ દીન’ (1987) વગેરે રચના તેમના વિશાળ સાહિત્ય લેખનનો પરિચય આપે છે. જેમાં ‘રાગ દરબારી’ સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત નવલકથા છે.

સામાજિક, રાજનૈતિક, આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રને સ્પર્શતી ‘રાગ દરબારી’ નવલકથાનું કથાવસ્તુ 30 ભાગમાં વિભાજિત કર્યું છે. ગુજરાતી ભાષામાં તેનો અનુવાદ હરીન્દ્ર દવેએ કર્યો છે. ભૂમિકામાં લખ્યું છે તેમ સામાજિક પરિવર્તન, સ્વતંત્રતા, રૂઢ કે મરવા પડેલી મૂલ્ય વ્યવસ્થાનો વિરોધ તથા અન્ય સમસ્યાઓના નિદાનની માણસ તરીકે કરેલી મથામણો દેખાય છે. આજે સામાજિક, નૈતિક મૂલ્ય જોવા મળતા નથી. સંપૂર્ણ દેશની સ્થિતિ શિવપાલગંજ ગામ જેવી થઈ ગઈ છે, જે નવલકથાના કેન્દ્રમાં છે. શિવપાલગંજ આખા દેશના પ્રતીક સમાન બની રહે છે. અહીં વૈધજી કો.ઓ. યુનિયનના કૉલેજના મેનેજર છે. ગામમાં તેમના કહેવા પ્રમાણે જ બધું થતું હોય છે. એક કુશળ રાજનેતા તરીકે તેમની છબી ઉપસી આવે

છે. અંગ્રેજો પર શ્રધ્ધા રાખી વૈધજી પોતાનું નવું સૈન્ય બનાવે છે. કો.ઓ. યુનિયનની રકમ ચોરાઈ જાય છે, પરંતુ જવાબદારી વૈધજી લેતા નથી, જેની ભરપાઈ સરકાર કરે તેવી યોજનાઓ ઘડે છે. તેમના કહેવા અને કરવા બંનેમાં ભેદ છે. તેઓ હંમેશા ગામડાના વિકાસ, શિક્ષણની પ્રગતિ આદર્શોની વાતો કરે છે. પરંતુ આચરણ તદ્દન વિપરીત છે. ગરીબોનો ઈલાજ મફત અને સારું ન થાય તો પૈસા પાછા એમ બોલી જનતામાં લોકપ્રિય બને છે. પરંતુ વાસ્તવિકતામાં પહેલા વચન પ્રમાણે કોઈ ગરીબનો ઉધ્ધાર નથી કર્યો અને બીજાનો તો મોકો જ નથી મળ્યો. અંગ્રેજો પછી વૈધજી જેવા આપણામાંના જ કેટલા દેશનું શોષણ કરી રહ્યા છે. આ અંગે લેખકે કટાક્ષ કર્યો છે, જુઓ:

"હકીકતમાં તેઓ આ હોદ્દા પર રહેવા માંગતા, કેમકે એમને હોદ્દાઓની લાલચ નહોતી પણ આ ક્ષેત્રમાં જવાબદારીના આ કામો નભાવવાવાળા કોઈ માણસો જ ન હતાં. જેટલા નવયુવક હતાં એ બધા જ આખા દેશના યુવાનોની માફક નકામા હતાં. આથી તેમને બુઢાપામાં આ પદ સંભાળવા પડ્યા હતા."[120]

રાજનૈતિક ગતિ-વિધિઓના સૂત્રધાર સમાન વૈધજીનું એક અદ્દભૂત વ્યક્તિત્વ છે. આખું ગામ જાણે તેમના તાબા હેઠળ છે એ રીતે દરેક સંસ્થા સાથે તેમનું જોડાણ છે. પછી તે કૉલેજ હોય, સરકારી ખાતુ હોય, કોર્ટ હોય કે પોલીસ સ્ટેશન. પોતાના બે દિકરા બદ્રી પહેલવાન અને રુપ્પનબાબુને પણ આ દરેક ક્ષેત્રના કાર્યમાં જોડી કેળવવાની કોશિષ કરે છે. દરેક સંસ્થાઓ સાથે તેમની અંગત મીટિંગ થતી હોય છે. ક્યારેક પૈસાના જોરે તો ક્યારેક સત્તાના જોરે કામ પતાવવામાં તેમનું માનવું છે.

નવલકથામાં છંગામલ ઈન્ટરમિડિએટ કૉલેજનું ચિત્ર શૈક્ષણિક પરિવેશને રજૂ કરે છે. અહીંના આચાર્ય, શિક્ષક, વિદ્યાર્થીઓ દરેક શિક્ષણ વ્યવસ્થાની પોલને

ખોલી આપે છે. નવલકથામાં થતી જુદી જુદી અશૈક્ષણિક ઘટનાઓના સાક્ષી તરીકે પીએચ.ડી.નો વિદ્યાર્થી રંગનાથની છબી એક દૃષ્ટા તરીકે ઉપસીને આવે છે. રજા ગાળવાના, થીસિસ લખવાના અને સ્વાસ્થ્ય બનાવવાના હેતુથી ગામમાં આવી ચઢેલો રંગનાથ દરેક સાથે સિદ્ધાંત અનુસાર વ્યવહાર કરે છે. પરંતુ તેની સામેના પાત્રો તો અલગ જ છે. ખાદીની ધોતી, કુરતો, સદરી, ટોપી, ચાદરમાં ભવ્ય મૂર્તિ સમાન આચાર્ય જે પોતાને બે વિષયમાં પારંગત સમજે છે. સરકાર કે સંસ્થા વધુમાં વધુ પૈસો મેળવવા માટે વિવિધ યોજનાઓ બનાવીને કોઈ પણ રીતે પોતાના સ્થાનને સુરક્ષિત રાખવું. ભણવા-ભણાવવાની સાથે તેમને કોઈ નિસ્બત નથી. તો નવલકથામાં ખન્ના અને માલવીય માસ્તર જેવા પ્રમાણિક પાત્રો પણ છે. જે પોતાના કાર્યોને મહેનતથી કરવામાં માને છે. તેથી આચાર્ય સાથે તેમનું બનતું નથી. આચાર્ય આ બે શિક્ષકોની ફરિયાદ હંમેશા વૈધજી સમક્ષ કરતો હોય છે. વિદ્યાર્થીઓ દ્વારા તેઓની મજાક ઉડાડે છે અને તેના આ કાર્યમાં કૉલેજનો ક્લાર્ક સાથ આપે છે. આમ આચાર્યની મોટામાં મોટી યોગ્યતા જૂથબંધી, મારપીટ, ગાળો બોલવી વગેરે છે. મોતીરામ જેવા અધ્યાપક ઘંટીના વિવરણ સાથે વિજ્ઞાન ભણાવવામાં વ્યસ્ત છે. જ્યારે વિદ્યાર્થીઓને ગુંડાગીરી જ કરવી ગમે છે. શિક્ષણ પ્રત્યે અહીં કોઈ ગંભીર નથી. વૈધજીનો પોતાનો દિકરો સ્થાનિય વિદ્યાર્થી નેતા છે. ત્રણ વર્ષથી તે દસમા ધોરણમાં જ અભ્યાસ કરી રહ્યો છે. આચાર્ય ગરીબ કુટુંબમાંથી આવે છે. આમ આચાર્યની કેટલીક મજબૂરી, મોતીરામની અધૂરી સમજ અને વિદ્યાર્થીઓની મજાક-મસ્તી, અનુશાસનહીનતા શૈક્ષણિક સંસ્થાને ખોખલી બનાવે છે. જે આજના યુગનો પણ સળગતો પ્રશ્ન છે. અધ્યાપકના આર્થિક પ્રશ્નોનો ઉકેલ આજે પણ નથી. શું કરે છે આપણી આર્થિક વ્યવસ્થા ? મોતીરામ જેવા અનેક સગા-સંબંધીઓથી શિક્ષણ ખાતાઓ આજે પણ ભરાયેલા છે. ક્યાં છે એમની શૈક્ષણિક યોગ્યતા ? વિદ્યાર્થીઓ દ્વારા આજે પણ શૈક્ષણિક સંસ્થા ગંદા રાજકારણને

જન્માવી રહી છે. જાણે રાજકારણી બનવા માટેનું એક ટ્રેનીંગ સેન્ટર આ શૈક્ષણિક સંસ્થા પૂરું પાડે છે. વૈધજીના કહેવા પર કૉલેજના વિદ્યાર્થીઓ રાઈનો પહાડ પણ બનાવી શકે છે તેમ લેખકે સ્પષ્ટ કહ્યું છે. અસલી શિવપાલગંજ વૈધજીની બેઠકમાં છે. છંગામલ કૉલેજના આચાર્ય, ક્લાર્ક, સનીચર, બદ્રી પહેલવાન, રુપ્પનબાબુ વગેરે દરબારની શોભામાં અભિવૃધ્ધિ કરે છે. જેમાંનો રંગનાથ પણ એક હિસ્સો બની જાય છે. આચાર્ય સવાર સાંજ આ દરબારમાં હાજરી પુરાવી ભાંગની મજા માણે છે. આમ કૉલેજની તમામ મર્યાદાઓનું મૂળ વૈધજીનું વ્યક્તિત્વ હતું. શિવપાલગંજની એ અસાધારણ તાકાત છે. ગુંડાઓના સરદાર એમ કહી શકાય. આમ આધુનિક ઢોંગી નેતાઓનો પર્દાફાશ લેખક વૈધજીના પાત્ર દ્વારા નિર્મમતાથી અભિવ્યક્ત કરે છે.

નવલકથામાં શિક્ષણ વ્યવસ્થાની પોલ ખોલતાં ઉદાહરણ વાંચકનું ધ્યાન ખેંચે છે. જુઓ :

“વળી તને અમારી કૉલેજની ખબર નથી. લુચ્ચાઓ અને બદમાશોનો અડ્ડો છે. માસ્તર ભણાવવું ગણાવવું છોડી પોલીટીક્સમાં જ મશગૂલ રહે છે.”...“પ્રિન્સિપાલ હજારો રૂપિયા મનફાવે તેમ ખર્ચે છે. દર વર્ષે ઓડિટવાળા વાંધો લે છે. દર વર્ષે બહાના બતાવ્યે જાય છે.”...“પ્રિન્સિપાલે અમારા બધા કામ લઈ લીધા છે. ખન્નાને હોસ્ટેલ ઈન્ચાર્જ નથી રહેવા દીધા. મારી પાસેથી ગેમનો ચાર્જ લઈ લીધો છે. રાય સાહેબ હંમેશા પરીક્ષાના સુપરિટેન્ડેન્ટ બનતા. હવે તેમને એક સ્થાનેથી હટાવી દેવાયા છે. આ બધું જ કામ પોતાના માણસો દ્વારા કરાવે છે.”[121]

“છંગામલ વિદ્યાલય ઈન્ટર કૉલેજના છોકરા રમતગમતની દુનિયાથી ઘણા પરિચિત હતાં. કારણ કે એમની પાસેથી દર મહિને ખેલની ફી કાન પકડીને લેવામાં આવતી હતી.”[122]

હવે પ્રશ્ન એ થાય છે કે, જે શૈક્ષણિક સંસ્થામાં મનુષ્ય ઘડતર, આદર્શ, મૂલ્યની વાત થતી હોય તે જ સ્થાને સત્તા માટે ભ્રષ્ટાચાર, સંઘર્ષ અને લાલચની વરવી વાસ્તવિકતા જોવા મળે છે. શૈક્ષણિક સંસ્થાઓની આ છબી માટે કોને જવાબદાર ઠેરવવા ? આજની યુવા પેઢી, રાજનેતા, અધ્યાપક કે જનતા ?

શિક્ષણની સાથે લેખકે ચોરી, ચૂંટણી, પોલીસતંત્ર વગેરેનું પણ નિરૂપણ કર્યું છે. વૈધજી ચૂંટણીમાં અલગ દાવ રમે છે. રામાધીનના ભાઈ સામે પોતાના દરબારના જ સભ્ય સનિચરને ઊભો કરે છે. ચૂંટણી જીતવા માટેની ત્રણ રીત દર્શાવી છે: પહેલી રીત રામનગરવાળી, જેમાં જનતાને કોઈ મુશ્કેલી નથી. જનતાનું માનવું છે કે નેતા કોઈ પણ વ્યક્તિ બને, સાચું ખોટું તો આખા દેશમાં ચાલવાનું જ છે. બીજી રીત નેવાદાવાળી, જેમાં એક ઉમેદવાર ઉચ્ચ કક્ષાનો બ્રાહ્મણ તો બીજો હરિજન કક્ષાનો. જેમાં જનતાને ભોળવી વોટ પડાવવામાં આવતાં અને ત્રીજી રીત મહિપાલપુરવાળી, જેમાં સમયથી પહેલાં જ વોટીંગ થઈ જતું. પોલીસ ઓફિસર અને દસ-પંદર સબઈન્સપેક્ટર બસો જેટલા ગામડાઓની સુરક્ષામાં છે. માલવીય અને ખન્નાને કૉલેજમાં જોઈતી રજા માટે, ન્યાય માટે કોર્ટ પાસે જવું પડે છે. જેનું ચિત્ર પણ એકપક્ષીય છે. માલવીય અને ખન્નાને નમતું જોખવું પડે છે અને એ પણ કઈ રીતે ? પછી તો તેમણે પોતે જ રાજીનામું લખી આપવું પડે છે. તે સમયના વૈધજીના શબ્દો આપણી આખી શિક્ષણ વ્યવસ્થામાં રહેલાં ખોખલાપણાને અભિવ્યક્ત કરે છે. જુઓ :

"નહીં, હું પહેલાં જ કહી ચૂક્યો છું કે આજે માત્ર હું જ બોલીશ. તો હું એ કહી રહ્યો હતો કે તમારે રાજીનામું આપવું પડશે. આજે હમણા અહીં અને આ ઘડીયે : તમારે રાજીનામું આપવું જ પડશે. આ હું ક્રોધમાં નથી કહેતો. જોઈ વિચારીને કહું છું. તમારા હિતમાં કહું છું. વિદ્યાલયના હિતમાં કહું છું. આખા સમાજના હિતમાં કહું છું."[123]

આમા આજના સમયમાં ન્યાય આપવાનું કાર્ય કોર્ટમાં ન્યાયાધીશ કે અન્ય કોઈનું નહીં પરંતુ સત્તાધારીઓનું હોય છે. વળી એમાં જનતાનું કાર્ય પણ આપણે જોયું એમાં શિવપાલગંજની જાહેર જનતાને શૈક્ષણિક સંસ્થામાં, રાજનીતિમાં, ન્યાયપાલિકામાં રસ નથી, આસ્થા નથી. સારા માણસો વચ્ચે જીવવા માંગતા પોતાને ચોક્કસ એક વર્તુળમાં રાખી જીવે છે અને એ રીતે જ જીવવાનો જ પ્રયત્ન કરે છે. એ રીતે આ ગામ શિવપાલગંજ માત્ર ન રહેતા આપણા દેશના અનેક ગામડાઓનું પ્રતીક સમું બની રહે છે.

લેખકે નવલકથામાં નાની-મોટી ઘટનાઓને એ રીતે સંયોજીને મુકી છે કે કથન તત્વ ક્યાંય ક્ષીણ થતું, તૂટતું જોવા મળતું નથી. કથા સર્વજ્ઞ કથનકેન્દ્રથી રજૂ થઈ છે. નવલકથામાં નવલકથાકારે વક્રશૈલીનો વિનિયોગ કર્યો છે. કહેવતો, લોકોક્તિ, અંગ્રેજી શબ્દો નવલકથાના વાતાવરણને જીવંત બનાવે છે.

“બાબુ રંગનાથ, તમે ઊંચા આદર્શો ધરાવો છો, પણ સરવાળે એટલું જ પુરવાર થાય છે કે તમે ગધેડા છો.”[124]

પ્રામાણિક મનુષ્ય આવા ક્ષેત્રથી દૂર રહી એક રીતે ખોટું કરી રહ્યા છે. રંગનાથને અંતે નોકરી ના સ્વીકારી તેથી તેને ગધેડો કહેવામાં આવે છે. યુવા નૈતિક પાત્રોની કેટલીક મજબૂરી હોય છે. એપ્રિલ, 1970ના ‘ગ્રંથ’ સામયિકના અંકમાં રઘુવીર ચૌધરી આ નવલકથાની ખાસિયત સંદર્ભે લખે છે:

“દરબારી વાતાવરણમાં જ હજી ભારતનું ગામડું જીવે છે. લોકશાહી પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં એ દરબારી માનસ પૂરેપુરું સફળ થાય છે. બૌધ્ધિક જેમાના પર પરિસંવાદ અને સંવિવાદ યોજતા રહે છે તે રાષ્ટ્રીય પ્રશ્નો વિશે અહીં કોઈ સંચિત નથી અને અહીં જે કંઈ નાના મોટા પ્રશ્નો છે એ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રશ્નોને પણ મહાત કરી દે એવા છે. માનવસહજ અને અસહજ

નબળાઈઓનું ઘૂંટાયેલું ચિત્ર આ કૃતિ ગ્રામજીવનમાં રહેલા ભાવનાવાદની ક્રૂર મશ્કરી કરે છે."[125]

આમ, 'રાગ દરબારી' નવલકથામાં એટલું જ કહેવું છે કે સત્ય બોલવું, સંઘર્ષ કરવો એટલો સરળ નથી, કારણ કે શિક્ષણ કે અન્ય કોઈપણ વ્યવસ્થામાં દેખાડો કરવાની વૃત્તિને કારણે માથાથી પગ સુધી ભ્રષ્ટાચાર ફેલાયેલો છે. જેની માટે સત્તાધીશ તો જવાબદાર છે જ, પરંતુ મારા મતે ભોગ બનનાર જાહેર જનતા પણ એટલી જ જવાબદાર છે. જે લેખકે અહીં શિવપાલગંજની જનતા દ્વારા દર્શાવ્યું જ છે. આમ અહીં શિક્ષણની ગુણવત્તા, જનતાની સભાનતા, વિચારોમાં નૈતિકતા અને સહજતા, કાર્યમાં પ્રમાણિકતા ક્યાંય નથી. માત્ર દેશના વાસ્તવિક ચિત્રને અનેક ઘટના અને પાત્ર દ્વારા ઉપસાવવામાં આવ્યું છે. જેમાં વ્યંગ્ય શૈલી લેખકનું સમર્થ હથિયાર સાબિત થયું છે.

- **'પરિશિષ્ટ'**

ગિરિરાજ કિશોરે ઉચ્ચ શિક્ષણ સંસ્થામાં જોવા મળતા જાતિ-ભેદને નિરૂપવાનો સચોટ પ્રયાસ 'પરિશિષ્ટ'(1984) નવલકથામાં કર્યો છે. શિક્ષણ સંસ્થામાં ગમે તેમ કરી પ્રવેશ મેળવનારા સાધનહીન વિદ્યાર્થીઓનું શોષણ નવલકથાનું કેન્દ્રબિંદુ છે. શૈક્ષણિક સંસ્થામાં જોવા મળતા રાજકારણ, અન્યાય, શોષણ, ગેરરીતિ, રેગિંગ જાતિભેદ જેવા દૂષણોને ખુલ્લા પાડવાનો લેખકનો અભિગમ રહ્યો છે. આત્મહત્યા જેવા સંવેદનશીલ મુદ્દાને પણ લેખકે વિષય બનાવીને કઠોર વાસ્તવિકતા રજૂ કરી છે.

કથાનો પ્રારંભ અનુકૂલ નામના મધ્યમ વર્ગીય વિદ્યાર્થીના બાળપણના પ્રસંગોથી થાય છે. પિતા બાવનરામના આદર્શો અને ઉમદા કાર્યોની છાયામાં અનુકૂલનું વ્યક્તિત્વ ઘડાય છે. પુત્ર અનુકૂલને આઈ.આઈ.ટીમાં પ્રવેશ મળે તે

હેતુથી બાવનરામ ઘણી મુશ્કેલી વેઠી બનતા પ્રયત્ન કરે છે, પરંતુ તેની આર્થિક સ્થિતિ જોઈ સંસ્થાનો ફોરમેન પણ સૂફિયાણી સલાહ આપતા કહે છે કે,

"બાવનરામ, યહ કામ જ્ઞાન પથ પર ચલકર નહીં હોતા. ભક્તિ પથ અપનાઓ. જા સકો તો ઉસી પર ટહલતે ચલે જાઓ, મકરન્દ ! પા જાઓગે !"[126]

આમ, ભણતર માટે જ્ઞાનની જરૂર નથી, પરંતુ કંઈક બીજી જ જરૂર હોય છે. બાવનરામ જીવનની મૂડી પુત્રના ભણતર પાછળ લગાડવા તૈયાર છે. છતાં પ્રવેશ મેળવવા માટે ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે ! બાવનરામનું આર્થિક, શારીરિક, માનસિક બધી રીતે શોષણ થાય છે. બાવનરામને લીધે ચૂંટણી જીતેલા દિલ્લીના ચૌધરી સાહેબ પણ બાવનરામને જોઈએ એવી મદદ કરતા નથી. તે સંસ્થાના કૃષ્ણન સાહેબ સાથે પરિચય કરાવી નૈતિક જવાબદારીમાંથી મુક્ત થાય છે. પિતા-પુત્રને મળતો કૃષ્ણન સાહેબનો પ્રતિભાવ શૈક્ષણિક જગતના નાજુક અને પ્રસ્તુત મુદ્દાને જીવંત કરે છે, જુઓ :

"પર કૃષ્ણન સાહેબ કહ રહે થે કિ આઈ.આઈ.ટી.મે પઢાના હર એક કે બૂતે કી બાત નહી. બચ્ચે પર ઈતના તનાવ રહતા હૈ કિ હર સાલ એક-દો આત્મહત્યાએં, હો જાતી હૈ."[127]

આત્મહત્યા, શિક્ષણ જગતની ખૂબ જ ગંભીર સમસ્યા છે. જીવનને ટૂંકાવી દઈ આત્મહત્યા કરનાર વિદ્યાર્થીઓના સમાચાર આપણે આજે પણ છાપામાં વાંચીએ છીએ. નવલકથામાં આઈ.આઈ.ટી.ની વાત કરતા જણાવે છે કે વર્ષમાં એકાદ વિદ્યાર્થી જીવનને ટૂંકાવી દે છે. કૃષ્ણન સાહેબ આ ઘટના એ રીતે કહે છે જાણે આઈ.આઈ.ટી.માં શિક્ષણ લેવું એ ગર્વની વાત હોય અને એ દરેકના ગજાનું કામ નથી ! આમ લેખકે 'આત્મહત્યા' જેવા ગંભીર વિષયને એક શિક્ષક કેવી રીતે લે છે તેનો પ્રતિભાવ આપે છે, કહેવાતા શિક્ષકની ભૂમિકા જાણે પૂરી પાડે છે.

જ્યારે ખરા અર્થમાં શિક્ષણ એટલે સ્વનું પ્રગટીકરણ, જે યોગ્ય માર્ગદર્શનથી શક્ય બને છે. આગળ વધવા માટે, વિકાસ સાધવા માટે, સમર્થ સાધન છે તેને બદલે શિક્ષકો તેનો ડર વિદ્યાર્થીના મનમાં ઊભો કરે છે. આમ, વિદ્યાર્થીઓમાં નકારાત્મક વલણ જન્મવાનુંઆ મૂળ કારણ છે. કૃષ્ણન સાહેબ તો આઈ.આઈ.ટી.ને કબ્રસ્તાન સુધી સરખાવે છે.

અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ પણ આવી સંસ્થાઓની આગવી ઓળખ હોય છે. અનુકૂલને કોઈ સાહેબ સાથે વાત કરવી હોય, ચિઠ્ઠી લખવી હોય કે અરજી આપવી હોય, આ દરેક વ્યવહાર અંગ્રેજી ભાષામાં કરવો ફરજીયાત છે. જેથી અનુકૂલને થોડી અગવડ પડે છે. જે વિદ્યાર્થીઓ ખુબ મધ્યમ પરિવાર, સામાન્ય વાતાવરણમાં ઉછેર પામીને આવ્યા હોય તે વિદ્યાર્થીને ખૂબ જ સહેવું પડે છે. અનુકૂલને આઈ.આઈ.ટી.માં પ્રવેશ મળતાની સાથે જ સંઘર્ષ શરૂ થાય છે. એક વિદ્યાર્થી જીવન લેખક તટસ્થ ભાવે આલેખે છે.

દિલ્લી સ્ટેશન પર ઊતરતા જ સંપર્ક માટે બે સ્થાન હોય છે. એક જગ્યાએ રિઝર્વ કોટાના વિદ્યાર્થી અને બીજા સ્થાન પર જનરલ વિદ્યાર્થીઓએ સંપર્ક કરવાનો હોય છે. જાતિભેદને સળગતો પ્રશ્ન સામે આવે છે. વળી બન્ને વર્ગના વિદ્યાર્થીઓની બસની વ્યવસ્થા અલગ, ગરીબ અને અમીર વિદ્યાર્થીઓના રહેવા માટેના રૂમ પણ અલગ !! એક તરફ અમીર વિદ્યાર્થીઓના રૂમ અને બીજી તરફ વિદેશી વિદ્યાર્થીઓની સાથે રીઝર્વ કોટાના વિદ્યાર્થીઓની રહેવાની વ્યવસ્થા. આમ, આ પ્રકારની વ્યવસ્થા જ ભેદભાવને જન્મ આપે છે. પ્રસ્તુત નવલકથા દ્વારા જાણવા મળે છે કે આઈ.આઈ.ટી.માંથી પણ દર વર્ષે એક વિદ્યાર્થી જીવનને ટૂંપાવી દે છે ! એક વાલ્મિકી વિદ્યાર્થીને કોઈ રૂમ પાર્ટનર બનાવવા તૈયાર નથી, ત્યારે અનુકૂલ આગળ આવી તેને પોતાના રૂમમાં રાખવા તૈયાર થાય છે ત્યારથી તેનું નામ ગાંધીજી પડે છે. આઈ.આઈ.ટી.માં નવા વિદ્યાર્થીઓને શરમ મુક્ત કરવા

તેની રેગિંગ કરવાની પરંપરા !!! આ બધા વચ્ચે પણ અનુકૂલ માતા-પિતાને સાંત્વના આપે છે, જુઓ :

"શુરુ શુરુ મેં થોડી કઠિનાઈ હોગી ! બાદ મેં ઠીક હો જાયેગા ! જહા તક એસ.સી. હોને કી ઔર દૂસરે લડકો દ્વારા હિકારત કી નજર સે દેખે જાને કી બાત હૈ ઉસકે બારે મે સોચના છોડ દેના પડેગા."[128]

ઓફિસર પિતાના સંતાન ખન્ના જેવા વિદ્યાર્થી અન્ય વિદ્યાર્થીઓની સાથે જબરજસ્તી કરે છે. નીચા દેખાડવાનો પ્રયત્ન કરે છે. આ બધી જ મુશ્કેલીઓ સાથે વિદ્યાર્થીને ભણવાનું પણ હોય છે. જેનો સામનો મોહન નામનો વિદ્યાર્થી નથી કરી શકતો અને આત્મહત્યા કરે છે. એક મોહન નામનો વિદ્યાર્થી ધનાઢ્ય બાપના સંતાન ખન્નાના માનસિક ત્રાસથી કંટાળી જઈને આત્મહત્યા કરે છે !!! વળી આત્મહત્યા પછી પણ પોલીસતંત્ર, શિક્ષણ અધિકારી, નવા જ તદ્દન અલગ કારણને જ જવાબદાર બતાવે છે. મોહન ભણવાથી ત્રાસી ગયો હશે, છોકરીનું લફરું હશે, પરંતુ સત્ય રહસ્યમય બની રહે છે. પાત્રોના મુખે દર્શાવેલ વિધાનો પણ જડ શિક્ષણ વ્યવસ્થાના નમૂનારૂપ બની રહે છે, જુઓ :

"યહા કા યહ પરમાનેન્ટ ફીચર હો ગયા. એક આધ સ્ટુડેન્ટ હર સાલ પંખે સે લટક જાતા હૈ !"[129]

"પહલે કમ્પલીટ કરો ફિર લટકકર મરો."[130]

"ક્વીઝ પર ક્વીઝ મિડ સેમિસ્ટર એન્ડ બેક લોગ ઓર ફિર મોત."[131]

શિક્ષણ મેળવી વિદ્યાર્થી સમસ્યાનો સામનો કરી હળવાફૂલ જેવા બને તેને બદલે શિક્ષણનો ભાર વિદ્યાર્થી અનુભવે છે. મોહન જ નથી મોતને ભેટતો પરંતુ તેની સાથે અન્ય કેટલાંય વિદ્યાર્થી માનસિક રીતે મોતને ભેટે છે. જે ભણતરનો ભાર, અમીર વિદ્યાર્થીઓનો ત્રાસ સહન કરી શકતા નથી. આપણું હવે શું થશે ?

એમ ભય વિદ્યાર્થીઓમાં પેસી જાય છે અને શિક્ષણ વ્યવસ્થાને ચલાવનારા ડાયરેક્ટર, ડીન, રજીસ્ટ્રાર, વાર્ડન આ તમાસો જોયા કરે છે. જવાબદારી સમજતા ન હોવા છતાં વિદ્યાર્થીનો જ ગુનો કહેવાય એમ કારણ દર્શાવી નૈતિક ફરજ પૂરી પાડે છે. ખન્ના જેવા વિદ્યાર્થી અનુકૂલ જેવા સરળ વિદ્યાર્થીઓને ધમકાવતા કહે છે કે,

"તુમ લોગો મેં સેવા-પ્રવૃત્તિ અભી બાકી હૈ ઉસે જીવિત રખો. અપની પરંપરા કો ભુલા દેનેવાલા આદમી જાનવર હોતા હૈ."[132]

"હમારા કહા માનોગે તો પાર લગ જાઓગે... નહીં તો અગલી આત્મહત્યા જરૂર દેખના."[133]

આવા અપમાન સહન કરી અનુકૂલ પરિસ્થિતિનો સામનો કરે છે. રામઉજાગર નામનું પાત્ર પણ નવલકથામાં સક્રિય રીતે નિરૂપીત થયું છે. વિદ્યાર્થીઓના પ્રશ્નોના ઉકેલ મેળવવા તેની માટે અસહ્ય બને છે, તે એકલો એકલો વાતો કરે છે. હેલ્થ સેન્ટરવાળા તેને એક રૂમમાં પૂરી દે છે. આ પરિસ્થિતિમાંથી તે ઉગરે છે, પરંતુ તેના લીધે દરેક ઘટના વધુ ખરાબ થશે અને પરિસ્થિતિ વધુ વણસી જશે એ હેતુથી તે કૉલેજના કાર્યભારથી દૂર રહે છે. આથી અનુકૂલને માથે બધી જ જવાબદારી આવી પડે છે.

વિદ્યાર્થીઓના સ્કોલરશીપના પ્રશ્નો, પૈસાની માંગના પ્રશ્નો તેમજ મોહનની ઘટના અંગે અનુકૂલ ચર્ચા કરી બહારની પરિસ્થિતિથી વિદ્યાર્થીઓને અવગત કરાવવા મથે છે. રામઉજાગર ચિઠ્ઠી લખે છે. જેમાં અનુકૂલને જે સલાહ આપે છે. તેમાં જાણે તેના અનુભવનો નિચોડ હોય એમ પ્રતિત થાય છે, જુઓ :

"જિતની જલ્દી સે જલ્દી ઉસ યાતનાગૃહ સે નિકલ સકો, અપના કામ પૂરા કરકે ભાગ નીકલો !"[134]

અનુકૂલને દરેક બનાવ કે ઘટનાનું કારણ બનાવવામાં આવે છે. પીએચ.ડી.ની વિદ્યાર્થીની નિલિમ્મા તેને કપરા સમયે સાથ આપે છે. અનુકૂલ પર આરોપ લાગે છે કે ખન્નાને મારવાનો પ્લાન કરી રહ્યો છે, ત્યારે તેણે રિપોર્ટ ન કર્યો એવું નગ્ન અસત્ય જ્યારે બોલાય છે ત્યારે નિલિમ્મા જડબાતોડ જવાબ આપે છે, જુઓ:

“કિસકો કરતા ? ડીન કો યા ડાયરેક્ટર કો ? ડાયરેક્ટર થે નહીં. કૌન ઉસકી કાર મેં ઘૂમતે હૈ વે કહતે હૈ કિ ખન્ના એસ.સી. સ્ટુડન્ટ કી ન્યુસેન્સ ખત્મ કરને કે લિયે હી પૈદા હુઆ હૈ?[135]

પિતા બાવનરામના આ વિધાન પણ સત્તાધીશોની પોલ ખોલે છે, જુઓ:

“હમ લોગ ઈસ સ્થિતિ મેં નહીં કી આર્થિક સ્તર પર આપ સાહબન કા મુકાબલા કર સકે. યહ તભી હો સકેગા જબ હમારે બચ્ચે ધન ઔર પદ કે ખ્યાલ સે આપ લોગો કી બરાબરી પર આ જાયેંગે. લેકીન આપ લોગ બુદ્ધિમાન લોગ હૈ, જૈસે હી કોઈ ઈસ રાસ્તે પર કદમ રખને કી કોશિશ કરતા હૈ આપ લોગો કો તત્કાલ પતા ચલ જાતા હૈ...” આપ લોગ સક્રિય હો જાતે હૈ !”[136]

શિક્ષણના સત્તાધીશો આ રીતે પોતાની ભૂમિકા ભજવતા હોય છે. રામઉજાગર પણ આ બધી જ ઘટનાઓથી ત્રસ્ત થઈ જીવન ટૂંકાવી દે છે. વળી ફરી પાછું ગંદુ રાજકારણ ખેલાય છે. તપાસ રિપોર્ટમાં તેના નબળા વિષયને, તેની કૌટુંબિક સમસ્યાને, તેના વર્ગના વિદ્યાર્થીઓની સમસ્યાને જવાબદાર ગણી કેસનું પડીકું વાળી દેવામાં આવે છે, જ્યારે અનુકૂલ આ બધામાંથી પાર પડે છે.

લેખકે વાસ્તવિકતાને સચોટ અને સરળ ભાષા દ્વારા મૂર્ત કરવાનો પ્રયાસ કર્યો છે. નવલકથાનો અંત લેખક સુખદ પણ આણી શકત. પરંતુ શિક્ષણ વ્યવસ્થાનું જે ચિત્ર આપણે આજે જોઈએ છીએ તેને યથાવત રજૂ કરવાની નેમ

નવલકથાકારની હોઈ, સમગ્ર નવલકથામાં અનુકૂલનું પાત્ર એક સંકલ્પશીલ વ્યક્તિ તરીકે તરી આવે છે. જેનામાં સહનશીલતા, તટસ્થતા છે પરંતુ પરિસ્થિતિ પ્રત્યે તેને ભારોભાર અણગમો પણ છે. આમ, 'પરિશિષ્ટ' સંઘર્ષના અંતે પણ મળતા કરુણ પરિણામની ગાથા બની રહે છે.

કળાકીય દૃષ્ટિએ જોતાં ગિરિરાજ કિશોરની નવલકથા 'પરિશિષ્ટ' પાત્ર, ઘટના, કથાવસ્તુ, વાતાવરણ એમ દરેક સંદર્ભે ખરી ઊતરે છે. શૈક્ષણિક સંસ્થાઓમાં જોવા મળતા જાતિ-ભેદના પ્રશ્નને લેખકે અહીં સચોટ રીતે અભિવ્યક્ત કર્યો છે. મધ્યમવર્ગના અનુકૂલનું પાત્ર દર્શાવે છે, ત્યારે ગ્રામ્ય પરિવેશ અને પિતાની મૂંઝવણો દર્શાવી છે. શિક્ષણ સંસ્થામાં પ્રવેશતા ત્યાંના પ્રશ્નો જેવાંકે, રેગિંગ, રાજકારણ, સહાધ્યાયીની હેરાનગતી, આત્મહત્યા વગેરેમાં શૈક્ષણિક પરિવેશ વધારે વિસ્તાર પામ્યો છે અને અંતે અનુકૂલનું પાત્ર તટસ્થ રીતે રહીને પરિસ્થિતિનો સામનો કરતું નિરૂપ્યું છે. પરંતુ સમગ્ર નવલકથા શૈક્ષણિક જ હોય એ રીતે જોતાં શૈક્ષણિક સંસ્થાઓનો સળગતો પ્રશ્ન વિદ્યાર્થીઓની આત્મહત્યાનો મુદ્દો વાચકોનું ધ્યાન ખેંચ્યા વિના રહેતો નથી.

- 'મુક્તિપર્વ'

આઝાદીને 67 વર્ષ થયા પરંતુ આઝાદીના સાચા અર્થને શું આપણે સમજ્યા છીએ? કાયદાકીય ક્ષેત્રે પણ વાણીસ્વાતંત્ર્ય અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય આપણે સાંભળીએ છીએ. પરંતુ, આઝાદીની વાસ્તવિક પરિભાષા સમજવી જરૂરી છે. સાચા અર્થમાં આઝાદી એટલે સર્વનો સમાન અધિકાર. દલિત વર્ગનો સંઘર્ષ આપણે આજે પણ સામાજિક ન્યાય માટે દલિત વર્ગને સંઘર્ષ કરતા જોઈએ જ છીએ. આ સંઘર્ષનો સામનો કરવા માટે શિક્ષણને સમર્થ હથિયાર બનાવી હિન્દી સાહિત્યના નવલકથાકાર મોહનદાસ નૈમિશરાય 'મુક્તિપર્વ'(2002) નવલકથા લખે છે.

દલિત સમાજના પાયાના પ્રશ્નોથી માંડીને દલિત સમાજના વિકાસ સુધીના મહત્ત્વના પ્રશ્નો અને તેનો ઉકેલ એક શિક્ષિત યુવાન કેવી રીતે શોધે છે તેનું વર્ણન થયું છે.

તારકોલ નામના શહેરની વ્યવસ્થાથી નવલકથાનો પ્રારંભ થાય છે. જેમા પાકા રસ્તા ઓછાં અને કાચા રસ્તા વધુ જોવા મળે છે. મોટરગાડી ઓછી અને ઘોડાગાડી વધારે જોવા મળે છે. આમ, આર્થિક પરિસ્થિતિનો ચિતાર વાચકને પ્રારંભથી જ મળે છે. અંગ્રેજો જતાં રહ્યાં પરંતુ પોતાના જેવા કેટલાંક સામ્રાજ્યવાદીઓને છોડી ગયા અને સત્તાધારી સમૃધ્ધ આ વર્ગ દલિત વર્ગનું શોષણ કરે છે. જેના તણખા આપણે આજે પણ જોઈએ છીએ. શહેરની શિક્ષણ વ્યવસ્થાથી પણ લેખક આપણને કંઈક આ રીતે અવગત કરાવે છે, જુઓ :

"ઈસી શહર મેં સ્કૂલો કી ગિનતી કરના આસાન થા. જો કેવલ સવર્ણો કી બસ્તિઓ મે થે. ન સવર્ણ અધ્યાપક દલિતો કી બસ્તિઓ મે આ સકતે થે ઔર ન દલિત વિદ્યાર્થી ઉન સ્કૂલો મે પઢ સકતે થે. બીચ મે એક રેખા થી. ઉસ રેખા કે આરપાર જાતિઓ કી બસાહત થી. જહા લોગ રહતે થે લેકિન અપની અપની જાતિયો કો સીને સે ચિપકાયે. ઉનકે અપને અપને દ્વંદ્વ થે જિનસે વે જૂજતે હોતે."[137]

શિક્ષણધામમાં પ્રવર્તમાન સમૃધ્ધ વર્ગ અને દલિત વર્ગ વચ્ચેના ભેદને લેખકે અહીં પ્રસ્તુત કર્યો છે. આમ, નાયકની બાલ્યાવસ્થામાં જ વર્ગભેદની માનસિકતા ચિત્તમાં અંકાય છે.

લેખક દલિત બંસીનો પરિચય કરાવે છે, જે નવાબ અલિવર્દિ ખાઁને ત્યાં કામ કરે છે. બંસીના ત્યાં પુત્ર સુમિતનો જન્મ થાય છે. રામલાલ નામનું પાત્ર પણ શિક્ષણ પ્રત્યે સજાગ એવું પાત્ર છે. રામલાલ ડૉ. બાબાસાહેબ આંબેડકરની શિક્ષણ

વિષયક વિચારોથી પ્રભાવિત હોવાને કારણે તેમનું માનવું છે કે શિક્ષણથી જ બધા રોગો દૂર થશે, આથી રામલાલ દલિતોને શિક્ષણ પ્રત્યે જાગૃત કરે છે. રામલાલ સવર્ણ હોય છે, છતાં બંસી પ્રત્યેની તેમની સહાનુભૂતિ, તેના વ્યક્તિત્વ અને શિક્ષણનો જ પરિચય કરાવે છે. રામલાલ શાળા ખોલવાનું દલિતવાસમાં નક્કી કરે છે. એને ખબર નથી હોતી કે આગળ જઈને કેટલીય મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. પણ માત્ર શાળા આ વિસ્તારમાં ખુલશે એનાથી જ વાતાવરણમાં પરિવર્તનનો પવન ફૂંકાય છે. શિક્ષણ એ વ્યક્તિની અનેક સમસ્યાઓનું સમાધાન કરે છે. જુદી જ રીતે જુઓ :

"ઔરતો કે મન યહ સોચ કર પુલકિત હો રહે થે કિ ઉનકે બચ્ચે ભી અબ સ્કૂલ મે પઢને – લિખને આયા કરેંગે. સબ મેં અધિક ખુશી બચ્ચોં કો થી. વે ખેલ-ખેલ મેં અધ્યાપક શિષ્યો કી ભૂમિકા અદા કરને લગે થે. જો અધિક ઉમ્ર કે બચ્ચે થે વે અપને દાદા તથા દાદીઓ કી એનકે પહનકર માસ્ટર બન બૈઠે થે. વે કમ ઉમ્ર કે બચ્ચોં સે સવાલ-જવાબ કર રહે થે. જવાબ ન દેને પર બચ્ચેં પિટ રહે થે ! પિટતે હુએ ભી ઉન્હેં અજીબ આનંદ આ રહા થા ! બૂઢી આઁખો મેં જૈસે ફિર સે રોશની લૌટ આઈ થી. ઉનકા મન ભીતર-બાહર સે પ્રફુલ્લિત થા. યહ સોચકર કિ વે નહીં પઢ પાએ ચલો ઉનકે બચ્ચેં તો પઢ-લિખ જાયેંગે. વે સભી અંગૂઠા છાપ થે. પઢને-લિખને કા ઉન્હે અવસર હી નહીં મિલા થા ! કદમ કદમ પર જાતિ કે આધાર પર લગાઈ ગઈ બંદિશે સામને આતી થી. સામને હી ક્યોં ચારો તરફ સે વહ પીછા કરતી થી. વે મૂક થે, જાનવર કી તરહ ઠેલા જાને વાલા રેવડ બના દિયા ગયા થા ઉન્હેં !"[138]

શિક્ષણથી પરિવર્તનની લહેર ફેલાય છે તેની પુષ્ટિ આ વર્ણન કરે છે. શિક્ષણ ઉર્જાનું સ્રોત બની રહે છે. શિક્ષણની શરૂઆત જ વ્યક્તિમાં જાગૃતિના બીજ રોપી શકતી હોય તો વિચારવું એટલું જ રહ્યું કે શિક્ષણની સમસ્ત પ્રક્રિયા અને

પ્રતિભાવ વ્યક્તિને વૈચારિક સ્તર પર કેટલી સમૃદ્ધ બનાવે છે તેની આપણે કલ્પના કરી શકીએ છીએ. આ નવલકથામાં પણ આમ જ કંઈક બને છે. જાતિના આધારે સમાજમાં જેમ ભેદભાવ જોવા મળે છે તેમ શિક્ષણ વ્યવસ્થામાં પણ મોટો ભેદ અંકાય છે. જેમના માટે શિક્ષણ લેવું સ્વપ્ન સમાન હોય છે તેમના સંતાનો હવે ભણવા જશે એ વિચાર માત્ર જ નવઉર્જાનો સંચાર કરે છે. જાતિ વિશેની માનસિકતામાંથી નીકળી કંઈક અલગ કરવા માટે પ્રેરણા મળે છે, કારણ કે કેટલીક જડતા અને માનસિકતા માણસના આંતરિક અને બાહ્ય બન્ને વિકાસને રૂંધે છે. સામાજિક વિષમતાને નાબૂદ કરવા માટે શિક્ષણ જ મહ**ત્ત્વ**ની ભૂમિકા ભજવી શકે એમ છે અને આ સમજ ભલે હજુ સચોટ રીતે અહીં પ્રારંભમાં નથી કેળવવામાં આવી, પરંતુ શિક્ષણની શરૂઆત માત્ર જ કંઈક હલચલ જરૂર જન્માવે છે. તે અહીં સ્પષ્ટ થાય છે.

શિક્ષણનો પ્રારંભ એટલો સરળ નથી રહેતો. ગામમાં શાળા તો ખુલી જાય છે. પરંતુ શૈક્ષણિક જાગૃતિનો અભાવ તો રહેવાનો જ. આથી શાળા કોઈ રમતનું સ્થળ હોય તેમ છોકરાઓ આવે ન આવે, ગંદકી ફેલાવે અને કેટલીક તેમની મજબૂરીઓ જેમ કે, આર્થિક પરિસ્થિતિ, અહીં તો, બાળકનો જન્મ થાય તે પહેલા જ તેના પિતાના વ્યવસાયમાં તે બાળકનું નામ જોડી દેવામાં આવે છે ! વળી માથા પર કોતરેલું જાતિનું નિશાન આ બધામાંથી બહાર આવીને નવી શરૂઆત કરવી સરળ નથી.

કાયદાની જોગવાઈ હોવા છતાં પણ લારીઓ પર, ઝેરોક્ષ સેન્ટર પર અને કેટકેટલે ઠેકાણે બાળમજૂરો કામ કરતા દેખાય છે. નવલકથાકારે પ્રસ્તુત નવલકથા દ્વારા જણાવ્યું છે કે બાળમજૂરીને કારણે પણ અનેક બાળકો ભણી શકતા નથી.

દા.ત. "ઉનમે સે કુછ બચ્ચોં કો તો સુબહ જલ્દી ઉઠને કી આદત હી ન થી ઔર જો ઉઠતે થે, ઉનકે માઁ-બાપ કા રોજગાર ઉનકી શિક્ષા મેં આડે આતા થા ! ઈસલિયે કિ બચ્ચે અપને-અપને માઁ-બાપ કે રોજગાર મેં મદદગાર થે. વે 'રા-મટિરીયલ' ન થે, પર માલ કી ખપત કરાને મેં સહાયક સિદ્ધ હોતે થે. કોઈ માઁ કે સાથ ચિલ્લા-ચિલ્લાકર ગાજર, આલૂ, પ્યાજ બેચતા થા તો કોઈ ફૂલ-ફૂલ. ઉનકે અલગ અલગ ધંધે થે, જિનમે વે લગે થે. કુછ બચ્ચેં મજદૂરી ભી કરતે થે. રામદુલારી કે બેટે કી કદ કાઠી ઘોડે કી તરહ થી, પર ઉસકે સિર પર બોઝા રખ-રખકર ઉન્હોંને ઉસે ઘોડે સે ગધા બના દીયા થા. કલવા કી ઔરત કલવી કે સાથ ઉસકે બેટે કુક્કન કો સુબહ આઠત પર સબ્જી ખરીદને જાના પડતા થા ઔર સુમરતી કી લડકી ગંગા કો પાસ હી બાજાર મેં નુક્કડ પર સુરવી-બિંદી કી દુકાન પર બૈઠના પડતા થા. દલ્લુ કે બેટે નટવા કો રિક્સા-સાઈકલ કી દુકાન પર જાના પડતા થા. વહ પંચર લગાને મેં મદદ કરતા થા."[139]

આવી પરિસ્થિતિમાં પણ શૈક્ષણિક કાર્ય કેવી રીતે સંભવે તે લેખકે દર્શાવ્યું છે. એક શિક્ષકની ભૂમિકામાં પણ લેખકનો સકારાત્મક દૃષ્ટિકોણ જોવા મળે છે. વિદ્યાર્થીઓએ ફેલાયેલી ગંદકીને શિક્ષક પોતે સાફ કરે છે. વિદ્યાર્થીઓને આકર્ષવા માટે તે ચોકલેટ વહેંચવાનું શરૂ કરે છે. જ્યારે વિદ્યાર્થીઓ નિયમિત નથી થતા તો નામ કમી કરવાનું કાયદાની દૃષ્ટિએ વિચારે છે જે આ વર્ગને શિસ્તમાં રહેવાનું શિખવાડે પરંતુ તેની આ કાર્યપ્રણાલી પર નજર હતી રામલાલની, જેણે શાળા ખોલી છે અને રામલાલની ટકોર શૈક્ષણિક પરિવેશના નવા મુદ્દાને ઉઘાડી આપે છે.

કાયદાની દૃષ્ટિએ શિક્ષકની વાત સાચી હતી, પરંતુ શિક્ષણ વ્યવસ્થામાં મૂલ્યોનો વિનિયોગ એ મુદ્દો અહીં ધ્યાન ખેંચે છે. રામલાલના મતે આપણે જો શૈક્ષણિક જાગૃતિ લાવવી હશે તો આવા કેટલાક કાયદાઓને ગંભીરતાથી તપાસવા

અને બદલવા જોઈએ. એક નવી દિશામાં કાર્યરત થવા શિક્ષકને પ્રેરણા આપે છે જુઓ :

"એસે નિયમ-કાયદે કો સમય કે હિસાબ સે બદલ ડાલો."[140]

"ઈસ બસ્તી કે બચ્ચેં પઢ નહીં પાયેંગે ઔર હમારી બચ્ચોં કી મહેનત પર પાની ફિર જાયેગા. ઉનકી સ્થિતિ કો સમજો. વે ગરીબ હૈ. બચ્ચેં રોજગાર ઔર કામધંધો મેં અપને માતા-પિતા કી મદદ કરતે હૈ. હમેં ઐસે બચ્ચોં કી મદદ કરની ચાહિયે."[141]

શિક્ષકની ભૂમિકા દરેક સમયે કાયદાકીય રીતે પગલા લેવાની નથી હોતી, પરંતુ પોતે એક મનુષ્ય છે અને સામેવાળું બાળક પણ મનુષ્ય છે એ વિદ્યાર્થીના પ્રતિભાવ પાછળના કારણ શોધવા તત્પર રહેવું જોઈએ અને જો એ કારણો સુધી પહોંચી શકાય તો એ સમસ્યાઓનું પણ સમાધાન થઈ શકે. આ વાત મૂલ્ય શિક્ષણની છે જે મૂલ્યો શિક્ષક વિદ્યાર્થીઓને આપવા પ્રયત્ન કરે છે. તે મૂલ્યો સૌપ્રથમ તો શિક્ષકે આચરણમાં મૂકવા પડે. જે મૂલ્યો પ્રસ્તુત નવલકથાના શિક્ષકમાં જોવા મળે છે. ઇન્સ્પેક્ટર સ્કૂલ તપાસ માટે શાળામાં આવે છે ત્યારે આ શિક્ષક થોડો ડરી જાય છે, કારણ પચાસ બાળકોના નામ રજીસ્ટરમાં હોય છે અને વિદ્યાર્થી હાજરમાં માત્ર આઠ હોય છે. આ બનાવ અંગે ગરીબ શિક્ષક રામલાલને મળે છે. જેના ઘરે જવાહરલાલ નેહરુ, ગાંધી, સ્વામી દયાનંદ અને ડૉ. આંબેડકરના ચિત્રો હોય છે. જેમના આદર્શોનો આધાર શિક્ષણ સંદર્ભે નવલકથાકારે ખપમાં લીધો છે. રામલાલ આશ્વાસન આપે છે. દુનિયામાં બે ધારા હોય છે. એક સમાજ વિરોધી ધારા અને બીજી સમાજને બનાવવાવાળી ધારા. તમારે શેના પર ચાલવું છે એ તમારે વિચારવાનું હોય છે. સારું કરવા માટે જે એકવાર નિર્ણય કરે છે તેનું અહિત નથી થતું. રામલાલના આ પ્રતિભાવથી શિક્ષકમાં હિમ્મત આવે છે અને તે શાળાની જવાબદારી સંભાળે છે.

બંસીના દિકરા સુનિતમાં નાનપણથી જ પરિપક્વતા જોવા મળે છે. સમાજની વાસ્તવિકતા અને પુસ્તકના જ્ઞાન વચ્ચેનો ભેદ તે પારખી શકે છે. લેખકે જણાવ્યું છે કે,

"સુનિત ને જબ સે સ્કૂલ જાના શુરુ કિયા ઉસકે ભીતર પ્રૌઢતા ઉછાલ મારને લગી થી. સમાજ કે યથાર્થ ઔર કિતાબોં કે પન્નોં પર છપે ચિત્રો મેં વિરોધાભાસ થા. જો ઉસને બહુત જલ્દ જાન લિયા થા. ઉસકી આઁખે કભી કિતાબ પર હોતી તો કભી સમાજ પર."[142]

એક વિદ્યાર્થીમાં કાચી વયે જોવા મળતી જાગૃતિ, પરિપક્વતા અહીં પ્રતિત થાય છે. પોતાના વર્ગ સાથે થતો અન્યાય સૌપ્રથમ જુએ છે, સમજે છે અને જેમ મોટો થાય છે તેમ તે સંદર્ભે કાર્યરત બને છે. આમ, દાર્શનિક ભૂમિકાએ કરેલું સુનિતના પાત્રનું આલેખન નવલકથામાં વળાંક લાવે છે.

સુનિતે કરેલા એક પછી એક કાર્ય પાત્રના આંતરિક વિકાસનું સૂચન કરે છે. પંડિત, બંસી અને સુનિતને ડંકીથી પાણી પીવડાવે છે જે બાબતમાં શિક્ષક તેનો સાથ આપે છે અને બધા વિદ્યાર્થી અને સુનિત પંડિતને વખોડે છે, જુઓ :

"હાઁ – હાઁ પંડિતજી, હમ ઢેઢ ચમાર હૈ, પર અબ દેશ આઝાદ હૈ, ઈતના સમજ લો કિ તુમ્હેં ઐસા કરને પર જેલ જાના ભી પડ સકતા હૈ."[143]

સુનિતની સાથે સમાજના કેટલાક અન્ય લોકો પણ જોડાય છે અને પંડિતને પોતાની ભૂલ સમજાય છે. ક્યારેક આ પાત્ર વધારે બોલકું પણ પ્રતિત થાય છે. પછી લેખક બાળસહજવૃત્તિ સંદર્ભે આલેખતા હોય તો તે અલગ વાત છે, જુઓ :

"પંડિતજી, ઈસ નલ કો ક્યા જનેઉ બનાકર ગલે મેં લટકાઓગે ?"[144]

સુનિતની સફર આ પ્રાઈમરી સુધીની હતી, જ્યારે હવે આગળના ભણતર માટે સુનિતને અન્ય શાળામાં જવું પડે છે, જ્યાં વર્ગભેદનો સંઘર્ષ શરૂ થાય છે.

પ્રવેશ માટે જ બંસીને ઘણી બધી મુશ્કેલીઓ પડે છે. ભણવા માટે સુનિત અન્ય નાના છોકરાઓને ભણાવે છે. આથી પિતાને આર્થિક મદદ મળી રહે. જવાબદાર પિતા તરીકે બંસીનું પાત્ર પણ મહત્ત્વનું છે. તેની આશા હોય છે કે સુનિત ભણી-ગણીને કંઈક બને. પોતાનું જીવન ભલે મજૂરીમાં વિત્યું. તેની આર્થિક પરિસ્થિતિ જોઈ ઉધ્ધતાઈભર્યું વર્તન કરે છે, જુઓ:

"અભી ભી સમય હૈ, કહી ઈસે કામ-ધંધે પર લગા દો. દો પૈસે કમાયેગા તો અચ્છા રહેગા."[145]

"યહાઁ સ્કૂલ મે સમય સે આના પડેગા. સ્કૂલ કી ખાસ ડ્રેસ યહી હૈ, ઉસી કો પહનકર આના હૈ ! કોઈ ભી ગંદે-સંદે, ફટે-પુરાને કપડે સ્કૂલ મેં નહીં ચલેંગે, આખિર સ્કૂલ હૈ અનાથાલય નહીં."[146]

" "હાઁ, ભઈયા દાખિલા તો જરૂર હો ગયા." ફિર ધીરે સે ઉન્હોંને બુદબુદાયા – "પર ઈસકી બડી કીંમત હમે ચુકાની પડેગી !" "[147]

લેખક શૈક્ષણિક સંસ્થામાં આ રીતે ચાલતી લાંચ-રુશ્વતને પણ દર્શાવવાનું ચૂક્યા નથી. શિક્ષક દ્વારા થતા કડવા અનુભવ અને હવે સહઅધ્યાયી સાથેનો કડવો અનુભવ અહીં સુમિતને થાય છે. સુમિતના સ્કૂલ વિશે વિદ્યાર્થીઓ મજાક કરે છે, જુઓ:

"ભાઈ, યહ સ્કૂલ હૈ કહાઁ પર, હમને તો પહલી બાર સુના હૈ."[148]

"યહ સ્કૂલ ચમારોવાલે સ્કૂલ સે પ્રસિદ્ધ હૈ."[149]

આમ સુનિત હાઈસ્કૂલના પ્રથમ દિવસે શિક્ષક અને વિદ્યાર્થીઓના હાંસીને પાત્ર બન્યો. પરંતુ તેની મિત્ર સુમિત્રા તેના દુ:ખને સમજે છે. સુનિત પણ પિતાની શિખામણ ગાંઠે બાંધી પરિસ્થિતિમાંથી ઉગરે છે. બાબાસાહેબ આંબેડકર ભણવામાં

ખૂબ હોંશિયાર હોય છે. ઘરમાં વીજળી નથી હોતી તો તે બહારના રોડ પરના લેમ્પના અજવાળામાં જઈને વાંચન કરતા. આમ પિતાની આવી સલાહ સુનિત માટે પ્રેરણારૂપ બને છે. જે અધ્યાપક સુનિતની મજાક કરે છે તેઓ સ્કોલરશિપના ફોર્મ પર સહી કરી આપતા નથી, કારણ કે તેમના મતે શિડ્યુલ કાસ્ટનું ફોર્મ અલગ હોય છે. જ્યારે સુનિત મેરિટના આધારે આગળ આવવા માંગે છે તેમાં તેના આચાર્ય મદદ કરે છે અને આમ સુનિત હાજરજવાબીથી પોતાના કામ પાર પાડે છે.

સુનિતની પ્રસંશા આખા દલિત સમાજમાં થાય છે અને દલિતોએ કેટલાંક નિર્ણય લીધા જેમાં પરિવર્તન સ્પષ્ટ વર્તાય છે. જેમ, કે બંસીની જેમ ગુલામી (મજૂરી) છોડી વિદ્રોહ અને સુધારાની બેવડી પ્રક્રિયા રચનાત્મક પરિવર્તનને જન્મ આપે છે. પંચાયત દ્વારા બે નિર્ણય લેવામાં આવે છે. એક તો આંબેડકરના નામે પુસ્તકાલય ખોલવાનું અને કલાલખાનાવાળી જગ્યા પર પોતાનું આધિપત્ય જમાવવાનું જેની માટે તેઓ કેટલાય વર્ષોથી સંઘર્ષ કરી રહ્યા હતા. આમ, શિક્ષણ એ મનુષ્યમાં જ્ઞાન સાથે સમજનો પણ સંચાર કેળવે છે.

શિક્ષક વિદ્યાર્થીને અંધકારથી પ્રકાશ તરફ લઈ જનાર હોય છે. જ્ઞાનના સાગરમાં ડૂબકી શિક્ષક દ્વારા જ શક્ય બને છે. પરંતુ કેટલાક પાન્ડે જેવા પણ શિક્ષકો હોય છે. જેમને વિદ્યાર્થીના વિકાસથી ઇર્ષા થતી હોય છે. આવા શિક્ષકોની પણ અલગ જ ભૂમિકા વિદ્યાર્થીના જીવનમાં હોય છે. સ્કોલરશિપના ફોર્મ પર સહી ન કરનાર પાન્ડે સુનિતની અનેક મુશ્કેલીઓનું કારણ બને છે. તે સમયે પિતા બંસી એકલવ્યનું ઉદાહરણ આપી કંઈક આમ સલાહ આપે છે, જુઓ :

“બેટે વહ તુમ્હારા શિક્ષક નહી દુશ્મન હૈ ઔર દુશ્મન સે હમેશા સાવધાન રહના ચાહિયે. દુશ્મન ચાહે આમ આદમી હો યા ખાસ આદમી, સવર્ણ કભી ભી

નહીં ચાહતે કિ હમારે બચ્ચેં પઢે-લિખે, ક્યોંકિ અગર વે પઢ-લિખ ગયે તો ઉન્હેં ગુલામોં કી ફોજ કહાઁ સે મિલેગી. ઉનકી સેવા ફિર કૌન કરેગા ! ઉનકે જાનવરોં કો ચારા કૌન ખિલાયેગા, પાની કૌન પિલાયેગા. ઉનકે બદન કી માલિશ કૌન કરેગા. ઉનકી મક્કારી સે હમેં બચ કર રહના હૈ, પર ઉનમેં સે હી કુછ કી અચ્છી બાતોં સે કુછ સિખના ભી હૈ. ઉનમેં સભી બુરે નહીં, અચ્છે ભી હૈ. હમારે હાથ કી અંગુલિયાઁ હી દેખોં. સભી તો બરાબર નહીં. ઐસે હી ઈન્સાનો કી ભી બાત હૈ."[150]

એક વિદ્યાર્થીના પિતાના અનુભવનો નિચોડ આ વર્ણનમાં છે. શૈક્ષણિક પ્રવાસને પૂર્ણ કરવામાં અવરોધક પરિબળોનો સામનો કરતા શીખવવામાં આવ્યું છે. એક સકારાત્મક વિચાર પણ જોવા મળે છે કે શાળામાં દરેક અવરોધકરૂપ નથી હોતા, કેટલાક સારા માર્ગદર્શક પણ હોય છે જેમને નજર સામે રાખી કાર્ય પાર પાડવાનું છે. સુનિત પણ પાન્ડે સ્કોલરશિપના ફોર્મ પર સહી ન કરે તો આચાર્ય પાસે જઈ ફોર્મમાં સહી કરાવી લાવે છે. હિન્દી વિષયના પાન્ડે તેને ઓછા ગુણ આપે, આથી તે જ વિષયમાં વધુ મહેનત કરી ઉત્તીર્ણ થાય છે. એમ.સી. શર્મા જેવા શિક્ષક સુનિતને અલગ લાગે છે. છતાંય વર્ગમાં ક્યારેક જ્ઞાતિગત ચર્ચા થાય છે. શિક્ષકે વર્ગમાં વિદ્યાર્થીઓની લાગણી ના દુભાય તેની તકેદારી રાખવી જોઈએ.

દેશ આઝાદ થયો પણ દલિતોને સામાજિક આઝાદી મળી નહીં. આઝાદી પછી પણ શિક્ષણધામોમાં દલિતોની સાથે અસ્પૃશ્યતા પળાતી હતી, પરિણામે દલિતોને શિક્ષણ મેળવવામાં ખૂબ જ સંઘર્ષ કરવો પડ્યો. દલિતોને બિનદલિતોની હીન માનસિકતામાંથી મુક્તિ ક્યારે મળશે ? એવો વેધક પ્રશ્ન પણ આ નવલકથામાં ચર્ચાયો છે. નવલકથાકારે દલિતોને સ્વમાનથી જીવવા માટે, માનવીય અધિકાર મેળવવા માટે શિક્ષણ પર વિશેષ ભાર મૂક્યો છે.

એક આદર્શ વિદ્યાર્થી તરીકે સુનિત દલિતોમાં ચર્ચાનો વિષય બને છે. રામલાલના મૃત્યુ પછી તે સમાજની નાની-મોટી જવાબદારી પણ સંભાળે છે. કામ કરનાર કરતારાને ભૂરી નામની આઠ વર્ષની છોકરીને પણ ભણવા માટે સલાહ આપે છે. જેમના શાળામાં પ્રવેશ માટે પાન્ડે જેવા શિક્ષકનો સામનો કરી સુનિત આચાર્યની મદદથી કાર્ય પાર પાડે છે. હગનહટમાં આવેલા બદલાવમાં લેખક આ શબ્દોમાં અભિવ્યક્ત કરે છે, જુઓ:

“હગનહટ કી જમીન મે પરિવર્તન હોને સે વહાઁ હોનેવાલી બેઠકો મે તભી બદલાવ હો ગએ થે. અબ બડી બડી પંચાયતે વહા ન હોતી થી. લોગ કેવલ શૌચ કરને જાતે થે.”[151]

આમ, જ્યા શાળા-પંચાયત એક જ સ્થળ પર હતું ત્યાં ખરેખર એ જગ્યાનો ઉપયોગ જે માટે થવો જોઈએ તે માટે થાય છે. સ્થળ મુજબ માનસિકતા પણ બદલાય છે. સુનિત શિક્ષક બને છે. લેખક આ રીતે સૂચન કરે છે:

“આઝાદી કે બાદ કી નઈ પીઢી કો શિક્ષિત બનાને કા યહ ઐતિહાસિક દિન થા.”

સુનિત અને સુમિત્રા બન્ને મિત્ર બની સમાજ પ્રત્યે પોતાની જવાબદારી અદા કરે છે.

નવલકથામાં શૈક્ષણિક પરિવેશને ઉજાગર કરતા મુદ્દા જેવા કે શિક્ષણ દ્વારા પરિવર્તન, શૈક્ષણિક જાગૃતિ, લાંચ-રુશ્વત, સ્ત્રી-ભણતર, બાળમજૂરી, આદર્શ શિક્ષકની ભૂમિકા, મૂલ્ય શિક્ષણ, શિક્ષણ દ્વારા સમસ્યાઓનું સમાધાન વગેરે મુદ્દા જોયા. નવલકથામાં દલિતના પ્રશ્નોના ઉકેલ માટે શિક્ષણ હથિયાર બને છે તે રસપ્રદ રીતે આલેખન પામ્યું છે.

અંતે એટલું ચોક્કસ કહી શકાય કે સમસ્યા દલિતોની હોય કે અન્ય કોઈ પણ સમાજની, તેનો ઉકેલ શિક્ષણથી જ શક્ય બને છે. કારણ કે જ્ઞાન દ્વારા મનુષ્ય વ્યાપક દૃષ્ટિકોણ ધરાવતો થાય છે. જેથી મનુષ્ય પોતાને પણ સમજે છે અને આસપાસના વ્યક્તિઓને સમજવા માટે પણ સક્ષમ બને છે. આ જ્ઞાન માત્ર પાઠ્યપુસ્તક આપી શકે છે તેવું નથી. આને આપણે Informal Education કહીશું. જે વ્યક્તિને કોઈપણ વયમાં કોઈપણ વ્યક્તિ કે દુનિયા પાસેથી મળે છે તેવા જ્ઞાનની વાત અહીં છે. જે વ્યક્તિને માનસિક સમૃદ્ધિ બક્ષે છે એમ કહી શકાય.

જે મનુષ્ય ક્યારેક ગરીબીના લીધે કે ક્યારેક જાતિના કારણે તરછોડાયેલો છે, તેને શિક્ષણ જ સમાજમાં સ્થાન આપી શકે છે એમ સુનીલના પાત્ર દ્વારા આ નવલકથામાં સર્જક દર્શાવવા માંગે છે. લેખકે સુનિલના નાનપણથી માંડીને શિક્ષક બનવા સુધીના દરેક પ્રસંગ – ઘટનાને સારા-નરસા અનુભવને વિગતે આલેખ્યા છે. લેખકને જે કહેવું છે તે સ્પષ્ટ રીતે વાચક સુધી પહોંચી શકે છે. સુનિલ નામના વિદ્યાર્થીને અનેક મુશ્કેલી આવે છે, છતાં તે માર્ગ કાઢી આગળ વધે છે અને પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરે છે.

## • 3.3 શૈક્ષણિક પરિવેશને નિરૂપતિ મરાઠી નવલકથાઓનો સમીક્ષાત્મક અભ્યાસ

### ♦ 'બનગરવાડી'

શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ગીતાના ત્રીજા અધ્યાયમાં કર્મનું સ્વરૂપ અને મહિમા દર્શાવી, 'કર્મ'નાં સિદ્ધાંતને આપણી સમક્ષ પ્રગટ કર્યો છે. એ જ રીતે મરાઠી નવલકથા 'બનગરવાડી'(1954)માં વ્યંકટેશ માડગૂળકરે 'શિક્ષણ'ના ઉમદા સ્વરૂપ અને પદ્ધતિને વાચા આપી છે. આ નવલકથાનો ગુજરાતીમાં અનુવાદ ઈ.સ. 1971માં ગોપાલદાસ વિદ્વાસર દ્વારા પ્રાપ્ત થાય છે. અંગ્રેજી અને ડેનિસ ભાષામાં પણ તેના અનુવાદ થયેલા જોવા મળે છે. શિક્ષણ અને સમાજ વચ્ચેના સંબંધને સાહિત્યના માધ્યમ દ્વારા સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. 'હું' પ્રથમપુરુષ એકવચન કથનકેન્દ્ર ધરાવતી આ નવલકથા તેના નોખા વિષયવસ્તુથી પ્રસ્તુત બની રહે છે. અહીં ગામડાનું જીવન છે, ગામના લોકોની સમસ્યાઓ છે, જેનો ઉકેલ લેખક અહીં 'શિક્ષણ'ના માધ્યમથી લાવે છે.

નોકરી કરવાના હેતુથી શિક્ષક 'રાજારામ' ભરવાડોના ગામ 'બનગરવાડી'માં આવી પહોંચે છે, ત્યાંથી કથાનો પ્રારંભ થાય છે. જ્યારે એક જ શિક્ષક આખી શાળાનો કર્તાહર્તા હોય ત્યારે કેવી પળોજણમાં મૂકાય છે તેની આખી આ કથા છે. મુખ્ય પાત્ર 'રાજારામ'નું છે. અન્ય પાત્રમાં 'આયબુ' ઘરકામ કરનારો ગરીબ યુવક છે, વડીલમાં 'ડોસા'નું પાત્ર અને 'અજી', 'શેકુ', 'પટેલ', 'રામોશી' વગેરે પાત્રો પણ અગત્યની ભૂમિકા ભજવે છે. અગાઉના શિક્ષક પાસેથી રાજારામને ચાર્જ સ્વરૂપે ચાવી જ માત્ર મળે છે. વળી નિશાળની જગ્યા પણ ઉપેક્ષા કરવા લાયક સ્થળ સમાન હોય છે. આ શિક્ષકનું પહેલું કાર્ય ભણવા પ્રત્યે વિદ્યાર્થીઓને રસ પેદા

કરી શાળામાં એકઠા કરવાનું હોય છે, કારણ ગામના લોકોની ભણવા પ્રત્યેની આ માનસિકતા આવી હતીઃ

"એમ નથી પણ નિશાળમાં આવે એવા છોકરા નવરા કયા છે ?"[152]

"ઘેટાં પાછળ, બકરાં પાછળ બધાં સીમમાં જાય છે. આમાં નવરો કોણ છે ?"[153]

આમ, આ શિક્ષકનું પહેલું કાર્ય ગામલોકોની માનસિકતા બદલવાનું છે. રાજારામ શિક્ષક તેમની મજબૂરી સમજે છે. 'ડોસા'ની મદદથી બે ટાઈમની જુવાર આપશે એમ કહી વિદ્યાર્થીઓ ભેગા કરે છે. આમ એક શિક્ષકમાં જે ઉત્સાહ ભણાવવાનો હોવો જોઈએ તે રાજારામમાં છે. આયબુની મદદથી રાજારામ શાળાને સ્વચ્છ ભણવાલાયક જગ્યા બનાવી, ભણાવવાનું કાર્ય આદરે છે. વિદ્યાર્થી શરૂઆતમાં આવે કે ન આવે છતાં રાજારામ ભણાવવાનું કાર્ય યથાવત રાખે છે. પિતાની વિરુદ્ધ જઈ સાતમી પાસ કરવા જનાર સત્તા રાજારામનો પ્રિય વિદ્યાર્થી બની જાય છે. આમ આ નાયક એવો શિક્ષક છે જેનામાં ઉત્સાહની સાથે વિદ્યાર્થી પ્રત્યેની વિશેષ લાગણી પણ છે. હોંશિયાર વિદ્યાર્થીની પરખ પણ તેનામાં રહેલી છે. વળી ગામના લોકો સાથે તાલમેલ સાધવાનો પ્રયત્ન કરે છે.

"રવિવારની રજાને દિવસે જ્યારે હું ઘેર જવા તૈયાર થતો ત્યારે ટપાલમાં નાખવાનાં કાગળોથી મારા કોટના ખિસ્સા ભરાઈ જતાં. આ બધા કામ જ્યારે મેં કશા વાંધા વિના કરવા માંડ્યા ત્યારે હર કોઈ જણ ગમે તે પૂછવા આવે એવું થવા માંડ્યું. ધણી-ધણીયાણીના ઝઘડાથી માંડીને ઘેટાંની ચોરી સુધીની ફરિયાદો માસ્તર પાસે આવવા લાગી. માસ્તર ભણેલો, ડાહ્યો માણસ કહેવાય, એ કાયદા જાણતો હોય, સારુ અને ખરાબ શું એની સમજણ એનામાં હોય જ હોય."[154]

આમ, ‘રાજારામ’ શિક્ષક ગામમાં પોલીસ તરીકે, તલાટી તરીકે, ન્યાયાધીશ તરીકેની ફરજ પણ બજાવે છે. ગામનો પટેલ તેને મદદ પણ કરે છે. ગામડાનું ચિત્ર ધીમે ધીમે બદલાવા માંડે છે. લેખક આ શિક્ષકના વ્યક્તિગત જીવનને પણ આલેખે છે. જેમાં રજાને દિવસે તે ઘરે જાય છે અને માતાને મળે છે. આમ પાત્રના અંગત જીવનમાં પણ ડોકિયું કરતાં લેખક ચૂકતા નથી.

એક શિક્ષકમાં હોવી જોઈએ એવી દરેક ખૂબી આ પાત્રમાં છે. શિક્ષક તરીકેની જવાબદારી એ હોય છે કે તમારી સમક્ષ જે વિદ્યાર્થી આવે છે તેને ધ્યાનમાં રાખી શિક્ષણ આપવું, તેમની જરૂરિયાત, રસરૂચિ, ક્ષમતાને પ્રાધાન્ય આપવું, તેની આ વિચારસરણીને લેખક આ રીતે આલેખે છે. જુઓ :

“મને રહી રહીને લાગ્યા કર્યું કે હું તો કેવળ ‘ગ…મ…પ…ન…’ લખતા જ શીખવું છું, પણ આ લોકોની જરૂરિયાત બીજી જ છે. આયબુને ઘર માંડવું છે, આનદાને રોટીની જરૂર છે, શેકુને બળદ જોઈએ છે.”[155]

આમ, આ શિક્ષક ગામના લોકોની સમસ્યા સમજી તેને અનુરૂપ માર્ગદર્શન પૂરું પાડે છે. રામોશીનો રૂપિયો જે સરકારે હવે બંધ કર્યો છે. તેને બજારમાં જઈ વેચી લાવે છે. ‘અંજી’ નામની છોકરીના બજારમાંથી કપડા સીવી આપી કૌટુંબિક ભાવના જન્માવે છે. આ દરેક કાર્યો કરતી વખતે આ શિક્ષક પર દોષારોપણ થતા જોવા મળે છે. જેવા રૂપિયા ચોરાઈ જવાથી પિતા તરફથી મળતો ઠપકો, કપડા સિવડાવી આપવાથી ડોસા પ્રત્યેનો રોષ વગેરેમાં રાજારામ સહજતા અને સ્વસ્થતાપૂર્વક રસ્તો કાઢે છે. આમ, ખંતની સાથે ધૈર્ય, સહનશીલતા જેવા ગુણો પણ આ શિક્ષકમાં જોવા મળે છે. જુઓ :

“મેં તમને એ વાત કહી નહોતી કારણ કે એણે મને કહ્યું હતું કે હું ચોરીછૂપીથી ચોળી સિવડાવું છું. ડોસાને વાત ન કરશો. તમારી મરજી હોય તો

રૂબરૂ કરાવું. હું એવો નાલાયક માણસ નથી. કોઈ કામ કરવાનું મને સોંપે છે તો ચૂપચાપ એનું કામ કરી આપું છું. હું બધાને ખપમાં આવું છું. એનો બદલો તમે લોકો આવી રીતે આપશો એનો મને ખ્યાલ નહિ."[156]

આમ, સભાનતાથી આ નાયક પોતાની જવાબદારી નિભાવે છે, તેના પર થતા આરોપોને પણ સહજતાથી લઈ પરિસ્થિતિનો સામનો કરે છે.

જે ગામમાં શિક્ષણનું કોઈ સ્થાન નથી. તેવા ગામમાં આ શિક્ષક પોતાના કાર્ય દ્વારા પરિવર્તન લાવી શિક્ષણને અગ્રસ્થાને મૂકી, જવાબદાર શિક્ષકની ભૂમિકા અદા કરે છે, જુઓ :

"નિશાળનું કામ પણ સારી રીતે વધ્યું હતું. છોકરાઓ સારી સંખ્યામાં આવતા હતા. એમની પરીક્ષા, ભણતર, હાજરી વગેરે તરફ મારે હવે વધારે ધ્યાન દેવું પડતું હતું કેમ કે હવે ઉપરી અધિકારીઓ આવવા લાગ્યા હતા. ગામડામાં નિશાળો ઉઘડી છે તો એમની સફળતા-નિષ્ફળતા જોવી જોઈએ. એનો ખ્યાલ કેળવણી ખાતાને આવ્યો હતો. ઉપરથી જાત-જાતની સૂચનાઓ આવતી હતી."[157]

આમ જેને સરકાર ધ્યાનમાં નથી લેતી તેવી શાળામાં પણ પોતાની કાર્યપ્રણાલી દ્વારા આ શિક્ષક પરિવર્તન લાવી સર્વનું ધ્યાન દોરે છે. 'આયબુ', 'આનદા'ની મદદથી વિદ્યાર્થીઓને નિયમિત શાળામાં બોલાવી ભણાવે છે. ગામના લોકોને પણ હવે તેના પ્રત્યે આત્મિયતા છે. આ શિક્ષકનો માનસિક સ્તરે પણ વિકાસ થયેલો છે. તેની વિશાળ સહૃદયતાને કારણે ગામના લોકો નિ:સંકોચે તેની પાસે આવી, સમસ્યાઓ જણાવે છે અને આ શિક્ષક બનતા પ્રયત્નો કરી તેનું નિરાકરણ લાવે છે.

નવલકથામાં એક બીજો અગત્યનો શૈક્ષણિક મુદ્દો ધ્યાન ખેંચે છે તે છે શૈક્ષણિક જાગૃતિનો. આજે ગામડાઓમાં શિક્ષણ તો પગરવ માંડે છે, પણ શૈક્ષણિક

જાગૃતિ નહિ, તે બન્ને અલગ છે. શિક્ષણને કેવી રીતે ઉપયોગમાં લેવાય ? શિક્ષણ શું છે ? તેની માહિતી એટલે શૈક્ષણિક જાગૃતિ, એક શિક્ષકની ફરજ છે કે તે તેને જીવાતા જીવન સાથે જોડે, આથી વિદ્યાર્થી વર્ગખંડને પણ તે જે વાતાવરણમાંથી આવે છે તેનાથી અલગ ન કરે. નવલકથામાં પણ સત્તા નામનો છોકરો આગળ ભણી શકતો નથી, કારણ તેને વરુને માર્યા છે. આથી તે જુવાન છે. હવે દાદો વળાવવાનું, આમ માતા-પિતા માને છે, જુઓ :

"ક્યાંથી જ્વાના છે ? જરાક સારા થશે ત્યાં તો ઘેટાંની પાછળ જશે. સાતમી પાસ કરીને તમારી જેમ માસ્તર થોડા જ થવાના છે ? અમારામાંથી કોઈ ભણીગણીને તાલુકામાં અમલદાર થયો જાણ્યો છે ?"[158]

આમ, અહીં પ્રશ્ન શૈક્ષણિક જાગૃતિનો આવે છે, શિક્ષણનો નહિ. શિક્ષકે ઉદાહરણ સ્વરૂપે તો ક્યારેક જીવંત દાખલા સ્વરૂપે તો ક્યારેક સમાજના હેતુ સાથે સંબંધ સ્થાપી જ્ઞાન પૂરું પાડવાનું છે. બાહ્ય-આંતર જીવન અને શિક્ષણ વચ્ચે આંતરસંબંધ સ્થાપવાનો છે. જે ખૂબીઓ આ શિક્ષકમાં છે અને તેના બનતા પ્રયત્નો કરી એક નવો વિચાર તે કરે છે. તે 'કસરતશાળા' ખોલવાનો નિર્ણય લે છે. તેના મતે ભરવાડોના કસાયેલા શરીર અને બાળકોના શારીરિક વિકાસ માટે રમવા માટે, આ ઉત્તમ સ્થળ બની રહેશે. જેની માટે તે વડીલોની, વગવાળા વ્યક્તિઓની મદદ લઈ કાર્યનો આરંભ કરે છે. ધીમી કામગીરીથી ક્યારેક બળાપો પણ ઠાલવે છે, ત્યારે ગામનો પટેલ પરિસ્થિતિનો દોર પોતાના હાથમાં લઈ રાજારામને બળ આપે છે. આમ નવલકથાકાર આ શિક્ષકને આદર્શોનું પૂતળું ન બનાવી વાસ્તવિક સ્વરૂપે તેનું આલેખન કરે છે.

Social Value Development નો એક અલગ શૈક્ષણિક મુદ્દો પણ આપણી સમક્ષ આ નવલકથા દ્વારા આવે છે. વિદ્યાર્થીઓને ભણાવવાની સાથે મૂલ્યોનું

સિંચન કરવાનું કામ પણ એક શિક્ષકનું છે. વ્યક્તિગત મૂલ્ય, સામાજિક મૂલ્ય, સાંસ્કૃતિક મૂલ્યોને આ શિક્ષક સમજે છે અને વિદ્યાર્થીઓમાં પણ વિકસિત કરે છે. જ્યારે શાળાનું કાર્ય અટવાય છે, ત્યારે નાના નાના છોકરાઓની મદદ લઈને કાર્યને આગળ ધપાવે છે. નાના છોકરાઓને જોઈને મોટાઓનો પણ ઉત્સાહ વધે છે અને કાર્ય પૂરું થાય છે. આમ આ શિક્ષક આવતીકાલના નાગરિકને તૈયાર કરે છે. તેમને જવાબદારીનું ભાન કરાવે છે, શિક્ષણ અને સમાજ વચ્ચે સંબંધ સ્થાપે છે. જે ગામમાં ક્યારેય કોઈ અધિકારી ફરક્યું નથી ત્યાં સરકાર આવે છે અને તે આખો પ્રસંગ ઉત્સવની જેમ ગામમાં ઉજવાય છે. સરકાર રાજારામની સિદ્ધિઓને બિરદાવતા જણાવે છે કે,

"ઘેટાં પાળનારાં મારાં આ સંતાનોએ આટલી નાનકડી વસતિમાં આવું સુંદર અખાડાનું મકાન તૈયાર કર્યું છે. એ જોઈને મારું હૈયું હવે અભિમાનથી ઊછળી રહ્યું છે, બલોપાસના અને જ્ઞાનસંવર્ધન એ મારા રાજ્યનું ધ્યેય છે. રાજ્યના દરેક વિદ્યાર્થીની છાતી પહોળી હોય, બાવડા કસાયેલા હોય, બુદ્ધિ તેજ હોય એ પ્રત્યે મારો આગ્રહ છે, આ આગ્રહ મેં હંમેશા કહી સંભળાવ્યો છે. મારી આ વાત અહીંના ભરવાડો સુધી પહોંચી હશે એનો મને ખ્યાલ નહોતો, એ પહોંચી છે અને સાકાર પણ બની છે એ જોઈ હું આશ્ચર્ય પામ્યો છું. તમારા રાજાની છાતી બે ઈંચ વધુ પહોળી થઈ છે. જગદંબા તમને સદ્બુદ્ધિ આપે, તમારું કલ્યાણ કરે."[159]

આમ જે ગામ ગણતરીમાં જ નહોતું આવતું. તે દરેક ગામની હવે વાહવાહ કરે છે, વખાણ કરે છે અને રાજારામને દુષ્કાળનો દૃષ્ટા બતાવી અન્ય તાલુકામાં બદલી થતા દર્શાવે છે. જે લાગણીશીલ ભાવકોને ખૂંચી શકે છે. ગામના લોકોની સાથે તેની આત્મિયતા પણ લેખક સારી રીતે ઉપસાવી શક્યા છે. શિક્ષણ એ વ્યવસાય નહિ પણ સેવા છે. 'Education is not profession but it is servile for mankind.' આ દૃષ્ટિકોણ નવલકથાને જીવંત બનાવે છે.

આખી નવલકથા લેખક કથાની જેમ અનુભવ વાગોળતા હોય તેમ લખે છે. ગામના લોકોને ધ્યાનમાં રાખી, ભાવનાવાદી ભાષાકર્મ લેખકે યોજ્યું છે. મરાઠી કહેવતો પણ લેખકે રજૂ કરી છે:

"જાણે કે એને ને મને બાપે માર્યા વેર ન હોય !"[160]

"ભરવાડોનું ગાંડપણ છ મહિના સુધી ન જાય."[161]

"ઘર ઉખેળી જુઓ."[162]

તો ક્યાંક પદ્યમિશ્રિત ગદ્યશૈલી પણ ધ્યાન આકર્ષે છે :

"સૂકલકડા સારસો ! બાર બળદોનું હળ હાંકો હળ હાંકો !"[163] ક્યાંક લાઘવથી પણ શબ્દચિત્ર આલેખ્યું છે. શેકુને પત્નીના સંવાદ જુઓ :

"આવતી કાલે વાવણી કરવી છે."

"પણ બળદ ?"

"હું લાવીશ."

"ક્યાંથી લાવીશ ?"

"ગમે ત્યાંથી લાવેશ."

"પણ..."

"તમારે શી પંચાત ? હું બળદ લઈ આવીશ સવારમાં વે'લા ઊઠી તમે ખેતરે જજો એટલે બસ."[164]

નવલકથાકારે એક ભરવાડની પત્નીમાં રહેલી હિમ્મતને લાઘવમય રીતે અંકિત કરી છે.

નવલકથા સ્વરૂપની દૃષ્ટિએ 'બનગરવાડી' સફળ નવલકથાની છાપ તો પાડે જ છે. પરંતુ તેનું આકર્ષણનું કેન્દ્ર એક જવાબદાર શિક્ષકની ભૂમિકા છે.

સામાજિક પ્રવૃત્તિ, શૈક્ષણિક જાગૃતિ, સર્વાંગી વિકાસ, મૂલ્ય શિક્ષણ, જીવન ઘડતર સર્વાંગી વિકાસ જેવા શૈક્ષણિક મુદ્દાઓ રસપ્રદશૈલીમાં અભિવ્યક્ત થયા છે. જ્યાં 'શિક્ષણ'નું અસ્તિત્વ જ નથી એવા સ્થળ પર જઈ આ શિક્ષક શિક્ષણનો એકડો ઘુંટે છે. શિક્ષણ પ્રત્યે અન્યોને રસરૂચિ કેળવી નવા પડકારો ઝીલે છે અને શિક્ષણને વર્ગખંડની ચાર દીવાલમાંથી બહાર કાઢી જુદા જુદા ક્ષેત્ર જેવા કે સમાજ, સરકાર, અન્ય શાળા-સંસ્થાઓ સાથે સંબંધ જોડે છે. શૂન્યમાંથી સર્જન કરે છે અને એ રીતે સાર્વત્રિક પ્રવૃત્તિઓને અગ્રસ્થાન આપી શિક્ષણને એક વિશાળ પરિમાણ પર મૂકી આપી 'બનગરવાડી'ને એક શૈક્ષણિક અધ્યાય તરીકે પુરવાર કરે છે.

- **'કોશેટો'**

ભાલચંદ્ર નેમાડીની 'કોશેટો'(1963) મરાઠી નવલકથા છે. જેનો ગુજરાતી ભાષામાં અનુવાદ ઉષા શેઠે કર્યો છે. નવલકથાનો વિચાર અને જીવનદૃષ્ટિ પરંપરાગત મરાઠી નવલકથા કરતા જુદા છે. નવલકથાનું કથાવસ્તુ રૂઢ નથી. કથાનો મુખ્ય નાયક પાંડુરંગ સાંગવીકર છે. 'કોશેટો' નવલકથાના માધ્યમથી નવલકથાકારે કૉલેજ કેમ્પસ અને હોસ્ટેલના વાતાવરણને આલેખ્યું છે. 'કોશેટો'માં ગામડેથી શહેરમાં શિક્ષણ લેવા જતાં પાંડુરંગ સાંગવીકરનો જીવન સંઘર્ષ કેન્દ્રમાં છે. અહીં પાંડુરંગના જીવનના 25 વર્ષની વાત છે.

શૈક્ષણિક પરિવેશની બાંધણીમાં સૌપ્રથમ આવે છે વિદ્યાર્થીનું વ્યક્તિત્વ. આ નવલકથા પ્રથમ પુરુષ 'હું' અને સર્વજ્ઞના કથનકેન્દ્રથી કહેવાઈ છે. પરિપ્રેક્ષ્ય બદલાય છે તેની સાથે કથનકેન્દ્ર પણ બદલાય છે. વસ્તુગૂંથણીમાં બન્ને કથનકેન્દ્ર સહાયક નીવડ્યાં છે. આ નવલકથામાં પણ પાંડુરંગ સાંગવીકર નામના વિદ્યાર્થીનું એક અલગ વ્યક્તિત્વ છે. સાંગવી ગામથી પૂનામાં ઉચ્ચ શિક્ષણ લેવા આવેલો આ યુવાન તર્કથી દરેક ઘટના પ્રસંગોનું અવલોકન કરે છે. અભ્યાસ સમયે પણ તેને

અનેક વિષયો અને મુદ્દાઓમાં વિસંવાદ જોવા મળે છે. આ વિસંવાદના અનેક ચિત્રો વ્યક્તિમાંથી, ઘટનામાંથી ઊભા કરવામાં આવ્યા છે. પાંડુરંગની સ્વાભાવિક સહજ એવી જીવનશૈલી આસપાસનાં વ્યક્તિઓને મંજૂર નથી. જ્યારે પણ કોઈ વ્યક્તિના ગુણ અન્યથી અલગ પડે અથવા તો એમ કહી શકાય કે જે પ્રવાહ ગાડરીયો જતો હોય તેમાં ન જાય તો તેને સંઘર્ષનો સામનો કરવો જ પડતો હોય છે. બીજા વિદ્યાર્થીઓની ભૌતિક જીવનશૈલીને કારણે પાંડુરંગ મૂર્ખ ઠરે છે. કોઈ છોકરો અહીં ટેનિસનું રેકેટ અને ટેનિસના બૂટ પહેરીને ફરે છે, તો કોઈ હાથમાં અંગ્રેજી નવલકથા રાખીને ફરે છે, તો કોઈ છોકરો હંમેશા સફેદ કપડા પહેરીને પોતાનું અલગ પ્રતિબિંબ દર્શાવવા પ્રયત્ન કરે છે. જ્યારે પાંડુરંગને આ બધું દેખાડો લાગે છે. તેના મતે વ્યક્તિની ક્ષમતાઓ દેખાડીને નહિ પરંતુ સાહજિક રીતે જ બહાર આવી જ જતી હોય છે.

શૈક્ષણિક પરિવેશની અનુભૂતિ આ નવલકથામાં આરંભથી અંત સુધી અનુભવાય છે. પરિવાર તરફથી વિદ્યાર્થીને કોઈ ને કોઈ શીખામણ મળતી હોય છે. નવલકથામાં પણ ‘પાંડુરંગ’ને તેના માસા તરફથી સલાહ મળે છે, જેમાં શિક્ષણના સાચા અર્થને તારવી શકાય છે, જુઓ :

“માસાએ તો ચોખ્ખું જ કીધું કે કંઈક આગળ આવે એવું જોજે. ધ્યેય રાખીને ભણજે.”[165]

આજના યુગમાં ભણતરના વિષયો અને શાખા ભવિષ્યમાં થનારાં આર્થિક લાભને કેન્દ્રમાં રાખીને લેવામાં આવે છે. બધું વિચારીને માસા પાંડુરંગને ભાષા ન લેવા પણ કહે છે, જુઓ :

“એ તો પહેલેથી જ નક્કી કરવું જોઈએ, પણ તું મારું સાંભળ. તું ઇતિહાસ લે પછી આગળ પર એમ. એ.માં પણ ઇતિહાસ લે. કારણ કે બીજા વિષયોના

પ્રોફેસરોને ખૂબ જ અભ્યાસ કરવો પડે છે. ભાષા તો બિલકુલ લેતો જ નહીં. તું પ્રોફેસર થયો તો દર વર્ષે નવાં નવાં પુસ્તકો વાંચીને ભણાવવા પડશે. પરંતુ ઇતિહાસ એકવાર ભણ્યા કે જન્મભર ચાલે. ઇતિહાસમાં તે વળી શું બદલાવાનું ?”[166]

“સિવાય મારે માટે એમણે બેડમિંટનના રેકેટ પણ લીધેલા, કહે કૉલેજમાં ફક્ત ભણવાનું જ ન હોય, વ્યક્તિત્વ પણ કેળવવું રહ્યું.”[167]

આમ નવલકથાના ઉપરોક્ત સંવાદમાં શિક્ષણનો અર્થ દર્શાવવામાં આવ્યો છે, તો સાથે સાથે શિક્ષણની ગંભીરતા અને ઉપયોગીતા પણ પાંડુરંગના માસાએ પોતાની સમજ પ્રમાણે આપી છે. કોઈ પણ વિદ્યાર્થી શિક્ષણ મેળવે છે તો તેની પાછળ કંઈક હેતુ રહેલો હોય છે. પ્રાથમિક શિક્ષણ બધા માટે મફત અને ફરજીયાત છે છતાં કેમ આજે સમાજનો અમુક જ વર્ગ શિક્ષણ મેળવે છે. કારણ અન્ય મજૂર વર્ગ શિક્ષણની ઉપયોગીતાથી તેમજ શિક્ષણની અગત્યતાથી પરિચિત નથી. વળી જે વર્ગ શિક્ષણ મેળવે છે તેની પાછળ વ્યક્તિનો વિકાસનો હેતુ તો હોય જ છે હવે આ વિકાસમાં માનસિક, શારીરિક, આર્થિક, સામાજિક, તાર્કિક બધા જ આવરી લેવામાં આવે છે. પાંડુરંગ મધ્યમ કુટુંબમાંથી આવેલો વિદ્યાર્થી છે તે આર્થિક સધ્ધર થવા મથે છે. આથી તેનો શિક્ષણ લેવાનો હેતુ આર્થિક રીતે આગળ આવવાનો હોય છે. તેમજ તેના પરિવારની અપેક્ષા પણ એ છે. આથી શિક્ષણની વ્યવસ્થા એવી હોવી જોઈએ જેનાથી વ્યક્તિ તેનો હેતુ પાર પાડી શકે. આજનું શિક્ષણ વિદ્યાર્થીને વિદ્યાર્થી તરીકે જ નાપાસ કરતું હોય છે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ નવલકથાનો નાયક પાંડુરંગ સાંગવીકર છે.

સહાધ્યાયી મિત્ર વગેરેની પણ અભ્યાસ દરમ્યાન અગત્યની ભૂમિકા હોય છે. પાંડુરંગને પણ મિત્રોના સુ:ખદ અને દુ:ખદ અનુભવ થાય છે. કેટલાક મિત્રોની

છાપ તેના મન પર કાયમ માટે અંકિત થઈ જાય છે. દરેક મિત્રની અલગ વિશેષતા હોય છે. જેમાં લેખક ભિન્ન ભિન્ન વ્યક્તિત્વને વાચક સમક્ષ રજૂ કરે છે. જેમ કે તાંબેને કવિતા લખવામાં રસ છે, કવિતામાં જ તે પત્ર વ્યવહાર કરે છે ! તો સુરેશ બાપટ નાત-જાતમાં માનનારો રૂઢિચુસ્ત વિદ્યાર્થી છે. જ્યારે પાંડુરંગ બધાથી ભિન્ન છે, તેને કંઈક અલગ કરવું હોય છે. પરંતુ તેના પિતાનું હાવી વ્યક્તિત્વ તેને ડગલેને પગલે પરેશાન કરે છે. આ વિદ્યાર્થીઓ ભણતર લેતા પહેલાં જ કંઈક ભણેલા લાગે છે. તાંબેના મતે મરાઠી લેખક ગડકરી અને ખાંડેકર પણ બી.એ. થયા નથી. આમ, કંઈક કરવા-બનવા માટે આ વિદ્યાર્થીઓના મતે ક્ષમતાની અનિવાર્યતા છે, કોઈ ડિગ્રી કે સર્ટિફિકેટની નહિ. તાંબેની ઓરડીમાં ભીંત પર લખેલું વાક્ય પાંડુરંગના મનમાં ઘુમરાયા કરે છે.

'A rise, Awake and, stop not till the aim is reached.'[168]

આમ, વિદ્યાર્થી કૉલેજમાં નવાં વિચાર ને મહત્વાકાંક્ષા લઈને આવતા હોય છે. નવલકથામાં પણ આવા વિદ્યાર્થીઓ છે, મધુકર દેશમુખ વિશ્વસ્તરે સમાનતા લાવવાના પ્રયાસ કરવા માંગે છે. તો ઈચલકરમકર એન.સી.સી.માં જોડાઈને રમતગમતમાં આગળ આવવા માંગે છે. આમ વિદ્યાર્થીના આંખમાં સ્વપ્ન તો હોય જ છે. પરંતુ તે સ્વપ્ન સાકાર થાય તેવી દિશા અને વાતાવરણ મળવું પણ ખૂબ જરૂરી હોય છે. જેની પ્રેરણા માતા-પિતા, મિત્ર, વડીલ, ગુરુ કે વિદ્યાર્થી પોતે પણ હોઈ શકે છે. વળી, સ્વપ્નને સાકાર કરવા મદદગાર આ પ્રેરણા કે ઉદ્દગમસ્થાન ક્યારેક નકારાત્મક અનુભવનું પણ કારણ બનતા હોય છે.

હોસ્ટેલ જીવન અને હોસ્ટેલની સમસ્યાથી શિક્ષણના સત્તાધીશો સહિત સામાન્ય માણસો પણ અવગત હોય છે. પાંડુરંગનો સંઘર્ષ પણ કંઈક રીતે હોસ્ટેલના જીવનમાંથી પ્રારંભ થતો જણાય છે. સૌપ્રથમ તો પાંડુરંગનું સીધું સાદું

વ્યક્તિત્વ અને સરળ આચરણ જ અન્યોની આંખમાં ખૂંચે છે. હોસ્ટેલમાં પ્રધાન નામના છોકરાની ઓરડીનો બલ્બ કાઢીને તેને પરેશાન કરવામાં આવે છે. જોગ, ચવ્હાણ પાંડુરંગને ભોળો સમજી તેના વખાણ કરી ક્યારેક ચા પી જાય છે તો ક્યારેક પૈસા પડાવી લે છે. પાંડુરંગને આ બધી છેતરપીંડી અને કનડગત અસહ્ય લાગે છે. પરંતુ પોતાનું લક્ષ્ય પાંડુરંગ ચૂકતો નથી અને સારા-નરસાં અનુભવોને લઈને આગળ વધે છે. તેને વક્તૃત્વ સ્પર્ધામાં પોતાનું નામ લખાવાનું સૂઝ્યું. કારણ કે તેની અંદર પણ કોઈક કીડો સળવળતો હતો, જુઓ :

"કૉલેજની વકૃત્વની જગ્યા માટે હું જાતે થઈને જ ઊભો રહ્યો. કારણ કે મારે સભામાં બોલતા શીખવું હતું."[169]

આમ પાંડુરંગ પોતાના વ્યક્તિત્વ ઘડતરમાં કોઈ કચાસ છોડતો નથી, પરંતુ તેના માર્ગમાં નિયમિત રીતે આવતા અંતરાયો પડછાયાની જેમ તેનો સાથ છોડતા નથી.

પ્રોફેસરની વિચારસરણી થકી સમાજનું ભવિષ્ય નક્કી થાય છે. ગુરુકુળના સમયના ગુરુઓના આદર્શ રહેણી-કરણીમાં કોઈ ભિન્નતા નહોતી. નવલકથાકારે હાલના અધ્યાપકોની વિચારધારા પર વ્યંગ્ય કર્યો છે.

"એક વિદ્વાન પ્રોફેસર શ્લોક પહેલા ઢાળ પ્રમાણે વાંચી બતાવતા આ શ્લોક સુંદર છે, પછી તો સહેલો છે અને એકદમ આગળ ગબડાવે, એ સારા હતા ખરા વિદ્વાન શ્લોક ફોડ પાડીને શા માટે સમજાવે.

બીજા એક વિદ્વાન પ્રોફેસર મરાઠીના હતા. એ અતિશય અશક્ત હતા. એમને શીખવવાનો જરાય ઉત્સાહ નહીં.

"નહીં તો બધામાં દુષ્ટ એટલે તર્કશાસ્ત્ર શીખવનાર સદ્‌ગૃહસ્થ એટલા મોટેમોટેથી શીખવતા કે ઊંઘવું પણ અશક્ય."[170]

અહીં પ્રોફેસરની વૃત્તિને વખોડી તો છે જ પરંતુ સાથે સાથે શિક્ષણ પર અધ્યાપકોની વૃત્તિની કેવી આડઅસર થઈ શકે છે તે પણ અહીં જોવા મળે છે. જ્યાં શિક્ષણની પદ્ધતિ જ આવી હોય ત્યાં શિક્ષણનો ધ્યેય પાર પાડવાનું તો કેવી રીતે શક્ય બને ? પરંતુ સજાગતા દાખવી પાંડુરંગ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહે છે.

ઇતરપ્રવૃત્તિ શૈક્ષણિક પરિવેશનો ભાગ હોવાની સાથે વિદ્યાર્થીઓનો ગમતો વિષય પણ છે એમ કહી શકાય. પાંડુરંગ શરૂઆતમાં ભાષણ આપતો નથી. પરંતુ, ધીમે ધીમે તે બોલતા શીખે છે. વ્યક્તિત્વની ખીલવણી થાય છે. તેને ફરવા જવાનું ગમે છે. ટેકરીઓ પર જાય છે. આત્મનિરીક્ષણ કરે છે. અહીં શિક્ષણની એક નવી પરિભાષા સમજાય છે. પ્રકૃતિના માધ્યમથી મળતું શિક્ષણ. પાંડુરંગ પર પિતાનું હાવી વ્યક્તિત્વ હોવાથી સ્વતંત્ર વાતાવરણ તેને રુચિકર લાગે છે. જુદાં જુદાં કાર્યક્રમ યોજી વક્તાઓને અને શ્રોતાઓને ભેગા કરે છે. યુદ્ધ અને વિશ્વશાંતિ વિશેના તેના સંબોધનમાં હાસ્યની લહેર પણ ઉપસી આવે છે. જેથી આચાર્યને તેના પ્રત્યે અણગમો ઉપજે છે. છમાસિકમાં પાસ થવા જેટલા ગુણ મેળવી પાંડુરંગ આવા જ કાર્યમાં વ્યસ્ત રહે છે. તેની સ્વની શોધ તો સતત ચાલુ જ રહે છે, જુઓ:

"મને એકાએક લાગ્યું કે, હમણાનો પહેલાની જેમ આત્મચિંતન વગેરે માટે સમય મળતો નથી. પરંતુ ક્યારેક સમય મળતો તો હું ચિંતન કરી લેતો."[171]

ઇતરપ્રવૃત્તિઓ ક્યારેક વિદ્યાર્થીને અલગ વ્યક્તિત્વ ધરાવનાર તરીકે પણ રજૂ કરે છે તો કાર્યમાં મળતી નિષ્ફળતા વિદ્યાર્થીને નિરાશ પણ કરે છે. પાંડુરંગ હોસ્ટેલની કામગીરી હાથમાં લે છે. કૉલેજમાં ગેધરિંગ માટે પણ ભંડોળ એકઠું કરે છે. બજેટ સાતસો હોય છે અને ખર્ચ આઠસોનો થઈ જાય છે. પૈસા ખાધાનો

આરોપ પાંડુરંગ પર લાગે છે ! આ આરોપથી વ્યથિત પાંડુરંગ સિગારેટના રવાડે ચઢે છે. પૈસાની મદદ માગવા પ્રોફેસર પરાજય પાસે જાય છે ત્યાં તો વાત વધારે વણસી જાય છે. વાઈસ ચાન્સેલર પૈસાના અમુક ભાગ કરીને સભ્યો પાસેથી જ પૈસા કઢાવવાની વાત કરે છે. આમ પાંડુરંગ કાદવમાં ફસાતો જ જાય છે. વળી મેસના ખર્ચમાં ગોટાળો આવે છે, જે જવાબદારી રામપ્પા નામના ગરીબ છોકરાને સોંપી હોય છે. તેમાં પણ પાંડુરંગ ચોરને પકડી શકતો નથી. તેને આત્મહત્યા સુધીના વિચાર આવી જાય છે. પિતાની રોકટોક, નાની બહેનનું મૃત્યુ વગેરે વ્યક્તિગત બાબતોથી તો આ વિદ્યાર્થી પીડાતો જ હોય છે અને શૈક્ષણિક સંસ્થામાં તેને ડગલે ને પગલે કડવા અનુભવો થાય છે. તેમ છતાં તે સંઘર્ષ કરી અભ્યાસમાં મન પરોવવાનો પ્રયત્ન કરે છે.

પાંડુરંગ તર્ક-વિતર્ક કરતો હોય છે. તે વાંચનમાં ધ્યાન આપે છે, પણ મિત્રોની હેરાનગતી અને ગુણેસર જેવા અધ્યાપકોનો અનુભવ તેને સતત ચિંતા કરાવે છે. નવલકથાકારે પાંડુરંગના મનોસંઘર્ષને આ રીતે આલેખ્યો છે:

"પછી બબ્બે રાત ઊંઘ્યા વગર વિતાવી. તોયે કંઈ જ ફાયદો નહીં. સવારથી ઊંઘ નહીં, રાતે દશ-અગિયાર, રાત નક્કામી જતી. મગજમાં નક્કામાં ખોટા વિચાર – નાના બાળકને મરતા – મરતા શું થતું હશે – બી.એ. પછી શું – ગુણે કહેતા હતા. ગોવિંદા પાસે પેલી પરણેલી છોકરી શા માટે આવતી હશે – રાતે હોય છે – ગોવિંદા એમ.એ. થયો. પણ વાંચન આપણી સરખામણીમાં કઈ નહીં. આપણે આ વખતે કેટલા પુસ્તકો વાંચ્યા હશે – પરંતુ પરીક્ષામાં આટલું ક્યાં ઠાંસ્યું – હજુ વ્યાકરણને હાથ લગાડ્યો નથી – એ તો ગોખવું જ જોઈએ – ગુણે મૂર્ખ છે – ગોવિંદા ગધેડો છે – સાલા શિક્ષણક્ષેત્રમાં કાળાબજારિયા"[172]

પાંડુરંગને કૉલેજ અને હોસ્ટેલમાં અનુકૂળ વાતાવરણ ન મળતા ભળી શકતો નથી ! તે પરીક્ષામાં નાપાસ થાય છે. પાંડુરંગ વિવેચકોની માનસિકતા પર પ્રહાર કરતા જણાવે છે કે,

"ફોગટમાં સામયિકમાં વિવેચન લખે છે સતત, સાહિત્ય એટલે એ નહીં ને સાહિત્ય એટલે તે નહીં. સાહિત્યમાં અનુભવની સચ્ચાઈ જોઈએ. એની માને ! અનુભવ ખરાં કે ખોટાં એ નક્કી કરનારા આપણે કોણ ? અને સાહિત્ય એ વળી શું ખટપટ છે ? એ કંઈ એક વસ્તુ છે ? નવલકથા, કવિતા, નાટક બધું એક કોથળામાં નાંખ્યું એ બધું સાહિત્ય ? વિવેચકોનો ધંધો જ નવી નવાઈનો."[173]

અહીં વિવેચકો પર કટાક્ષ છે, વળી પાંડુરંગની આગવી સમજ પણ છતી થાય છે. સાહિત્ય અને જીવન વિશેની તેની આ આગવી સમજ તેને થયેલા અનુભવોની નિપજ છે. અંતે બી.એ.માં નાપાસ થતા પાંડુરંગ ફરી પરીક્ષા આપવાનો નિર્ણય લઈને છેવટે ગામમાં રહેવા જવાનું નક્કી કરે છે.

શીર્ષકમાં દર્શાવ્યું છે તેમ 'કોસલા' એટલે કે 'કવચ'. પાંડુરંગ જેવા ગામડાનો વિદ્યાર્થી તેના કવચમાંથી બહાર આવીને શહેરી સંસ્કૃતિને સ્વીકારવાનો પ્રયત્ન જરૂર કરે છે. પરંતુ શિક્ષણ સંસ્થાના તેના કડવા અનુભવો નડે છે. વિદ્યાર્થીઓના અમાનુષી વર્તન, દંભી વ્યક્તિત્વ, અધ્યાપકોની વૃત્તિ, શિક્ષણ વ્યવસ્થાના દંભી સત્તાધીશો – તેમની વચ્ચે ચાલતું રાજકારણ વગેરેથી પાંડુરંગ પીડા અનુભવે છે. તે પ્રેમ, કહેવાતી શિક્ષણ પદ્ધતિ, સાહિત્યની અધુરી સમજ, સ્ત્રીઓના શોષણ, લગ્ન દરેક બાબતે પ્રશ્નો કરે છે. આમ આ અનુભવોથી ઘડાતો એક એવો વિદ્યાર્થી તૈયાર થાય છે જે પોતાના અસ્તિત્વને નકારતો નથી. એક રીતે જોઈએ તો છેલ્લે ગામડામાં જવાનો તેનો નિર્ણય એ દર્શાવે છે કે તેના અસ્તિત્વને, તેના વ્યક્તિત્વ ઘડતરને જે આકાર આપવો જોઈએ તે પણ આપી શકતો નથી.

જેની પાછળ શિક્ષણસંસ્થા સાથે જોડાયેલા અનેક વ્યક્તિઓની ભૂમિકા રહેલી છે. પાંડુરંગને હોસ્ટેલમાં ટોળાશાહી જીવન જીવનારા વિદ્યાર્થીઓના જંગલીપણા અંગે ચીઢ ચડે છે. પ્રધાનની જે રીતે સતામણી કરે છે, તે પણ તેમને ગમતું નથી, પ્રધાન જેવા દુર્બળ વિદ્યાર્થી પર રેગિંગ કરનારા વિદ્યાર્થીઓ પરત્વે તેને ઘૃણા છે, મેસમાં આઠસો રૂપિયાની ખોટ ભોગવ્યા છતાં રામપ્પા તથા વૈદ્ય સાથે એ હિંસકવૃત્તિથી વર્તવા તૈયાર નથી. પાંડુરંગ બદલાતા પરિવેશ વચ્ચે બદલાતો યુવક છે.

હાલની શિક્ષણપદ્ધતિની સ્થિતિ નવલકથામાં દર્શાવ્યું છે તેનાથી પણ વધુ કથળેલી છે. વિદ્યાર્થીઓ પર માર્ક્સનું પ્રેશર, ગળાકાપ સ્પર્ધાનું વાતાવરણ, શૈક્ષણિક સંસ્થાની વ્યવસ્થા, આર્થિક સંકડામણ વગેરે પ્રશ્નો વિદ્યાર્થી અને વાલીઓને મૂંઝવી નાખે છે, જે વિદ્યાર્થી આ પ્રશ્નોથી ગભરાય કે ચિંતિત થાય છે તે આત્મહત્યા જેવા પગલા પણ ભરી લે છે, તો ક્યારેક ઘર છોડીને ચાલ્યો જાય છે. ક્યારેક ડિપ્રેશન જેવી સ્થિતિનો પણ ભોગ બને છે. આમ, શિક્ષણપદ્ધતિમાં આમૂલ પરિવર્તનની અનિવાર્યતાનું સૂચન આ નવલકથામાંથી પસાર થતાં અનુભવાય છે. વળી આ પ્રકારનું પરિવર્તન શિક્ષણ નહીં પરંતુ સમાજ, દેશ, વિશ્વ માટે પણ વિકાસ અને શાંતિનો સંદેશો આપી શકે છે. નવલકથામાં પણ શૈક્ષણિક પરિવેશની દૃષ્ટિએ જોઈએ તો પાંડુરંગનો જીવન સંઘર્ષ શૈક્ષણિક સંસ્થાઓનું પરિણામ છે. જેથી અંતે તે સંસ્થાની બહાર જવાનું પસંદ કરે છે. પાંડુરંગ જેવા વિદ્યાર્થીઓની ગેરહાજરી શિક્ષણના ભવિષ્ય અને ગુણવત્તાને પણ અસર કરે છે. આથી શૈક્ષણિક વાતાવરણને બદલવું હિતાવહ છે.

નવલકથાનો પરિવેશ શૈક્ષણિક હોવાથી સ્લેન્ગ લેન્ગવેજનો ઉપયોગ થયેલો જોવા મળે છે. ઉ.દા. પુસ્તકિયા કીડા, કામચલાઉ, પટ્ટી, છેલછબીલી, ઘૂમરી, ભંકસ, બંડલ જેવા શબ્દો જોવા મળે છે. તો ક્યાંક એની માને, ભડવા, હલકટ જેવી

ગાળોનો ઉપયોગ પણ જોવા મળે છે. તેમજ ઉપમા જેવું પૂના, સીંગદાણા જેવું સુખ, સ્ટેશન જેટલું સંગીત વગેરે જેવી ઉપમાથી ભાષા તદ્દન સહજ બની છે. સાદી-સરળ ભાષાની ભીતર હાસ્ય, રમૂજ, ઉપહાસ, કટાક્ષ છે, ક્યાંક કટાક્ષમાંય કરુણતા છે. દા.ત. “એને આ વર્ષે જ ટાલ પડવા માંડી હતી, તેથી એ બાપાને કહેતો, થોડાં દિવસ પછી તો તમે મારો વાળેય વાંકો નહીં કરી શકો.” કૉલેજના મિત્રો વચ્ચેના સંવાદની ભાષા પ્રત્યક્ષીકરણ કરાવે છે. દા.ત. “કૉલેજના પહેલા દિવસે...મારી તેલની શીશી હાથમાંથી છટકી ફૂટી ગઈ...સુરેશ એકસરખું મારા માથા તરફ જોતો બોલ્યો – તમારી શીશી ફૂટી ગઈ લાગે છે ?”

આમ, નવલકથામાં વિદ્યાર્થીનું વ્યક્તિત્વ, શિક્ષણનો અર્થ, મિત્રોની ભૂમિકા, હોસ્ટેલજીવન, ઇતરપ્રવૃત્તિ, સ્લૅન્ગ લૅન્ગવેજ વગેરેથી શૈક્ષણિક પરિવેશ રચાયો છે. જેમાં આપણને શિક્ષણજગતના પ્રશ્નો તો જોવા મળે જ છે. પરંતુ સાથે સાથે એક આગવા વ્યક્તિત્વનો પરિચય પણ પાંડુરંગના પાત્ર દ્વારા થાય છે. શિક્ષણ ઉપરાંત બાપ, કુટુંબ, પ્રેમ, આદર્શ અને સાહિત્યિક સંસ્થાઓના દંભ પર નવલકથાકારે પ્રહાર કર્યો છે.

પાંડુરંગના અંગત વિચારો અનુભવ વગેરેનું વર્ણન વધારે જોવા મળે છે. વળી, પાંડુરંગના નાનપણના અનુભવનો વિસ્તાર વધારે જોવા મળે છે, એટલે પિતાનું હાવી વ્યક્તિત્વ અને શિક્ષણના અનુભવો જેવા બે મુખ્ય મુદ્દાઓને વાચકે શોધવા પડે છે. કથાનું જિસ્ટ એ જ છે કે પાંડુરંગ સાંગવીકર પિતાના હાવી વ્યક્તિત્વથી પીડાય છે અને એને શૈક્ષણિક સંસ્થામાં પણ કડવા અનુભવો થાય છે.

## • 3.4 શૈક્ષણિક પરિવેશને નિરૂપતિ બંગાળી નવલકથાઓનો સમીક્ષાત્મક અભ્યાસ

### ♦ 'વસમીવેળા'

બંગાળી નવલકથાકાર સમરેશ બાબુની 'કાલબેલા'નો ગુજરાતી ભાષામાં અનુવાદ 'વસમીવેળા'(1999) નામે ચંદ્રકાન્ત મહેતાએ કર્યો છે. આ નવલકથામાં 'અનિમેષ' નામના વિદ્યાર્થીનો જીવનવૃત્તાંત છે. અહીં વિદ્યાર્થીના જીવનની સંવેદનશીલતાને લેખક પ્રત્યક્ષ કરાવે છે. જેમાં શૈક્ષણિક પરિવેશના કેટલાક મુદ્દાઓ ધ્યાન ખેંચે છે, જેને વિગતે સમજવાનો પ્રયાસ છે.

જલપાઈગુડિથી કલકત્તા આવેલો અનિમેષ સ્કૉટિશ ચર્ચ કૉલેજમાં ભણે છે. આ યુવાન પિતા મહીતોષ જે દિવસે કૉલેજમાં પ્રવેશ લે છે તે જ દિવસે અચાનક ફાટી નીકળેલા બૉંબવિસ્ફોટનો ભોગ બને છે. ગોળીનું નિશાન તેની જાંઘ પર રહી જાય છે. ભણવાનું એક વર્ષ બગડે છે અને પિતા મહીતોષ તેને શિખામણ આપે છે.

વાલી તરીકે માતા-પિતાની ભૂમિકા પણ શૈક્ષણિક પરિવેશનો જ એક ભાગ છે. નવલકથામાં પણ એક જવાબદાર પિતાની ભૂમિકા 'મહીતોષ' નામના પાત્ર દ્વારા દર્શાવવામાં આવી છે, જુઓ:

"કોઈ પણ ભાઈબંધ, દોસ્તદાર પર પૂરો વિશ્વાસ ન રાખવો, કારણ વિપત્તિકાળમાં એ બધા દૂર ભાગી જવાના, કૉલેજના યુનિયનથી સાત ગજ દૂર જ રહેવું, કારણ મધ્યમવર્ગના છોકરાને એ વિલાસિતા પોષાય નહિ."[174]

શૈક્ષણિક સંસ્થાઓમાં માતા-પિતાની ભૂમિકા પણ એટલી જ અગત્યની છે જેટલી વિદ્યાર્થીની છે, દરેક માતા-પિતા પોતાના અનુભવથી બાળકને સમજ આપે છે. વળી વિદ્યાર્થીના સારા-નરસાં પરિણામ કે પ્રતિભાવની અસર પણ વાલી પર પડતી જ હોય છે. નવલકથામાં પણ એક પિતા પોતાના સંતાનને સમજ આપે છે,

ચેતવણી આપે છે તેમ છતાં શૈક્ષણિક સંસ્થાનું વાતાવરણ આ વિદ્યાર્થીને કેવી રીતે ઝંઝોળે છે, તેનું વર્ણન રસપ્રદ છે.

'કૉલેજનું વાતાવરણ' વિદ્યાર્થીના સમગ્ર જીવનને અસર કરે છે. રેગિંગ પણ શૈક્ષણિક સંસ્થાનું દૂષણ છે. જેને માટે કાયદાની સખતાઈ જરૂરી છે. અનિમેષના જાંઘ પરના નિશાનનો ઉપયોગ રાજકારણી વિદ્યાર્થીનેતા સારો એવો કરે છે. કૉલેજમાં અનિમેષને વાગ્યું છે તેનું કારણ સામ્યવાદી પક્ષમાં તે જોડાયેલા છે. એમ બતાવી ચર્ચા થાય છે. અનિમેષ જેવા સંવેદનશીલ વિદ્યાર્થીની મનઃસ્થિતિને નિરૂપતા નવલકથાકારે નોંધ્યું છે કે,

"કોઈ પણ સમસ્યાને લઈને આંદોલન, સરઘસ કાઢીને વિદ્યાર્થીઓ વિશ્વવિદ્યાલયમાં જાય, ત્યાં થોડો વખત ગરમાગરમ ભાષણો અપાય, બસ ત્યાં પૂર્ણવિરામ અથવા કોઈ વધારે આકરો બનાવ બન્યો હોય તો હડતાલ. આ બધું અનિમેષના મગજમાં ઠીક બેસતું નહોતું."[175]

આમ, અનિમેષને હડતાલ પાછળનું કારણ પણ નહોતું દેખાતું અને સત્તા પરના કોઈ જવાબદાર વ્યક્તિ પણ નહોતા સમજાતા. પરંતુ અનિમેષ એક સંવેદનશીલ વિદ્યાર્થી હોવાથી તેને આંદોલન સામાન્ય માટે જ હોય છે એમ લાગતું હોય છે. તેની આવી વિચારધારા અને જાગૃક વિદ્યાર્થી તરીકેની છાપ જ તેને રાજકારણ તરફ લઈ જાય છે. જેમાં તે અનાયાસે જ જઈ પડે છે. સુપરિટેન્ડેન્ટની ઓફીસમાં મધરાતે એક છોકરી ઝડપાય છે અને વિદ્યાર્થીઓ હલ્લો મચાવે છે. અનિમેષને આ પ્રશ્ન હલ કરવામાં રસ પડે છે અને તે બન્ને પક્ષને સાંભળી પરિસ્થિતિ સંભાળી લે છે. આ ઘટનાથી તે હીરો બની જાય છે. ડાબેરી પક્ષના વિમાન, સુદીપ જેવા વિદ્યાર્થી તેને નેતા બનવાની સલાહ આપે છે અને તેના

ઘવાયેલા પગનો બરાબર ઉપયોગ કરવામાં આવે છે. આ રીતે અનિમેષ પ્રવેશે છે રાજકારણમાં.

'રાજકારણ' શિક્ષણજગતનો સળગતો મુદ્દો છે, તેનું શૈક્ષણિક પરિવેશમાં અગત્યનું સ્થાન છે. નવલકથામાં પણ રાજકારણમાં જોડાયેલા વિદ્યાર્થીઓનું વર્ણન છે. વિમાન નામનો વિદ્યાર્થી અનિમેષ સાથે વિદ્યાર્થીઓને લગતા પ્રશ્નોની ચર્ચા કરી તેને નેતા બનવાનું, ચૂંટણી લડવાનું કહે છે. પરંતુ અનિમેષ ખચકાય છે ત્યારે વિમાનના વાક્યો અનિમેષના મનમાં ઘર કરી જાય છે, જુઓ:

"જેમકે ભોજન બહુ ખરાબ છે. હોસ્ટેલના વ્યવસ્થાપકો વિદ્યાર્થીઓના પૈસા એમનું બેંકનું ખાતું તગડું કરતા જ જાય છે. હોસ્ટેલના ક્વાટર્સનો ગંદા કામ માટે ઉપયોગ – ફક્ત આ ત્રણ મુદ્દા જો જોડી દેવાયા હોત, તો કલકત્તાની બધી હોસ્ટેલના રહેવાસીઓનો તને સાથ મળત."[176]

અનિમેષને આ પ્રશ્નોમાં વિત્ત લાગે છે અને તે ચૂંટણી લડવાનું નક્કી કરે છે. જે અનિમેષ માણસો વચ્ચે બોલતા ખચકાતો હોય છે, તે હવે ભાષણો આપે છે, સભાને સંબોધન કરે છે. જે અંતે ચૂંટણી જીતી જાય છે. ચૂંટણી જીત્યા પછી તે નવા કાર્યો તરફ પગરવ માંડે છે. જ્યારે તે રમતનું એક માત્ર પ્યાદું હતું જેની ખબર તેને નથી હોતી. આંદોલન, હડતાલની યોજના ઘડવામાં આવે છે જેની પાછળ અનિમેષનું કારણ કંઈ કરી છૂટવાની ભાવના હોય છે. પરંતુ હડતાલ પાછળનું તાત્વિક કારણ કોઈ જોતું નથી. સુરેશ જોષી 'વિદ્યા વિનાશને માર્ગે'માં આ સંદર્ભે લખે છે, જુઓ:

"આ પ્રશ્નની અગત્યતા હજી બરાબર સમજાઈ નથી. આથી કોઈ પણ પ્રકારની વૈચારિક પૂર્વભૂમિકા વિનાની વિદ્રોહની પ્રવૃત્તિ માત્ર કોઈકવાર થતાં છમકલાંરૂપે મરી પરવારે છે."[177]

આમ, વિદ્યાર્થી હડતાલ કે આંદોલન કરે છે ત્યારે તેની પાછળ કોઈ ચોક્કસ કારણ હોવું જરૂરી છે. મોટેભાગે વિદ્યાર્થીઓ આવા નિર્ણય આવેશમાં આવીને લેતા હોય છે. કેટલાક વિદ્યાર્થીઓને તે માત્ર આંદોલનમાં જોડાવવાનું જ કહેવામાં આવે છે, તે શાનું આંદોલન છે, તેની પણ માત્ર ખબર નથી હોતી. અનિમેષ વર્ગમાં બેસી પાઠ ભણે તે પહેલા કંઈ જુદા જ પાઠ તેને ભણાવવામાં આવે છે. વિયેટનામ પર અમેરિકા હુમલા કરે છે. તેના વિરોધમાં અનિમેષ આંદોલન કરવા સૌને જણાવે છે. આમ વિદ્યાર્થી માત્ર શિક્ષણને લઈને જ નહીં પણ સામાજિક પ્રશ્નોને પણ ઊઠાવતા હોય છે. વળી, ક્યારેક વિદ્યાર્થી નેતાઓનો હાથા તરીકે પણ ઉપયોગ થતો હોય છે.

“અનિમેષના આંદોલનનો કેટલાક વિદ્યાર્થીઓ બહિષ્કાર કરે છે, કારણ કે આવા આંદોલનોથી તેમનો અભ્યાસ બગડે. એક વિદ્યાર્થી અનિમેષના આંદોલનનો વિરોધ કરતા જણાવે છે કે, “આપણે અહીં ભણવા આવ્યા છીએ, આટલા દિવસ જે મહેનત કરી છે, તેને પાણીમાં ઘસડી જવાનો હક તમને કોણે આપ્યો ?”[178]

“તમે લોકો આજે વર્ગનો બહિષ્કાર કરવાની વાત કરો છો, કાલે હડતાલ ન કરશો, આમ કરતાં કરતાં જ વર્ષ ચાલ્યું જશે. તમે લોકો જો પરીક્ષામાં પાસ ન થાઓ, તો દળ તમને ઘણા વખત સુધી ખવડાવશે – પણ અમને શા માટે બલિના બકરા બનાવો છો ?”[179]

અનિમેષ પડકારોનો સામનો કરીને આગળ વધે છે, પરંતુ તેને ખબર નથી. આગળ કયું અહિત તેની રાહ જોઈને બેઠું છે. વિદ્યાર્થીઓના જુદાં જુદાં પ્રતિભાવ અને બીજી તરફ સ્ટુડન્ટ ફેડરેશનના વિદ્યાર્થીનેતા કંઈક જુદું જ કરવાનું કહે છે, જુઓ:

“જ્યાં પોલીસ સરઘસને અટકાવે, તો છટકીને પણ વિરોધ પ્રદર્શન કરવું એટલે કે એવું મૂંઝાઈ જવાય એવું વાતાવરણ સર્જવું, આ વિરોધ તરફ લોકોની દૃષ્ટિ કેન્દ્રિત થાય અને દેશના લોકોને આ પરિસ્થિતિની જાણ થાય. ગિરફ્તારીમાંથી છટકવા ચૂપચાપ આગળ વધીને પોલીસની બસમાં બેસી જવાનું નહિ. ખાસ કરીને સમસ્ત કૉલેજમાં જ્યારે 144મી કલમ લાગુ કરવામાં આવી હોય, ત્યારે આમ ડાબે હાથે કાન પકડાવો પડે.”[180]

આમ, પરિસ્થિતિનો દોર હવે અનિમેષના હાથમાંથી છૂટવા લાગે છે. પક્ષમાંથી નીકળવાનો પ્રયત્ન કરે છે, ત્યારે સુવાસદા તેને સ્થાન પર ટકી રહેવાની સલાહ આપે છે. અનિમેષને આ સમયે શિક્ષણપદ્ધતિ પર પણ પ્રશ્ન ઊઠે છે.

‘શિક્ષણ પદ્ધતિ’ પણ શૈક્ષણિક પરિવેશનો અગત્યતાનો મુદ્દો છે, જેમાં સમયાંતરે પરિવર્તન અનિવાર્ય છે. નવલકથામાં પણ લેખકે અનિમેષના મનોમંથન દ્વારા તત્કાલીન શિક્ષણ પદ્ધતિને વખોડી છે.

“જેમકે વરસોવરસ એમ.એ. પાસ થયેલા છોકરાઓ બેકાર રહેશે, એમ જાણવા છતાં, સરકાર આ શિક્ષાપ્રણાલિ ચાલુ રાખે છે, તેનો ભાંગીને ભુક્કો કરવો જરૂરી છે, દરેક વિદ્યાર્થીનું શિક્ષણ પૂરું થયા પછી, એને યોગ્ય આજિવિકાનું સાધન મળે એવી વ્યવસ્થા સરકારે કરવી જ પડશે. આ શિક્ષણપદ્ધતિનું આમૂલ પરિવર્તન કરવું જ પડશે.”[181]

“અનિમેષને પહેલીવાર લાગ્યું કે માણસ તરીકે એની યોગ્યતા કેટલી હતી. તેને વિષે એણે કશો વિચાર કર્યો નહોતો. વિશ્વવિદ્યાલયનો છાત્ર એક એવો વિષય અભ્યાસ માટે પસંદ કર્યો છે, તેનું બજારમૂલ્ય શૂન્ય છે.”[182]

“પોતાના મનગમતા વિષયોના અભ્યાસમાં એ ઘણાં સમયથી નિર્ભર હતો. કદાચ પિતાના આદેશને માન આપીને બંગાળીને બદલે કમાણી થાય એવો વિષય લઈને અભ્યાસ કર્યો હોત, તો આજે આ બધાનો વિચાર કરવાનો ન રહેત.”[183]

“તો પણ અનિમેષને મનમાં થતું હતું કે સામ્યવાદીપક્ષ એક પક્ષ છે કે જે સમાજવ્યવસ્થા પલટાવવાની ક્ષમતા ધરાવે છે. એક પ્રખ્યાત ઈજનેર કે ડૉક્ટર થવાં કરતાં એક આંતરિક સક્રિયતા હોવી એ વધારે ઇચ્છવાજોગ છે.” (પૃ. 193)

અહીં અનિમેષે વિદ્યાર્થીના વિચારોથી બે શૈક્ષણિક બાબતો તરફ ધ્યાન દોર્યું છે. એક કે વિષય પસંદગી. હાલમાં પણ આપણે જોઈ શકીએ છીએ કે ગુજરાતી, હિન્દી, બંગાળી જેવા વિષય ધરાવતા વિદ્યાર્થીઓ થોકબંધ છે અને બજારમાં તેમનું સ્થાન સ્પર્ધાને વેગ આપે છે. ગળાકાપ સ્પર્ધાના યુગમાં, વિદ્યાર્થીની વિષય પસંદગી બાબતે શિક્ષણ સંસ્થાઓને વિચાર કરવો રહ્યો. જે તે વિષયની પસંદગીના ધારાધોરણ નક્કી કર્યા પછી જ, ખાલી પડેલ જગ્યાના આધારે વિદ્યાર્થીઓને તે વિષય આપવાનું નક્કી કરવું પડે. પ્રવેશના નીતિ-નિયમોમાં બદલાવ લાવવો જરૂરી છે. નહિ તો બેરોજગારની સંખ્યા દિનપ્રતિદિન વધતી રહેશે. બીજો મુદ્દો અનિમેષના વિચારોમાં એવો જોવા મળે છે કે વિદ્યાર્થી પોતાની ડિગ્રી કે અન્ય કોર્સ દ્વારા નહિ પરંતુ પોતાની પાત્રતા દ્વારા, ક્ષમતા દ્વારા પણ કામ કરી શકે. હવે ટેલેન્ટ ધરાવતા વિદ્યાર્થીઓના કોઈ સર્ટિફિકેટ કે અન્ય જોગવાઈ ન નડવી જોઈએ. પણ તેના (વિદ્યાર્થીના) રસરૂચિ મુજબ તેની કામ કરવાની જગ્યા હોવી જોઈએ. જેથી કાર્યનું પણ ઉત્તમ પરિણામ મેળવી શકાય છે. અનિમેષના પાત્ર દ્વારા નવલકથાકાર જણાવે છે કે આંતરિક સક્રિયતા દ્વારા વિદ્યાર્થી પોતાની ક્ષમતા મુજબનું કાર્ય ધારેલા પરિણામ સાથે કરી બતાવે છે.

એક જ પક્ષના વિદ્યાર્થીઓ વચ્ચે પણ રાજકારણ ચાલે છે તેનું વિગતખચીત વર્ણન નવલકથામાં જોવા મળે છે. અનિમેષની ઇચ્છા વિરુદ્ધ રેલી કાઢવામાં આવે છે અને 144મી કલમ હોવા છતાં અજાણ્યે વિદ્યાર્થી બોંબ ફોડે છે. અનિમેષ માટે આ અસહ્ય બને છે. સુદીપના પ્રતિભાવમાં પોલીસની ભૂમિકા જુઓ :

“તો શું હું એ વિષે જાણતો હતો ? પોલીસ પોતાના માણસો પાસે બોંબ ફેંકાવી આતંક ઊભું કરે છે, કંઈ પગલું લેવું હોય તો કશું બહાનું તો જોઈએ જ ને ? એટલુંય તું સમજતો નથી.”[185]

“આપણે આક્રમણ કરીએ.”[186]

આમ પક્ષમાં અંદરોઅંદર ઝઘડા થાય છે. અનિમેષ સુવાસદા જેવા કર્તવ્યનિષ્ઠ નેતાની હકાલપટ્ટી પક્ષમાંથી થતી જોઈ શકતો નથી અને સામ્યવાદપક્ષમાં પણ નીતિ રહી નથી એમ કહી ઉત્તરબંગાળમાં કામ કરવા જાય છે. મહાદેવબાબુના સંપર્કમાં આવી લોકશાહીમાં રંગાયેલું સામંતશાહી ભારત જુએ છે. સિરિલ જેવા યુવકો સાથે મળી એ વિસ્તારના પાનીરામબાબુ જેવા વ્યાજખાઉને મારી નાખે છે. માધવીલતા સાથેની મુલાકાત જ આ પાત્રને સહજતા બક્ષે છે. એ સિવાય અનિમેષનો સંઘર્ષ જ છે. સત્તા પર સામ્યવાદી પક્ષ હોવા છતાં અનિમેષ પોલીસના હાથે પકડાય છે. મહાદેવબાબુ વિશે માહિતી ન આપવાને કારણે અમાનવીય ત્રાસ પોલીસ અનિમેષ પર ગુજારે છે. જેલમાં અન્ય કેદી દીપક પરનો અત્યાચાર તો અનિમેષને માનસિક અસ્વસ્થ બનાવી દે છે, ભૂલ કર્યાનો અહેસાસ અનિમેષને થાય છે. છતાં બૂઝર્વા વ્યવસ્થા માટે લડવું એ આશા અનિમેષની મરતી નથી. અપંગ અનિમેષ માધવી, લતા અને પોતાના દિકરાને જોઈ ફરી એકવાર આશાવાદી બને છે, ત્યાં નવલકથા પૂર્ણ થાય છે.

શિક્ષણને વિષય બનાવી લખાતી નવલકથા કે રાજકારણના મુદ્દાને ધ્યાનમાં રાખતી નવલકથાની અગત્યતા દર્શાવતા ભરત મહેતા નોંધે છે કે,

"વારંવાર સામે મને આ પ્રશ્ન થાય છે કે આવા વિષયોને આપણે કેમ ટાળીએ છીએ ? TADA જેવા ખતરનાક કાયદાનો સરકારી આંકડા મુજબ 99.2 % દુરૂપયોગ થયો છે. એની વાર્તા નવલકથા કેમ નહીં ? 'માચિસ' જેવી એકાદ ફિલ્મ કે 'કુગ્ગો' (હિમાંશી શેલત) જેવી એકાદ જ વાર્તા કેમ ? 'વસમીવેળા'નું અગત્યતા આ સંદર્ભે પણ ઘણું છે."[187]

હોસ્ટેલમાં વિભિન્ન પ્રાંતના વિદ્યાર્થીઓ રહેતા હોવાથી વિભિન્ન ભાષા બોલાતી હોય એ સહજ છે. જેમકે નવલકથામાં અંગ્રેજી શબ્દો અને વાક્યોનો પ્રયોગ જોવા મળે છે. જેમ કે 'કોમરેડ'[188], 'એક્સચેન્જ'[189], 'વેરી બેડ ટ્રાફિક સિસ્ટમ'[190], 'શટ-અપ'[191], 'ડૉન્ટ બિહેવ લાઈક એ કીડ'[192], 'હાઉ-ફની ! વી આર સેઈલિંગ'[193], 'ટેલ મી વૉટ સી ટૉલ્ડ યુ'[194] વગેરે. આમ વૈવિધ્યસભર શબ્દોનો વિનિયોગ જોવા મળે છે.

આમ સમગ્ર નવલકથામાં અનિમેષ જેવા વિદ્યાર્થી કેવી રીતે રાજકારણનો ભોગ બને છે તેનું વર્ણન છે. વિદ્યાર્થીમાં રાજકારણ, હડતાલ – આંદોલન, માતા-પિતાની ભૂમિકા, શિક્ષણ પદ્ધતિ, વિદ્યાર્થીનું વ્યક્તિત્વ વગેરે જેવા મુદ્દાઓથી શૈક્ષણિક પરિવેશની જમાવટ જોવા મળે છે. શિક્ષણ સંસ્થાઓના સાંપ્રત સમયમાં પણ આ જ પ્રશ્નો છે જે નવલકથામાં રજૂ થયા છે. આમ નવલકથામાં શિક્ષણ જગતનું ચિત્ર ઉપસ્યું છે, પરંતુ તેમાં રાજકારણનો ભાગ વધુ છે. આથી મહદ્દઅંશે આ રાજકીય નવલકથા લાગે છે. વળી વિદ્યાર્થી રાજકારણમાં પગરવ માંડે છે. તેનાથી તદ્દન નકારાત્મક છાપ ઊભી નથી થતી પરંતુ તેનાથી વિદ્યાર્થીના વ્યક્તિત્વમાં પણ ફેરફાર જોવા મળે છે. જેમકે સમાજના ગંભીર વિષય પ્રત્યે

વિદ્યાર્થી સભાન બને છે. વિદ્યાર્થીને પોતાની ક્ષમતા અને નબળાઈઓનો પરિચય થાય છે. વિદ્યાર્થીનો પોતાના અસ્તિત્વની અનુભૂતિની શરૂઆત કે પ્રારંભ આ અવસ્થામાં થાય છે એમ કહી શકાય. આમ રાજકારણ પરત્વેનો નવો દૃષ્ટિકોણ પણ નવલકથામાં જોવા મળે છે. રાજકારણમાં પણ યોગ્ય સ્થાન પર યોગ્ય વ્યક્તિની નિમણૂક થવી જરૂરી છે. આમ વિદ્યાર્થી જીવનનો રસપ્રદ વૃત્તાંત અહીં જોવા મળે છે.

અંતે 'વસમીવેળા' નવલકથા વિશે એમ કહી શકાય કે જે સમય જતો રહ્યો છે તેનાં કેટલાક યાદગાર સ્મરણો છે તો કેટલાક વરવા ચિત્રો પણ છે, પરંતુ આપણે તેનું સાચું મૂલ્યાંકન કરવાનું છે અને એ વીતેલા સમયની સકારાત્મક બાબતોને ગ્રહણ કરી નવીન બાબતોને શીખીને આગળ વધવાનું નામ જ જીવન છે. આવો ઉમદા વિચાર પ્રસ્તુત નવલકથામાંથી પ્રગટે છે. શિક્ષણ અને તેની સાથે જોડાયેલા રાજકારણનું પારખું કરાવવામાં લેખક કારગત નીવડ્યા છે.

સમરેશ મજમુદારની નવલકથા 'વસમીવેળા'નું કથાવસ્તુ 592 પૃષ્ઠમાં વિસ્તાર પામ્યું છે. નવલકથામાં મુખ્યત્વે શૈક્ષણિક સંસ્થાઓ અને રાજકારણની ભૂમિકા દર્શાવવામાં આવી છે. શહેરમાં ચાલતા રાજકારણીઓના કાવાદાવા શિક્ષણની સંસ્થાઓમાં પણ પગરવ માંડે છે અને તેના કડવા પરિણામ પણ વિદ્યાર્થીઓ સંજોગવસાત ભોગવતા હોય છે. ભારતમાં સ્વતંત્રતા પછી પણ અનેક રાજકીય વિદ્રોહ થયા છે, પરંતુ એવી નવલકથામાં અગત્યનું સ્થાન 'વસમીવેળા'નું છે. માત્ર મુખ્ય પાત્ર અનિમેષ નહીં પરંતુ તેની મિત્ર માધવીલતા, શીલા, નીલા, મહાદેવબાબુ વગેરે પાત્રોને પણ લેખકે તેમની જગ્યા પર ન્યાય આપ્યો છે. વળી, નવલકથામાં પ્રચુર માત્રામાં રાજકીય વિષયવસ્તુ મોજૂદ છે, એમ સર્જક પોતે પણ સ્વીકારે છે.

## • 3.5 શૈક્ષણિક પરિવેશને નિરૂપતિ અંગ્રેજી નવલકથાઓનો સમીક્ષાત્મક અભ્યાસ

### ♦ 'ફાઈવ પોઈન્ટ સમવન'

લેખક જ્યારે કોઈ વાર્તા, નવલકથા કે કોઈ પણ સ્વરૂપ રચે છે ત્યારે તેમાં માત્ર કલ્પનાનું જ વર્ણન નથી હોતું, પરંતુ જીવાતા જીવનમાં પોતાને થયેલાં કેટલાક સારાં-નરસાં સ્વાનુભવોનું મિશ્રણ પણ એમાં હોય છે. આ પ્રકારની અનુભૂતિ ચેતન ભગતને 'ફાઈવ પોઈન્ટ સમવન'(2007)નું સર્જન કરતા થઈ હોવી જોઈએ. કારણ કે તેઓ પોતાના અંગત જીવનના પાત્રોને યાદ કરીને પુસ્તકના ઋણ સ્વીકારમાં લખે છે કે –

"આ બધાંને હું એટલો ચાહું છું કે તેમના પર એક નવું આખું પુસ્તક લખી શકું. પણ થોભો, શું મેં એ જ લખ્યું છે ?"[195]

ચેતન ભગતે 'ફાઈવ પોઈન્ટ સમવન' નવલકથામાં ઉચ્ચ શિક્ષણ-સંસ્થામાં જોવા મળતા લાંચ-રુશ્વત, આત્મહત્યા, શિક્ષણનો ભાર, રેગિંગ, શૈક્ષણિક કાર્યપ્રણાલી વગેરે જેવા મુદ્દાઓ અને બીજા અનેક ગંભીર મુદ્દાઓને ઉજાગર કર્યા છે. વિદ્યાર્થીઓ ગુનાઓ તરફ વળે છે. જેમાંથી વિદ્યાર્થી-શિક્ષણ વચ્ચેનું અંતર વધે છે અને શૈક્ષણિક કાર્ય ખોરવાય છે. I.I.T. માં પ્રવેશ મેળવનાર રાયન, આલોક અને હરિકુમારને સિનિયર વિદ્યાર્થી દ્વારા રેગિંગનો ભોગ બનવું પડે છે. જુઓ:

"યુ બાસ્ટાર્ડ્સ" ફરી બકુ બરાડ્યો, "તમારા કપડાં ઉતારી નાખો"[196]

"જુઓ, જુઓ તેમની મોઓએ એટલું તો તેમને ખવડાવ્યે રાખ્યું, કે હવે તો જાણે આ લોકો ફૂટી જ જશે, લીટલ ફેરેક્સ બેબીસ." બકુ હસતાં હસતાં કહેવા લાગ્યો."[197]

શિક્ષણ સંસ્થાઓનું આ દૂષણ છે. સંવેદનશીલ વિદ્યાર્થીઓ માટે આ ઘણી મોટી સમસ્યા સર્જી શકે છે. વિદ્યાર્થીમાં ડર પેસી જાય છે, કૉલેજમાં પ્રવેશતાની સાથે જ વિદ્યાર્થી એક જુદા પરિવેશનો અનુભવ કરે છે. રેગિંગનો સામનો કરવાની કેટલાક વિદ્યાર્થીઓમાં ક્ષમતા હોય છે તો કેટલાકમાં હોતી નથી. અહીં રાયન જેવા વિદ્યાર્થીઓ ચાતુર્ય વાપરી મજાકમસ્તીમાંથી માર્ગ કાઢે છે અને તેમાં જ તેની આવડત પણ દેખાઈ આવે છે. રેગિંગ પર કેટલાક કાયદાકીય નીતિ-નિયમો જોવા મળે છે, તે છતાં આજે પણ એવા કેટલાય બનાવો બનતા જોવા મળે છે જેનાથી કેટલાક વિદ્યાર્થીઓ માનસિક રીતે પીડાય છે. કરુણતા એ છે કે વિદ્યાર્થીઓ આવી સમસ્યાને વડીલ કે શિક્ષકોને કહેતા પણ અચકાય છે. આથી રેગિંગ એ માનસિક શોષણ છે એમ કહી શકાય.

વિદ્યાર્થીઓ વચ્ચે માત્ર રેગિંગ એમ શબ્દ ન કહીએ તો ઘણીવાર મજાક થતી હોય છે. સિનિયર-જુનિયરને લઈને, આવડત-પ્રતિભાને લઈને, આથી કેટલીય મૂંઝવણો અને સમસ્યાઓ દરેક શિક્ષક કે વડીલ સુધી નથી પહોંચી શકતી. કારણ (1) દરેક આપણને (શિક્ષક)ને નાની લાગતી બાબત વિદ્યાર્થી માટે ગંભીર હોઈ શકે છે; (2) વિદ્યાર્થી દરેક સમયે જુદાં જુદાં પ્રશ્નોને લઈને વડીલ કે શિક્ષક પાસે જતા અચકાય છે; (3) વિદ્યાર્થીના આત્મસન્માનને આઘાત લાગે છે; (4) આવા રેગિંગ જેવા કિસ્સામાં કે અન્ય મજાક-મસ્તી અમુક નબળા વિદ્યાર્થી સાથે જ થાય છે આથી ભોગ બનેલ વિદ્યાર્થી અન્યથી પોતાને અલગ અને અસક્ષમ પણ અનુભવે છે; (5) વિદ્યાર્થી સંવેદનશીલ હોવાથી પ્રતિભાવ જેવો દર્શાવવો જોઈએ એવો દર્શાવી શકતો નથી.

આવા અનેક કારણસર વિદ્યાર્થીઓ વચ્ચે ઘર્ષણ થાય છે અને આ સમસ્યા વિદ્યાર્થીના ઘડતરમાં પણ નડતરરૂપ સાબિત થાય છે. માત્ર જ્ઞાનાત્મક નહિ પરંતુ વિદ્યાર્થી શૈક્ષણિક સંસ્થામાં સર્વાંગી વિકાસ (Physical development, Mental

development, Intellectual development, Social development) માટે આવે છે. આ વિકાસ આવતાની સાથે જ રૂંધાય છે, જે શૈક્ષણિક સંસ્થાનું એક નબળું પાસું સાબિત થાય છે.

નવલકથાનું જે કેન્દ્રબિંદુ છે તે જ નવલકથાના પ્રારંભમાં લેખકે દર્શાવ્યું છે, શિક્ષણનો ભાર અથવા ઓછા ગ્રેડ વિદ્યાર્થીને ડગલે ને પગલે સતાવે છે. આઈ. આઈ. ટી.માં પ્રવેશ મેળવતા જ હરિ, રાયન અને આલોક જેવા કે અન્ય વિદ્યાર્થીઓ પણ ગ્રેડને લઈને ડરી જાય છે, ભયભીત થાય છે, કારણ કે પ્રથમ દિવસે માત્ર વ્યાખ્યાન (લેક્ચર)માં જ વિદ્યાર્થીઓ ભણતરનો ભાર અનુભવવા લાગ્યા. જુઓ :

"રૂપરેખાની સાથે 'ગ્રેડ' આપવાની પદ્ધતિની સમજ આપી હતી.

મેજર્સ – 40%

માઈનર્સ – 20%

પ્રેક્ટિકલ્સ – 20%

અસાઈનમેન્ટસ – (6 થી 8) અને

સરપ્રાઈઝ ક્વિઝ – 20%"[198]

"જો ખરાબ ગ્રેડ મળે તો હું તમને ખાત્રી આપું છું, તમને કોઈ નોકરી નહિ મળે, કોઈ સ્કૂલ નહિ મળે, કોઈ ભવિષ્ય નહિ મળે."[199]

આમ, અહીં અધ્યાપકનું માનવું છે કે વિદ્યાર્થીનો અભ્યાસક્રમ અને ગ્રેડ આ પ્રકારનો આપવાથી વિદ્યાર્થી સતત જાગૃત રહે અને અભ્યાસમાં વધુ ધ્યાન આપે. અભ્યાસક્રમ એવા હોવા જોઈએ જે વિદ્યાર્થીનો ભાર ઓછો કરે. આ ભાર જીવનની નાની-મોટી સમસ્યાઓનો હોય, કે અન્ય શારીરિક, માનસિક, સામાજિક વિકાસને

લઈને હોય, પરંતુ વિદ્યાર્થીને એવું ભણતર પૂરું પાડે કે તે હળવો બને. સકારાત્મક વિચારોથી સમૃદ્ધ થાય અને એ રીતે જીવનની દરેક મુશ્કેલીઓનો સામનો કરે. પડકારોને ઝીલી શકે પરંતુ શૈક્ષણિક સંસ્થામાં ભણતર પ્રત્યે જાગૃતિ લાવવાની પદ્ધતિ એવી હોય છે જે વિદ્યાર્થી માટે સમસ્યાઓનું સર્જન કરે છે. 'ભાર વગરનું ભણતર' આપણે સાંભળીએ છીએ પરંતુ એને અનુસરી, કઈ સંસ્થા કામ કરે છે તેનો જવાબ આપવો અઘરો છે. 'ફાઈવ પોઈન્ટ સમવન' નવલકથામાં પણ ચેતન ભગત વિદ્યાર્થીઓની મનોદશા વ્યક્ત કરવામાં કારગત નીવડ્યા છે. અહીં વિદ્યાર્થી શિક્ષણ-અભ્યાસના મુદ્દાઓને સમજવા કરતા મેજર્સ અને માઈનર્સમાં કેટલા ગુણ લાવવાના તેની જ ચિંતામાં ડૂબેલા હોય છે. આમ આવી પદ્ધતિ વિદ્યાર્થીઓને ભણતર અને ગણતરથી ખૂબ જ દૂર લઈ જાય છે. જેમાં વિદ્યાર્થીઓનો જ્ઞાનાત્મક વિકાસ પણ ખૂબ જ દૂર રહે છે, તો પછી Social development (સામાજિક વિકાસ), Intellectual development (વાતચીત વિકાસ), Understanding (સમજણ), Application (વ્યવહારમાં મૂકવું) વગેરે મેસ લૉના સિદ્ધાંતોથી વિદ્યાર્થી કેટલો બધો દૂર રહે તે સ્પષ્ટ વર્તાય છે. ભણતરના ભારણમાં વધારો કરે છે. ટેસ્ટ અને સરપ્રાઈઝ ક્વીઝ, જેનાથી વિદ્યાર્થીઓના મનમાં હંમેશા એક ડર સતાવતો હોય છે, વિદ્યાર્થીને જાગૃત રાખવા માટે શિક્ષણ વ્યવસ્થામાં જે સરપ્રાઈઝ ટેસ્ટ કે ક્વીઝની પદ્ધતિ છે તે ક્યારેક વિદ્યાર્થીને અવરોધરૂપ પણ બનતી હોય છે. કારણ કે દરેક સમયે દરેક વિદ્યાર્થીની પરિસ્થિતિ અને ક્ષમતા સમાન હોતા નથી. આ મૂંઝવણને વિશે નવલકથાના લેખક લખે છે :

"દરેક વિષયમાં બે માઈનર ટેસ્ટ થતી, એક મેજર ટેસ્ટ થતી અને ત્રણ સરપ્રાઈઝ ક્વીઝ લેવાતી. છ વિષયોમાં દરેકની 7 ટેસ્ટના હિસાબે દરેક સેમેસ્ટરમાં 42 ટેસ્ટ !"[200]

આપણી શિક્ષણ વ્યવસ્થામાં જ એવું છે કે જે વિદ્યાર્થીઓને આંકડાઓમાં ફસાવીને જડ બનાવી દેવામાં આવે છે. અહીં નવલકથામાં પણ એ જ વ્યવસ્થાની શૈક્ષણિક પદ્ધતિ કંઈક એવી જોવા મળે છે, જેનાથી વિદ્યાર્થીઓ (હરિ, આલોક જેવા) ખૂબ જ ભયભીત છે. રાયાન પરિસ્થિતિ મુજબ ઢળી જવાનો સ્વભાવ ધરાવે છે. આઈ.આઈ.ટી.માં પ્રવેશ સાથે જ માણસ (વિદ્યાર્થી) ઘડીયાળના કાંટે દોડે છે, ખાય છે (માત્ર બાયોલોજીકલ નીડના કારણે), લેક્ચર ભરે છે, હોસ્ટેલ પર આવી અસાઈનમેન્ટ અને સરપ્રાઈઝ ટેસ્ટની તૈયારી કરે છે. પરિણામે વિદ્યાર્થીની સર્જનાત્મકતાનો વિદ્યાર્થી પાસે સમય જ નથી હોતો. એટલે કે વિદ્યાર્થી પાસે કંઈક નવું કરવાનો કે નવું વિચારી, કંઈક સર્જનાત્મક, આકર્ષક કે નવાઈ ઉપજે એવી કોઈ જ કાર્યપ્રણાલી અહીં જોવા મળતી નથી. રાયાન આથી જ હરિ અને આલોકને કહે છે કે,

"કેટલું પાગલ જેવું અઠવાડિયું – કેટલા ક્લાસ, અસાઈનમેન્ટ, પાછા બીજા ક્લાસ, પાછા બીજા અસાઈનમેન્ટ અને આવનારા આકર્ષણ-આશ્ચર્ય આપે તેવી ક્વીઝ તો વળી છોગામાં ! આને તમે જીવન કહો છો !"[201]

શિક્ષણ પદ્ધતિમાંથી બાકાત એવા આશ્ચર્ય-આકર્ષણ તરફ નવલકથાકાર ધ્યાન દોરે છે. વિદ્યાર્થીગણમાં કેટલાક વિદ્યાર્થીઓ ખૂબ જ ચપળ અને કૌશલ્ય ધરાવતા હોય છે. તેમની માટે આ પદ્ધતિ રુચિકર નથી, જડ છે. જેનાથી વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થવો જોઈએ તેને બદલે અહીં તો વિકાસ રુંધાય છે, અટકે છે. આમ, વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક વિકાસ થાય તે માટે આપણી શૈક્ષણિક પદ્ધતિ કહો કે પ્રણાલી કહો એ પણ જવાબદાર છે. તેમજ શૈક્ષણિક વાતાવરણ પણ વિદ્યાર્થીઓને મળતું નથી. જેમ વિદ્યાર્થી પોતાના વિચારોરૂપી પાંખોને અન્યની કલ્પનાશક્તિથી પણ બહારની વાત હોય, પરંતુ તેમાં કેવા વિઘ્ન આવે છે તેની નવલકથાકાર નોંધ લે છે. રાયાનનું જાણે શિક્ષણમાં

રહેલી બદીઓને પ્રકાશમાં લાવવાનું કાર્ય સંભાળતો હોય તેમ શિક્ષણની પદ્ધતિને અને તેને અનુસરતા વિદ્યાર્થીઓને કંઈક આ રીતે વખોડે છે. કારણ સાયન્સ અને ટેક્નોલોજીને આગળ ધપાવતી સંસ્થા આઈ.આઈ.ટી.માં બધું જ એવું જોવા મળતું નથી. જ્યારે આઈ.આઈ.ટી.ના લેબલને આલોક મહ**ત્ત્વ** આપે છે, ત્યારે રાયાન કહે છે તે જુઓ:

"આ જ તો પ્રોબ્લેમ છે. આ સ્ટુપીડ સીસ્ટમ છે અને વળી તારા જેવા સ્ટુપીડ લોકો પણ."[202]

"રાયાને જાહેર કર્યું, યુ નો ગાયઝ આ આખી આઈ.આઈ.ટી.ની સીસ્ટમ જ માંદલી છે."[203]

રાયાનના ઉદ્‌ગાર "જુઓને, આ રીલેટીવ ગ્રેડીંગ અને વધારે પડતો વિદ્યાર્થીઓ પરનો બોજો એટલે આઈ મીન, તમારા જીવનના સૌથી સારા ફન-યર્સ જ તે મારી નાખે છે. વળી, બીજું પણ કશુંક મારી નાખે છે. મૂળભૂત નવા વિચાર માટે મોકળાશ ક્યાં છે ? સર્જનાત્મક થવાનો સમય ક્યાં છે ? આ બરાબર ન કહેવાય."[204]

આમ, સીસ્ટમમાં ગ્રેડીંગની વાત કરીએ છીએ તે શિક્ષણની પ્રણાલીને બગાડે છે. વિદ્યાર્થીઓનો વિકાસ આંકડામાં જ અટવાય જાય છે અથવા તો એમ પણ કહી શકાય કે જાણે વિદ્યાર્થીની મૂલવણી આંકડાથી જ થાય છે. તેની અંદર રહેલા કૌશલ્ય, ભણતર માટેની જિજ્ઞાસા, મુક્ત વાતાવરણ જેનાથી ઘડતર શક્ય બને છે તેનું કોઈ મૂલ્ય નથી. વિદ્યાર્થીઓ પોતાની જાતને પણ આ રીતે જ જુએ છે જે રીતે તેમના અધ્યાપક તેમને દર્શાવે છે. સાચી ઓળખ લાયકાત ધરાવતા વ્યક્તિની થતી નથી અને આવી બધી મૂંઝવણો વિદ્યાર્થીને નકારાત્મક વિચારો તરફ પણ

વાળી શકે છે જેના કરુણ પરિણામ આપણે આજે પણ સમાચારપત્ર કે ટી.વી. દ્વારા જોઈ-સાંભળી શકીએ છીએ.

શિક્ષણ એ વિદ્યાર્થીની ક્ષમતાને ઓળખી તેનામાં રહેલા કૌશલ્યનો વિકાસ કરે છે. આ કાર્ય શિક્ષક કે વાલીઓનું હોય છે કે જે નવલકથામાં રાયાન નામના વિદ્યાર્થીએ કર્યું છે. વિદ્યાર્થીના માતા-પિતા પણ શિક્ષણ સાથે જોડાયેલા હોવાથી અહીં સમાજની વાત કરી છે. પોતાનો છોકરો કે છોકરી સારામાં સારી સ્કૂલ કે કૉલેજમાં ઍડમિશન લે અને પાસ થાય. 'વિદ્યા વિનાશને માર્ગે' પુસ્તકમાં સુરેશ જોષી આ સંદર્ભે નોંધે છે કે,

"માતા-પિતા એમના બાળકોને ઉત્તમ પબ્લિક સ્કૂલમાં મૂકે, ત્યાંની ઉચ્ચ શિક્ષણની 'ઉત્તમ' સંસ્થાઓમાં એઓ જાય અને ત્યાંથી 'ઉત્તમ' સ્થાનો પર ગોઠવાઈ જાય. ત્યાં ભાગ્યચક્ર પૂરું થાય."[205]

આજે માતા-પિતા પોતાની જ ઇચ્છા હોય એ શૈક્ષણિક સંસ્થામાં ભણાવવાની અને સંતાનને રસ હોય એ વિષય નહીં પણ પોતાને ગમે તે વિષય અપાવીને પોતાના સંતાનના વિકાસને રૂંધતા હોય છે. ઘણીવાર તો વિદ્યાર્થીઓ માનસિક તાણ પણ અનુભવતા હોય છે. નવલકથામાં પણ આલોકનું સ્વપ્ન ચિત્રકાર બનવાનું હોય છે, પરંતુ એને માતા-પિતાની આર્થિક સ્થિતિને કારણે એને ઈજનેરી શાખામાં અભ્યાસ માટે જોડાવું પડે છે !

અધ્યાપકની વિચારસરણી પણ વિદ્યાર્થીની ક્ષમતાને રૂંધી નાખે છે. નવલકથામાં પણ પ્રોફેસર ભાટિયા રાયને બનાવેલા સસ્પેન્સન બ્રીજના વખાણ કરી ઈન્ટર્નશીપ પ્રોજેક્ટ આપવાની વાત કરે છે. પરંતુ તેનું પરિણામ જાણી બધું જ ભૂલી જવાની સૂચના આપે છે. આમ, આખી શિક્ષણ વ્યવસ્થામાં જડતા પ્રવેશેલી નજરે પડે છે. વિદ્યાર્થીનું મૂલ્યાંકન ક્ષમતાના આધારે નહિ તેને મેળવેલા

ગુણને આધારે થાય છે. અધ્યાપકે જે દૃષ્ટિથી વિદ્યાર્થીને માપવાના હોય તે તો આઈ.આઈ.ટી.ના અધ્યાપકોમાં નથી. આથી રાયન નામનું નવલકથાનું પાત્ર જાણે પોતે કેવી રીતે આવા વાતાવરણમાં રહેવું, ટકવું અને આગળ વધવું તે તેના મિત્રો (હરિ, આલોક)ને સમજાવે છે. જેમાં તેનું સૌથી પહેલું કાર્ય સિસ્ટમને અન્યાયી કહે છે, જુઓ :

"આઈ.આઈ.ટી.ની સિસ્ટમ અન્યાયી છે, કારણ કે...

1. પ્રકૃતિની સૂઝ અથવા ટેલેન્ટને તે દબાવી દે છે. વ્યક્તિગત ઉત્સાહને નષ્ટ કરે છે.
2. દેશના સૌથી વધુ બુદ્ધિશાળીઓના જીવનના સૌથી વધુ સારા-ઉત્તમ વર્ષો ખાઈ જાય છે.
3. રાક્ષસ જેવી જી.પી.એ.ની વ્યવસ્થાથી તે તમારા વિશે નિર્ણયો લે છે અને સંબંધોનો નાશ કરે છે.
4. વિદ્યાર્થીઓ માટે પ્રોફેસરોને કંઈ પડી નથી.
5. દેશ માટે આઈ.આઈ.ટી.એ માંડ કોઈ પ્રદાન કર્યું હશે."[206]

રાયનનું પાત્ર એવું છે કે જેની પાસે સામાન્ય માણસની જેમ પ્રશ્નો જ માત્ર નથી, પરંતુ તેનું સમાધાન પણ તેની પાસે છે. જેને જે વિષયમાં રુચિ હોય તે ક્લાસ ભરે, બાકીનાની નોટ મેળવી લેવી અને સૌથી વધારે મહત્ત્વ મૈત્રીને આપીને શૈક્ષણિક કાળને હળવો ફૂલ જેવો બનાવવામાં તેને રસ છે. આમ, જે કામ અધ્યાપક કે વાલીઓનું હોવું જોઈએ તે કાર્ય આ વિદ્યાર્થી થઈને પોતે કરે છે. અધ્યાપક અહીં તો ભણતરનો ભાર દર્શાવવામાં જ વ્યસ્ત છે. વાલીઓ પૈસા ભરીને પોતાની જાણે નૈતિક ફરજ બજાવી દીધી હોય તેમ અનુભવે છે. નવલકથામાં પણ જુદાં જુદાં અધ્યાપકો દ્વારા એ જ સમજાવ્યું છે કે માર્ક્સ ખૂબ જ જરૂરી છે. પ્રો.સેન જેવા અધ્યાપક વર્ગમાં બોર્ડ પર માર્ક્સ લખીને વિદ્યાર્થીઓનું

મૂલ્યાંકન કરે છે. પ્રોફેસર ભાટિયા રાયનના પ્રોજેક્ટને કેન્સલ કરે છે, કારણ કે તેના માર્ક્સ ફાઈવ પોઈન્ટ સમથીંગ છે. અધ્યાપકનો ડર એટલો બધો હોય છે કે વાચવામાં કે સામાન્ય વાતચીત કરતા પણ આલોક અને હરિ જેવા વિદ્યાર્થીઓ ભય અનુભવે છે. જવાબ આવડતો હોવા છતાં તેને રજૂ કરી શકતા નથી. આજના વિદ્યાર્થીઓ પણ આ મૂંઝવણ અનુભવતા હોય છે. અહીં એવું કહેવું ઉચિત નથી કે વિદ્યાર્થીની આ ખામી છે અથવા તો વિદ્યાર્થીમાં પોતાનો જવાબ રજૂ કરવાની ક્ષમતા જ નથી. જવાબદાર એ અધ્યાપકો છે જેમનો ભય વિદ્યાર્થીના મનમાં પેસી ગયો હોય છે કે પછી અધ્યાપક દ્વારા ઊભું કરવામાં આવેલું વાતાવરણ છે જેને લીધે વિદ્યાર્થીમાં અભિવ્યક્તિનું કૌશલ્ય ખીલી શકતું નથી.

અધ્યાપકનો વિદ્યાર્થીઓ સાથેનો કડક વ્યવહાર – વલણને કારણે વિદ્યાર્થીઓ કેવી કેવી શૈક્ષણિક સમસ્યાઓનો ભોગ બને છે તે પ્રસ્તુત નવલકથામાં ઝીણવટતાથી નિરૂપાયું છે. પ્રોફેસર ચેરિયન જેમનો આગ્રહ શિસ્તના, નિયમ બદ્ધતાનો જોવા મળે છે. જેમની પુત્રી નેહા અને આઈ.આઈ.ટી.નો વિદ્યાર્થી હરિ ખાસ મિત્રો બને છે અને હરિને જાણવા મળે છે કે આ પ્રોફેસર ચેરિયનનો પુત્ર અકસ્માતમાં મૃત્યુ નથી પામ્યો પરંતુ તેણે આત્મહત્યા કરી છે. કારણ કે જે વિષયમાં તેને રસ નથી તેમાં જ આગળ વધવાનું દબાણ કરવામાં આવતું હતું. વિદ્યાર્થીને જેમાં રસરૂચિ હોય તે ક્ષેત્રમાં આગળ વધારવાનું કાર્ય કરવાને બદલે આજના અધ્યાપક કે માતા-પિતા તેને એક રેસમાં દોડવા માટે હઠાગ્રહ કરે છે, જે ક્ષેત્ર તેના માટે છે જ નહીં. આ વિચાર બદલવામાં નહિ આવે તો એવો દિવસ આવતા વાર નહિ લાગે જ્યારે દુનિયામાં માત્ર ડોક્ટર, એન્જિનિયર અને વકીલ જ જોવા મળશે. દરેક વિષયની, દરેક ક્ષેત્રની એક આગવી ભૂમિકા, આગવું મહત્ત્વ હોય છે. જેને ફરજિયાતપણે દરેક નાગરિકે સમજવું જોઈએ. જો આ મુદ્દાને ગંભીરતાથી નહીં લેવામાં આવે તો વિદ્યાર્થીઓ ગમે તેવું પગલું ભરતા અચકાશે

નહીં. એક વર્ષ બગડી જવાના ભયથી આલોક પણ આત્મહત્યાનો પ્રયત્ન કરે છે, કારણ કે વિદ્યાર્થીઓને લાગે છે કે આ સમસ્યામાંથી નીકળવાનો કોઈ રસ્તો જ નથી. આલોક, હરિ અને રાયનને પણ આઈ.આઈ.ટી.માં જીવવું શક્ય લાગતું નથી. તેનો અભ્યાસક્રમ તેમને શ્વાસ લેવા દેતો નથી. વળી, વેંકટ જેવી ગોખણવિદ્યા તેમને આવડતી નથી અને આ ગોખણપટ્ટી એમને શીખવી પણ નથી તેમજ આ રીતે મળતી નોકરી પણ તેઓને કરવી નથી. કારણ કે ગોખણવિદ્યા-પટ્ટીમાં સર્જનાત્મકતા બિલકુલ નથી હોતી. આમ, શિક્ષણ એવું હોવું જોઈએ જે વિદ્યાર્થીને ક્રિયાશીલની સાથોસાથ સર્જનશીલ બનાવે. વિદ્યાર્થીમાં રહેલી આવડતને બહાર લાવે, જે માટે માતા-પિતાની માનસિકતા, શિક્ષકનું કડક વલણ, શૈક્ષણિક વાતાવરણ બદલવાની જરૂર છે. નવલકથામાં પણ સકારાત્મક સૂર જોવા મળે છે. પ્રોફેસર વોરા જેવા અધ્યાપક વિદ્યાર્થીઓને ફાઈવ પોઈન્ટ સમથીંગ સમજી લે છે, તેમને પારખીને આગળ વધવામાં મદદ કરે છે. વળી, પ્રોફેસર ચેરિયનને પણ પોતાના સંતાન (સમીર) વિશે ખબર પડે છે કે તેણે આત્મહત્યા કરી હતી, ત્યારે તે દુ:ખ અનુભવે છે અને નવલકથાના અંતે આપેલ ભાષણ શૈક્ષણિક ક્ષેત્રના દરેક વ્યક્તિ માટે આદર્શરૂપ બની રહે છે, જુઓ:

"ખેર, તમે ભવિષ્યમાં વિચારો ત્યારે મારે આ જ સંદેશ આપવાનો છે. એક, તમારામાં આત્મવિશ્વાસ રાખો અને કોઈ જી.પી.એ. વડે કાર્યનો અંદાજ કે નોકરીમાં પ્રમોશન જેવી ચીજોને તમારી પોતાની વ્યાખ્યા ન બનવા દેશો. આ બધાં કરતાં પણ જીવનમાં ઘણી બધી બીજી ચીજો છે. તમારું કુટુંબ, તમારા મિત્રો, તમારી આંતરિક ઇચ્છાઓ અને લક્ષ્યો. આવાં બધાં ક્ષેત્રો તમે જે કંઈ ગ્રેડ મેળવશો, એ જ તમારી માણસ તરીકેની વ્યાખ્યા હશે."[207]

આમ, શિક્ષણ પણ તમને છેવટે માણસ બનાવે છે. તમે કેટલા ઊંચા સ્થાન પર છો, તમે કેટલા માર્કસ મેળવ્યા તે સાચું મૂલ્યાંકન નથી, માણસ તરીકે તમે

કેટલા ખરા ઉતર્યા તે મહત્ત્વનું છે. તે વ્યક્તિનું સાચું ઘડતર છે. ફાઈવ પોઈન્ટ સમવન નવલકથા પરથી રાજુ હિરાનીના દિગ્દર્શનમાં 'થ્રી ઈડિયટ' નામની ફિલ્મમાં પણ કેટલાક ફેરફાર સાથે આ જ દર્શાવવામાં આવ્યું છે. આ ફિલ્મમાં અભિનેતા આમિરખાને નવલકથામાં આવતાં રાયનના પાત્રનો અભિનય કરેલ છે. દર્શકો દ્વારા આ પાત્રને ખૂબ જ પસંદ કરવામાં આવ્યું હતું, કારણ કે આ પાત્રમાં બુદ્ધિચાતુર્ય ઉપરાંત આત્મભોગે પણ અન્યની મદદ કરવામાં સતત પ્રવૃત્ત રહે છે. અધ્યાપક સાથે પણ ભયભીત થયા વગર પોતાના વિચાર દર્શાવે છે. દરેક ફિલ્મના પાત્રને પણ પુનઃ પુનઃ વિચાર કરવા માટે પ્રેરણારૂપ આમિરખાનનું પાત્ર બની રહે છે. આમ, શિક્ષણની સાચી ઓળખ નવલકથા કરાવે છે. શિક્ષણ શું છે ? તેના કરતા શિક્ષણ આપણે કેવી રીતે મેળવીએ છીએ ? અને તેના પડઘા કેવા પડે છે ? એ પ્રક્રિયામાં સર્જકને રસ છે.

સંપૂર્ણ શૈક્ષણિક પરિવેશ હોવાથી સ્લેન્ગ લેન્ગવેજ જોવા મળે છે. કેટલાક શબ્દો જેવા કે, 'હેપી સર્ડ'[208], 'ભણેશરી વેંકટ'[209], 'ચળિયો રાકેશ'[210], 'એપમેક'[211], 'ભંભોટ'[212] વગેરે શબ્દો કૉલેજ કેમ્પસને જીવંત બનાવે છે.

નવલકથામાં શિક્ષણની પદ્ધતિને વખોડતો રાયન જુદું જ પાત્ર છે. તેને વોડકા પીવામાં, ટર્મીનેટર જેવા ટેક્નોલોજી દર્શાવતા પિક્ચર જોવામાં, સર્જનાત્મક કાર્યમાં રસ છે. અધ્યાપક જેક મશીનનું ચિત્ર દોરવાનું કહે તો તે માત્ર મશીન નહિ પરંતુ એ મશીન સાથે મોટર જોડી માનવશક્તિ વગર ગાડીના પૈડાં ઊભા થઈ શકે તેવું કંઈક દોરે છે. અધ્યાપકનું કાર્ય આવા વિદ્યાર્થીઓને શોધી, તેમને પુરતો સમય આપી, ઉત્સાહ પૂરો પાડવાનું છે નહિ કે તેમની ક્ષમતાને અવગણીને અભ્યાસક્રમ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો આગ્રહ રાખવો. નવલકથામાંથી – 'વિદ્યાર્થીઓને ક્રિયાત્મક સર્જનાત્મક બનાવવા શું કરવું કરતા અધ્યાપકો અને શિક્ષણ સાથે જોડાયેલા સત્તાધીશોએ શું ન કરવું' તે વધુ સ્પષ્ટ રીતે જોવા મળે છે,

જેની સમજ કેળવવાથી શૈક્ષણિક જગતની ઘણીબધી સમસ્યાઓથી ઉગરી શકાય. નવલકથાનો આ સૂર હ્રદયસ્પર્શી બની રહે છે.

ચેતન ભગતની આ નવલકથાને શૈક્ષણિક નવલકથા કહીએ તો પણ તે અતિશયોક્તિ ન ગણાય. અહીં શૈક્ષણિક પરિવેશ તંતોતંત નિરૂપાયો છે. રાયાન, આલોક અને હરિ આઈ.આઈ.ટી.માં પ્રવેશ મેળવે છે, ત્યાંથી કથાનો પ્રારંભ થાય છે. લેખકે દરેક પાત્રની આગવી વિશેષતા અને અલગ કૌટુંબિક પરિસ્થિતિ દર્શાવી છે. રાયાનના કુટુંબનો કોઈ અત્તોપત્તો નથી, પરંતુ તે ભાર વિનાનું ભણતર ઇચ્છે છે. આલોક ચિત્રકાર બનવા માંગે છે, પરંતુ પિતા એન્જિનિયર બનવા પર ભાર આપે છે. હરિ પોતે ગરીબ કુટુંબમાંથી આવતો હોવાથી પાસ થઈ નોકરી મેળવવી એને માટે ફરજિયાત છે. લેખક આ સમસ્યા અને વ્યક્તિત્વ સારી રીતે દર્શાવી શક્યા છે. વળી, શૈક્ષણિક વાતાવરણ હોવાથી રાયાનના પાત્ર દ્વારા ખૂબ જ રસપ્રદ વર્ણન કરેલું જોવા મળે છે. અમુક ઘટનાઓ પીડાદાયક પણ બને છે. આત્મહત્યાના વિષયને, શિક્ષણના ભારને લેખકે વેધક રીતે નવલકથામાં આલેખ્યું છે અને તેમાંથી ફલીત એ થાય છે કે શિક્ષણને કેવી રીતે ભણાવવું અને વિદ્યાર્થીએ શિક્ષણને કેવી રીતે આત્મસાત્ કરવું જોઈએ. આથી જ લેખક પુસ્તકના અંતે લખે છે, 'આઈ.આઈ.ટી.માં શું ન કરવું.'

આમ, નવલકથા શિક્ષણના નવા અભિગમને રજૂ કરવામાં સફળ રહી છે.

## પાદટીપ:

1) મુનશી ક. મા., 'સ્વપ્નદ્રષ્ટા', ગુજરાત સાહિત્ય અકાદમી, પ્ર.આ. 1924, પૃ. 15

2) એજન. પૃ. 153

3) એજન. પૃ. 159

4) એજન. પૃ. 160

5) એજન. પૃ. 161

6) એજન. પૃ. 220

7) એજન. પૃ. 221

8) એજન. પૃ. 331

9) બુધ્ધિપ્રકાશ ગ્રંથ-2, (માર્ચ-1977), પૃ. 89

10) જોષી સુરેશ, 'વિદ્યા વિનાશને માર્ગે', સંવાદ પ્રકાશન, પુનઃમુદ્રણ સપ્ટેમ્બર 2003, પૃ. 5

11) રાણપુરા દિલીપ, 'સૂકી ધરતી સૂકા હોઠ', ગૂર્જર પ્રકાશન, પ્ર.આ. 1967, પૃ. 8

12) એજન. પૃ. 11

13) એજન. પૃ. 13

14) એજન. પૃ. 29

15) એજન. પૃ. 33

16) એજન. પૃ. 35

17) એજન. પૃ. 62

18) એજન. પૃ. 63

19) એજન. પૃ. 88

20) એજન. પૃ. 77

21) એજન. પૃ. 109

22) એજન. પૃ. 108

23) એજન. પૃ. 122

24) ચૌધરી રઘુવીર, 'એકલવ્ય', આર.આર. શેઠની કંપની, પ્ર.આ. 1967, પૃ. 12

25) એજન. પૃ. 13

26) CREF, Article

27) ચૌધરી રઘુવીર, 'એકલવ્ય', આર.આર. શેઠની કંપની, પ્ર.આ. 1967, પૃ. 19

28) એજન. પૃ. 36

29) એજન. પૃ. 48

30) એજન. પૃ. 52

31) એજન. પૃ. 62

32) એજન. પૃ. 78

33) એજન. પૃ. 73

34) એજન. પૃ. 94

35) એજન. પૃ. 204

36) એજન. પૃ. 205

37) એજન. પૃ. 213

38) એજન. પૃ. 294

39) ગાડીત જયંત, 'આવૃત્ત', પ્ર.આ. 1971, પૃ. 16

40) એજન. પૃ. 22

41) એજન. પૃ. 29

42) એજન. પૃ. 40

43) એજન. પૃ. 41

44) એજન. પૃ. 45

45) એજન. પૃ. 48

46) એજન. પૃ. 51

47) એજન. પૃ. 76

48) એજન. પૃ. 87

49) એજન. પૃ. 95

50) મહેતા ધીરેન્દ્ર, 'વલય', ગૂર્જર પ્રકાશન, પ્ર.આ. 1971, પૃ. 5

51) જોષી સુરેશ, 'વિદ્યા વિનાશને માર્ગે', સંવાદ પ્રકાશન, પુન:મુદ્રણ સપ્ટેમ્બર 2003, પૃ. 38

52) મહેતા ધીરેન્દ્ર, 'વલય', ગૂર્જર પ્રકાશન, પ્ર.આ. 1971, પૃ. 6

53) એજન. પૃ. 9

54) એજન. પૃ. 17

55) એજન. પૃ. 17

56) એજન. પૃ. 18

57) એજન. પૃ. 32

58) એજન. પૃ. 38

59) એજન. પૃ. 16

60) એજન. પૃ. 16

61) એજન. પૃ. 16

62) એજન. પૃ. 16

63) એજન. પૃ. 17

64) એજન. પૃ. 17

65) જોષી રમણલાલ, 'સંસ્કૃતિ સામયિક', જૂન-1979, 'સ્વાધ્યાય અને સમીક્ષા, પૃ. 187

66) ગાડીત જયંત, 'કર્ણ', પ્ર.આ. 1979, પૃ. 88

67) એજન. પૃ. 120

68) એજન. પૃ. 122

69) એજન. પૃ. 127

70) એજન. પૃ. 130

71) એજન. પૃ. 132

72) માહ્યાવંશી મનોજ 'કલાબા', સર્જક-વિવેચક : જયંત ગાડીત, પ્રકાશક પોતે, નવસારી, પ્ર.આ. સપ્ટેમ્બર, 2013, પૃ. 79

73) ગાડીત જયંત, 'કર્ણ', પ્ર.આ. 1979, પૃ. 101

74) એજન. પૃ. 235

75) એજન. પૃ. 95

76) એજન. પૃ. 104

77) એજન. પૃ. 106

78) જોષી વિદ્યુત, 'સરસતી સરસતી તુ મોરી મા', પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ. 1988, પૃ. 24

79) એજન. પૃ. 25

80) એજન. પૃ. 35

81) જોષી સુરેશ, 'વિદ્યા વિનાશને માર્ગે', સંવાદ પ્રકાશન, પુનઃમુદ્રણ સપ્ટેમ્બર 2003, પૃ. 1

82) જોષી વિદ્યુત, 'સરસતી સરસતી તુ મોરી મા', પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ. 1988, પૃ. 49

83) એજન. પૃ. 66

84) એજન. પૃ. 69

85) એજન. પૃ. 72

86) એજન. પૃ. 73

87) એજન. પૃ. 74

88) એજન. પૃ. 89

89) એજન. પૃ. 88

90) જોષી યોગેશ, 'આરપાર', ગૂર્જર પ્રકાશન, પ્ર.આ. 1992, પૃ. 9

91) એજન. પૃ. 39

92) એજન. પૃ. 46

93) એજન. પૃ. 219

94) એજન. પૃ. 220

95) એજન. પૃ. 82

96) પટેલ ખોડાભાઈ, 'કાપલી પગો', ગૂર્જર પ્રકાશન, પ્ર.આ. 1996, પૃ. 2

97) જોષી સુરેશ, 'વિદ્યા વિનાશને માર્ગે', સંવાદ પ્રકાશન, પુન:મુદ્રણ સપ્ટેમ્બર 2003, પૃ. 2

98) પટેલ ખોડાભાઈ, 'કાપલી પગો', ગૂર્જર પ્રકાશન, પ્ર.આ. 1996, પૃ. 5

99) એજન. પૃ. 6

100) એજન. પૃ. 9

101) એજન. પૃ. 10

102) એજન. પૃ. 14

103) એજન. પૃ. 44

104) એજન. પૃ. 51

105) એજન. પૃ. 52

106) એજન. પૃ. 73

107) ધોળકિયા હરેશ, 'અંગદનો પગ', પ્રકાશક પોતે, પ્ર.આ. 2006, પૃ. 6

108) એજન. પૃ. 5

109) એજન. પૃ. 14

110) એજન. પૃ. 6

111) એજન. પૃ. 46

112) એજન. પૃ. 48

113) એજન. પૃ. 70

114) એજન. પૃ. 108

115) જોષી સુરેશ, 'વિદ્યા વિનાશને માર્ગે', સંવાદ પ્રકાશન, પુન:મુદ્રણ સપ્ટેમ્બર 2003, પૃ. 2

116) ધોળકિયા હરેશ, 'અંગદનો પગ', પ્રકાશક પોતે, પ્ર.આ. 2006, પૃ. 114

117) એજન. પૃ. 153

118) એજન. પૃ. 162

119) દવે બકુલ, 'શિક્ષણ જગતને તાકતી એક અનોખી નવલકથા', પૃ. 74

120) શુક્લ શ્રીલાલ, અનુ. દવે હરીન્દ્ર, 'રાગ દરબારી', નેશનલ બુક ટ્રસ્ટ, પ્ર.આ. 1983, પૃ. 27

121) એજન. પૃ. 26, 74, 76

122) એજન. પૃ. 103

123) એજન. પૃ. 103

124) એજન. પૃ. 292

125) 'ગ્રંથ' સામયિક, ચૌધરી રઘુવીર, એપ્રિલ, 1970

126) શુકલ ગિરિરાજ, 'પરિશિષ્ટ', રાજકમલ પ્રકાશન, દ્વિ.આ. 2011, પૃ. 22

127) એજન. પૃ. 83

128) એજન. પૃ. 116

129) એજન. પૃ. 35

130) એજન. પૃ. 35

131) એજન. પૃ. 35

132) એજન. પૃ. 151

133) એજન. પૃ. 157

134) એજન. પૃ. 179

135) એજન. પૃ. 205

136) એજન. પૃ. 204

137) નૈમિશરાય મોહનદાસ, 'મુક્તિપર્વ', અનુરાગ પ્રકાશન, પ્ર.આ. 2002, પૃ. 8

138) એજન. પૃ. 39

139) એજન. પૃ. 43

140) એજન. પૃ. 45

141) એજન. પૃ. 46

142) એજન. પૃ. 51

143) એજન. પૃ. 54

144) એજન. પૃ. 54

145) એજન. પૃ. 58

146) એજન. પૃ. 58

147) એજન. પૃ. 59

148) એજન. પૃ. 61

149) એજન. પૃ. 61

150) એજન. પૃ. 78

151) એજન. પૃ. 122

152) માડગૂળકર વ્યંકટેશ, અનુ. વિદ્વાંસ ગોપાળરાવ, 'બનગરવાડી', વૉરા ઍન્ડ કંપની, પ્ર.આ. 1971, પૃ. 13

153) એજન. પૃ. 14

154) એજન. પૃ. 37

155) એજન. પૃ. 38

156) એજન. પૃ. 65

157) એજન. પૃ. 59

158) એજન. પૃ. 72

159) એજન. પૃ. 88

160) એજન. પૃ. 51

161) એજન. પૃ. 70

162) એજન. પૃ. 73

163) એજન. પૃ. 39

164) એજન. પૃ. 51

165) નેમાડે ભાલચંદ્ર, અનુ. શેઠ ઉષા, 'કોશેટો', નેશનલ બુક ટ્રસ્ટ, પ્ર.આ. 1983, પૃ. 16

166) એજન. પૃ. 17

167) એજન. પૃ. 17

168) એજન. પૃ. 20

169) એજન. પૃ. 39

170) એજન. પૃ. 42

171) એજન. પૃ. 51

172) એજન. પૃ. 148

173) એજન. પૃ. 170

174) મજમુદાર સમરેશ, અનુ. મહેતા ચંદ્રકાંત, 'વસમીવેળા', ગુજરાત સાહિત્ય અકાદમી, પ્ર.આ. 1999, પૃ. 17

175) એજન. પૃ. 45

176) એજન. પૃ. 158

177) જોષી સુરેશ, 'વિદ્યા વિનાશને માર્ગે', સંવાદ પ્રકાશન, પુનઃમુદ્રણ સપ્ટેમ્બર 2003, પૃ. 8

178) મજમુદાર સમરેશ, અનુ. મહેતા ચંદ્રકાંત, 'વસમીવેળા', ગુજરાત સાહિત્ય અકાદમી, પ્ર.આ. 1999, પૃ. 172

179) એજન. પૃ. 172

180) એજન. પૃ. 171

181) એજન. પૃ. 173

182) એજન. પૃ. 193

183) એજન. પૃ. 193

184) એજન. પૃ. 193

185) એજન. પૃ. 176

186) એજન. પૃ. 176

187) મહેતા ભરત, 'ભરત વાક્ય', રાવલ પ્રકાશન, પાટણ, પ્ર.આ. 2003, પૃ. 61

188) મજમુદાર સમરેશ, અનુ. મહેતા ચંદ્રકાંત, 'વસમીવેળા', ગુજરાત સાહિત્ય અકાદમી, પ્ર.આ. 1999, પૃ. 62

189) એજન. પૃ. 103

190) એજન. પૃ. 99

191) એજન. પૃ. 100

192) એજન. પૃ. 101

193) એજન. પૃ. 102

194) એજન. પૃ. 104

195) ભગત ચેતન, અનુ. મહેતા સુધા, 'ફાઈવ પોઈન્ટ સમવન', સત્વ પ્રકાશન, પ્ર.આ. 2007, પૃ. 7

196) એજન. પૃ. 11

197) એજન. પૃ. 12

198) એજન. પૃ. 16

199) એજન. પૃ. 20

200) એજન. પૃ. 21

201) એજન. પૃ. 22

202) એજન. પૃ. 33

203) એજન. પૃ. 42

204) એજન. પૃ. 44

205) જોષી સુરેશ, 'વિદ્યા વિનાશને માર્ગે', સંવાદ પ્રકાશન, પુનઃમુદ્રણ સપ્ટેમ્બર 2003, પૃ. 5

206) ભગત ચેતન, અનુ. મહેતા સુધા, 'ફાઈવ પોઈન્ટ સમવન', સત્વ પ્રકાશન, પ્ર.આ. 2007, પૃ. 17

207) એજન. પૃ. 277

208) એજન. પૃ. 22

209) એજન. પૃ. 22

210) એજન. પૃ. 22

211) એજન. પૃ. 26

212) એજન. પૃ. 48

•

# પ્રકરણ – 4

## • 4. સંદર્ભિત નવલકથાઓનો તુલનાત્મક અભ્યાસ :

તુલના કરવી એ મનુષ્યની સહજ પ્રકૃતિ છે. મનુષ્યને જ્યારથી બુદ્ધિ (Reason) અને કલ્પના (Imagination) મળ્યાં ત્યારથી તેણે વ્યવહાર અને રસલક્ષી ભૂમિકાએ તુલનાવૃત્તિનો સહજ રીતે ઉપયોગ કરવાનું શરૂ કર્યું. પોતાની આ તુલનાવૃત્તિ દ્વારા જ તે જ્ઞાન માહિતીનું આદાન-પ્રદાન અને રસનો ઉપભોગ કરતો આવ્યો છે. આપણે સામાન્ય વ્યવહાર દરમ્યાન પણ તુલના કરતા હોઈએ છીએ. આમ સમગ્ર રીતે જોઈએ તો કોઈ પણ તર્ક કે કલ્પના તુલના વગર અસંભવ છે. હવે જ્યારે સાહિત્યની વાત આવે ત્યારે એમાં પણ આપણે તુલના કરી ઘણુંબધું સમજી શકીએ છીએ. સાહિત્યકારો, તેમની વિચારસૃષ્ટિ, સમયગાળા, પ્રશ્નો, પરિવેશ સંદર્ભે તુલના કરવાથી ચિત્ર વધારે સ્પષ્ટ થાય છે. આ પ્રકરણમાં પસંદ કરેલી ગુજરાતી, હિન્દી, મરાઠી, બંગાળી અને અંગ્રેજી એમ ભારતીય ભાષાઓની નવલકથાઓનો તુલનાત્મક અભ્યાસ કરવાનો ઉપક્રમ છે.

શૈક્ષણિક પરિવેશ ધરાવતી નવલકથામાં વિદ્યાર્થી-કેન્દ્રી નવલકથા, અધ્યાપક-કેન્દ્રી નવલકથા, શૈક્ષણિક સંસ્થા કેન્દ્રમાં હોય તેવી નવલકથા, શૈક્ષણિક સંસ્થાઓના બાહ્ય વાતાવરણને દર્શાવતી નવલકથા, મધ્યમ – દલિતવર્ગના વિદ્યાર્થીના પ્રશ્નો દર્શાવતી નવલકથાની તુલના અહીં કરવામાં આવી છે જે ઉપરોક્ત દર્શાવેલા મુદ્દા અને તેમાં આવેલા કેટલાક પેટામુદ્દાઓને વિગતે સમજીએ:

વિદ્યાર્થી-કેન્દ્રી નવલકથામાં રઘુવીર ચૌધરીની 'એકલવ્ય', જયંત ગાડીતની 'કર્ણ', ભાલચંદ્ર નેમાડેની 'કોશેટો' નવલકથા છે. અહીં ત્રણેય નવલકથામાં

વિદ્યાર્થીજીવન અને અંગત જીવન સાથે ચાલે છે. એમ પણ કહી શકાય કે અંગત જીવનની અસર વિદ્યાર્થી જીવન પર પડેલી જોવા મળે છે. આમ અહીં વ્યક્તિગત પ્રશ્નો અને શૈક્ષણિક સંસ્થામાં જોવા મળતા રાજકારણ, હૉસ્ટેલજીવનની સમસ્યા વચ્ચે, પીસાતા વિદ્યાર્થી કેન્દ્રમાં છે. જ્યારે ચેતન ભગતની 'ફાઈવ પોઈન્ટ સમવન', સમરેશ બાબુની 'વસમીવેળા' અને ગિરિરાજ કિશોરની 'પરિશિષ્ટ' જેવી નવલકથા સજાગ વિદ્યાર્થીને રજૂ કરે છે, જે શૈક્ષણિક પદ્ધતિ, કૅમ્પસ પોલિટિક્સ, આત્મહત્યા, રેગિંગ જેવા વિષયો પર પ્રશ્ન ઉઠાવે છે, તે ક્યારેક તટસ્થ દૃષ્ટિકોણથી દરેક શૈક્ષણિક ઘટનાઓનું અવલોકન કરે છે અને એ રીતે વિદ્યાર્થીની આગવી ભૂમિકા નિભાવે છે. પ્રથમ આપણે જયંત ગાડીતની 'કર્ણ' અને ભાલચંદ્ર નેમાડેની 'કોશેટો' નવલકથાને જોઈએ તો બન્નેમાં અંગતજીવનથી પીડાતા વિદ્યાર્થી સામે તરી આવે છે. જેમના જીવનમાં અનેક સળગતા પ્રશ્નો હોય છે. છતાં શૈક્ષણિક સંસ્થામાં કંઈક કરી છૂટવા પ્રયત્ન કરતા હોય છે. 'કર્ણ' નવલકથાનો નાયક 'હર્ષદ બારોટ' અને 'કોશેટો'નો 'પાંડુરંગ' વિશેષ વ્યક્તિત્વ ધરાવે છે. હર્ષદને નાનપણથી માનો પ્રેમ મળ્યો નથી. જેને મા સમજતો તે હકીકતે તેની માસી છે. મા સાથે કોઈપણ બાળક લાગણીથી જોડાયેલું હોય છે. હર્ષદ બારોટ માની ખોજમાં લાગી જાય છે તો બીજી તરફ મિત્રોના કારણે રાજકારણમાં ઝંપલાવે છે. હડતાલના પ્રશ્નો હોય કે હૉસ્ટેલના પ્રશ્નો હર્ષદ બુદ્ધિમતાથી દરેકનો ઉકેલ લાવે છે. પરંતુ અંતે તેને બધું ગુમાવવું પડે છે, જ્યારે 'કોશેટો'નો પાંડુરંગ પિતાના હાવી વ્યક્તિત્વથી પીડાય છે. તે પણ હૉસ્ટેલના પ્રશ્નો, ઇતરપ્રવૃત્તિથી આગળ આવવા મથે છે, પરંતુ અંતે નિષ્ફળતા સાંપડે છે.

આમ, બન્ને પાત્રમાં એક આગવી વિશેષતા એ છે કે તેમની સામે જે જે પરિસ્થિતિ આવે છે તેનો સામનો તે કરે છે, સંઘર્ષ કરે છે. એ અલગ વાત છે કે અંતે બન્ને કથાના નાયકો પોતાના ક્ષેત્રમાં ચાલ્યા જાય છે. 'હર્ષદ' મિત્ર ગુમાવીને

તો 'પાંડુરંગ' સંસ્થાને છોડી નીકળી પડે છે, કારણ હવે બન્ને પાત્રની અવસ્થા એક હદને વટાવી ચૂકી છે. હવે તે એવા વાતાવરણમાં રહેવા માંગે છે જે જગ્યા સ્પર્ધા કે રાજકારણથી પર હોય. 'કોશેટો'માં પાંડુરંગના અંગત જીવનને તેમજ તેના અનુભવોને વધારે સ્થાન ભાલચંદ્ર નેમાડે આપે છે. જ્યારે જયંત ગાડીત 'કર્ણ'માં વિષયવસ્તુ સીમિત સ્વરૂપે નિરૂપે છે. રઘુવીર ચૌધરી 'એકલવ્ય' નવલકથામાં પણ વિદ્યાર્થીના બાળપણથી યુવાની સુધીની યાત્રા કરાવે છે. અહીં વિદ્યાર્થીનું અંગત જીવન જ એનું શિક્ષણ બની ગયું છે. અંગત જીવનના અનુભવ જ શિક્ષણ વ્યવસ્થામાં ટકી રહેવા ખપમાં લાગી રહ્યા છે. નવલકથાનું પાત્ર 'એકલવ્ય' જંગલમાં રહીને થોડો મોટો થાય છે. 'મને ભણાવ્યો પરિસ્થિતિએ' – એમ સંવાદ બોલતા એકલવ્યના વ્યક્તિત્વનો પરિચય મળે છે. આ વિદ્યાર્થીનું અંગત જીવન વ્યક્તિત્વ ઘડતરમાં આગવું સ્થાન ધરાવે છે. જે શેઠ એને શહેરમાં ભણાવવાની લાલચે લાવ્યા તેમની સામે જ આગળ જઈને એકલવ્યને સંઘર્ષ કરવો પડે છે. પરંતુ અમુક હદ સુધીનો જ સંઘર્ષ કરી એકલવ્ય જંગલમાં પાછો ફરે છે. કારણ જંગલમાં તે પૂર્ણતાને પામી શકે છે. શહેરીજીવનમાં તે શક્ય નથી. આમ કર્ણનો 'હર્ષદ બારોટ' વિદ્યાર્થી હોય, પોતાને અનુકૂળ હોય એવા વાતાવરણમાં રહેવા ગમે તે સ્થાનનો ત્યાગ કરે છે, એ રીતે પાત્રની આગવી વિશેષતા છતી થાય છે.

આત્મહત્યા, શિક્ષણ પદ્ધતિ, રેગિંગ જેવા વિષયોની સામે જે વિદ્યાર્થી પ્રશ્ન કરે છે તેવી નવલકથામાં ચેતન ભગતની 'ફાઈવ પોઈન્ટ સમવન', સમરેશ બાબુની 'વસમીવેળા' અને ગિરિરાજ કિશોરની 'પરિશિષ્ટ' છે. જેમાં વિદ્યાર્થી ક્યારેક રેગિંગનો ભોગ બને છે. તો ક્યારેક રાજકારણનો અને પરિણામ પણ ગંભીર આવે છે. વિદ્યાર્થી આત્મહત્યા કરે છે. 'વસમીવેળા' અને 'ફાઈવ પોઈન્ટ સમવન'માં રેગિંગના મુદ્દાને પ્રારંભમાં જ દર્શાવવામાં આવ્યો છે. 'વસમીવેળા'નો 'અનિમેષ' અને 'ફાઈવ પોઈન્ટ સમવન'ના ત્રણ પાત્ર 'રાયાન, હરિ અને આલોક' રેગિંગનો

ભોગ બને છે. પરંતુ રાયાન રેગિંગ કરનારાઓની મજાક બનાવીને શિકાર થતો બચી જાય છે. આમ, હાલમાં પણ રેગિંગને લઈને ઘણા વિદ્યાર્થી આત્મહત્યા કરવાનું પગલું ભરે છે. આ દૂષણને શૈક્ષણિક વ્યવસ્થાથી નાબૂદ કરવું જરૂરી છે.

આ ત્રણેય નવલકથાઓમાં વિદ્યાર્થીનો અભ્યાસકાળ દર્શાવવામાં આવ્યો છે. વિદ્યાર્થીજીવનવૃત્તાંત જેને કહી શકાય તે દર્શાવ્યો છે. વિદ્યાર્થી શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ કરે છે, ત્યાંથી માંડી શૈક્ષણિક સંસ્થામાંથી નીકળે છે ત્યાં સુધી તેની સાથે જે ઘટના, બનાવ બને છે તેનું તાદૃશ્ય ચિત્ર આ ત્રણેય નવલકથામાં દર્શાવવામાં આવ્યું છે. ‘ફાઈવ પોઈન્ટ સમવન’ અને ‘વસમીવેળા’માં એક સમાન ઘટના બને છે તે વિદ્યાર્થીની આત્મહત્યાની ઘટના છે. વિદ્યાર્થીની જે ઉંમર હોય છે તે ઉંમરમાં તે જે પ્રકારના પ્રશ્નોનો સામનો કરે છે તે અસહ્ય થઈ પડે છે. જેમ કે ‘પરિશિષ્ટ’માં અનુકૂલ જેવા વિદ્યાર્થી દલિત વિદ્યાર્થીના પ્રશ્નો અને અન્ય વિદ્યાર્થી સાથેની તુલનામાં સંઘર્ષોનો સામનો કરે છે તે ‘ફાઈવ પોઈન્ટ સમવન’માં વિદ્યાર્થીને અભ્યાસક્રમ કરે છે તે ફાઈવ અને ક્રિયાત્મકતાની વચ્ચે નમતું જોખવું પડે છે અને સંઘર્ષ કરુણ પરિણામ નિપજાવે છે. ‘વસમીવેળા’માં પણ વિદ્યાર્થી સંસ્થામાં પ્રવેશ કરી રાજકારણમાં જોડાયા છે, તેનું ભાન જ નથી રહેતું. આમ ત્રણેય નવલકથા એક જ પ્રશ્ન કરે છે કે વિદ્યાર્થી શૈક્ષણિક સંસ્થામાં આવીને પોતાનું વ્યક્તિત્વ ખીલવી કેમ નથી શકતો ? આ સંસ્થાઓ વિદ્યાર્થીના નવા પ્રશ્નોને જ જન્મ આપે છે, જેમાંથી નીકળવું વિદ્યાર્થીની કસોટી બની રહે છે. જેમ કે, ક્યારેક રેગિંગ, ક્યારેક રાજકારણ, ક્યારેક અભ્યાસક્રમનું ભારણ, ક્યારેક જ્ઞાતિવાદ વગેરે આવી બધી સમસ્યાઓ જ અભ્યાસકાળ દરમ્યાન રહે છે. વળી તેમાં શિક્ષણનું સ્થાન રહેતું જ નથી !

આ ત્રણેય નવલકથામાં શૈક્ષણિક પરિવેશને સંબંધિત એક અગત્યનો મુદ્દો તુલના કરતી વખતે ધ્યાન ખેંચે છે તે છે હકારાત્મક દૃષ્ટિકોણ, વિદ્યાર્થીમાં જ્યારે

કોઈક પ્રકારનું ટેલેન્ટ હશે ત્યારે જ તેને આવા પ્રશ્નોનો સામનો કરવાનો આવશે. જ્યારે કોઈ પણ વિદ્યાર્થીમાં આગવી પ્રતિભા અને ગુણો હશે ત્યારે જ તેનો સંઘર્ષ શરૂ થાય છે. ‘ફાઈવ પોઈન્ટ સમવન’ નવલકથાનો નાયક ‘રાયાન’ જે શિક્ષણને ચાર દિવાલની બહાર પણ જોઈ શકે છે, તેના અલગ વિચારો શિક્ષકો અને અન્ય વિદ્યાર્થીને ખૂંચે છે. આથી તેનો સંઘર્ષ શરૂ થાય છે અથવા આવા અનેક પ્રશ્નોથી તેને સમસ્યાઓનો સામનો કરવો પડે છે. ‘પરિશિષ્ટ’માં અનુકૂલ જે ગરીબ વિદ્યાર્થી છે અને અન્ય વિદ્યાર્થીની તુલનામાં અંગ્રેજી ભાષામાં નબળો છે, કારણ કૌટુંબિક વાતાવરણ જ જૂદું મળ્યું છે. આથી સંઘર્ષ કરે છે, પણ વિભિન્ન પરિસ્થિતિમાં તટસ્થ બની ઝઝૂમે છે એ જ રીતે ‘વસમીવેળા’માં અનિમેષમાં પોતાનામાં એવા ગુણ છે જેના લીધે તે ફોકસમાં આવી જાય છે. સુપરિટેન્ડેન્ટની ઓફિસમાં છોકરી રાતના સમયે હોય છે તે પરિસ્થિતિને સંભાળવા જાય છે અને તે ષડયંત્રમાં ફસાતો જાય છે, આમ પ્રશ્નો કે સંઘર્ષનો સામનો કરવા માટે ક્યારેક પ્રતિભા તો ક્યારેક પરિસ્થિતિ જવાબદાર હોય છે. વળી જેને આ ઉંમરમાં જ વિદ્યાર્થીની જે ઉંમર હોય છે તે વયમાં જો અનેક પ્રશ્નોનો સામનો કર્યો હોય છે તો તેને તે આગળના જીવનમાં પણ મદદરૂપ થતા હોય છે. વળી આ સમયગાળામાં જે શીખવા મળે છે તે કોઈ યુનિવર્સિટી, સંસ્થા કે કોઈ પુસ્તક શીખવી શકતું નથી. આમ એક રીતે જોઈએ તો વ્યક્તિત્વનો વિકાસ થાય છે એમ કહી શકાય અને એના આધારે નવલકથામાં હકારાત્મક દૃષ્ટિકોણ આપણે જોઈએ છે.

‘આત્મહત્યા’ – વિદ્યાર્થી શૈક્ષણિક કાળમાં સંઘર્ષનો સામનો ન કરી શકતા આ પગલું ભરે છે. સરકારે આત્મહત્યાને ગુનો તો કહ્યો છે. પરંતુ આપણે હવે એ બાબતે જાગૃત થવાનું છે કે વિદ્યાર્થી આત્મહત્યા કરે છે તો કેમ ? તેની પાછળ કયા કારણો હોય છે ? તે જાણીને સમજવાનો પ્રયત્ન કરીશું, તો આ પ્રશ્ન પણ નિરુત્તર રહેશે નહીં. ‘પરિશિષ્ટ’માં ગિરિરાજ કિશોર દર્શાવે છે કે વિદ્યાર્થી ગરીબીના

પ્રશ્નથી તો અન્ય વિદ્યાર્થીઓની હેરાનગતિથી, ક્યારેક પરિણામથી વ્યથિત બની આત્મહત્યા કરે છે. 'ફાઈવ પોઈન્ટ સમવન'માં પણ આત્મહત્યાનું કારણ શિક્ષણનો બોજ છે. વળી જે છોકરામાં સંશોધન કરવાની ક્ષમતા અને ધગશ છે તે પણ આત્મહત્યા કરે છે કારણ તેના કાર્યમાં અભ્યાસક્રમ બાધારૂપ બને છે. આમ જ્યાં સુધી શૈક્ષણિક સંસ્થામાં ઉદ્‌ભવતા નાનામાં નાના પ્રશ્નોનો ઉકેલ નહિ લાવીએ ત્યાં સુધી વિદ્યાર્થીઓના આવા ગંભીર પ્રતિભાવ આપણે જોવા પડશે. શિક્ષક હોય, સહાધ્યાયી હોય કે માતા-પિતા કે અન્ય શૈક્ષણિક સંસ્થા સાથે જોડાયેલ કોઈ પણ વ્યક્તિ જ્યાં સુધી નિષ્ઠાપૂર્વક કાર્ય કરશે નહિ ત્યાં સુધી શૈક્ષણિક સંસ્થાનું સ્તર ઊંચુ આવી શકે નહીં.

વળી આ ત્રણેય નવલકથા એ શીખવે છે કે વિદ્યાર્થીએ લીધેલું કોઈ પણ પગલું માત્ર તેના વ્યક્તિગત કારણોસર હોતું નથી. તેની પાછળ સામાજિક, આર્થિક, કૌટુંબિક કે શૈક્ષણિક પરિસ્થિતિ પણ જવાબદાર હોય છે. આથી દરેક વ્યક્તિ જ્યાં સુધી પોતાની યોગ્ય ભૂમિકા નહિ ભજવે ત્યાં સુધી વિદ્યાર્થીના અનેક પ્રશ્નોનું નિવારણ લાવવું સહેલું નથી. આથી અભ્યાસક્રમની અસર વિદ્યાર્થીઓ પર કેવી થઈ રહી છે, એ વિશે સત્તાધીશોએ સમયાંતરે વિચારવું રહ્યું. વળી આપણી વિચારસરણીમાં પણ કેટલાક અંશે જે પરિવર્તન આવે તો અઘરામાં અઘરા શૈક્ષણિક સંસ્થાના પ્રશ્નોને પણ ઉકેલી શકાય છે. 'ફાઈવ પોઈન્ટ સમવન'નો 'રાયાન', 'વસમીવેળા'નો 'અનિમેષ' અને 'પરિશિષ્ટ'નો અનુકૂલ પણ સંઘર્ષનો સામનો કરી સૂઝબૂઝ કેળવી જીવનમાં આગળ વધે છે. વળી જીવનનું બીજુ નામ જ આગળ વધવું છે એ રીતે આ ત્રણેય નવલકથા અન્ય નવલકથાથી અલગ પડે છે.

અધ્યાપક – શિક્ષક કેન્દ્રમાં છે એવી નવલકથાઓ પ્રમણમાં વધારે છે. જયંત ગાડીતની 'આવૃત્ત', દિલીપ રાણપુરાની 'સૂકી ધરતી સૂકા હોઠ', હરેશ

ધોળકિયાની 'અંગદનો પગ', વ્યંકટેશ માડગૂળકરની 'બનગરવાડી' નવલકથામાં શિક્ષકની આગવી ભૂમિકા જોવા મળે છે. દરેક શિક્ષકના પ્રશ્નો જુદાં જુદાં છે. પ્રતિભાવની શૈલી પણ અલગ છે પરંતુ સજાગ શિક્ષક કેવો હોય તેમજ સૂઝબૂઝ કેળવી કઈ પરિસ્થિતિમાં કેવો નિર્ણય લેવો તે દર્શાવતા આ શિક્ષકો પાત્રને વિશેષતા બક્ષે છે. 'આવૃત્ત' નવલકથાનું પાત્ર 'આવૃત્ત', 'સૂકી ધરતી સૂકા હોઠ'નો 'જયંત ઠાકર' અને બનગરવાડીનો 'રાજારામ', 'અંગદના પગ'નો 'જ્યોતીન્દ્ર શાહ' એવા શિક્ષક છે જેમને શિક્ષણ વ્યવસ્થાની ગુણવત્તા વધારવામાં રસ છે. પરંતુ પરિસ્થિતિ અલગ જ છે. 'આવૃત્ત'ને નોટ્સ લખાવવાની પદ્ધતિ, શિક્ષકોની પરંપરાગત અધ્યાપનશૈલી તેમજ દેખાડો કરવાની વૃત્તિથી સખત અણગમો છે. આથી અન્ય શિક્ષકોથી વેગળો બની જાય એ તો સ્વાભાવિક જ છે, એવી જ રીતે 'જ્યોતીન્દ્ર શાહ'ની કાર્યક્ષમતા, સૂઝબૂઝ 'કિરણ દવે' જેવા અન્ય શિક્ષકોને ખૂંચે છે અને જ્યોતીન્દ્રને પછાડવા ગમે તેવા કાવાદાવા રચાય છે. 'જયંત ઠાકર' અને 'રાજારામ' શિક્ષકની પરિસ્થિતિ જ એવી છે કે જે જગ્યા પર નિમણૂક થાય છે ત્યાં કોઈ શાળા જેવું જ નથી અથવા જો શાળા યોગ્ય જગ્યા એ બનાવે તો કોઈ ભણવા જ તૈયાર નથી. આમ ચારેય નવલકથાના ચારેય શિક્ષકો સામે મોટા પડકાર છે, 'બનગરવાડી'નો રાજારામ શિક્ષણનો તો પ્રારંભ કરે જ છે, સાથે સાથે ગામના લોકોના સામાજિક કામ કરી શિક્ષકની ભૂમિકાને અગત્યની બનાવે છે. જ્યારે 'આવૃત્ત' નવલકથાનો નાયક 'આવૃત્ત' અને 'અંગદનો પગ' નવલકથાનો 'જ્યોતીન્દ્ર શાહ' દરેક પરિસ્થિતિમાં ઝઝૂમે છે. પરંતુ જ્યારે આવૃત્તને રાજીનામું પકડાવામાં આવે છે અને 'જ્યોતીન્દ્ર શાહ' પોતે સંસ્થાથી દૂર થવાનો નિર્ણય લે છે ત્યારે આ પાત્ર પોતાના આગવા વ્યક્તિત્વનો પરિચય કરાવે છે. અહીં સમજાય છે કે કોઈ પણ હોદ્દા કે જગ્યાને છોડી દેવી એ કોઈ હારને નથી સૂચવતું. વ્યક્તિનો આ નિર્ણય તે વ્યક્તિમાં રહેલી ત્રુટીઓને, ખામીઓને નથી દર્શાવતું પરંતુ તેનામાં

રહેલી ક્ષમતાઓને દર્શાવે છે. બન્ને શિક્ષકો (જ્યોતીન્દ્ર શાહ, આવૃત્ત) જો ચાહે તો અન્ય શિક્ષકોના કાવતરા બહાર પાડી શકે પરંતુ તેમને એમાં રસ નથી. વળી શરૂઆતથી જ નમતું જોખીને આ શિક્ષકો સંસ્થાથી દૂર નથી ગયા, પરંતુ બને એટલા પોતાના વિચાર મૂકવા પ્રયત્ન પણ કર્યા છે. પરંતુ સડો સિસ્ટમમાં માથાથી પગ સુધી હોય તો તેવી વ્યવસ્થાથી દૂર રહેવામાં જ સમજદારી સમજે છે. 'સૂકી ધરતી સૂકા હોઠ'નો 'જયંત ઠાકર' બદલી કરાવવા અથાગ પ્રયત્ન કરે છે, પરંતુ વર્ષો પછી બદલી થાય છે તો તેનો અસ્વીકાર કરે છે અને એ રીતે દરેક નવલકથાના નાયક પોતાના વિચારો સાથે જ જીવન જીવે છે, વિપરીત પરિસ્થિતિમાં પણ તેમનો આગવો અભિગમ શિક્ષકોએ લીધેલા નિર્ણયમાં સ્પષ્ટ થાય છે.

આ નવલકથાના શિક્ષકો એક આગવો વિચાર પ્રદાન કરે છે કે દરેક સમયે બધું મેળવવું જ જરૂરી નથી હોતું, ક્યારેક ત્યાગ કરીએ તો પણ સંતોષની અનુભૂતી થાય છે, જે ક્યારેક મેળવી લીધા પછી પણ થતી નથી. આમ ચારેય નવલકથાના પાત્રના અભિગમમાં રહેલું સામ્ય તે નવલકથાઓની તુલના કરવા માટે પ્રેરે છે એમ કહી શકાય.

આમ, શિક્ષકકેન્દ્રી નવલકથાની વિશેષતા એ છે કે આ શિક્ષક જે શૈક્ષણિક વાતાવરણમાં ખોટું થાય છે તેને સાંખી નથી લેતા. વળી સંઘર્ષ વધુ થવાથી કોઈની સાથે ખોટું પણ નથી કરી શકતા. ત્યાંથી જતા રહેવામાં જ યોગ્ય સમજે છે. આ મૌન ઘણુબધું કહી જાય છે. વળી આ શિક્ષકોને નવલકથાકાર ભગવા વસ્ત્રો પહેરીને અલગ જીવન જીવતા નથી બતાવતા પરંતુ એ જ સમાજમાં જીવે છે, જ્યાં તેમના આ ત્યાગ કરવાના નિર્ણયને લઈને અનેક પ્રશ્નો ઉઠશે તો પણ તે શિક્ષક તેમની આગવી ઓળખ બનાવવા સક્ષમ છે.

દલિત વિદ્યાર્થીનાં પ્રશ્નો, ગરીબ વર્ગના વિદ્યાર્થીનાં પ્રશ્નો મોહનદાસ નૈમિષરાયની 'મુક્તિપર્વ' અને 'પરિશિષ્ટ' (ગિરિરાજ કિશોરની) નવલકથામાં જોવા મળે છે. 'મુક્તિપર્વ'માં નાનકડો સુમિત સમાજની કડવી વાસ્તવિકતા ટૂંક સમયમાં જ સમજી જાય છે. જુઓ:

"સુનિતને જબ સે સ્કૂલ જાના શુરુ કીયા ઉસકે ભીતર પ્રૌઢતા ઉછાલ મારને લગી થી. સમાજ કે યથાર્થ ઔર કિતાબોં કે પન્નોં પર છપે ચિત્રો મેં વિરોધાભાસ થા ! જો ઉસને બહુત જલ્દ જાન લીયા થા. ઉસકી આઁખે કભી કિતાબ પર હોતી તો કભી સમાજ પર."

'મુક્તિપર્વ'નો 'સુનિત' વિદ્યાર્થી દલિત હોવાને કારણે અન્ય વિદ્યાર્થી દ્વારા મજાકનો પણ ભોગ બને છે, ક્યારેક શિક્ષકો દ્વારા પણ તરછોડાયેલો સુનિત શાંતચિત્તે પરિસ્થિતિનો સામનો કરે છે અને શિક્ષક બનીને દલિત વિદ્યાર્થીના પ્રશ્નો ઉકેલવા સક્ષમ બને છે એ રીતે હકારાત્મક દૃષ્ટિકોણ કોઈ પણ પરિસ્થિતિમાંથી નીકળવાનું એક સબળ / સક્ષમ હથિયાર સાબિત થાય છે. 'પરિશિષ્ટ'નો 'અનુકૂલ' પણ અન્ય વિદ્યાર્થી દ્વારા અંગ્રેજી ભાષાને લઈને તો ક્યારેક ગરીબીને લઈને મજાકનું કારણ બને છે, પરંતુ તટસ્થભાવે પડકારને ઝીલીને શૈક્ષણિક સંસ્થાના કાર્યકાળને પૂરો કરે છે.

શૈક્ષણિક સંસ્થા જ આખી નવલકથાના કેન્દ્રમાં હોય તેવી નવલકથામાં 'વિદ્યુત જોષી'ની 'સરસતી સરસતી તું મોરી મા', શ્રીલાલ શુક્લની 'રાગ દરબારી' તેમજ ખોડભાઈ પટેલની 'કાપલી પગો' નવલકથા છે. જેમાં શૈક્ષણિક પરિવેશ સઘનરૂપે નિરૂપાયો છે. શીર્ષક જ નવલકથાના વિષયવસ્તુને ઉજાગર કરે છે. 'સરસતી સરસતી તું મોરી મા' નવલકથામાં વિદ્યુત જોષી જિતપુરની પ્રજા જે શાસન હેઠળ જીવે છે તેની લોકશાહી દર્શાવી છે, તો 'રાગ દરબારી'માં

શિવપાલગંજ ગામમાં જ્યાં દરબારીઓનો જ રાગ ચાલે છે એ ચિત્રને સ્પષ્ટ કર્યું છે. શૈક્ષણિક સંસ્થાઓ સત્તાધીશોનું જાણે એક હથિયાર છે, તેને જ્યારે જ્યાં વાપરવું હોય ત્યાં એ હથિયાર વાપરે છે, પૈસા કમાવવા, પોતાની સત્તા દર્શાવવા, મોભા માટે તો ક્યારેક રાજકારણ સ્વરૂપે શૈક્ષણિક સંસ્થાઓનો ભોગ લેવાય છે. જિતપુરમાં અનિલ બરછાઈ અને સતુભા પોતાના અંગત હેતુને સિદ્ધ કરવા શૈક્ષણિક સંસ્થા ખોલી છે, એવી જ રીતે શિવપાલગંજ ગામમાં વૈદ્ય કૉલેજ ખોલી પોતાના હેતુઓને જ સિદ્ધ કરે છે. બન્ને નવલકથામાં રાજકારણ દર્શાવ્યું છે. પડદા પાછળનું ચિત્ર ‘સરસતી સરસતી તું મોરી મા’ નવલકથામાં વિશેષ ઊભરી આવે છે. અહીં સંસ્થા ખુલે છે ત્યારે તેમાં કેવી રીતે શિક્ષકોની ભરતી થાય છે ? મકાનનું બાંધકામ, શૈક્ષણિક પદ્ધતિ, દરેક તબક્કે રાજકારણની ભૂમિકા દર્શાવવામાં લેખક સફળ નીવડ્યા છે. ‘રાગ દરબારી’માં ગામડાનું વર્ણન, કોર્ટ-કચેરીના સંવાદો અને વૈદ્યનું વ્યક્તિત્વ આલેખાયું છે. જેમાંથી આપણને તાગ મળે છે કે ગામડામાં કોનું ચાલે છે. વૈદ્યજી કૉલેજમાં કેવું વાતાવરણ ઇચ્છે છે. તેમજ કોર્ટ-કચેરીઓમાં પણ કેવી ઓળખાણ કામ લાગે છે વગેરે. બન્ને નવલકથામાં હકારાત્મક સૂર પણ છે. ગમે તેવા વાતાવરણ – પરિસ્થિતિમાં પણ અલગ વ્યક્તિત્વ ધરાવતા પાત્રો ઊભરી આવ્યા છે. ‘રાગ દરબારી’ નવલકથામાં ખન્ના અને માલવીય અને ‘સરસતી સરસતી તું મોરી મા’ નવલકથામાં નવરચના સમીતિના સભ્યો શૈક્ષણિક સંસ્થામાં ચાલતા અનૈતિક કાર્યોનો વિરોધ કરી સંઘર્ષ કરતા દર્શાવ્યા છે. વળી, સંઘર્ષ બન્ને નવલકથાના પાત્રો માટે અસહ્ય બને છે. ‘રાગ દરબારી’ નવલકથામાં અન્યાય સામે સંઘર્ષ કરનારનો પરાજય દર્શાવ્યો છે કારણ કે ખન્ના અને માલવીયને રાજીનામું આપવું પડે છે. પરંતુ પરિસ્થિતિનો વિરોધ દર્શાવીને એક રીતે આ શિક્ષક વિજયી બન્યા છે તો વિદ્યુત જોષીની નવલકથામાં નવરચના સમીતિના સભ્યો શૈક્ષણિક સંસ્થાના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં સફળ નીવડે છે.

આમ શૈક્ષણિક સંસ્થાઓમાં અનેક ગેરરીતિઓ પણ ચાલે છે, તેના ભાગરૂપે 'કાપલી પગો' નવલકથા છે. આવી ગેરરીતિઓ ઉપરની નવલકથાઓ જોઈ એ પ્રમાણે ક્યારેક સત્તાના જોરે ચાલતી હોય છે તો ક્યારેક વિદ્યાર્થીઓને પૂરું પાડવામાં આવતું શૈક્ષણિક વાતાવરણ તેની માટે જવાબદાર હોય છે. હાસ્ય નવલકથા હોવા છતાં ખોડભાઈ પટેલ 'કાપલી પગો' નવલકથામાં વિદ્યાર્થીની પરિસ્થિતિ, વાલીઓની મૂંઝવણ, શૈક્ષણિક સંસ્થામાં કાર્યરત સભ્યો, સત્તાધીશોના વ્યક્તિત્વ વગેરે દર્શાવવામાં સફળ રહ્યા છે.

આમ ત્રણેય નવલકથામાં શૈક્ષણિક સંસ્થાના અનેક પ્રશ્નોને વાચક સમક્ષ સહજ રીતે રજૂ થયા છે અને મહદ્અંશે લેખકે પ્રશ્નોના ઉત્તર આપીને વિશેષ વ્યક્તિત્વના ઉદાહરણ પણ પૂરાં પાડ્યાં છે.

કનૈયાલાલ મુનશીની 'સ્વપ્નદૃષ્ટા' અને ધીરેન્દ્ર મહેતાની 'વલય' સમયગાળાની દૃષ્ટિએ અલગ અલગ છે પરંતુ યુવાપાત્રોના વિચારો, લાગણીઓ બન્ને નવલકથાના કેન્દ્રમાં છે. 'સ્વપ્નદૃષ્ટા' અને 'વલય' બન્ને નવલકથાનો વિષય શૈક્ષણિક નથી, પરંતુ 'સ્વપ્નદૃષ્ટા' રાજકીય નવલકથા અને 'વલય'ને સર્જકના શબ્દમાં કહીએ તો દર્દ-વિષાદનું વલય બની રહે છે. પરંતુ આ નવલકથામાં શૈક્ષણિક મુદ્દાઓ જોવા મળે છે. જેને બન્ને નવલકથાકાર જુદી જુદી રીતે રજૂ કરે છે. સૌપ્રથમ 'સ્વપ્નદૃષ્ટા' નવલકથા જોઈએ તો સમજાય છે સુદર્શન એક એવા યુવાનેતાની વાર્તા છે જે દેશને આઝાદ કરવા માતૃભૂમિ માટે મરી જવા તૈયાર છે, જે સંસ્કાર તેનામાં નાનપણથી જ જોવા મળે છે. પરંતુ તેનું ભાન કૉલેજમાં આવ્યા પછી થાય છે. મીકલેટનો 'ફ્રેન્ચ વિપ્લવ' ને બૈકોક્ટનો 'યુનાઈટેડ સ્ટેટસનો ઇતિહાસ' ગીઝોનું 'ઈંગ્લિશ વિપ્લવ' વગેરે પુસ્તકોના સંપર્કમાં આવ્યા પછી સુદર્શન આ દિશા તરફ આગળ વધે છે. આમ, આઝાદી પૂર્વેના યુવાનોના વિચારો હોવાથી નવલકથાનું નામ પણ 'સ્વપ્નદૃષ્ટા' રાખ્યું છે, જે સ્વપ્ન જુએ છે. સજાગ

વિદ્યાર્થી સુદર્શન અને અન્ય મિત્રો અધ્યાપકના સંપર્કમાં આવે છે અને તેનું વ્યક્તિત્વ ઘડાય છે. લેખક રાજકારણના કાવાદાવાનો અહીં વધુ ખપમાં લે છે. યુવાઓ કંઈક કરવાની ઘેલછામાં ક્યારેક એવું પગલું ભરી દે છે જે તેમને ભવિષ્યમાં મુશ્કેલીમાં મૂકી દે છે. વળી સમયાંતરે દરેક યુવાઓની પરિસ્થિતિ અને વિચારણા પણ બદલાતા રહે છે. સુદર્શન સાથે પણ કંઈક આવું બને છે. માતૃભૂમિને બચાવવા તેના મિત્રો સમયાંતરે સાથ નથી આપી શકતા અને પોતાના જીવનમાં પરોવાય છે. પરંતુ સુદર્શન એક એવો વિદ્યાર્થી છે જે અંત સુધી પોતાની વિકટ પરિસ્થિતિ સામે ઝઝૂમે છે. અધ્યાપકની છબી, મિત્રોની સંગત, યુવાનોના સ્વપ્ન વગેરે જેવા શૈક્ષણિક મુદ્દાઓનો શૈક્ષણિક પરિવેશમાં સમાવેશ થાય છે. બાકી નવલકથાનો મોટો ભાગ સ્વતંત્રતા પહેલાના યુવકોના વિચાર, સ્વપ્નનું આલેખન કરે છે. લેખક નવલકથાની પ્રસ્તાવનામાં કહે છે કે, “વ્યવસ્થાપ્રીતિ કેળવનાર સામ્રાજ્યવાદી અને વિકલ્પ ઇચ્છનાર રાષ્ટ્રભક્ત બંનેની માનવતા જેટલી કલાની દ્રષ્ટિએ આકર્ષક છે તેટલી જ જનસ્વભાવના અભ્યાસની દ્રષ્ટિએ ઉપયોગી છે.”

ધીરેન્દ્ર મહેતાની ‘વલય’માં યુવાહૈયાના સંબંધોની આંટીઘૂંટી છે. પાત્રો કૉલેજમાં અભ્યાસ કરતા હોવાથી શૈક્ષણિક પરિવેશ રજૂ થયો છે. હૉસ્ટેલજીવન, યુવાઓના કાવતરા, મિત્રોની સંગત વગેરે જેવા કેટલાક શૈક્ષણિક મુદ્દા છૂટાંછવાયા છે. પરંતુ મોટાભાગે નવલકથામાં જુદી જુદી પરિસ્થિતિ અને લાગણી બન્નેનું વર્ણન એક સાથે કરે છે. આમ વ્યક્તિગત છબી ઉપસાવવાનો અહીં પ્રયાસ છે. પરંતુ યુવાઓ દ્વારા થતી છેડતી જે દૂષણ સમાન છે તેની પણ લેખકે નોંધ લીધી છે. બાકી અહીં મોટાભાગનું આલેખન સંબંધોનું વર્તુળ રચી જાય છે.

આમ બન્ને નવલકથાના વિષયો શિક્ષણથી તદ્દન ભિન્ન હોવા છતાં જે કેટલાક પાત્ર અને પરિસ્થિતિ દર્શાવ્યા છે તે શૈક્ષણિક સંસ્થાની છબી દર્શાવવા મદદરૂપ

થાય છે. વાસ્તવિક લાગે છે. એવી જ રીતે 'આરપાર'માં યોગેશ જોષી શૈક્ષણિક સંસ્થાના બાહ્ય વાતાવરણને દર્શાવી યુવાઓની રહેણી-કરણી અને વિચારશૈલી દર્શાવે છે.

આમ, આ નવલકથાઓમાં શૈક્ષણિક પરિવેશના અગત્યના મુદ્દા જેવા કે 'આત્મહત્યા', 'શૈક્ષણિક પદ્ધતિ', 'કાર્યપ્રણાલી', 'શિક્ષક-અધ્યાપક અને વિદ્યાર્થીની ભૂમિકા' વગેરે વાચકનું ધ્યાન ખેંચ્યા વગર રહી શકતા નથી. નવલકથાઓની તુલના કરતા સમજાય છે કે શૈક્ષણિક સંસ્થા એક એવું માધ્યમ છે જ્યાં દરેક કાર્ય કરતા પાત્રની અગત્યની ભૂમિકા હોય છે. નિષ્ઠાથી કાર્ય કરનારાઓ પણ હોય છે અને અનુભવને ખપમાં લઈને કાર્ય પણ કેટલાક લોકો કરતા હોય છે. પરંતુ કંઈક આગવી વિચારસરણી ધરાવતા વ્યક્તિત્વ અન્યોથી અલગ ચોક્કસ પડે છે. અભ્યાસમાં આવરી લીધેલી મોટાભાગની નવલકથા આ વ્યક્તિવિશેષને રજૂ કરવામાં સફળ રહી છે. શૈક્ષણિક સંસ્થા અને બાહ્ય વાતાવરણને દર્શાવતી નવલકથામાં પણ શૈક્ષણિક પરિવેશ છે એમ કહી શકાય.

શિક્ષણજગતમાં પ્રવેશેલાં કેટલાંક દૂષણોને વાસ્તવની ભોંય પરથી આલેખતી નવલકથાઓ 'સૂકી ધરતી સૂકા હોઠ', 'આવૃત્ત', 'સરસતી સરસતી તું મોરી મા', 'રાગ દરબારી', 'પરિશિષ્ટ', 'બનગરવાડી', 'કોશેટો', 'વસમીવેળા', 'ફાઈવ પોઈન્ટ સમવન' વગેરે વાસ્તવની નક્કર ભોંય પરથી વર્ણવતી કૃતિ તરીકે ઉલ્લેખનીય છે. આ બધી નવલકથાઓ એના વસ્તુને લીધે અને સાહિત્યિક ગુણવત્તા ધરાવતી હોવાથી આજે પણ પ્રસ્તુત છે.

•

# પ્રકરણ – 5

## • ઉપસંહાર :

સાહિત્યમાં નવલકથા કે કોઈ પણ ગદ્ય સ્વરૂપનું બંધારણ પાત્ર, સંવાદ, ભાષા, ઘટના, જીવનદર્શન, વસ્તુસંકલના, રચનારીતિ, પરિવેશથી રચાય છે. આ ઘટકોમાંનું એક ઘટક 'પરિવેશ' પણ નવલકથામાં અગત્યનું સ્થાન ધરાવે છે. 'આધુનિક સાહિત્ય સંજ્ઞા કોષ'માં પરિવેશ માટે 'Setting', 'Mileu' જેવી સંજ્ઞા વપરાય છે. જેનો અર્થ 'ઘેરાવો', 'ગોઠવણ' થાય છે. નવલકથા સ્વરૂપમાં જુદાં જુદાં પરિવેશ જેવા કે સામાજિક પરિવેશ, પ્રાકૃતિક પરિવેશ, ભૌગોલિક પરિવેશ, રાજકીય પરિવેશ, દલિત પરિવેશ વગેરેનું નિરૂપણ જોવા મળે છે. એ જ રીતે શૈક્ષણિક પરિવેશ ધરાવતી નવલકથાઓ પણ ભારતીય સાહિત્યમાં જોવા મળે છે.

શૈક્ષણિક પરિવેશ અન્ય પરિવેશથી તદ્દન ભિન્ન છે. જ્યારે આપણે પ્રાકૃતિક પરિવેશની વાત કરીએ તો ઝાડ, ફૂલ, પાંદડાં, પવન, નદી, સૂર્ય, ચંદ્ર વગેરે જેવા ઘટકોનો સમાવેશ થાય છે. દલિત પરિવેશની વાત કરીએ તો દલિત વર્ગના વ્યક્તિવિશેષ, તેમનું જીવન, રહેણી-કરણી, બોલી-વ્યવસાય તેમના પ્રશ્નો વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે આપણે 'શૈક્ષણિક પરિવેશ' એવો શબ્દ પ્રયોજીએ છીએ ત્યારે તેના ઘટક અન્ય ઘટકોથી ભિન્ન છે. શિક્ષણ સાથે જોડાયેલી તમામ વ્યક્તિઓ (વિદ્યાર્થી, શિક્ષક, આચાર્ય, સંચાલક, વાલીગણ, પટાવાળા, સરકાર, ટ્રસ્ટી, સમાજના હોદ્દેદાર, રાજકારણી, કારકૂન, રજીસ્ટ્રાર, ડીન, એકેડેમિક સ્ટાફ, ઈન્સ્પેક્શન, ઓફિસર વગેરે) તેમજ શિક્ષણ વ્યવસ્થા, શૈક્ષણિક વાતાવરણ, સંસ્થામાં બનતી ઘટના, પરિસ્થિતિ, બાબતો અગત્યની હોય છે અથવા કેન્દ્રમાં હોય છે તેમ કહી શકાય.

શૈક્ષણિક પરિવેશનો વિગતે અભ્યાસ કરતા પહેલા શિક્ષણના સ્વરૂપનો પરિચય જરૂરી છે. અતીતથી માંડી સાંપ્રતમાં શિક્ષણના સ્વરૂપમાં બદલાવ જોવા મળે છે. જેમ કે શૈક્ષણિક સંસ્થાનું બંધારણ, શિક્ષણને લગતા નિયમો, વિવિધ વિષયો, શૈક્ષણિક પદ્ધતિ વગેરેમાં સમયાંતરે બદલાવ જોવા મળે છે. વૈદિકકાળથી શિક્ષણની શરૂઆત જોવા મળે છે, જેના કોઈ ચોક્કસ પુરાવા મળતા નથી. ગુરુ-શિષ્યનો સંબંધ, વેદનું જ્ઞાન, સમૂહમાં શિક્ષણ વગેરે અગત્યનું હતું, ત્યારબાદ બૌધ્ધના સમયગાળામાં કોગનેટિવ ડેવલપમેન્ટ પર ભાર મુકવામાં આવ્યો. વિવિધ કમિશનો અસ્તિત્વમાં આવ્યા અને શૈક્ષણિક સંસ્થામાં પરિવર્તન આવ્યું.

ઇન્ડિયન એજ્યુકેશન કમિશન, ઇન્ડિયન યુનિવર્સિટી કમિશન, સેડલર કમિશન, યુનિવર્સિટી એજ્યુકેશન કમિશન, કોઠારી કમિશન વગેરેથી સ્ત્રી શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ, શૈક્ષણિક સંસ્થાની કાર્યપ્રણાલી, આર્થિક પરિસ્થિતિ સંદર્ભે બદલાવ જોવા મળ્યો. ગુરુકુળ પદ્ધતિમાં જોવા મળતાં નૈતિક મૂલ્યોનો અભાવ સમયાંતરે જરૂર જોવા મળે છે.

પ્રાંતિયથી વૈશ્વિક સ્તરે શિક્ષણનો નોંધપાત્ર વિકાસ જોવા મળે છે. ગુજરાત લેવલ પર GCERT (Gujarat Council of Institute of Education and Training), GSERB વગેરે સંસ્થા કાર્યરત છે. સર્વશિક્ષા અભિયાન પણ ગુજરાત સ્તરે શૈક્ષણિક જાગૃતિનું ભગીરથ કાર્ય કરે છે. રાષ્ટ્રીય સ્તરે યુ.જી.સી., સર્વ શિક્ષા અભિયાન, AICTE (All India Council For Technical Education) વગેરે જેવી અનેક સંસ્થાઓએ શિક્ષણનો વ્યાપ વધાર્યો છે. વિશ્વસ્તર પર 'Jaipur Rugs Foundation', 'UNESCO', 'Bucks Institute of Education' વગેરે જેવી સંસ્થા શિક્ષણની ગુણવત્તા પર ભાર આપી શૈક્ષણિક જાગૃતિનું ભગીરથ કાર્ય કરે છે. આમ પ્રાંતિયથી વૈશ્વિક સ્તરે શિક્ષણનો ફેલાવો થયો છે. શૈક્ષણિક જાગૃતિ પણ જોવા મળે છે. પરંતુ બેકારી જેવા પ્રશ્નોનો સામનો આજે પણ વિદ્યાર્થીઓ કરે છે. વળી હાયર એજ્યુકેશન માટે પણ

ફીના સંદર્ભે વિદ્યાર્થીઓને મુશ્કેલી વેઠવી પડે છે. આમ શિક્ષણ વ્યવસ્થામાં આ પ્રશ્નોનો નિકાલ કરવો અનિવાર્ય છે.

શૈક્ષણિક પરિવેશ ધરાવતી રઘુવીર ચૌધરીની ‘એકલવ્ય’, જયંત ગાડીતની ‘કર્ણ’, ભાલચંદ્ર નેમાડેની ‘કોશેટો’ નવલકથા વિદ્યાર્થીકેન્દ્રી છે. જેમાં વિદ્યાર્થીજીવન અને અંગતજીવન સાથે ચાલે છે. ગિરિરાજ કિશોરની ‘પરિશિષ્ટ’, ચેતન ભગતની ‘ફાઈવ પોઈન્ટ સમવન’, સમરેશ બાબુની ‘વસમીવેળા’માં પણ વિદ્યાર્થીના પ્રશ્નો, મૂંઝવણ, શૈક્ષણિક વાતાવરણ, રાજકારણ કેમ્પસ પોલિટિક્સ જેવા મુદ્દાઓ અગત્યના બન્યા છે. મોહનદાસ નૈમિશરાયની ‘મુક્તિપર્વ’માં દલિત વિદ્યાર્થીના પ્રશ્નો રજૂ થાય છે. તો વળી જયંત ગાડીતની ‘આવૃત્ત’, વ્યંકટેશ માડગૂળકરની ‘બનગરવાડી’, દિલીપ રાણપુરાની ‘સૂકી ધરતી સૂકા હોઠ’ તેમજ હરેશ ધોળકીયાની ‘અંગદનો પગ’ નવલકથા અધ્યાપકના પ્રશ્નો, અધ્યાપકની ભૂમિકા, અધ્યાપકની વ્યક્તિગત અને પ્રોફેશનલ લાઈફ તેમજ સંઘર્ષને રજૂ કરે છે. શૈક્ષણિક સંસ્થાનું ચિત્ર વિદ્યુત જોષીની ‘સરસતી સરસતી તું મોરી મા’, શ્રીલાલ શુક્લની ‘રાગ દરબારી’ તેમજ ખોડભાઈ પટેલની ‘કાપલી પગો’ નવલકથામાં જોવા મળે છે. આ નવલકથામાં એક આખી શૈક્ષણિક વ્યવસ્થા ઊભી કેવી રીતે થાય છે અને તેનું સંચાલન કેવી રીતે થાય છે તેનું વર્ણન આબેહૂબ રીતે કરેલું જોવા મળે છે. ધીરેન્દ્ર મહેતાની ‘વલય’, યોગેશ જોષીની ‘આરપાર’ તેમજ કનૈયાલાલ મુનશીની ‘સ્વપ્નદૃષ્ટા’માં યુવા વિદ્યાર્થીવર્ગ તેમજ તેમની વિચારસરણી, સ્વપ્ન કેન્દ્રસ્થાને છે. આમ આ બધી નવલકથામાં શૈક્ષણિક પરિવેશના જુદાં જુદાં ઘટકો વિભિન્ન રીતે આલેખાયા છે. આ બધી જ નવલકથાને વાંચતા જીવનના વિવિધ રંગોનો પરિચય થાય છે. જુદી જુદી પરિસ્થિતિના જુદાં જુદાં પ્રતિભાવ અને જુદાં જુદાં પરિણામ જોવા મળે છે. હાસ્યનો રંગ, સંઘર્ષનો

જંગ, વિચારોની પરિપક્વતા, હકારાત્મક સૂર, કઠોર વાસ્તવિકતા જેવા મુદ્દાઓથી માનસઘડતર થાય છે.

શૈક્ષણિક સંસ્થાઓમાં સળગતો પ્રશ્ન છે આત્મહત્યા, ગિરિરાજ કિશોરની ‘પરિશિષ્ટ’ તેમજ ‘ચેતન ભગત’ની ‘ફાઈવ પોઈન્ટ સમવન’ નવલકથાના પાત્રો ક્યારેક શિક્ષણના ભારથી તો ક્યારેક આર્થિક પરિસ્થિતિની સામે હાર માની આત્મહત્યા કરે છે. ‘ફાઈવ પોઈન્ટ સમવન’નો ‘રાયાન’ શૈક્ષણિક પદ્ધતિ પર પણ પ્રશ્નો ઉઠાવે છે, જેમાં વિદ્યાર્થીઓ માર્ક્સ અને વિષયને કારણે સતત દબાણ હેઠળ જીવે છે. ક્યાંય મુક્ત વાતાવરણ નથી. આમ ‘પરિશિષ્ટ’માં આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓની મુશ્કેલી અને કરુણ પરિણામને દર્શાવવામાં આવ્યા છે. આજે પણ વિદ્યાર્થી આ સમસ્યાનો સામનો કરી રહ્યો છે.

અહીં બેરોજગારીનો પ્રશ્ન પણ છે. ઉચ્ચ શિક્ષણ મેળવ્યા પછી પણ વિદ્યાર્થીઓ રોજગારી મેળવવા માટે ફેસ કરતા હોય છે. દિલીપ રાણપુરાકૃત ‘સૂકી ધરતી સૂકા હોઠ’, સમરેશ બાબુની ‘વસમીવેળા’ વગેરે નવલકથાઓમાં આ પ્રશ્ન ઉઠાવ્યો છે અને એ સંદર્ભે શૈક્ષણિક સંસ્થા અને સરકાર વચ્ચે સંવાદ થવો જરૂરી છે અને સમસ્યાનું નિવારણ શૈક્ષણિક પદ્ધતિ, પ્રવેશ પ્રક્રિયામાં પરિવર્તન લાવીને પણ થઈ શકે છે.

‘કેમ્પસ પોલિટિક્સ’ આજે પણ શૈક્ષણિક સંસ્થાઓનું દૂષણ છે. જયંત ગાડીતની ‘કર્ણ’, સમરેશ બાબુની ‘વસમીવેળા’ વગેરેમાં રાજકીય પક્ષોની શિક્ષણમાં દરમ્યાનગીરી બતાવવામાં આવી છે તો કનૈયાલાલ મુનશીની ‘સ્વપ્નદૃષ્ટા’ નવલકથામાં સર્જકનો રાજકીય દૃષ્ટિકોણ વધારે જોવા મળે છે.

શૈક્ષણિક સંસ્થાઓનું ખાનગીકરણ છેલ્લા બે દાયકાઓથી થયેલું જોવા મળે છે. આ મુદ્દાને કેન્દ્રમાં રાખીને હજુ સુધી એક પણ નવલકથા મળતી નથી !!! શૈક્ષણિક પરિવેશ ધરાવતી નવલકથામાં આ મુદ્દો ભવિષ્યમાં ચર્ચાને પાત્ર બને તે

જરૂરી છે, કારણ કે શિક્ષણની ગુણવત્તાને અગત્યતા આપે તેવી સંસ્થાઓ હોવી જરૂરી છે. આજે શિક્ષણક્ષેત્ર મૂલ્યહીનતા, અનૈતિકતા, ભ્રષ્ટાચાર, રાજકારણથી ખદબદી રહ્યું છે ત્યારે અહીં ચર્ચા કરવા ધારેલી નવલકથાઓના નાયકો સમાજને, ભાવિ પેઢીને માટે કૈંક આવો સકારાત્મક વ્યંગ્યાર્થ પ્રગટાવે છે: આચાર્ય, સંચાલક મંડળ, સત્તાધીશો કે રાજકારણીઓને પ્રસન્ન કરવાને બદલે નિષ્ઠા અને નૈતિકતાથી શિક્ષણકાર્ય કરવું, પોતાને 'ટકવા' માટે નૈતિક મૂલ્યો સાથે, શૈક્ષણિક મૂલ્યો સાથે બાંધછોડ ન કરવી. પોતાની વૈયક્તિકતા ને વિચારસંપત્તિને ટકાવી રાખીને વિદ્યાર્થીઓના હિતમાં પ્રયોજતા રહેવું. વર્ગમાં વિદ્યાર્થીને ચેતનવંતો બનાવવા માટે, વિદ્યાર્થીઓના અધીતને વધારવા માટે નોટ્સ લખાવવાને બદલે વ્યાખ્યાન કરવા, વિશ્લેષણ કરવું, વિદ્યાર્થીઓની સાથે સંવાદ કરવો, જ્ઞાતિવાદ, વર્ગવાદ-વર્ણવાદથી પર રહીને વિદ્યાર્થીને કેવળ્ વિદ્યાર્થી જ સમજીને તેમનો સર્વાંગી વિકાસ સાધવો.

શૈક્ષણિક પરિવેશ ધરાવતી નવલકથાના પાત્રો આદર્શના પૂતળા નથી બનતા પરંતુ ગમે તે પરિસ્થિતિનો સામનો કરે છે. ક્યારેક સિસ્ટમમાં રહીને તો ક્યારેક સિસ્ટમથી વેગળા રહીને પણ શૈક્ષણિક કાર્ય કરે છે. જીવાતા જીવન સાથે આ વિગતો જોડીએ તો સમજી શકાય કે ભૌતિક સુખસગવડ વ્યક્તિને મળે કે ન મળે પરંતુ કંઈક કર્યાનો આનંદ આવા વિશેષ વ્યક્તિત્વ ધરાવતી પ્રતિભાને અવશ્ય થાય છે. જેને શિક્ષણે આપેલી અનમોલ ભેટ સમાન જ માનવી રહી.

વિદ્યુત જોષીની 'સરસતી સરસતી તું મોરી મા' કળાકીય ધોરણે સૌથી ઉત્તમ નવલકથા કહી શકાય. તેના પાત્રોને વાસ્તવિક ભૂમિ પર રાખીને સર્જક શૈક્ષણિક વાતાવરણને ઉપસાવવાનો પ્રયત્ન કરે છે. ભાષા શૈક્ષણિક પરિવેશને ઉપસાવવા માટે ઉપકારક છે. નવલકથામાં જે ઘટના અને બનાવ બને છે તે વાચકને ક્યાંય અરૂચિકર નથી લાગતા. કોઈ એક સંસ્થાનું નિર્માણ કેવી રીતે થાય છે, સંસ્થા

બન્યા પછી અધ્યાપકોની નિમણૂક પાછળનું રાજકારણ, વિદ્યાર્થી વચ્ચેના મતભેદો, અધ્યાપકો વચ્ચેના વિચારભેદ તેમજ આખી શૈક્ષણિક સંસ્થાનું વ્યવસ્થાપન વગેરે સંબંધિત પ્રશ્નો સાહજિક રીતે ગૂંથાયા છે. ટૂંકમાં, એમ કહી શકાય કે પડદા પાછળનું ચિત્ર વિદ્યુત જોષી આ નવલકથામાં ખુબ જ સુંદર રીતે દર્શાવી શક્યા છે. કોઈ પણ અધ્યાપક કે આચાર્યની નિમણૂક થાય છે તો તે તેમની શૈક્ષણિક અભિયોગ્યતાને આધારે નહીં પરંતુ આ વ્યક્તિ આપણે કહીશું એમ કામ કરશે કે નહીં એવા સ્વૈચ્છિક માપદંડોને આધારે શૈક્ષણિક સંસ્થાનું સંચાલન થતું હોય છે. પરંતુ હજી પણ કેટલાક મૂલ્યો શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં જીવંત છે, જેના આધારે શૈક્ષણિક સંસ્થાઓ આજે પણ ધબકી રહી છે, એવો સકારાત્મક સૂર નવલકથાને એક જુદા જ પરિણામ પર મૂકી દે છે.

આ મહાશોધનિબંધની નવલકથાઓમાં શૈક્ષણિક પરિવેશને આવરી લેતા દરેક મુદ્દા જોવા મળે છે. શૈક્ષણિક સંસ્થાઓનું દિવસે ને દિવસે થઈ રહેલું ખાનગીકરણ નવલકથાઓમાં સ્થાન પામ્યું નથી !!

અભ્યાસ પૂરો થયા પછી સંતોષપૂર્ણ કાર્ય ન મળવાનો એક બીજો મુદ્દો શૈક્ષણિક પરિવેશમાં અગત્યનો છે, જેની અસર શિક્ષણજગત પર જોવા મળે છે. અનેક કારણોસર શિક્ષક કે શૈક્ષણિક સંસ્થાના કર્મચારીઓને આ પ્રશ્ન સતાવતો હોય છે. જેની પાછળ અનેક કારણો જેવા કે પગારધોરણ, કામચલાઉ ધોરણે નિમણૂક, શિક્ષણ પદ્ધતિ, વધારાની કામગીરી, સામાજિક ગતિવિધિ વગેરે છે. આ દરેક મુદ્દાઓની અંદર અનેક પેટામુદ્દાઓનો સમાવેશ થાય છે. જેમકે પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ શિક્ષકોને મળતા પગારધોરણથી અસંતોષ છે. ઉમેદવારની શૈક્ષણિક લાયકાત કાયમી ઉમેદવાર જેટલી જ હોવા છતાં વેતનમાં અસમાનતા છે અને તેઓને કામચલાઉ ધોરણે નિમણૂક આપવામાં આવે છે આ પ્રકારના પ્રશ્નો પણ શૈક્ષણિક જગતના સળગતા પ્રશ્નો છે. આમ, આવા ઘણા બધા મુદ્દા છે જે

ઉપરોક્ત નવલકથાઓમાં જોવા મળતા નથી, પરંતુ આજે તેની ઘણી અગત્યતા છે અને જો વહેલી તકે આ પ્રશ્નોનું નિરાકરણ નહીં થાય તો તેનું વિકરાળ સ્વરૂપ ભવિષ્યમાં શૈક્ષણિક વાતાવરણને માઠી અસર પહોંચાડી શકે છે.

•

## ♦ સમગ્ર સંદર્ભ-ગ્રંથ સૂચિ

### • ગુજરાતી કૃતિ સૂચિ


1) ગાડીત જયંત, 'આવૃત્ત', પ્ર.આ. 1969

2) ગાડીત જયંત, 'કર્ણ', પ્ર.આ. 1979

3) ચૌધરી રઘુવીર, 'એકલવ્ય', આર.આર.શેઠની કંપની, પ્ર.આ. 1967

4) જોષી વિદ્યુત, 'સરસતી સરસતી તું મોરી મા', પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ. 1988

5) જોષી યોગેશ, 'આરપાર', ગુર્જર પ્રકાશન, પ્ર.આ. 1992

6) ધોળકિયા હરેશ, 'અંગદનો પગ', પ્રકાશક પોતે, પ્ર.આ. 2006

7) પટેલ ખોડાભાઈ, 'કાપલી પગો', ગુર્જર પ્રકાશન, પ્ર.આ. 1996

8) મુનશી કનૈયાલાલ મ., 'સ્વપ્નદૃષ્ટા', ગુજરાત સાહિત્ય અકાદમી, પ્ર.આ. 1924

9) મહેતા ધીરેન્દ્ર, 'વલય', ગુર્જર પ્રકાશન, પ્ર.આ. 1971

10) રાણપુરા દિલીપ, 'સૂકી ધરતી, સૂકા હોઠ, ગુર્જર પ્રકાશન, પ્ર.આ. 1967


### • હિન્દી કૃતિ સૂચિ


11) ગિરિરાજકિશોર, 'પરિશિષ્ટ', રાજકમલ પ્રકાશન, દ્વિ.આ. 2011

12) નૈમિશરાય મોહનદાસ, 'મુક્તિપર્વ', અનુરાગ પ્રકાશન, પ્ર.આ. 2002

13) શુક્લ શ્રીલાલ, અનુ. દવે હરીન્દ્ર, 'રાગ દરબારી', નેશનલ બુક ટ્રસ્ટ, પ્ર.આ. 1983


### • મરાઠી કૃતિ સૂચિ


14) નેમાડે ભાલચંન્દ્ર, અનુ. શેઠ ઉષા, 'કોશેટો', નેશનલ બુક ટ્રસ્ટ, પ્ર.આ.

15) માડગૂળકર વ્યંકટેશ, અનુ. વિદ્વાંસ ગોપાળરાવ, 'બનગરવાડી', વૉરા ઍન્ડ કંપની, પ્ર.આ. 1971


### • બંગાળી કૃતિ સૂચિ


16) મજમુદાર સમરેશ, અનુ. મહેતા ચંદ્રકાન્ત, 'વસમીવેળા', ગુજરાત સાહિત્ય અકાદમી, પ્ર.આ 1999


### • અંગ્રેજી કૃતિ સૂચિ


17) ભગત ચેતન, અનુ. મહેતા સુધા, 'ફાઈવ પોઈન્ટ સમવન', સત્વ પ્રકાશન, પ્ર.આ. 2007

## • ગુજરાતી સંદર્ભ-ગ્રંથ સૂચિ

18) જોષી સુરેશ, 'વિદ્યા વિનાશને માર્ગે, સંવાદ પ્રકાશન, પુન:મુદ્રણ સપ્ટે. 2003

19) ત્રિવેદી હર્ષદ, 'નવલકથા અને હું', 'શબ્દસૃષ્ટિ વિશેષાંક, ગુજરાત સાહિત્ય અકાદમી, 2007

20) દરજી પ્રવીણ, 'નવલકથા સ્વરૂપ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, પ્ર.આ. 1986

21) દેસાઈ મગનભાઈ, 'પાયાની કેળવણી – ગાંધીજી', નવજીવન પ્રકાશન મંદિર, પ્ર.આ. 1950

22) ભોગાયતા જયેશ, 'અર્થવ્યક્તિ', પ્રકાશક પોતે, પ્ર.આ. 2008

23) મહેતા ભરત, 'અધીત', પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ,

24) મહેતા ભરત, 'કથામંથન', પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ. 1993, પ્ર.આ. 1993

25) મહેતા ભરત, 'જયંત ગાડીતનું કથાસાહિત્ય', પ્રકાશક પોતે, પ્ર.આ. 1992

26) મહેતા ભરત, 'રેખાંકિત', પાર્શ્વ પ્રકાશન,અમદાવાદ, પ્ર.આ. 2009

27) માહ્યાવંશી મનોજ, 'મોનાપાત્રાવાલાની વાર્તાઓમાં પરિવેશ', દામિની પ્રકાશન, પ્ર.આ. 2011

28) માહ્યાવંશી મનોજ, 'સર્જક-વિવેચક : જયંત ગાડીત', પ્રકાશક પોતે, પ્ર.આ. 2013

29) વણકર રાજેશ, 'ગુજરાતી ટૂંકી વાર્તામાં પરિવેશની કાર્યસાધકતા', પ્રકાશક પોતે, પ્ર.આ. 2012

30) વ્યાસ સતીશ અને અન્ય, તં. શાહ સુમન, 'સ્વરૂપ સન્નિધાન', પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ. 1997

31) શાહ સુમન, 'સાહિત્ય સંશોધન વિશે, પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ. 1980

## • સંદર્ભગ્રંથકોશ

32) ટોપીવાળા ચંદ્રકાન્ત અને અન્ય, 'આધુનિક સાહિત્ય સંજ્ઞાકોશ', ગુજરાતી સાહિત્ય પરિષદ, પ્ર.આ. 1986

33) ટોપીવાળા શાલિની, 'સાંસ્કૃતિક વિવેચન કોશ, અનુવાદ, પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ. 2001

34) નાયક રતિલાલ સાં., 'મોટોકોશ', પાંચમી સુધારેલી આવૃત્તિ, 2001

35) વેગડ પ્રકાશ, 'નવલકથા સંદર્ભકોશ', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર. આ. 1999

36) The Oxford Refrence Dectionary

## • અંગ્રેજી સંદર્ભ સૂચિ

37) Aggarwal J.C., Development of Education System in India, Shipra Publication, 2007

38) Buck Institute of Education

39) Educational Programme, Gujarat council of Educatioanl research and Training

40) IBE Learning to live together. Retrieved April 26, 2011, from Internation Bureau of

Education: http://www.ibe.unesco.org/en/ thems/cumcular-themes/learning-to live-together.html

41) Jaipur Rugs foundation

42) Mangala Sheela, Teacher Education, Radha Publication, First Ed. 2010

43) Ramkumar, Present Education System in India, 2008

44) Sucide Case In India (2007) Retrieved January 10th, 2010. From www.ncrb.nic.in/home.htm

45) Teacher Eucation in India, Singh L.C. First Ed. 1990

46) Times News Network (2010 March) SSC Student Commits Sucide due to exam fear. The Times of India.

47) University Grants Commission, Govt. of India Website (www.ugc.ac.in)

48) www.developmentperspectives.ie/get/involved

49) www.mhrd.gov.in/rusa

50) www.unesco.org